પ્રાચીન ભારતના વિદેશીયાત્રી



: લેખક :
પ્રા. પ્રદ્યુમ્ન બી. ખાચર

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
રાજકોટ

: લેખકનાં પ્રકાશનો :

(૧) કાઠી ઇતિહાસ અને સંસ્કૃતિ – કિં. ૬૫–૦૦
કાઠી જ્ઞાતિ વિશેની તલસ્પર્શી ઐતિહાસિક વિગતોનું છણાવટ કરતું સૌપ્રથમ પુસ્તક જેમાં કાઠીઓની ઉત્પતિ, સ્થળાંતરો, શાખાઓ, નામકરણ, દરબારગઢો, રીતરિવાજો,રહેણીકરણી, મંદિરો વગેરે બાબતોની આધાર પુરાવા સાથે વિશદ્ છણાવટ કરેલી છે.

(૨) પ્રાચીન ભારતના વિદેશીયાત્રી કિં. ૭૦–૦૦

(૩) ઈતિહાસ એટલે ? (પ્રેસમાં)
આ પુસ્તકમાં ઈતિહાસનો અર્થ, વ્યાખ્યા,ઉપયોગો,ઈતિહાસનોઆનંદ, ઈતિહાસ અને રાષ્ટ્રીય એકતા, ઈતિહાસ અને સમાજ, ઈતિહાસ અને શિક્ષણ, ભારતના ઈતિહાસના લક્ષણો અને ઈતિહાસ કેમ શીખવવો જોઈએ એવા મળી કુલ ૧૨ જેટલા પ્રકરણોમાં ગુજરાતીમાં સૌપ્રથમ આવી સુંદર અને ઊંડાણભરી વિગતો આપવામાં આવી છે. તે સ્કુલો, કોલેજો અને ઈતિહાસપ્રેમીઓને તથા ઈતિહાસથી અજાણ લોકોને પણ ઈતિહાસીપ્રેમી બનાવવા પ્રેરશે.

પ્રાચીન ભારતના વિદેશીયાત્રી

: લેખક :

પ્રા.પ્રદ્યુમ્ન બી. ખાચર

અધ્યક્ષ

ઈતિહાસ વિભાગ

ડૉ. સુભાષ મહિલા કોલેજ

જૂનાગઢ

: પ્રકાશક :

પુષ્પરાજ આર. ધાધલ

તા.ચોટીલા

જી.સુરેન્દ્રનગર

મુ.સણોસરા–૩૬૩૫૨૦

PRACHIN BHARAT- NA-VIDESHI YATRI

by. Prof. Praduman B. Khachar

પ્રકાશક :

પુષ્પરાજ આર. ધાધલ

તા.ચોટીલા જી.સુરેન્દ્રનગર મુ.સણોસરા – ૩૬૩ ૫૨૦

આ પુસ્તકને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ તરફથી આંશિક (આર્થિક) સહાય મળેલ છે.

પ્રથમ આવૃત્તિ – ૨૦૦૦

નકલ : ૫૦૦

કિંમત – રૂા.૭૦–૦૦

: મુદ્રક :

આદર્શ ઓફસેટ

૧, તિરૂપતિ નગર, નિર્મલા કોન્વેન્ટ રોડ,

નવી કેન્સર હોસ્પિટલની સામે,

રાજકોટ–૫.

ફોન : ૫૭૪૮૩૮

આવકાર

ભારત વર્ષનો ઈતિહાસ ઘણોજ પ્રાચીન છે પ્રાચીન સમયમાં વિશ્વમાં અનેક સંસ્કૃતિનો વિકાસ થયો હતો અને અનેકનો વિલય થયો જુજ સંસ્કૃતિ ત્યારથી શરૂ કરી અને આજ સુધી વિશ્વરંગમચ ઉપર પોતાનો ભવ્ય ભૂતકાળ સાથે રાખીને ઉભી છે. તેમાં ભારત વર્ષની સંસ્કૃતિ અને ચીનની સંસ્કૃતિની ગણના થઈ શકે. દરેક ભારતીયને પોતાની બેનમૂન અને મહાન સંસ્કૃતિ માટે ગૌરવ હોવું જોઈએ.

ભારતના પ્રાચીન ઈતિહાસ ઉપર દષ્ટિ કરીએ તો ભારતે વિશ્વસંસ્કૃતિને અનેક બાબતોમાં નવું જ્ઞાન આપેલું છે. પરંતુ આ બાબતનું જ્ઞાન ઈતિહાસના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને તજજ્ઞોને ઘણું ઓછું છે. પ્રાચીન સમયમાં અનેક વિદેશી પ્રવાસીઓ ભારતમાં આવ્યા હતાં તેમાં કેટલાંક પ્રવાસ માટે કેટલાક રાજકીય કારણોસર, તો કેટલાક આધ્યાત્મિક જ્ઞાન મેળવી પોતાની તૃષા છીપાવવા માટે આવ્યા હતાં. આમાના ઘણાં પ્રવાસીઓએ પોતાના પ્રવાસ દરમ્યાન તેમણે ભારતમાં જે જોયું તેની નોંધ કરી છે. અલ્બત વિદેશી હોવાને કારણે ભારતીય સંસ્કૃતિને સમજવામાં અને તેનું વિશ્લેષણ કરવામાં તેમની ક્ષતિ રહી ગઈ હોય તે સ્વાભાવિક છે. પરંતુ તત્કાલીન ભારતના ઈતિહાસના અભ્યાસ માટે આપણા માટે તેઓ અતિ કિંમતી દસ્તાવેજી સાધન તૈયાર કરતા ગયા હતાં. આ સાધનોનું વિશ્લેષણ અનેક લેખકોએ કર્યુ છે. પરંતુ ગુજરાતી ભાષામાં તેના વિશે લખવા માટે ખાસ કોઈએ પ્રયત્ન કર્યો નથી. આ ભગીરથ કાર્ય કરવાનું સાહસ પ્રા. પ્રદ્યુમન ખાચરે કર્યુ છે. જે પ્રશંસનીય અને અમારે માટે ગૌરવની બાબત છે.

પ્રા.પ્રદ્યુમન બી.ખાચર ઈતિહાસ ભવન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૧૯૯૧માં વિદ્યાર્થી હતાં તથા હાલ તેઓ જૂનાગઢમાં ઈતિહાસ વિષયમાં પ્રાધ્યાપક છે. અભ્યાસી અધ્યાપક તરીકે તેમણે ૧૯૯૬માં 'કાઠી ઈતિહાસ અને સંસ્કૃતિ નામનું પ્રથમ પુસ્તક લખ્યું હતુ. જયારે આ તેમનું બીજુ પુસ્તક છે.

આ પુસ્તક તૈયાર કરતાં પહેલા તેમણે અનેક પુસ્તકોમાં આપવામાં આવેલ વિગતોનો અભ્યાસ કર્યો છે. તેમણે પાદનોંધ પણ આપી અને પોતાના લેખનને વિશેષ વિશ્વસનીય બનાવેલ છે.

મેગેસ્થનિસ ગ્રીક હતો તથા ઈ.સ. પૂ.માં ભારત આવ્યો હતો. તેણે પોતાની ડાયરીમાં વિષ્ણુગુપ્ત (કૌટિલ્ય)નો કોઈ પણ જગ્યાએ ઉલ્લેખ કર્યો નથી. જયારે હયુએનસાંગે હર્ષવર્ધનના દરબારમાં પોતાના વિશેષ મહત્વની નોંધ કરી છે. આ બાબતો વિશેષ ધ્યાન ખેંચતી છે. વિદેશીઓ હમેંશા ભારતમાંથી કશુંક મેળવવા માટે આવતા હતાં. છતાં પણ હમેંશા તેઓ ભારતીય પ્રજાને, ભારતના વિદ્વાનોને પોતાનાથી નીચા સમજતા હતાં. તેનો વિચાર કરવાનો સમય આવી ગયો છે. આ બાબતની નોંધ કરીને શ્રી ખાચરે ઈતિહાસની મોટી સેવા કરી છે.

ગુજરાતના કેટલાક ઈતિહાસ લેખકોએ વિદેશી પ્રવાસીઓની નોંધનો ઉપયોગ મધ્યકાલીન ઈતિહાસના લેખનમાં કર્યો છે. પરંતુ તેમણે પોતાના લેખનમાં જે ભૂલ કરી છે. તે સુધારવા માટે શ્રી ખાચરે પ્રયત્નો કર્યા છે.

આવું પુસ્તક લખવા માટે ખૂબ કઠીન પરીશ્રમ કરવો પડયો હશે. કદાચ ભાષાકીય ક્ષતિઓ હશે? કોઈ સ્થળે કયાંક મંતવ્ય ભેદ હશે? પરંતુ શ્રી ખાચરે સંશોધનની દિશામાં એક નવોજ વિષય લઈ ઉત્તમ પ્રયત્ન કર્યો છે. જે પ્રશંસનીય અને ધન્યવાદને પાત્ર છે. આ પુસ્તક ઈતિહાસના અધ્યાપકો, વિદ્યાર્થીઓ તથા સંશોધકોને ખૂબજ ઉપયોગી નીવડશે. આ પુસ્તકમાંથી સૌરાષ્ટ્રની પણ ઘણી વિગતો પ્રાપ્ત થાય છે. કારણકે હયુએનસાંગ સૌરાષ્ટ્રમાં આવ્યો હતો અને તેણે જૂનાગઢ અને વલ્લભીની નોંધ લીધી હતી. જેની વિશદ નોંધ શ્રી ખાચરે લીધી છે.

પ્રા.શ્રી ખાચરે ભારતમાં વિદેશી પ્રવાસીઓનું લેખન શરૂ કર્યુ છે. તેમાંનો આ પ્રથમ મણકો તેઓ સમાજને અર્પણ કરી રહયા છે. હવે પછી તેઓ અન્ય પ્રવાસીઓની દષ્ટિએ ભારત વિશે લખવા માંગે છે. તેમની ઈચ્છા અને આંકાંક્ષાઓ પૂર્ણ થાય અને ઈતિહાસના જ્ઞાનની તેમના હાથે વિશેષ સેવા થાય તે માટે કૃપાળુ પરમાત્મા તેમને ખૂબ શકિત અર્પે તેવી શુભેચ્છા આપું છું.

ડૉ. એ.એમ.કીકાણી
પ્રાધ્યાપક અને અધ્યક્ષ
ઈતિહાસ ભવન
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

: પ્રસ્તાવના :

બીજા લોકો આપણા વિશે શું બોલે છે? શું વિચારે છે? તે જાણવાનો રસ લગભગ માનવમાત્રને હોય છે. તેથી આપણે બીજા દેશોના અહેવાલો, અવતરણો અને પરદેશીયાત્રીઓનાં વૃતાંતો ખૂબ જ રસથી વાંચીએ છીએ. હજારો વર્ષ પહેલા જે યાત્રીઓ આવ્યાં. તેણે જે આંખે જોઈને લખ્યું તે આજના ઈતિહાસકારો માટે ખૂબ જ અગત્યનું બની રહે છે.

જયારે પ્રાચીનકાળમાં આપણા દેશમાં શુદ્ધ ઈતિહાસના ગ્રંથોની ઉણપ હતી. તેવા સમયે આવેલા આ પાંચેય યાત્રીઓની નોંધ આપણને ખૂબ જ ઉપયોગી બની છે. તેમ નિશંક કહી શકાય.

વિદેશીયાત્રીઓના દરેકના અહેવાલો વાંચી તેની તુલના કરવાથી આપણને ખ્યાલ આવે છે કે આ દેશની સામાજિક તથા આર્થિક દશા કેવી રીતે ધીરેધીરે પરંતુ નિશ્ચિતરૂપે બદલાતી રહી હતી. આ પુસ્તક વાંચી મારા વાંચકો ઈ.સ. પૂર્વે ૩જી સદીથી ઈસુની પાંચમી સદી, ઈસુની સાતમી સદી, ઈસુની અગિયારમી સદીનો ખ્યાલ મેળવી પોતાની ઉંમર જાણે કે ૨૪૦૦ વર્ષની થઈ ગઈ હોય એવો અહેસાસ અનુભવશે.

ભારત વિવિધતાવાળો પચંરગી પ્રજાઓ અને વિવિધપ્રકારના રીતરિવાજવાળો, અનેક ધર્મોની જન્મભૂમિવાળો અને સમૃદ્ધિથી ભરપૂર દેશ હોવાથી અઢીહજાર વર્ષથી વિદેશીઓને આકર્ષતો રહયો છે. તેમાં સૌપ્રથમ નામ આપણે મેગેસ્થનિસનું મૂકીએ છીએ. પછી તો છેક ૧૮ મી સદીના અંત સુધીમાં પ્લુટાર્ક, સ્ટ્રેબો, એરિયન, ટોલેમી, ફાહિયાન, હયુએનસાંગ, ઈત્સિંગ, અલઈદ્રીસી, અલબેરૂની, ઈબ્નહોકલ, માર્કોપોલો, નિકોલો–દ–કોન્ટી, અબ્દુલ રઝાક, વર્થેમા, બારબોસા, ડોમીનગોસ પાયેસ, વિલિયમ હોકિન્સ, ટેરી, પીટરમુન્ડી, બર્નિયર , ટ્રેવેનિયર, થેવનોટ, જેમ્સ બર્ન્સ, વિકટર જેક મોન્ટ, બેરન ચાર્લ્સ હુગલે વગેરે વગેરે પરદેશી યાત્રીઓ હિંદુસ્તાનમાં એક યા બીજા હેતુથી આવ્યા હતાં. અને તેઓએ પોતપોતાના યાત્રાવૃંતાતો લખ્યાં હતાં. તે ભારતના ઈતિહાસના સમકાલીન સાધન તરીકે મહત્વના ગણાવી શકાય.

ખાસ કરીને હિંદના પ્રાચીન ઈતિહાસની સૌથી વધુ માહિતી વિદેશીપ્રવાસીઓ પૂરી પાડે છે. જો કે તે કયારેક ન સમજયા કે કયારેક પૂછેલી કે સાંભળેલી વાતો પણ તેમણે નોંધી લીધી હતી. દા.ત. સોનું ખોદતી કીડીઓ, સળગતો પહાડ, ચાર પગ નીચે અને ચાર પગ ઉપર એવું વિચિત્ર પ્રાણી.

આ બધી ત્રૂટીઓ હોવા છતાં ઈતિહાસના એક સાધન તરીકે વિદેશી પ્રવાસીઓનાં વૃતાંતોની અગત્યતા કાંઈ ઓછી નથી.

આ પુસ્તકમાં મેં કુલ પાંચ જ પ્રાચીન ભારતના વિદેશીયાત્રીઓને સમાવ્યા છે. જેમાં મેગેસ્થનિસના અહેવાલમાંથી મૌર્યકાલીન ભારતની સ્થિતિ, ચંદ્રગુપ્ત પહેલો, પાટલીપુત્ર, સેના, ન્યાય, વર્ણવ્યવસ્થા વગેરે વગેરેની વિગતો મળે છે. જયારે ફાહિયાનના અહેવાલમાંથી પાંચમી સદીની ખાસ કરીને ધાર્મિક અને સામાજિક સ્થિતિની તથા બૌદ્ધધાર્મિક તિર્થસ્થળો, બૌદ્ધધર્મની સ્થિતિ વગેરે વગેરે વિશે મહત્વપૂર્ણ માહિતી મળે છે. હયુએનસાંગના અહેવાલમાંથી હર્ષકાલીન ભારતની રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક ધાર્મિક એમ દરેક પ્રકારની વિગતો અને તેમાં ખાસ કરીને ગુજરાતના ભરૂચ, ખેટક, આનંદપુર, વડાલી, વલભી અને જૂનાગઢ વગેરેની ધાર્મિક સ્થિતિ અને તેનો વિસ્તાર, રાજધાની, શાસક અને મૈત્રકકાળ વિશેની ઘણી પ્રમાણભૂત વિગતો પ્રાપ્ત થાય છે. જયારે ઈત્સિંગના અહેવાલમાંથી સ્પષ્ટ રીતે રાજકીય વિગતો મળતી નથી. તેના અહેવાલમાંથી ભિક્ષુઓની રહેણીકરણી, શિક્ષણ સાહિત્ય, વિહારોના રિવાજો, બૌદ્ધધર્મની સ્થિતિ, પૂજાવિધી વિશેની બીજાયાત્રીઓ કરતાં અલગ પ્રકારની અને તે બાબતમાં ઊંડાણભરી વિગતો મળે છે.

જે મધ્યકાળના ઉષાકાળે અલબેરૂની નામનો વિદ્વાન ભારત આવ્યો અને તેણે તટસ્થતાપૂર્વક એક મુસલમાની કલમે ભારત વિશે લખ્યું જેમાંથી ભારતની સામાજિક સ્થિતિ, જે તે સમયના રાજાઓની વિગતો, ભારતીયોના ગુણદોષો, સોમનાથની વિગતો, જયોતિષ, દર્શનશાસ્ત્ર, ખગોળવિદ્યા અને વિવિધ પ્રકારનાં સંવંતોની વિગતો તેના પુસ્તક 'તારીખે હિંદ''માંથી મળે છે. એક રીતે એમ પણ કહી શકાય કે અલબેરૂનીનું આ યાત્રાવિવરણ પ્રાચીનકાળની સમીક્ષા સમાન છે.

આ પુસ્તકમાં આમતો મારે છેક પ્રાચીનકાળથી લઈ અર્વાચીનકાળ સુધીના મહત્વના બધા જ યાત્રીઓનો સમાવેશ કરી લેવાની ઈચ્છા હતી, ત્યાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ગ્રાન્ટ મળતાં માત્ર પાંચ યાત્રિકોનો આ પહેલો મણકો આપના હાથમાં મુકું છું. આવતા વર્ષે આ પુસ્તકનો બીજો મણકો યુનિવર્સિટીના સહયોગથી પ્રકાશિત કરવાની મહેચ્છા સેવું છું

આ પુસ્તક પ્રસિદ્ધ કરતી વખતે નીચેના વ્યકિતઓને યાદ કરવાનું મન થાય છે. પ.પૂ.શ્રી મારા ગુરૂદેવશ્રી ભૂપતભાઈ ગોહેલ (ગોપાલગ્રામ) પ્રો. એમ.એમ.રાવલસાહેબ, પ્રા.નિમ્બાર્ક સાહેબ, પ્રા.મારૂ પી.આર. બહાઉદીન કોલેજના પ્રિ.સી.પી.રાવત સાહેબ ગ્રંથપાલ શ્રી ધોળકિયા, શ્રી પલેજાભાઈ, મારી કોલેજના ગ્રંથપાલ કિરીટભાઈ ત્રિવેદી જીલ્લા

પુસ્તકાલય અને સ્ટેટલાઈબ્રેરી જૂનાગઢના ગ્રંથપાલશ્રી રાવલસાહેબ અને વ્યાસસાહેબ તથા મારા મદદરૂપ અને માર્ગદર્શક બનતાં મિત્રો શ્રી લાલસિંહ પવાર, પ્રા.અરૂણ વાઘેલા,(ગોધરા) પ્રા.પૂંજાણીસાહેબ, પ્રા.ટાંચકસાહેબ, પ્રા.નીલાબેન શાહ, પ્રા.પ્રફુલાબેન રાવલ, પ્રા. પટેલ બી.ડી.,પ્રા. પટેલ બી.એમ. અને જેણે પ્રુફરીડિંગની જટિલ કામગીરી કરી છે એવા ઈતિહાસના વિદ્યાર્થીશ્રી પુષ્પરાજ રામકુભાઈ ધાધલ અને શ્રી ધર્મેન્દ્રભાઈ ગીડાનો તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ આ પુસ્તકને આંશિક આર્થિક અનુદાન આપ્યું છે તેનો અને આ પુસ્તક લખવામાં જે જે પુસ્તકોનો સહારો લીધો છે. એવા શ્રી હરિપ્રસાદશાસ્ત્રી, ક્રિષ્નાકુમારી વીરજી,કયામઉદ્દીન અને જે પ્રવાસીઓના મૂળવૃતાંતો નથી મળ્યાં અને અન્ય ગ્રંથોમાંથી તેના અવતરણો લેવામાં આવેલા છે. તે બધાનો ઋણી અને આભારી છું.

આવકાર લખી આપનાર ઈતિહાસ ભવનના અધ્યક્ષ શ્રી ડૉ.એ.એમ.કિકાણીનો પણ આભાર માનું છું.

ટૂંકા સમયમાં સુંદર અને સ્વચ્છ પ્રિન્ટીંગ કરી આપનાર ફઝલભાઈ ઈયલ પ્રત્યે આભાર વ્યકત કરું છું.

આશા રાખું છું કે ઈતિહાસ પ્રેમીઓ, અધ્યાપકો, વિદ્યાર્થીઓને આ પુસ્તક ઉપયોગી બનશે છતાં તેમાનાં જરૂરી સૂચનોને આવકારું છું જેને બીજા મણકામાં સમાવી શકાય અને લેખન પ્રકાશનની ખામીઓ પ્રત્યે ધ્યાન દોરવા અને તેની સુધારણા માટે માર્ગદર્શન આપશો તેવી નમ્ર અપેક્ષા રાખું છું.

પ્રા.પ્રદ્યુમ્ન બી. ખાચર
જૂનાગઢ.
મો. ૯૮૭૯૪૨૧૦૨૫

ઈ.સ.૨૦૦૦

પરમ આદરણિય પેથલજીભાઈ ચાવડા

સન્માનનિયશ્રી પ્રિ.બી.જે. વાટલિયા

જીગરજાન મિત્ર એવા પ્રા.સુરેશ પારેખ

જે આ ત્રણેય વ્યકિતઓ આ પુસ્તક
પ્રસિદ્ધ કરવા માટે નિમિત્ત બની છે

તેઓને અર્પણ

અનુક્રમણિકા

મેગેસ્થનિસ ઈ.સ. પૂર્વે ૩૦૨ થી ૨૯૮

યૂનાની સામ્રાજ્યના રાજદૂત મૌર્ય દરબારમાં આવ્યાં. ભારતના વિષયમાં તેમના વર્ણનો ખૂબ વ્યાપક અને નજીકની જાણકારી ઉપર આધારીત હતાં. આ બધામાં મેગેસ્થનિસ નિસંદેહ બધાથી વધુ મહત્વપૂર્ણ હતો.

યૂનાની મેગેસ્થનિસ પાટલીપૂત્રમાં ચંદ્રગુપ્ત મૌર્યના દરબારમાં સેલ્યૂકસના એલચી તરીકે આવ્યો અને ઈ.સ. પૂર્વે ૩૦૨ થી ઈ.સ. પૂર્વે ૨૯૮ સુધી ભારતમાં રહયો હતો. ભારતમાં આવ્યા પહેલા તે અરાકોશિયાના ક્ષત્રપ સિવિર્ટિયસની પાસે કામગીરી કરતો હતો.[૧] જ્યારે અરાકોશિયાનો પ્રાંત સેલ્યૂકસે ચંદ્રગુપ્તને સોંપી દીધો. ત્યારે તે હોદ્દાએથી મેગેસ્થનિસને પોતાના રાજદૂત તરીકે ભારત મોકલ્યો હતો.

ઈ.સ. પૂર્વે ત્રીજી શતાબ્દીમાં જે યુરોપિયન રાજદૂતોને યૂનાની રાજાઓએ ભારતમાં મોકલ્યાં હતાં. એમાંથી કોઈકે જ વખાણવા લાયકગ્રંથો લખ્યા હતાં. તેમાં મેગેસ્થનિસે પોતાની તકનો સદ્ઉપયોગ કર્યો અને એ કાળનું ભારતનું પૂર્ણતમ વિવરણ લખી મૂકતો ગયો હતો. પરંતુ તે વિવરણ પોતાના મૂળસ્વરૂપમાં મળતું નથી. તેના પછીના લેખકોની રચનાઓમાં તેનાં અવતરણોમાંથી જ મળે છે. જેમાં નીચે મુજબના લેખકો ઉલ્લેખનિય છે. (૧) સ્ટ્રેબો ઈ.સ. પૂર્વે ૬૪ થી ૧૯ (૨) ડિયોડોરસ ઈ.સ. પૂર્વે ૩૬ (૩) પ્લીની ઈ.સ. ૭૫ (૪) એરિયન ઈ.સ. ૧૩૦ (૫) પ્લુટાર્ક ઈ.સ. ૪૫ થી ૧૨૫ (૬) જસ્ટિન ઈસુની બીજી સદી.

ઈંડિકાના ત્રણ ભાગ છે પહેલામાં મેગેસ્થનિસ અને ઈરેતોસ્થિનીજ (Eratosthenes) ના આધારપર આ દેશનું વિવરણ કર્યુ છે. બીજામાં ક્રિટનિવાસી નિઅરકોસ (Nearchos) ની સિંધુથી પાસીતિગ્રીસ (Pasitigris) સુધી યાત્રાનું વર્ણન સ્વયં યાત્રીના વિવરણને આધારે કરવામાં આવ્યું છે. ત્રીજામાં થોડાંક એવા પ્રમાણ એકઠાં કરવામાં આવ્યા છે કે દુનિયાનો દક્ષિણી ભાગ અત્યાધિક ઉષ્ણ હોવાને કારણે વસવાટ યોગ્ય નથી. [૨]

શ્રી નીલકંઠ શાસ્ત્રી જણાવે છે કે ઈંડિકા નામના ગ્રંથના ચાર ભાગ હતાં. પરંતુ આશ્ચર્યની વાત છે કે તેમાંથી ત્રણ જ નું સંક્ષિપ્તરૂપ અત્યારે ઉપલબ્ધ છે. પ્લિનિયસની મદદથી ચોથાભાગના થોડાં અંશો મળે છે. [૩]

મેગેસ્થનિસના એ અલભ્યગ્રંથનો મૂળદસ્તાવેજ દુર્ભાગ્યવશ આપણી પાસે સચવાયો નહીં. ત્યારે તેના પછીના લેખકોએ જે અવતરણો આપ્યાં હતાં તે બધાને સંકલિત કરી મિ. સ્વાનબકે (Sehwanback) એ ટુકડાટુકડાઓ જોડીને એક આખા ઈંડિકાની તસવીર બનાવી છે. તેનો અનુવાદ મેંક્ક્રિન્ડલે કર્યો છે.

મેગેસ્થનિસના વિવરણોમાંથી મોટેભાગે મૌર્યયુગની ભૂમિ, જળવાયુ, પશુપક્ષી, શાસનપદ્ધતિ, ધર્મ અને સામાજિક સ્થિતિનો ખ્યાલ મળે છે. અને સાથે સાથે ચંદ્રગુપ્તના દરબારનું

અને પાટલીપુત્રનું વર્ણન પણ મળે છે.

જ્યારે મેગેસ્થનિસ ભારત આવવા નીકળે છે, ત્યારે પ્રાચીનકાળથી ચાલી આવતી પ્રણાલિકા મુજબ ચંદ્રગુપ્ત મૌર્યને ભેટ આપવા માટે અંજીર, મધ, ઓલિવતેલ, ખારેક, ખજૂર અને ગ્રીસની બનાવટના સુંદર વાસણો લેતો આવ્યો હતો. આ ભેટસોગાદ આપવાની પ્રથા અઢી હજાર વર્ષથી ચાલી આવતી જણાય છે. જ્યારે જ્યારે કોઈ રાજદૂત આવે કે કોઈ દેશનો રાજા, વડો, પ્રમુખ આવે ત્યારે તે કંઈક તેના દેશની વખણાતી સુંદર વસ્તુઓ લાવે છે. તે રીતે આપણે અહીંથી કોઈ સુંદર વસ્તુ તેને ભેટ આપતા. તાજેતરમાં અમેરિકન પ્રમુખ બિલકિલ્નટને પાંચ દિવસની ભારતની મુલાકાત લીધી ત્યારે આપણે તેને સુંદર રત્નજડિત મોજડી ભેટ આપી હતી.

મેગેસ્થનિસે વર્ણવેલું પાટલીપુત્ર

મેગેસ્થનિસ જ્યારે ભારતમાં સેલ્યૂકસના રાજદૂત તરીકે આવ્યો ત્યારે પાટલીપૂત્ર (પોલિબોથ્રા) સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યની રાજધાની હતું. જે ગંગા અને શોણ નદીના સંગમ ઉપર વસેલુ હતું. આ રાજધાનીનો વિસ્તાર સાતમાઈલ લાંબો અને અઢી માઈલ પહોળો હતો. જોકે પાટલીપુત્ર નગરીનો વિસ્તાર જુદા જુદા લેખકોએ અલગ અલગ બતાવ્યો છે. ડો.રાધાકુમુદ મુકરજી તેનો વિસ્તાર ૮૦ સ્ટેડ (૯।। કાઈલ) લાંબો અને ૧૫ સ્ટેડ પહોળાઈવાળો (૧ માઈલ) ગણાવે છે. ભારતના ગેઝેટિયરના સંપાદક બી.એન.ચોપરા તેને ૧૪ કિ.મી. લાંબુ અને ૨ કિ.મી. પહોળું લખે છે. કે.એમ. પણિકકર પાટલીપુત્રને ૯ માઈલ લાંબુ અને ૧।। માઈલ પહોળું બતાવે છે.

આવો વિશાળ વિસ્તાર ધરાવતાં પાટલીપુત્ર નગરને ફરતી ૬૦ ફુટ ઊંડી ખાઈ હતી નગરની ફરતો લાકડાનો મજબૂત કોટ હતો. મૌર્યકાલીન પ્રાચીન નગરની દિવાલો અવશ્ય લાકડાંની જ હશે. કારણ કે નદીઓ અથવા સમુદ્રના કિનારા પર વસેલાં નગરોમાં ઘર પણ લાકડાંના બનાવવામાં આવતા હતાં. જેનાંથી પૂર અને અતિવૃષ્ટિથી રક્ષણ મળી રહેતું હતું. પરંતુ ઊંચાઈવાળી જગ્યાઓએ મકાનો ઇંટો અને માટીથી બનાવવામાં આવતાં હતાં. વળી પાટલીપુત્રની આજુબાજુ લાકડાનું જંગલ હતું પાટલીપુત્રના ઉત્ખનનમાં વૈડેલ અને સ્પૂનરે તે લાકડાંની દિવાલોના અવશેષો પણ કાઢયા હતા. [૪]

આ પાટલીપુત્રને ફરતાં લાકડાંના કિલ્લામાં ૬૪ દરવાજા અને ૫૭૦ બુરજો હતા. [૫] કિલ્લાની બહાર ૧૮૨ મીટર પહોળી અને ૧૮ મીટર ઊંડી ખાઈ હતી. તે ખાઈમાં શોણ નદીનું પાણી વહેતું હતું. તેમાં હોડીઓ પણ ચાલતી હતી. નગરનું ગંદુ પાણી પણ બહારની ખાઈમાં જ આવતું હતુ. [૬]

મેગેસ્થનિસે વર્ણવેલા આ કિલ્લાના ૬૪ દરવાજા અને ૫૭૦ બુરજોનો રીજ ડૈવિડસે હિસાબ કર્યો હતો કે આટલા બુરજોનો અર્થ એમ થાય છે કે તે બુરજો ૭૫/૭૫ ગજ એકબીજાથી દૂર હશે. જેથી તેમાં બેઠેલાં ધનુરધારી બુરજોના વચ્ચેના ક્ષેત્રમાં લપાઈને પણ તીર ચલાવી

શકે. દરવાજાની સંખ્યાનો અંદાજ લગાવીને તે કહે છે કે તે દરવાજા ૬૬૦ ગજ દૂરદૂર હશે.

મેગેસ્થનિસ પાટલીપુત્રના શાહી જુલસો વિશે નોંધતા લખે છે કે જુલસો નીકળે ત્યારે સડકોની બન્ને બાજુ દોરડાંઓ બાંધી દેવામાં આવતા હતાં. જેને કોઈ પાર કરી શકતું નહીં પાર કરનારને તેનો ભારે દંડ કરવામાં આવતો. પાટલીપુત્રના મકાનોનું થોડુઘણું વર્ણન મેગેસ્થનિસે કયાંક કયાંક કર્યુ છે. તે મુજબ પાટલીપુત્રમાં ઘણાં મકાનો બે ત્રણ માળના હતાં.

પાટલીપુત્ર સિવાય ભારતમાં નગરોની સંખ્યા એટલી બધી હતી કે તેની સાચી સંખ્યા બતાવી શકાય તેમ નથી. તે નદીઓના કિનારે કે સમુદ્રના કિનારે અથવા ખુલ્લાં મેદાનોમાં ઊંચા સ્થાન પર બનેલા નગરો મેગેસ્થનિસ વર્ણવે છે.

મેગેસ્થનિસના શબ્દોમાં ચંદ્રગુપ્ત મૌર્ય.

સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યના સંબંધમાં પર્યાપ્ત અને વિસ્તૃત જાણકારી તે આપે છે. ચંદ્રગુપ્ત વિશે મેગેસ્થનિસ જેટલી સામગ્રી પ્રદાન કરી છે એટલી કે તેનાથી વધારે સામગ્રી દેવાવાળી કોઈ વ્યકિત રાણી એલિઝાબેથના સમકાલીન અકબરના કાળ સુધી થયો જ નહીં એમ વી.ડી. મહાજન નોંધે છે.

ચંદ્રગુપ્ત મૌર્ય પાટલીપુત્રમાં એક અત્યંત સુંદર તથા સજાવેલા મહેલમાં રહેતો હતો. આ સમ્રાટને શિકારનો ઘણો શોખ હતો. તેણે શિકાર માટે જ એક અનામત જંગલ રાખ્યું હતું. મેગેસ્થનિસે લખ્યાં મુજબ ચંદ્રગુપ્ત ત્રણ પ્રસંગે જ રાજમહેલની બહાર નીકળતો હતો. ૧. મુકદ્દમા સાંભળવા, ૨. શિકાર કરવા, ૩. દેવની ઉપાસના કરવા. શિકારના કાર્યક્રમને તે ખૂબ ધામધૂમથી ઉજવતો હતો. હાથી ઉપર શિકારે જતો અને સ્ત્રીઓ તેની સાથે અંગરક્ષિકાઓ તરીકે જતી હતી.

સમ્રાટ ચંદ્રગુપ્ત સોનાની પાલખીમાં બેસી લોકોને મળતો હતો. જે એટલો બધો કાર્યરત રહેતો કે દિવસે કયારેય સૂતો નહીં. કોઈ પણ લોકો તેને મહેલમાં ગમે ત્યારે મળી શકતા જેમ સમ્રાટ ચંદ્રગુપ્તને શિકારનો શોખ હતો. તેવી જ રીતે બળદો, ઘેટાં, હાથીઓ તથા અન્ય પશુઓની સાઠમારી ખૂબજ પ્રિય હતી. ચંદ્રગુપ્ત ટૂંકીયાત્રામાં ઘોડો અને લાંબી સવારીમાં હાથીનો ઉપયોગ કરતો હતો.

સમ્રાટની સુરક્ષા વ્યવસ્થા વિશે જણાવતાં તે કહે છે કે રાજાના રક્ષણ માટે અંગરક્ષકોના સ્થાને અંગરક્ષિકાઓ રાખવામાં આવતી. સમ્રાટની નજીક અંગરક્ષિકાઓ અને તેના પછી અંગરક્ષકો રહેતા હતા. કદાચ સ્ત્રીઓને પોતાની નજીક અંગરક્ષિકાઓ રાખવાનું કારણ એ હશે કે સ્ત્રીઓ ઉપર મોટે ભાગે હિંદુસ્તાનનો કોઈ નાગરિક હાથ ઉપાડતો નથી. સમ્રાટના જીવન ઉપર જોખમ હોવાથી રાજા કદી એક સ્થાન પર બે રાત્રી સૂતો નહીં. પથારીઓ બદલતો રહેતો. તેથી કોઈ કાવતરાં ખોર ફાવી ન જાય. [૭] સમ્રાટના આઠ શયનખંડો મેગેસ્થનિસે જોયા હતા.

મેગેસ્થનિસ ચંદ્રગુપ્તના દરબારમાં પાંચ વર્ષ રહયો હોવાથી તેણે ચંદ્રગુપ્તના શાસનની

ઝીણીઝીણી બાબતો પણ નોંધી છે. તે જણાવે છે કે ચંદ્રગુપ્તે પોતાના રાજ્યમાં સડકો બંધાવી, દવાખાનાં ખોલ્યાં અને રસ્તાની બન્ને બાજુએ વૃક્ષો રોપાવ્યાં હતાં. ચંદ્રગુપ્ત શાંતચિત્તે અરજદારોની અરજ સાંભળતો હતો. તે વિવાદોના નિર્ણય કરવા માટે રાજપ્રસાદમાંથી બહાર નીકળતો એ આખો દિવસ ન્યાયાલયમાં રહેતો અને આ કામમાં કોઈ વિઘ્ન ન પડવા દેતો. ભલે ને વચ્ચે પોતાની વ્યકિતગત આવશ્યકતાઓ આવી જાય તો પણ તેને ગણકારતો નહીં આ બધું મેગેસ્થનિસે આંખે જોયું હતું આમ મેગેસ્થનિસના ચંદ્રગુપ્તના વ્યકિતગત તેમજ શાસનના વર્ણન પરથી ચંદ્રગુપ્તનું પ્રજા વત્સલ અને એક ન્યાયપ્રિય કૃતનિષ્ઠ રાજા તરીકેનું ચિત્ર આપણી સમક્ષ ઉભું થાય છે.

મેગેસ્થનિસની કલમે ચંદ્રગુપ્તનો રાજમહેલ

મેગેસ્થનિસે ચંદ્રગુપ્તના રાજમહેલની વ્યવસ્થા, રાજમહેલનો દેખાવ, તેનો બગીચો અને જળાશયો તેમજ મહેલની અંદરની પ્રાપ્ય સગવડતાઓનું વર્ણન કર્યુ છે.

તે મુજબ ચંદ્રગુપ્તનો રાજમહેલ ઈરાનના શાહના પ્રાસાદ કરતાં પણ ઘણો ચડિયાતો હતો. તે મહેલના બગીચામાં મોર, ઢેલ અને બીજા પક્ષીઓ કલરવ કરતાં હતાં. આ બગીચાનાં કેટલાંક વૃક્ષો પરદેશથી ખાસ મંગાવીને રોપવામાં આવ્યાં હતાં. બાકીના દેશી વૃક્ષો હતા. આ રાજમહેલમાં જ એક જળાશય હતું. તેમાં નાના રાજપુત્રો માછલીઓનો શિકાર કરતાં હતાં. તે જળાશયમાં બીજા કોઈને માછલી પકડવાની પરવાનગી મળતી નહોતી. બધા રાજપુત્રો નૌકા ચલાવતાં પણ ત્યાં જ શીખતાં આથી જ બધા જ રાજપુત્રો બાળપણથી નૌકા ચલાવવી જાણતા.

આ રાજપ્રાસાદનો અન્ય ગ્રીક લેખકોએ જગતના સૌથી સુંદર પ્રાસાદોમાંના એક તરીકે ઉલ્લેખ કર્યો છે. ચંદ્રગુપ્તના મહેલમાં સોનેરી દ્રાક્ષલત્તાઓ અને રૂપેરી પક્ષીઓ વડે તેના સ્તંભો ચકચકિત બનાવવામાં આવ્યાં હતાં. સ્તંભો ઉપર સોનાની વેલો ચડેલી હતી. ચાંદીના પક્ષીઓ તેમાં સજાવવામાં આવ્યાં હતાં. વિલાસક્રિડાના બધા જ સાધનો આ મહેલમાં પ્રાપ્ય હતાં. મહેલમાં સોનાના વાસણોનો જ ઉપયોગ થતો હતો.

આ રાજમહેલની સુરક્ષા માટે દ્વારપાલો, પહેરગીરો અને સેવકો તરીકે સ્ત્રીઓને જ રાખવામાં આવતી. રાજાના રક્ષણની જવાબદારી પણ આ સ્ત્રીઓની જ હતી. રાજાની આસપાસ સ્ત્રીઓ રહેતી તેના પછી બહાર ભાલાવાળા પુરૂષો રહેતા. [૮] આ પ્રકારનો બીજો ઉલ્લેખ કાલીદાસના શાકુંતલ નાટકમાં છે કે રાજા બહાર જતી વખતે શસ્ત્રધારી સ્ત્રીઓને રાખતો હતો. મહેલમાં મદ્યપાન માટેનો અલગ ખંડ રાખવામાં આવ્યો હતો. જેમાં જુદા જુદા ઘાટના મદ્યપાત્રો મદ્યથી ભરેલા પડયા રહેતા હતાં.

આવા અત્યંત સુંદર રાજમહેલમાં રાજા માલિસ કરાવતો હોય ત્યારે પણ રાજા સાથે વિચારવિમર્શ કરી શકાતો હતો એમ મેગેસ્થનિસ નોંધે છે. સંભવ છે કે તેથી જ અશોકે ફરમાન બહાર પાડયું હશે કે "મારા સંવાદદાતા મને કોઈ પણ સમયે મળી શકે છે હું ભોજન કરતો હોઉં કે અંતપુરમાં હોઉં કે બાગમાં હોઉં કે આરામમાં હોઉં."

મેગેસ્થનિસની દષ્ટિમાં મૌર્યકાળનું સમાજજીવન

મેગેસ્થનિસ મૌર્યકાળના સમાજજીવનના વિવિધ પાસાનું ઘણું રસપ્રદ વર્ણન કરે છે. તે કાળના પોશાક, અલંકારો, ખોરાક, રહેણીકરણી, વર્ગરચના જેવા પાસાઓની ઘણી માહિતી મળી રહે છે.

તે જણાવે છે કે લોકો દેખાવડાં તંદુરસ્ત અને કદાવર છે. મોટાભાગના સફેદ ધોતી અને ઉપર દુપટા જેવું રાખતાં હતાં. કયારેક માથુ ઢાંકતા ધનિકો રંગીન અને કિંમતી વસ્ત્રો પહેરતાં હતાં. સ્ત્રીઓના વસ્ત્રો ઉપર જરીના ફુલવેલવાળા ભરતકામો કરવામાં આવતા તેમાં મૂલ્યવાન રત્નોનું જડતર કરવામાં આવતું હતું. કાનમાં કુંડળ અને સોનાના જડાવ આભૂષણો પહેરતાં, તેઓ ચામડાનાં પગરખાં પહેરતા હતાં. આ લોકો સાદા અને કરકસરવાળા હોવા છતાં શોખીન હતાં. હીરામોતીના સુંદર આભૂષણો પહેરતાં તેઓ બારી મસલીનના બનાવેલા કપડાં પહેરતાં હતાં. મૌર્યકાળનો કોઈ પદાધિકારી જ્યારે બહાર નીકળતો ત્યારે તેના ઉપર સેવકો છત્ર રાખીને ચાલતાં હતાં. સ્ત્રી પુરૂષો બન્ને વિવિધ પ્રકારના પ્રસાધનોથી પણ પરિચિત હતાં. તેનો છુટથી ઉપયોગ પણ કરતાં હતાં. હિંદીઓ મરણદિન પર્યંત પોતાની દાઢીની સંભાળ રાખતા હતાં. [૯] તેઓ દાઢીને સફેદ, ભૂરી, લીલી વગેરે જુદા જુદા રંગથી રંગતા પણ હતાં.

લોકો સર્વોત્તમ સ્વચ્છ જળપીનારા અને શુદ્ધ હવા લેનારા હતાં. લોકોનો ખોરાક ચોખા અને દાળનો હતો. નિમ્ન વર્ગના લોકો ચોખાનો દારૂ પીતા જ્યારે ઉચ્ચવર્ગના લોકો તેને અડતાં પણ નહીં. આ લોકો લાંબા આયુષ્યવાળા હતાં. તેનુ કારણ મેગેસ્થનિસ આ સાદું ભોજન તેમજ રહેણીકરણીને ગણાવે છે અને બીજુ ભારતનો નમ્ર જળવાયુ છે.

ભારતીયોમાં અલગ અલગ ભોજન કરવાની પ્રથા હતી. તેમનો ભોજનનો સમય નિશ્ચિત ન હતો. તે ભૂખ લાગે ત્યારે જ જમતાં હતાં. સાર્વજનિક ભોજનો થતાં નહીં પરંતુ ધાર્મિક પ્રસંગોએ તેઓમાં સોમરસ પીવાનો રીવાજ હતો. રાત્રીના ભોજન સમયે બધા સામે એક થાળ રાખી દેતા હતાં. તેના ઉપર સોનાના વાટકામાં પહેલા ભાત પીરસતાં હતાં. પછી ભારતીય ઢંગના અથાણાં, રાયતા, દાળ વગેરે નાંખતા હતાં. તે લોકો પશુને છરીથી મારતા નહીં પરંતુ ગળું દબાવી બલિ ચડાવતાં જેથી દેવતાને આખું પશુ અર્પણ થાય.

સમાજમાં સ્ત્રીઓનો દરરજો ઉંચો હતો. ધનિક કુટુંબોમાં બહુપત્ની કરવાનો રિવાજ વ્યાપકપણે પ્રચલિત હતો. પુરૂષો સાથે સ્ત્રીઓ પણ દર્શનશાસ્ત્રનું અધ્યયન કરતી હતી. અને સંભોગથી વિરત રહેતી હતી. [૧૦] ચારિત્ર્યો સારા હતા છતાં પણ પૈસા માટે તે એક પત્ની હોય એવા પુરૂષ સાથે બીજી કે ત્રીજી પત્ની તરીકે પણ લગ્ન કરતી હતી. છોકરીઓના લગ્ન નાની ઉંમરે કરી દેવામાં આવતાં હતાં. દહેજનું દુષણ પણ દેખાતું નહીં. તે એક વાત એવી લખે છે કે જે માબાપ દીકરીના લગ્ન નથી કરી શકતાં તેને ખુલ્લા બજારમાં વેચી દેતા હતાં. જો કે આ બાબતે મેગેસ્થનિસ કંઈક ભૂલ કરતો જણાય છે કે સમજફેરના હિસાબે આ વાત નોંધાઈ લાગે છે.

સમાજનો કોઈપણ વ્યકિત પોતાના વર્ણ બહાર લગ્ન કરી શકતો નહીં કે બીજા

વર્ણનો વ્યવસાય પણ અપનાવી શકતો નહીં ભારતીય વિવાહની વિશેષતા એ હતી કે તેમાં બળદની એક જોડી ઉપહારમાં દેવામાં આવતી હતી. [૧૧] પુરૂષ બળદની જોડીમાં કન્યા ખરીદી શકતો હતો. [૧૨] એવી વિચિત્ર વાત પણ મેગેસ્થનિસે નોંધી છે. પરંતુ અહીં મેગેસ્થનિસની કોઈ ગેરસમજ લાગે છે. સ્મૃતિઓમાં આ પ્રકારના વિવાહનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેને આર્ષવિવાહની સંજ્ઞા મળી છે. પિતાનો ઉત્તરાધિકાર પુત્રને મળતો હતો. મેગેસ્થનિસના વર્ગરચના પર સજાતિય વિવાહના નિયમ લાગુ ન હતાં તે વ્યવસાય સુધી જ સિમીત હતો. [૧૩]

ભારતના નિવાસીઓ પાસે જીવનનિર્વાહના અપાર સાધનો હોવાથી તેઓ સાધારણ સ્થિતિથી ઘણાં ઊંચા હતા. તેમનામાં અભિમાનની ભાવના તેના ઊંચા લલાટોથી ઝલકતી રહેતી હતી. તેઓએ કલાક્ષેત્રે પોતાનું કૌશલ્ય બતાવ્યું હતું. જેઓએ બનાવેલો માલ ગ્રીસ અને મિસરની બજારોમાં વેચાતો હતો. તેઓ નગરોના કકળાટવાળા જીવન કરતાં નાના ગામોમાં રહેવાનું પસંદ કરતા હતાં. તેઓ સોનું ઘરેણાં કે કોઈ કિંમતી વસ્તુઓ શાહુકારોને ત્યાં થાપણ તરીકે મૂકે ત્યારે કોઈપણ પ્રકારનું લખાણ કે પહોંચ મેળવતાં નહી.

ભારતવાસીઓ ન તો વ્યાજ પર પૈસા આપતા ન તો કોઈ ઉધાર આપવાનું જાણતા હતાં. કોઈની સાથે કોઈ અન્યાય કરવો કે કોઈ અન્યાયને સહન કરવો તે તેના આચાર વ્યવહારના પ્રતિષ્ઠિત માપદંડોની વિરૂદ્ધ હતું. સત્ય અને ગુણનું બધી જગ્યાએ માન હતું. બુદ્ધિમાન અને અનુભવી વૃદ્ધોને વિશેષાધિકારો આપવામાં આવ્યાં હતાં.

મેગેસ્થનિસે ભારતમાં ધર્મશાળાઓ વચ્ચેનું અંતર દર્શાવતી કોશશિલાઓ, પંચાગ પરથી વર્ષફળ વાંચવાનો રિવાજ, જન્મસમય પરથી તૈયાર થતી જન્મપત્રિકા અને ન્યાય આપવા માટેના આધારરૂપ સ્મૃતિઓ હોવાનો પણ ઉલ્લેખ કર્યો છે. [૧૪]

માણસનું મૃત્યું થાય ત્યારે તેઓને બાળવામાં આવતા અમુક લોકો તે સ્થાને સાદી સમાધિઓ બનાવતા બાકીના ઘણાખરાં તો અગ્નિદાહના સ્થળે કશું સ્મારક કે સ્થાનક સ્થાપતા જ નહી. આ ભારતીયો પુર્નજન્મમાં વિશ્વાસ કરતાં હતાં.

રાજ્ય વ્યવસ્થા અને વર્ણવ્યવસ્થા

મેગેસ્થનિસ લખે છે કે મોટાભાગના નગરોએ લોકતાંત્રિક વ્યવસ્થા અપનાવી હતી. આ બાબતને અન્ય લેખકોએ પણ સમર્થન આપ્યું છે. મૌર્યોની શાસન પ્રણાલીનું વર્ણન મેગેસ્થનિસે ત્રણ શીર્ષકોમાં વહેંચીને કર્યુ છે. ૧. ગ્રામશાસન ૨. નગર શાસન ૩. સૈન્ય શાસન.

નગરપ્રશાસન માટે બનેલી એક પેનલ હતી. જેણે તક્ષશિલા કોશાંબી, ઉજ્જૈન જેવા નગરોનો ઉલ્લેખ કર્યો છે. નગર પ્રશાસન માટે પાંચ પાંચ સભ્યોની બનેલી એવી છ સમિતિઓ રાખવામાં આવી હતી.

(૧) ઔદ્યોગિક અને કલા સંબંધી દેખરેખ રાખતી સમિતિ. (૨) વિદેશી પ્રવાસીઓની સત્કાર અને સેવા સમિતિ. આ સમિતિ દ્વારા વિદેશીયાત્રીઓ માટે આવાસ અને સેવકોની વ્યવસ્થા કરવી જે તેમની ગતિવિધિઓ ઉપર નજર રાખતા તેઓ બિમાર હોય તો ઉપચાર કરવો, અને અવસાન પામે તો અંતિમક્રિયા પણ કરાતી, તેની બધી સંપત્તિ તેમના વારસોને સોંપી દેતા.

(૩) જનગણના સમિતિ. (૪) વેપાર વાણિજ્ય અને તોલમાપ સંબંધી સમિતિ (૫) ઉદ્યોગ સમિતિ (૬) કર સમિતિ.[૧૫] વેચાણ કિંમતના દશ ટકાને હિસાબે જકાત વસુલ કરવામાં આવતી જેમાંથી કોઈ જકાતચોરી કરનારને મૃત્યુદંડ સુધીની સજા હતી.

મેગેસ્થનિસે પોતાના પ્રવાસ દરમિયાન એ પણ પૂછયું કે આ દેશમાં હિસાબી વર્ષના દિવસ કેટલાં હોય છે. ત્યારે જવાબ મળ્યો કે ૩૫૪. હિસાબી વર્ષ અષાઢની અમાવસ્યાને દિવસે પુરૂ થતું અને શ્રાવણી પ્રતિપદાથી નવું વર્ષ શરૂ થતું હતું.

મેગેસ્થનિસે એક એવા નગરનું વર્ણન કર્યુ છે કે જે નગરમાં ન હતો કોઈ રાજા કે ન તેના કોઈ મહત્વપૂર્ણ પ્રતિનિધિ રોમિલા થાપરે મેગેસ્થનિસના આ વર્ણનનો અર્થ એવો કર્યો છે કે "મેગેસ્થનિસનો એ લખવાનો એવો અર્થ રહયો હશે કે આ નગરોની તુલનામાં જેનું શાસન રાજાના પ્રતિનિધિઓનાં હાથમાં હતું. તે નગર સ્વશાસિત હતા.

મેગેસ્થનિસે ભારતીય સમાજના સાતવિભાગો દર્શાવ્યા હતાં. જેમ કે ૧. તત્વજ્ઞાની ૨. સભાસદો ૩. વહીવટી કર્મચારીઓ. ૪. સૈનિકો ૫. ખેડૂતો ૬. વેપારી તથા શ્રમિકો ૭. શિકારીઓ. રોમિલા થાપર લખે છે કે મેગેસ્થનિસ વર્ણ અને વ્યવસાયમાં અંતર પાડી શકયો ન હતો. આ બાબત જ તે તેના પરદેશીપણાંને અને હિંદુસ્તાનની સંસ્કૃતિને સમજી ન શકયાનો પુરાવો પુરો પાડે છે. તેથી જ ઘણી ભૂલો રહેવા પામી હતી.

મેગેસ્થનિસ વર્ણવ્યવસ્થા માટે લખે છે કે કોઈ સૈનિક ખેડૂત નથી બની શકતો કે કોઈ શિલ્પકાર દાર્શનિક નથી બની શકતો ફકત દાર્શનિકોને આ બાબતે પોતાના સદ્‌ગુણોને કારણે છૂટ છે.

મેગેસ્થનિસને માટે ભારતની વર્ણવ્યવસ્થા એક અનોખા પ્રકારની હતી. તે તેના દેશમાં રહેલા જુદા જુદા વર્ગોની જેમે આ ભારતીય વર્ણવ્યવસ્થાને શ્રમ વિભાજનથી વધારે કાંઈ સમજી શકયો ન હતો. તેમ જણાય છે. એજ રીતે તેણે ભારતીય દેવીદેવતાઓમાં પણ પોતાના દેશના દેવી દેવતાઓના આરોપણ કરીને જ જોયા હતાં.

મેગેસ્થનિસ અને મૌર્યસેના

મેગેસ્થનિસે વર્ણવેલા અહેવાલ મુજબ ચંદ્રગુપ્તની પાસે શકિતશાળી અને વિશાળ સેના હતી જેને ચતુરંગીણી સેના કહેવામાં આવતી આ સેનામાં ૬,૦૦,૦૦૦ (છ લાખ) પદાતિ. આ સૈનિકો પાસે પોતાની લંબાઈ જેટલા જ ધનુષ રહેતા. શર–સંધાનના સમયે તે ધનુષ જમીન ઉપર ટેકવી દેતાં હતાં. તીર ત્રણ ગજથી થોડુંક જ નાનું રહેતુ એવી કોઈ ચીજ નહોતી જે ભારતીય તિરંદાજના તીર રોકી શકે. સૈનિકોના ડાબા હાથમાં બળદનાં ચામડાંની ઢાલ રહેતી. તલવારો બધા જ રાખતાં. ઘોડે સવારોની સંખ્યા ૩૦,૦૦૦ ની હતી. તે ઘોડે સવાર સૈનિકો પાસે બે ભાલા અને એક ઢાલ રહેતી. હાથીઓની સંખ્યા ૯,૦૦૦ ની હતી. એ હાથીઓ સાથે ૩૬,૦૦૦ સૈનિકો રહેતા અને ૮,૦૦૦ રથ હતા તે રથો સાથે ૨૪,૦૦૦ સૈનિકો રહેતા રથમાં ચારઘોડા જૂતતા હતા. દરેક રથમાં છ સૈનિકો રહેતા હતાં. આમ ચંદ્રગુપ્તની સેનામાં કુલ ૬,૯૦,૦૦૦ સૈનિકો હતાં.

સૈન્ય સંચાલન માટે પાંચ પાંચ સભ્યોની છ સમિતિઓ હતી. પેદલ સેના, ઘોડેસવાર, યુદ્ધરથ, યુદ્ધના હાથી, પરિવહન રસાલા સમિતિ. નૌસેનાપતિનું મંડલ આ છ સમિતિઓ સૈન્યનું સંચાલન કરતી દરેક સૈનિકો શસ્ત્રાગારમાં શસ્ત્રો જમા કરાવતાં હતાં. કૌટિલ્યએ પણ શસ્ત્રાગારની ચર્ચા કરી જ છે.

જો કે મેગેસ્થનિસે મૌર્યસેના માટે એમ પણ લખ્યું છે કે જ્યારે તે સૈનિકો યુદ્ધમાં નથી હોતા ત્યારે તે ફુરસદના કાળમાં આળસ અને મદિરાપાનમાં ડુબ્યાં રહે છે. જેથી તેના ઉપર થનારો સંપૂર્ણ વ્યય રાજકોશને સહન કરવો પડે છે.

આજે આપણું આધુનિક લશ્કર શાંતિકાળમાં પણ કવાયતો કરે છે. એક પણ દિવસ એવો હોતો નથી કે તે દિવસે તેને સાવ બેઠા રહેવાનું બન્યુ હોય.

ન્યાય

મેગેસ્થનિસ આવ્યો તે સમયે અને ખાસ કરીને ચંદ્રગુપ્તના રાજ્યમાં ચોરી અને ગુનાનું પ્રમાણ ઓછું હતું લોકો સત્ય ચાહક અને નીતિમય જીવન જીવતા હતાં. તેથી લોકો ઘર ખુલ્લા મૂકીને સૂઈ શકતા હતાં. દરરોજ બસો પણના મૂલ્યની ફરિયાદો પણ ૪ લાખના લશ્કરમાં માંડ થતી હતી.

આ સમયે શારીરિક સજાઓ તેમજ દેહાંતદંડની સજાઓ પણ કરવામાં આવતી હતી. મેગેસ્થનિસે તુરંગ જોઈ લખ્યું કે "બળાત્કારના આરોપીને કઠણ ઈંટ ઘસીઘસીને તેના વાળ કાઢવામાં આવતા હતાં. એક વ્યકિતએ એક વ્યકિતની આંખ ફોડી નાંખી હતી તે માટે તેનો હાથ કાપવામાં આવતો હતો. તે તેણે જોયો હતો. એક વ્યકિતએ એક શિલ્પ નિષ્ણાંત કારીગરનો હાથ કાપી નાંખ્યો હતો. [૧૬] તેને શૂળીએ ચડાવવાની સજા થઈ હતી.

ગુનો કાંઈ બનતો હોઈ અને તેને બાજુનો માણસ ન રોકે કે કોઈ અકસ્માતમાં બાજુવાળાને ઉપયોગી ન બને તો તેને પણ સજા કરવામાં આવતી. બે વ્યકિતએ શેરીમાં આગ લાગી ત્યારે તેને બુજાવવામાં કોઈ મદદ કરી નહીં તે બન્ને યુવાનોને કોરડાં મારવાની સજા થઈ હતી. આજે જેમ ભારતીય દંડ સંહિતામાં ૧૧૪ મી કલમ મુજબ મદદગારીનો ગુનો છે. તેમ ત્યારે ગુનો જોયો અને પોતે કાંઈ ઉપયોગી ન બન્યાનો અપરાધ લેખાતો. આજે એ પ્રકારનો કાયદો તો છે કે કોઈ વ્યકિતએ માહિતી છુપાવી હોય કે પોતે જોયું હોય તે ખોટો પુરાવો આપે તો તેને સજા થઈ શકે છે.

આ પ્રકારના ગુનાઓ જ્યારે બનતા ત્યારે તેનો ન્યાય આપવા માટે વડો ન્યાયાધિકારી જ બેસતો અને છેલ્લે ગુનાની સજા માટે તેણે રાજાની સંમતિ લેવી પડતી હતી.

સ્ટ્રેબો પણ નોંધે છે કે મૌર્યકાલીન ભારતમાં અપરાધની ઘટનાઓ ઓછી બનતી હતી. અને ભારતવાસી ઈમાનદાર હતા. [૧૭]

જે યૂનાની અને એશિયા માઈનોરની તુલનામાં સાચું ગણી શકાય.

મૌર્યકાળમાં એકબીજા પર એટલો વિશ્વાસ હતો કે દસ્તાવેજો કે કરારનામાની કોઈ

ચિંતા કરતા નહીં અને નાની બાબતોમાં લોકો કયારેઈ ન્યાયાલયનું શરણું લેતા નહીં વેપાર વાણિજ્ય વિશ્વાસથી જ ચાલતો હતો. ખોટા સાક્ષી આપનારના હાથપગ કાપી નાંખવામાં આવતા હતાં. આજના આપણા સ્વતંત્ર ભારતના ન્યાયતંત્રમાં ભારતીય દંડસંહિતાની કલમ ૧૯૩ મુજબ ખોટા સાક્ષી પુરાવા ઉભા કરનારને કે દેનારને સાત વર્ષ સુધીની જેલની સજાની જોગવાઈ કરવામાં આવી છે.[૧૮]

ધર્મ

મેગેસ્થનિસે ઈન્દ્રપ્રસ્થના કિલ્લાના મહાભારત કાળના ખંડેરો જોયા હતાં. તેણે મથુરા, હસ્તિનાપુર, રાધાપુર, કાન્યકુબ્જ, પ્રયાગ, બનારસ, ગયા વગેરે ધાર્મિક સ્થળો જોયાં હતાં.

તે મથુરા વિશે લખે છે કે મથુરા અને કૃષ્ણપુરમાં કૃષ્ણની પૂજા થતી અને મથુરા વૈષ્ણવ ધર્મનું કેન્દ્ર હતું [૧૯] મેગેસ્થનિસે સૌરસેનો (શૂરસેન જાતિ) અર્થાત એ પ્રદેશમાં રહેતા સાત્વતો નો ઉલ્લેખ કર્યો છે. હેરિકલીઝની (વાસુદેવ કૃષ્ણ) પૂજા પણ ભારતમાં થતી સંભવત પૂર્વ ભારતમાં મગધમાં જૈન અને બૌદ્ધ ધર્મ પ્રગટયાં એ અરસામાં પશ્ચિમ ભારતમાં વાસુદેવની ઉપાસના વ્યાપક બની હતી.

મેગેસ્થનિસ લખે છે કે ભારતીયો યજ્ઞોના અવસરે મદિરાપાન કરતાં હતાં. [૨૦] તેનું આ કથન સત્ય હતું. કૌટિલ્યએ પણ એવા અવસરે મદિરાપાનનો ઉલ્લેખ કર્યો છે. ઈતિહાસને સચોટ બનાવવા માટે આમ સમકાલીન સાધનોની વિગતોને સરખાવવી જોઈએ. પછી તે વિગત વધારે પ્રમાણમાં વજુદવાળી બનતી હોય છે.

મેગેસ્થનિસના કથનાનુસાર ભારતના પહાડોમાં દિવોનીસ અને મેદાનોમાં હેરકલની પૂજા થતી હતી. પરંતુ જણાય છે કે મેગેસ્થનિસે શિવ અને વાસુદેવને દિવોનીસ અને હેરકલ સમજી લીધા હતાં. [૨૧]

દાર્શનિકોની શ્રેણીમાં બ્રાહ્મણ અને બૌદ્ધભિક્ષુઓ તથા કોઈ અન્ય ધર્મ સંપ્રદાયના અનુયાયીઓ આવતા હતાં. દાર્શનિકો પાસેથી કર લેવાતો ન હતો. આ વિગતને ભારતીય સ્ત્રોતો પણ પરિપુષ્ટી આપે છે.

ખેતી અને ઋતુઓ

મેગેસ્થનિસે ભારતની ઋતુઓ વિશે પણ નોંધ કરી હતી. તે ખેતી વિશે નોંધે છે કે અહીં વર્ષમાં બેવાર પાક લેવામાં આવે છે. શિયાળામાં ઘઉં અને દાળ અને ચોમાસામાં ચોખા, બાજરો, [૨૨] તલ વગેરેની ખેતી થતી હતી. ચોખાનું વાવેતર વધારે પ્રમાણમાં થતું હતું. તેણે એમ પણ નોધ્યું કે આ દેશમાં બે ચોમાસા હોય છે અને શિયાળામાં પણ વાવેતરનો વરસાદ પડે છે.જો કે આ માવઠાંઓ હશે.

મેગેસ્થનિસને ભારતમાં બે ચીજોને જોઈને નવાઈ લાગી હતી. ૧.મધમાખી વિના સાકર બને તે ૨. કપાસ ના છોડ. જોકે કપાસને તેણે ઝાડ ઉપર ઉગતી ઉન એમ લખ્યું છે. તેને

ભારતની શેરડી ખૂબ જ મીઠી લાગી હતી અને તેની તેણે ખૂબ જ પ્રશંસા કરી હતી. [૨૩]

તેણે ભારતના વૃક્ષો, વનસ્પતિઓ અને પહાડો વિશે પણ નોંધ કરી હતી. તેણે લખ્યું છે કે ભારતમાં અનેક મોટા પર્વતો છે જેના ઉપર દરેક ફળોના વૃક્ષો છે. તેણે એક મોટા બરગદના વૃક્ષ માટે લખ્યું છે કે આ વૃક્ષ એટલું બધુ મોટું છે કે તેને પાંચ વ્યકિત મળીને પણ ઘેરી શકતા નથી. તેણે એક એવા વટવૃક્ષનું વર્ણન કર્યુ છે કે જેના છાયામાં ચારસો ઘોડેસવાર આરામ કરી શકતા હતાં.

ભારતમાં તેના જણાવ્યા મુજબ ઘણાં ભાગમાં સિંચાઈ થાય છે ભારતમાં કદી દુષ્કાળ પડતો નથી. [૨૪] મેગેસ્થનિસનું આ કથન અતિશયોકિત ભર્યુ છે. કારણકે ભારતીય સ્ત્રોતોમાં દુષ્કાળ વર્ણનો છે. જૈન કથાઓમાં પણ ચંદ્રગુપ્ત મૌર્યના રાજ્યકાળમાં દુષ્કાળ પડયાનું વર્ણન છે. સૌહગૌરા અને મહાસ્થાનના બે મૌર્યકાલિન શિલાલેખોમાં દુષ્કાળગ્રસ્ત ગંગા ઘાટીના લોકોને સહાય કર્યાનો ઉલ્લેખ છે. [૨૫] મેગેસ્થનિસના આ કથનનો બચાવ એ રીતે કરી શકાય કે તે કોઈ દુષ્કાળ પડતાં પહેલાં ભારતમાંથી ચાલ્યો ગયો હશે.

મેગેસ્થનિસ ભારતની ખનીજ સંપતિનું વર્ણન કરતા જણાવે છે. ભૂગર્ભમાંથી પણ અનેક પ્રકારની ધાતુ નીકળે છે. તેની અંદર સોના, ચાંદી બહુ છે. તાંબુ અને લોખંડ કાંઈ ઓછા નથી બીજી અન્ય ઉપયોગી ધાતુઓ પણ મળે છે. જેમાંથી વિવિધ પ્રકારની ઉપયોગી વસ્તુઓ તથા આભૂષણો અને યુદ્ધને માટે શસ્ત્રાસ્ત્ર તથા અન્ય ઉપકરણો બનાવવામાં આવે છે. ખેડૂતો પાસેથી જમીનના કર પેટે પાકનો ચોથો ભાગ લેવામાં આવતો હતો. આ ઉપરાંત ભૂમિકર પણ દેતા હતાં.

મેગેસ્થનિસ ભારતમાં ખેડૂતોની વસતિ વધુ જણાવે છે અને કહે છે કે તેઓ મોટાભાગે ગામડાંમાં રહેતા હતાં. તેઓ સૈન્ય સેવાથી મુકત હતાં. યુદ્ધ ચાલતું હોય ત્યારે પણ તેઓતો સ્વતંત્રપણે વિના ડરે ખેતરોમાં કામ કરતાં હતાં. ખેતી માટે તે વિશેષમાં નોંધે છે કે અન્ય દેશોમાં તો યુદ્ધ વખતે સૈનિકો જમીનને વેરાન બનાવી દે છે. જ્યારે ભારતમાં પરિસ્થિતિ ઉલટી છે. ખેતી કરવાવાળા વર્ગને એક પવિત્રવર્ગ માનવામાં આવે છે.

મેગેસ્થનિસ અને ભારતના પશુઓ

મેગેસ્થનિસે ભારતની એક એક નાની નાની બાબતોને પણ નોંધી છે. તેમાં તેણે પશુઓ અને તેના શિકારના વર્ણનો કર્યા છે. તે લખે છે કે આ દેશમાં બળવાન અને કમજોર નાનામોટા બધા જ પ્રકારના પશુપક્ષીઓ મોટી સંખ્યામાં છે. ખાસ તો અહીં હાથીઓની સંખ્યા વધારે છે.

ભારતના હાથીની પ્રત્યેક યૂનાની યાત્રીએ નોંધ લીધી છે. મેગેસ્થનિસનું માનવું હતું કે ભારતના હાથી આફ્રિકાના હાથીઓ કરતાં મોટા અને બળવાન છે. તે મોટા હોવાનું કારણ તે જણાવે છે કે ભારતમાં ખાદ્યસામગ્રીનું મોટું ઉત્પાદન હતું. હાથીઓની ઉંમર પણ આ પરદેશી યાત્રીઓએ બતાવી છે. ઓનેસિક્રિટસે હાથીની ઉંમર ત્રણસો વર્ષ બતાવી છે. અમુક તો પાંચસો

વર્ષ જીવતા હતા. જ્યારે મેગેસ્થનિસે હાથીની ઉંમર બસો વર્ષની બતાવી હતી. પરંતુ રોગોને કારણે તે ઉંમર પહેલા જ ઘણાં મૃત્યું પામતા હતાં. મેગેસ્થનિસે હાથીને પકડવાના ઉપાયોનું વર્ણન કર્યુ છે.

આ ઉપાયો વર્ણવતા તે કહે છે કે પહેલા થોડીક હાથણીઓ એક ઘેરામાં ઘેરી લેવામાં આવે છે અને તેની ચારેય તરફ એક ઊંડી ખાઈ ખોદવામાં આવે છે. હાથી એક પુલ પરથી આ ઘેરામાં પહોંચે એ સમયે જ પેલા ખાઈવાળો પુલ હટાવી લેવામાં આવે છે. યુદ્ધના હાથી વિશે તે લખે છે કે હાથી ખુલ્લી પીઠ પર કે અંબાડી પર ત્રણ સૈનિકો લઈને ચાલે છે. જેમાંથી બન્ને તરફ તીર ચલાવી શકાય અને ત્રીજો પાછળથી. હાથી પર એક ચોથો આદમી પણ હોય છે. જેની પાસે હાથીને અંકુશમાં રાખવા અંકુશ હોય છે.

હાથીઓને માટે એ સમયે હસ્તિશાળામાં સારવાર માટેની વ્યવસ્થા હતી. ઘા વાગેલા હાથીને ગરમ પાણી વડે સેક આપવામાં આવતો અને પછી ઘા ઉપર માંસની ગરમ થેપલી લગાડવામાં આવતી. હાથીઓની આંખો સોજી જાય ત્યારે તેને ગાયના તાજા દૂધની ધારે ધોવામાં આવતી. અશકત થયેલા હાથીઓને મધ, ફળ અને મરઘીના બચ્ચાં ખોરાકમાં આપવામાં આવતા હતા. [૨૬]

મેગેસ્થનિસ વાંદરાઓનું પણ વર્ણન કરતા લખે છે કે ભારતમાં એક એવા પ્રકારના વાંદરા હતા કે જે માનવ સાથે મળતા આવતાં હતાં. જેને જોઈને પહેલી નજરે તેને કોઈ સંન્યાસી સમજી જતાં હતાં. લતંગે નામના નગરના રાજા તરફથી તેને દરરોજ ખાવાનું આપવામાં આવતુ હતું.

ભારતના અજગરનું જ્ઞાન પણ મેગેસ્થનિસ ને હતું. જે અજગરો આખા બારાશિંગા અને બળદને ગળી શકતા હતાં. તેણે ઉડતા સાપોની પણ નોંધ કરી છે જે બે હાથ લાંબા હતાં. તે રાતમાં ઉડતા હતાં અને ઝેરીસ્ત્રાવ ઓકતા હતાં. એ ઝેર કોઈ વ્યકિત પર પડે તો ચામડી ઉપર ફરફોલાં થઈ જતાં હતાં. સિંકદરે પોતાની સાથે કુશળ મદારીઓનું એક દળ રાખ્યું હતું. જેથી કોઈ સૈનિકને સાપ કરડે તો તેને સાજો કરે.

મેગેસ્થનિસે લખ્યું હતું કે સૌથી મોટાવાઘ પ્રસિઆઈ (પ્રાચી) દેશમાં થતાં હતાં. જે સિંહથી લગભગ બે ગણાં મોટા હતાં. એકવાર તેણે પાળેલાં વાઘને જોયો હતો.

પક્ષીઓમાં પોપટ અને મોરનું વર્ણન મેગેસ્થનિસ કરે છે. એરિયન ઈંડિકાના અવતરણો નોંધી લખે છે કે ભારતમાં ત્રણ પ્રકારના પોપટ હોય છે. જેવી રીતે બાળકને બોલતા શીખવાડાય છે તેવી રીતે જો તેને બોલતાં શીખવાડવામાં આવે તો તે બાળકોની જેમ બોલે છે.

ભારતના મોરને તે દુનિયાના બધા મોર કરતાં મોટા ગણે છે. સિંકદરે ભારતના મોરને જોઈ ખૂબ પ્રસન્ન થયો હતો અને તેણે કહયુ હતું કે જે કોઈ મોરને મારશે તેને સખત સજા કરવામાં આવશે.

મેગેસ્થનિસ અને ભારતમાં બ્રાહ્મણો

મેગેસ્થનિસ દાર્શનિક બ્રાહ્મણોનું સર્વોચ્ચ સ્થાન સમાજમાં ગણાવે છે. જે સંખ્યાની દષ્ટિમાં સૌથી નાનો વર્ગ હતો. તે જણાવે છે કે તે બધાથી વધુ દેવપ્રિય હતાં. પરલૌકિક વિષયમાં પારંગત હતાં. તે જનતાને ઈહલોક અને પરલોક સંબંધી યજ્ઞ કરાવતાં હતાં. એ ઉપરાંત તેઓ યજ્ઞના પ્રારંભમાં એક બૃહદ અધિવેશનમાં એકઠાં મળી દુષ્કાળ, વર્ષા, મહામારી વગેરે વિષયોની ભવિષ્યવાણી કરતાં હતાં. જેનાથી લાભ ઉઠાવી જનતા પહેલેથી જ સચેત બની જાય. તેના આવશ્યકતાના કાર્યો અને સેવાઓ માટે તેમને ઉપહાર, દાન અને પ્રતિગ્રહ મળતાં હતાં. [૨૭]

બ્રાહ્મણો રાજાને ન્યાય આપતી વખતે તેની સ્મૃતિથી ગુનાની સજાને ટેકો આપનારાં શ્લોકો બોલી સંભળાવતા હતાં. દાર્શનિકો અને બ્રાહ્મણો પાસેથી કોઈ કર લેવામાં આવતો ન હતો. દાર્શનિકો કહેતાં બ્રાહ્મણોને પોતાના સદ્‌ગુણોના હિસાબે તેના વ્યવસાયમાંથી અન્ય વ્યવસાયમાં જઈ શકવાની છૂટ હતી. બાકીનાં કોઈને આ પ્રકારની છૂટ ન હતી કે કોઈ સૈનિક મટી ખેડૂત બની શકે કે કોઈ ખેડૂત ખેડૂત મટીને સૈનિક બની શકે નહીં. આમ બ્રાહ્મણોને વ્યવસાય અદલબદલનો વિશેષાધિકાર હતો. અમુક બ્રાહ્મણો રાજનીતિમાં પણ ભાગ લેતાં હતાં અને તેઓ રાજાના મંત્રી પણ બનતાં હતાં. અન્ય બ્રાહ્મણો પ્રકૃતિના અધ્યયનમાં દૃત્તચિત્ત રહેતા હતાં.

મેગેસ્થનિસ અને કૌટિલ્ય

મેગેસ્થનિસ આવ્યો એ સમયે જ ભારતમાં ચંદ્રગુપ્ત મૌર્યના ગુરૂ ચાણકય કહેતા કૌટિલ્યની બોલબાલા આખા ભારતમાં પ્રસરી હતી. મેગેસ્થનિસે કૌટિલ્યના નામનો ઉલ્લેખ પોતાના ગ્રંથમાં કયાંઈ કર્યો નથી. મેગેસ્થનિસ એમ પણ લખે છે કે ભારતીયો તે આવ્યો તે સમયસુધી લેખનકલા જાણતા ન હતાં. તેઓની પાસે લેખનકલાનો અભાવ હતો. આ વિગતમાંથી એક વિવાદ એવો પેદા થયો કે કૌટિલ્યએ અર્થશાસ્ત્ર નામનો ગ્રંથ લખ્યો નથી. જો કે અશોકના શિલાલેખો એ બાબતનું પ્રમાણ છે કે તે કાળના લોકો લેખનકલાથી અજ્ઞાત તો નહોતા જ.

પંડિત ભગવદત્ત લખે છે કે મેગેસ્થનિસે ચંદ્રગુપ્ત મૌર્યના મહામંત્રી, અર્થશાસ્ત્ર જેવા મહાનગ્રંથના કર્તા કૌટિલ્ય ને માટે એક શબ્દ પણ કેમ નથી લખ્યો. જેની કીર્તિ ચોમેર પથરાઈ હતી. જે તપ અને ત્યાગનું ઉજજવળ દષ્ટાંતરૂપ હતો. તો પછી મેગેસ્થનિસ આવા વિદ્વાન કુટનીતિજ્ઞ પુરૂષથી કેમ અજ્ઞાત રહયો તે માની શકાતું નથી. એમ કહી પંડિત ભગવદત્ત કહે છે કે ચંદ્રગુપ્ત મૌર્યની રાજધાનીમાં મેગેસ્થનિસ કયારેઈ રહયો ન હતો. જો તે ભારતમાં આવ્યો હતો તો તે પારીભદ્રના રાજા કોઈ ચંદ્રકેતુની રાજધાનીમાં રહયો હતો. [૨૮] જો કે તે પાટલીપુત્રમાં રહયો ન હતો એવી દલીલ પંડિત ભગવદત્તની ન સ્વીકારી શકીએ કારણકે પાટલીપુત્ર વિશે તેણે ખૂબ જ સરસ ઊંડાણવાળી માહિતી આપી છે.

" કૌટિલ્ય અર્થશાસ્ત્ર" કૌટિલ્ય એ લખ્યું ન હતું તે સાબિત કરવા માટે આ એકજ વિગત પૂરતી બની રહે છે કે મેગેસ્થનિસે જુગાર અને દારૂ વગેરે નશીલી વસ્તુઓ પર ટેકસની

વાત લખી નથી. પરંતુ કૌટિલ્યએ તેના અર્થશાસ્ત્રમાં ઉલ્લેખ કર્યો છે. જો આ બન્ને સમકાલીન હોય તો આ ભેદ કેમ આવ્યો કે આ લખવામાં કોણે ભૂલ કરી છે તે પ્રશ્ન વિચારવા જેવો છે.

જો કે કૌટિલ્યનું નામ મેગેસ્થનિસે ક્યાંઈ જણાવ્યું નથી. તે બાબતે મેગેસ્થનિસનો બચાવ એ રીતે કરી શકાય કે તેનો ઈન્ડિકા નામનો મૂળ ગ્રંથ તો ક્યાંઈ મળ્યો નથી. જે મળ્યુ છે તે તેના પછીના લેખકો એ આપેલા અવતરણોનું ભાથું છે. તેથી કદાચ મૂળગ્રંથમાં કૌટિલ્યનું નામ હોય પણ શકે. તે રીતે મેગેસ્થનિસની બચાવબારી ખુલ્લી રહે છે.

ભારતમાં ગુલામી પ્રથા

મેગેસ્થનિસે લખ્યુ છે કે ભારતમાં દાસપ્રથા ન હતી. [૨૯] પરંતુ તેનું એ વિધાન બંધ બેસતું નથી. ભારતીય સ્ત્રોતો તેનું ખંડન કરે છે. સમૃદ્ધ પરિવારોમાં ગૃહદાસો હતા. તે પણ નિમ્નવર્ણના હતા. ખાણોમાં પણ વ્યવસાયિક શ્રેણિઓ દ્વારા દાસશ્રમિકોનો ઉપયોગ કરવામાં આવતો હતો.

ભારતમાં દાસપ્રથા ન હતી. તે બાબતમાં જવાહરલાલ નહેરૂ, રોમિલા થાપર વગેરે મેગેસ્થનિસના એ વિધાનને શંકાસ્પદ માને છે. કદાચ મેગેસ્થનિસના મનમાં યૂનાની દાસપ્રથાની ધારણાઓને કારણે તે ભારતીય દાસપદ્ધતિને સાચી રીતે નહી સમજી શકયો હોય. જે યૂનાની પદ્ધતિથી ભિન્ન હતી. ભારતીય દાસ અને યૂનાની દાસમાં અંતર હતું. કારણ કે ભારતીય દાસ સંપત્તિનો માલિક બની શકતો અને પોતાના માટે કમાઈ શકતો.

મૌર્ય સામ્રાજ્યમાં ગુલામીપ્રથા ન હતી. તેમ મેગેસ્થનિસે લખ્યું છે. તેનો અર્થ એમ નથી થતો કે મૌર્યકાળમાં ગુલામીપ્રથા બિલકુલ નહોતી પરંતુ વાસ્તવિક ભાવાર્થ તેમાંથી એવો નીકળે છે કે અહીં યૂનાનની જેમ દાસનો ઉપયોગ મુખ્યત્વે ઉત્પાદન કાર્યમાં નહોતો કરવામાં આવતો.

જવાહરલાલ નહેરૂ મેગેસ્થનિસ કહે છે કે ગુલામો ભારતમાં ન હતા એ વિધાનનો વિરોધ કરી લખે છે કે મેગેસ્થનિસનો અભિપ્રાય ભૂલ ભરેલો છે કેમ કે એ ઘરકામ કરનારા ગુલામો અહીં ખસૂસ હતાં. અને એ સમયના હિંદીગ્રંથોમાં ગુલામોની સ્થિતિ સુધારવા અંગેના ઉલ્લેખો મળી આવે છે પણ ગુલામી પ્રથા મોટાપાયા પર ન હતી. તથા એ વખતે બીજા દેશોમાં હતાં તેવા મજૂરી કરાવવા માટેના ગુલામોના મોટાજૂથો ન હતા. એ સ્પષ્ટ છે અને તેથી જ મેગેસ્થનિસ એમ સમજ્યો હશે કે અહીં ગુલામી પ્રથા સર્વથા હતી જ નહીં. [૩૦]

મેગેસ્થનિસ અને સૌરાષ્ટ્ર

મેગેસ્થનિસ સૌરાષ્ટ્રમાં આવ્યો હતો કે નહીં તેના કોઈ પ્રમાણો મને મળ્યા નથી. પરંતુ તેણે સૌરાષ્ટ્ર માટેની નોંધ જરૂર કરી છે. તે લખે છે કે હોરઠનું (સોરઠ) પાટનગર સમુદ્રતીરે આવેલુ છે. તે વેપારનું મુખ્ય કેન્દ્ર છે, ત્યાંના રાજા પાસે દોઢલાખનું પાયદળ અને પાંચ હજારનું હયદળ અને એક હજારનું હસ્તિદળ છે.

આ સોરઠ પ્રાંતના પાટનગરનું નામ મેગેસ્થનિસ આપતો નથી. ત્યારે સ્વ.શંભુપ્રસાદ દેશાઈ લખે છે કે "એ કાળે સમુદ્રના તીરે બે નગરો હતાં. પ્રભાસ અને દ્વારકા પ્રભાસના ઈતિહાસમાં એ કાળે આવા કોઈ બળવાન રાજાનો ઉલ્લેખ નથી. તેથી તે દ્વારકા ગણવું જોઈએ." [૩૧]

મૌર્ય સામ્રાજ્યના પાંચ વિભાગો હતા. ૧. ઉત્તરાપથ ૨. અવંતિ ૩.દક્ષિણાપથ ૪. કલિંગ ૫.પ્રાચ્ય. આ પાંચ વિભાગોમાં સૌરાષ્ટ્ર દક્ષિણાપથમાં હતું. જેનું પાટનગરતો સુવર્ણગિરી હતું પણ મેગેસ્થનિસે તેનું પાટનગર દરિયાકાંઠે જ ગણાવ્યું છે. તે દ્વારકા જ હોવું જોઈએ તે બાબત વધારે સત્યની નજીક લાગે છે.

મેગેસ્થનિસ પછીના સ્ટ્રેબો, એરિયન એ બધાએ સૌરાષ્ટ્ર માટે સીરાષ્ટ્રી કે સીરાષ્ટ્રેન શબ્દ વાપર્યો છે.

મેગેસ્થનિસ અને ભૂગોળ

ભારતની ભૌગોલિક સીમાનું વર્ણન કરતાં મેગેસ્થનિસે લખ્યું છે કે આની ઉત્તરમાં હિમાલય પર્વત દક્ષિણ તથા પૂર્વમાં સમુદ્ર અને પશ્ચિમમાં સિંધુ, ગંગા, શોણ વગેરે નદીઓ છે. તેણે દક્ષિણ ભારતની નદીઓનો પણ ઉલ્લેખ કર્યો છે. જલવાયુના સંબંધમાં લખ્યુ છે કે અહીં ગરમીની ઋતુમાં ખૂબ ગરમી પડે છે. ઉનાળો, શિયાળો બન્નેમાં વરસાદ થાય છે. પરંતુ ગરમીના દિવસોમાં વધુ થાય છે. [૩૨]

મેગેસ્થનિસે પોતાના પ્રવાસમાં પૂછયું કે હિંદદેશ કેટલો મોટો છે. ત્યારે તેને જવાબ મળ્યો કે ઉત્તરથી દક્ષિણે ૩૨,૦૦૦ સ્ટેડિયમ અને પૂર્વથી પશ્ચિમ ૨૮,૦૦૦ સ્ટેડિયમ (સ્ટેડિયમ એટલે ગ્રીસનું ૨૦૨ વારનું લાંબુ માપ).

મેગેસ્થનિસનું કહેવુ હતુ કે ભારતીયોએ પોતાના દેશની બહાર કોઈ પ્રવાસ નથી કર્યા એ કથનને સાચુ માનીએ તો એમ લાગે કે ભારતીય લોકોનો દુનિયાની ભૂગોળનો ખ્યાલ નહી હોય તેનું આ કથન પણ ભૂલ ભરેલું છે.

મેગેસ્થનિસે ગ્રાન્ટ ટ્રંક રોડ (૧,૮૪૦ કિમી લાંબો) જેને મહારાજ માર્ગ કહેતા તેનું વર્ણન કર્યુ છે. તે આ માર્ગ ઉપર થઈને જ પાટલીપુત્ર ગયો હતો. આ વિશાળ માર્ગનું પહેલું ચરણ સામ્રાજ્યની સીમાથી શરૂ કરીને તક્ષશિલા પ્રાંતની રાજધાનીએ પૂર્ણ થતો હતો. બીજુ ચરણ પંજાબની પાંચનદીને પાર કરીને યમુનાના વક્ષ સ્થળને ચીરતો કનોજની પાસે પ્રયાગ પહોંચતો હતો. ત્રીજુ ચરણ પ્રયાગથી પાટલીપુત્ર અને ત્યાંથી ગંગાના મેદાનમાં થઈ સમાપ્ત થતો હતો. આ કેન્દ્રિય રાજમાર્ગ સામ્રાજ્ય સરકારના એક વિભાગની દેખરેખ નીચે હતો. [૩૩] આ રસ્તાની બન્ને બાજુએ ઘેઘુર વૃક્ષો હતાં અને માઈલ દર્શાવતા પથ્થરો હતાં. થોડા થોડા અંતરે વિશ્રામઘર અને કૂવા હતાં.

હિંદમાં સૌથી ઊંચા પર્વત તરીકે મેગેસ્થનિસે Mount Capitalia નો ઉલ્લેખ કર્યો છે. [૩૪] આ પર્વતની પાસે સોનારૂપાની ખાણો આવેલી છે. આ પર્વતએ આબુ હશે. એમ માનવામાં

આવતું પણ તે પુરાણોનો કપિસ્થળ પણ હોય એમ શ્રી ઉમાશંકર જોષી માનતા હતા. [૩૫]

સોરઠની રાજધાની સમુદ્રના તીરે હતી અને તે નગર વેપારનું મોટું કેન્દ્ર હતું એમ મેગેસ્થનિસ જણાવે છે. તેને ભારતમાં અન્ય સ્થળો બતાવવા સિદ્ધાર્થ નામનો વ્યકિત ગયો હતો. તેણે બરફથી ઢંકાયેલા શિખરો બતાવી કહયું કે "તે હિંદી કોકેસસ પર્વત નજીક હતો. આ પહાડ અમારા કબજામાં આવ્યા પછી અમે તેને હિંદુકોહ કહીએ છીએ". જેને આપણે મુસ્લિમોએ જીત્યા પછી હિંદુકુશ કહીએ છીએ.

મેગેસ્થનિસની આશ્ચર્યજનક વાતો

મેગેસ્થનિસે ભારતને આશ્ચર્યો અને રહસ્યોનો દેશ ગણાવ્યો હતો. તે લખે છે કે સિંધુઘાટીમાં સોનું ખોદતી ખૂબ જ મોટી કીડીઓ ખાડા ખોદીને સોનાના કણ બહાર કાઢે છે. તેણે બે હાથ લાંબા સાપની વાત પણ નોંધી છે. જેને ચામાચિડિયા જેવી આંખો હતી. ભીમકાય વીછી કૂતરા જેવા જોસથી ભસતાં કે તેની આંખો નીકળી જતી હતી. આ સિવાય નવફુટ ઊંચો માણસ, ત્રણ ફુટ નીચો માણસ અને કોઈને દાઢી ન હતી તેવો માણસ, એક માણસ એવો લખ્યો છે કે તેના કાન એટલા લાંબા હતા કે તે સુતી વખતે પગને અડતા હતાં. ઘણા તે કાન પાથરીને સુઈ જતા હતાં. [૩૬] તેને આંખ માથાની વચ્ચે કપાળમાં હતી. કોઈક એવા પણ છે કે જેને નાક નથી એમ પણ લખ્યું છે. આ બાબતે એમ બન્યું હોય કે કોઈકે કહયું હોય કે ફલાણા રાજા કે રાણી કે પ્રધાનને નાક નથી. એટલે કે તેને શરમ નથી. તેનો ભાવાર્થ આ પરદેશી રાજદૂત કેમ સમજી શકયો હોય અને તેણે લખી નાખ્યું કે નાક વગરના માણસ છે.

મેગેસ્થનિસની શ્રદ્ધેયતા

મેગેસ્થનિસે જે જોયું સાંભળ્યું તેણે તે લખ્યું છે. તેણે તેના માટે સાચું ખોટુ તારવવાની વિવેકબુદ્ધિ વાપરી નહોતી. દા.ત. કપાળમાં આંખ, સોનું ખોદતી કીડી, પથ્થરા ફેંકતાં વાંદરા વગેરે તેથી મેગેસ્થનિસના ખરાપણા માટે ઘણા બધા પ્રાચીન અને અર્વાચીન લેખકો એ અવિશ્વસનીય કહયો છે. જો કે આજે એકવીસમી સદીના યુગમાં પણ હજુ ઘણાં કહેવાતા ઈતિહાસવિદ્દો એવું ઘણું લખે છે અને દંતકથાઓને પણ ઈતિહાસ માની બેસે છે. ત્યારે આજથી અઢી હજાર વર્ષ પહેલા જે લખ્યું તે ખરેખર ઘણું જ સારું હતું કયાંક દોષ તો ભાષા, સંસ્કૃતિ અને વિદેશી હોવાને લીધે આવી જ જાય પણ તે બધા દોષોને એકબાજુ તારવીને ઈતિહાસકારોએ તેના અન્ય અહેવાલને પ્રમાણિકતાનું પ્રમાણપત્ર આપવું જોઈએ.

સ્ટ્રેબોને મેગેસ્થનિસની ઉપર નરદમ શ્રદ્ધેયતાની શંકા હતી. યૂનાની ઈતિહાસકારોએ મેગેસ્થનિસની કટુઆલોચના કરી છે. સ્ટ્રેબો એ તો લખ્યુ છે કે જે સાધારણતયા જે લોકોએ ભારતના વિષયમાં લખ્યું છે તે ખોટા હતા. આ સૂચિમાં ડિમેકસ પ્રથમ અને મેગેસ્થનિસ બીજો આવે છે. [૩૭] મિ.સ્વાનબક પણ સ્ટ્રેબોના આ કથન પરથી લખે છે કે સાધારણ તથા જે માનવોએ ભારત વર્ષના વિષયમાં લખ્યું તે બધા મિથ્યાવાદી જ છે. ડિમેકસ અને મેગેસ્થનિસને પૂર્ણરૂપથી

અવિશ્વસનીય કહયા છે. એ રીતે પ્લિની પણ મેગેસ્થનિસના ઉલ્લેખોને અવિશ્વસનીય પરસ્પર વિરોધી અને અધ્યયન માટે વ્યર્થ બતાવે છે.

જો કે ઉપરોકત આરોપમાં મને આંશિક સત્ય લાગે છે. કારણ કે તેણે જાણી બુજીને ખોટું નથી લખ્યુ તેણે કાંઈ પોતાના ફળદ્રુપ ભેજાની ઉપજને નહી લખી હોય પણ સમજફેર અને દંતકથાઓને સામેલ કરવાથી તેમ બન્યુ હશે.

મેગેસ્થનિસની શ્રદ્ધેયતાના વિષયમાં ડો.રોમિલા થાપર લખે છે કે "ઈંડિંકાએ સેલ્યૂકસના ભારત અવિજિત છોડવાના ઔચિત્યના પ્રતિપાદનના પ્રયત્નના રૂપમાં જોયું છે. તેમાં સ્પષ્ટ જ એક સુસંગઠિત સામ્રાજ્યનું વર્ણન કરવામાં આવ્યું છે. જેના લોકો સ્વતંત્રતાપ્રેમી છે અને એટલે તેને અછડતો છોડી દેવો જોઈએ. સંભવ છે કે મેગેસ્થનિસે મૌર્યજીવનના કેટલાંક પાસાઓને સેલ્યુકસી દષ્ટિકોણથી જ જોયા હોય."

બાસ્વર્થે ઈંડિંકાનો અભ્યાસ કર્યો હતો તે લખે છે કે ઈંડિંકાનો હેતુ સિકંદરના પક્ષમાં પ્રચાર કરવાનો પ્રયત્ન અવશ્ય હતો. પણ તેને ભારતીય વિભાગો, સમાજ, આર્થિક પ્રબંધોના કેટલાંક પાસાઓ ધ્યાનમાં રાખીને મેગેસ્થનિસનું મૂલ્યાંકન કરવું જોઈએ.

ડો.સ્મિથનું કથન છે કે મેગેસ્થનિસની કલમ વિશ્વસનીય છે. તેણે જે કાંઈ જોયુ તે લખ્યું છે. [૩૮] તેના દ્વારા લિખિત ચંદ્રગુપ્તના સૈનિક, સામાજીક સ્થિતિ અને પ્રશાસનિક સંબંધમાં વિશ્વસનીય માહિતી મળે છે.

ડો.જોલીનું કથન હતું કે મેગેસ્થનિસે અન્ય દેશોની સંસ્થાઓને ખૂબ ઉદાર હાથે ભારતની સાથે જોડી દીધી છે.

મેગેસ્થનિસ ભારતની કોઈ ભાષા સમજતો ન હતો અને ભારતની ભૂગોળથી પણ પરિચિત ન હતો. તે ભારતમાં બહુ થોડો સમય જ રહયો હતો. વિદેશી હોવાને નાતે ભારતીય પ્રથાઓ, સંસ્થાઓ, સંસ્કૃતિને બરાબર ન સમજી શકયો હોય કે તેના વિદેશી કાનો ભારતીય શબ્દના ઉચ્ચારણો ન સાંભળી શકયા હોય કે પછી તે ઘણા સમય પછી તે લખવા બેઠો હોય કે કદાચ મેગેસ્થનિસના ઉતારા દેનારા તેના પછીના લેખકોએ પણ તે ભૂલો કરી હોય તેવી શંકા પણ અહી ઉપસ્થિત થાય છે.

આ બધી ત્રુટીઓને બાદ કરતાં તેનો અહેવાલ કે ઈંડિંકાગ્રંથ ભારતના ઈતિહાસ માટે ખૂબ જ અગત્યનો બની રહે છે. તેની ભૂલોમાંથી સત્ય તારવવું એ તો ઈતિહાસકારનું કાર્ય છે. તે તેણે શોધી સાચા અર્થના ઈતિહાસકાર બનવું એ જ સાચી વાત છે.

પાદનોંધ

(૧) શાસ્ત્રી નિલકંઠ "નંદ મૌર્યયુગીન ભારત" દિલ્હી – પે–૯૧
(૨) ટોડ જેમ્સ "પશ્ચિમ ભારત કી યાત્રા" જોધપુર –પે–૧૪૮
(૩) શાસ્ત્રી નિલકંઠ –પે–૯૧/૯૨
(૪) વૈડેલ રિપોર્ટ આન એકસકેવેશન એટ પાટલીપુત્ર કલકત્તા ૧૯૦૩ (૨) થાપર રોમિલા 'અશોક ઔર મૌર્ય સામ્રાજ્ય કા પતન' નવી દિલ્હી –પે–૧૦
(૫) જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી–૨૨ ભારતદર્શન–૧ –પે–૨૦૩
(૨) ઓઝા ગૌરીશંકર " રાજપૂતાને કા ઈતિહાસ" ભાગ–૧ અજમેર –પે–૧૦૦
(૩) ચોપરા બી.એન. "ભારતનું ગેઝેટિયર" અમદાવાદ –પે–૯૯ (૪) શર્મા એલ.પી. "પ્રાચીન ભારત" આગ્રા –પે–૧૪૬
(૬) મુકરજી રાધાકુમુદ "ચંદ્રગુપ્ત ઔર ઉસકા કાલ" દિલ્હી –પે–૧૦૧
(૭) શાહ ચુનીલાલ "ચાણકયને ચંદ્રગુપ્ત" અમદાવાદ –પે–૩૨૬
(૮) ઓઝા ગૌરીશંકર "રાજપૂતાને કા ઈતિહાસ" ભાગ –૧, અજમેર –પે–૭૭ (૨) શાસ્ત્રી નિલકંઠ "નંદ મૌર્ય યુગીન ભારત"–પે–૧૨૮
(૯) શાસ્ત્રી દુર્ગાશંકર "ઐતિહાસિક સંશોધન" અમદાવાદ –પે–૫૨૮
(૧૦) પાંડેય વિમલચંદ્ર "ભારત વર્ષ કા સામાજિક ઈતિહાસ" અલ્હાબાદ –પે–૧૨૦
(૧૧) મુકરજી રાધાકુમુદ –પે–૨૦૫
(૧૨) શાસ્ત્રી નિલકંઠ – પે–૧૨૫ (૨) મુકરજી રાધાકુમુદ –પે–૨૫૭
(૧૩) તિમર "મેગેસ્થનિસ એન ડે ઈડિંશે મતાશાપિજ" –પે–૬૬
(૧૪) શાસ્ત્રી હરિપ્રસાદ "ભારતીય અભિલેખાવિદ્યા" અમદાવાદ –પે–૧૫
(૧૫) પાંડેય શ્રીનેત્ર "પ્રાચીન ભારત કા ઈતિહાસ" –પે–૪૮૪–૮૫
(૨) શાસ્ત્રી નિલકંઠ –પે–૧૩૦ (૩) શર્મા એલ. પી. "પ્રાચીન ભારત" –પે–૧૪૬
(૧૬) ઓઝા ગૌરીશંકર –પે–૧૦૦
(૧૭) સ્ટ્રેબો XVI –પે–૫૩–૫૬
(૧૮) ત્રિવેદી દોલત "ભારતીય ફોજદારી ધારો" અમદાવાદ –પે–૨૫૬
(૧૯) દિનકર રામધારીસિંહ "સંસ્કૃતિ કે ચાર અધ્યાય" દિલ્હી –પે–૬૨
(૨) પાંડેય રાજબલી 'વિક્રમાદિત્ય" વારાણસી –પે–૧૬૦ (૩) મેક્રિન્ડલ એન્શીયન્ટ ઈન્ડીયા એઝ ડિસ્ક્રાઈબ્ડ બાય મેગેસ્થનિસ એન્ડ એરિયન –પે–૨૦૧–૨૦૨
(૨૦) મુકરજી રાધાકુમુદ –પે–૧૬૩
(૨૧) સાંકૃત્યાયન રાહુલ "મધ્યએશિયા કા ઈતિહાસ" બિહાર –પે–૧૮૪
(૨૨) વૉટસન જે. ડબલ્યુ "કાઠિયાવાડ સર્વસંગ્રહ" મુંબઈ –પે–૨૯૪
સૌરાષ્ટ્રમાં લાખાફુલાણીએ બાજરાનું બીજ લાવ્યાનું કહેવાય છે તે મુખ્યત્વે ઘોડાનો ખોરાક હતો. તેને લગતો દુહો – બલિહારી તારી બાજરા જેનાં લાંબા પાન ઘોડે પાંખો આવીઓ, બુઢા થયા જવાન.

(૨૩) નાગોરી એસ. એલ. "ભારત કા સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક ઈતિહાસ" –જયપુર –પે–૧૯
(૨૪) ડાયોડોરસ –૨ –પે–૩૬ (૨) મેગેસ્થનિસ ઈડિંકા –પે–૩૧/૩૨
(૨૫) થાપર રોમિલા "અશોક ઔર મૌર્ય સામ્રાજ્ય કા પતન" દિલ્હી –પે–૬૫
(૨૬) શાહ ચુનીલાલ –પે–૩૩૬
(૨૭) પાંડેય વિમલચંદ્ર –પે–૨૮
(૨૮) પંડિત ભગવદત્ત "ભારત વર્ષ કા બૃહદ ઈતિહાસ" ૧ દિલ્હી –પે–૩૧૧
(૨૯) પૂણતામ્બેકર શ્રીકૃષ્ણ વેંકટેશ "એશિયા કી વિકાસોન્મુખ એકતા" લખનો –પે–૫૮ (૨) નહેરૂ જવાહરલાલ "મારું હિંદનું દર્શન" –પે–૧૫૧ (૩) થાપર રોમિલા "ભારત કા ઈતિહાસ દિલ્હી" –પે–૬૨
(૩૦) નહેરૂ જવાહરલાલ "મારું હિંદનું દર્શન" અમદાવાદ –પે–૧૫૧
(૩૧) દેશાઈ શંભુપ્રસાદ "સૌરાષ્ટ્રનો ઈતિહાસ" રાજકોટ –પે–૪૪
(૩૨) પાંડેય શ્રીનેત્ર "પ્રાચીન ભારત કા ઈતિહાસ" (પ્રાચીન કાલસે ઈ.સ.૩૨૦ તક) –પે–૪૮૨
(૩૩) પણિકકર કે. એમ. "ભારતીય ઈતિહાસ કા સર્વેક્ષણ" કલકત્તા –પે–૨૮
(૩૪) બોમ્બે ગેઝેટિયર વોલ્યુમ–૧ –પે–૫૩૪
(૩૫) જોશી ઉમાશંકર "પુરાણોમાં ગુજરાત" અમદાવાદ –પે–૧૬
(૩૬) નાગોરી એસ.એલ. "ભારત કા સામાજિક, આર્થિક સાંસ્કૃતિક ઈતિહાસ" જયપુર –પે–૧૯
(૩૭) પાંડેય શ્રીનેત્ર –પે–૪૮૧
(૩૮) મહાજન વી.ડી. –પે–૨૬૭

✻ ✻ ✻ ✻

ફાહિયાન ઈ.સ.૩૯૯ થી ૪૧૪

ભારતમાં આવેલા ચીની વિદેશી યાત્રીઓમાં ફાહિયાનનું નામ પણ મોખરે છે. ફાહિયાનના યાત્રા વૃતાંતમાંથી ભારતની પાંચમી સદીની રાજકિય સ્થિતિ, સામાજિક સ્થિતિ, ધાર્મિક સ્થિતિ, આર્થિક સ્થિતિ એમાં ખાસ કરીને આજે મૌર્યકાલિન નિવાસગૃહોના કોઈ નમૂના ઉપલબ્ધ નથી. ત્યારે ફાહિયાનના આશ્ચર્યમિશ્રિત કથનોમાં તેની ઝલક આપણે જોઈ શકીએ છીએ. ભારતમાં અનેક ચીનીયાત્રીઓના આવાગમનનો નિરંતર પ્રવાહ ચાલુ રહયો હતો. જેમાં ફાહિયાન, હયુએનસાંગ અને ઈત્સિંગ મુખ્ય હતાં. જેમણે પોતાના યાત્રાવૃતાંતો લખ્યા હતાં. ફાહિયાને જે યાત્રાવૃતાંત ફો–કવો–કી (બુદ્ધના દેશનો વૃતાંત) લખ્યો. તેમાં ભારત અને બીજા અન્ય ત્રીસ સ્થાનોનું પરિભ્રમણ કરી તેણે પોતાનો પ્રવાસગ્રંથ લખ્યો. જેનો અનુવાદ જેમ્સ લેગે "ફાહિયાન ટ્રાવેલ્સ ઈન ઈન્ડિયા એન્ડ સિલોન"(૧૮૮૬) અને એચ.એ. ગાઈલ્ઝે "ધ ટ્રાવેલ્સ ઓફ ફાહિયાન ઓર રેર્કોડ ઓફ ધ બુદ્ધિસ્ટીક કીંગડમ" નામથી કર્યો છે.

જન્મ અને પ્રારંભિક કારકિર્દી

ફાહિયાનનો જન્મ કયારે થયો અને કેટલી ઉંમરે તેણે યાત્રારંભ કર્યો. તેની ચોકકસ નિશ્ચિત સાલ મળતી નથી. કોઈ તેને પૂર્વ સીનવંશી અને કોઈ લૂઈ વંશના શુંગ કુટુંબનો બતાવે છે પણ એ નિશ્ચિત છે કે તેનો જન્મ ઉયંગ (વુયંગ)માં થયો હતો. ઉયંગ પિંગયાંગ પ્રદેશમાં આવેલો છે. તેનું મૂળ નામ કુંગ (કુડ) હતું. તેના જન્મ પૂર્વે તેના માતાપિતાના સંતાનો જીવતા ન હતાં. ત્રણ છોકરાં આઠ–દસ વર્ષની ઉંમરે ગુજરી ગયાં હતાં. ત્યારે કુંગના પિતાએ કુંગને જન્મતાં જ ભિક્ષુ સંઘને આપી દીધો હતો અને સામનેર (બૌદ્ધબ્રહ્મચારી જેણે પરિવ્રજ્યા ગ્રહણ ન કરી હોય તે) બનાવી પ્રેમવશ તેને ઘરમાં જ રાખતો હતો. પરંતુ કુંગ એક ગંભીર રોગમાં સપડાય જતાં તેને વિહારમાં મોકલી દીધો. સ્વસ્થ થયો ત્યારે તેને તેડવા ગયા ત્યારે ન આવ્યો અને વિહારમાં જ રહેવા લાગ્યો.

દસ વર્ષની ઉંમરે તેના પિતાનું અવસાન થયું, ત્યારે તે થોડો સમય તેના કાકાની પાસે રહયો હતો. ત્યારે તેણે ચોખ્ખું કહયુ કે મારે ભિક્ષુક બનવું છે. ફાહિયાનની માતાનું પણ થોડા સમય પછી અવસાન થયું ત્યારે તે ઘરે આવ્યો અને તેને સમાધિ દઈ વિહારમાં ચાલ્યો ગયો. સામનેરની અવસ્થા પૂરી થતાં પ્રવ્રજ્યા ગ્રહણ કરી. ત્યારથી તેનું નામ તેના ગુરૂ એ ફાહિયાન પાડયું. ચીની ભાષામાં 'ફા' નો અર્થ છે ધર્મ અને 'હિયાન'નો અર્થ છે આચાર્ય. આથી ફાહિયાનના નામનો અર્થ ધર્મગુરૂ કે ધર્માચાર્ય એવો થાય છે.

ફાહિયાને વિહારમાં ધાર્મિક શિક્ષા ગ્રહણ કરી અને પિટક ગ્રંથોનો અભ્યાસ કર્યો. ત્યારે તેને ખ્યાલ આવ્યો કે આ ગ્રંથોના જે અંશ છે તે અધુરા અને ક્રમભ્રષ્ટ છે. જ્યારે તેણે

વિનિય– પિટિકનો વિશેષ સંબંધ શ્રમણોના સંઘ સાથે છે. તે અવસ્થા જોઈ ત્યારે તે ખૂબ દુઃખી થયો અને સંકલ્પ કર્યો કે વિનયપિટકની પૂરી વિગતો ભારત વર્ષમાંથી લાવી તેનો પ્રચાર આ દેશના ભિક્ષુસંઘોમાં કરીશ. આ પવિત્ર કાર્ય માટે અને ભારતમાં બુદ્ધની લીલાભૂમિ અને અન્ય બૌદ્ધ તિર્થસ્થાનોના દર્શન કરવા અને બૌદ્ધધર્મના સાચા જ્ઞાન માટે તે ૬૫ વર્ષ ઉંમરે ઈ.સ.૩૯૯માં તેના ચારપાંચ સાથીઓ સાથે ભારત આવવા નિકળ્યો. જો કે વચ્ચેથી બાકીના સાથીઓ પાછા વળી ગયા હતાં. તેમાનો હુયચિંગ નામનો એક સાથી નગરદેશથી (નાગરા) આગળ વધતા બિમારીથી મૃત્યુ પામ્યો. ફાહિયાન સાથે યાત્રામાં નિકળેલા અન્ય હુઈચિંગ, તાઓચિંગ, હુંઈયિંગ, હુયબેઈ માંથી પેશાવરથી બે જણા પોતાના વતન ચીન પાછા ચાલ્યા ગયા હતાં અને તાઓચિંગ એક બૌદ્ધગયામાં રોકાય ગયો હતો. જગમોહન વર્મા જણાવે છે કે તાઓચિંગ ગરૂડપાદથી થોડે દૂર સુધી સાથે ચાલી પાટલીપુત્ર ગયો કે બૌદ્ધગયામાં જ રહી ગયો. ફાહિયાન લખે છે તાઓચિંગ પોતે મધ્યપ્રદેશમાં પહોંચ્યા અને તાઓચિંગે શ્રમણોને જોયા અને તેના આચાર વિચારથી પોતાના દેશના ભિક્ષુસંઘના અધુરાં જ્ઞાન અને અયોગ્ય વિનયનું સ્મરણ થતાં તે ત્યાં જ રહી ગયો. આથી સ્પષ્ટ દેખાય છે કે તાઓચિંગ પાટલીપુત્ર ગયો નહતો પરંતુ બૌદ્ધગયામાં જ રહી ગયો. [૧]

ફાહિયાન ઈ.સ. ૩૯૯ થી ૪૧૪ સુધી પ્રવાસમાં રહયો હતો. તેમાં એટલે કે કુલ ૧૫ વર્ષ પ્રવાસમાં ગાળ્યાં. જેમાં ૭ વર્ષ ભારતમાં રહયો અને એમાંથી ત્રણ વર્ષ પાટલીપુત્રમાં રહયો હતો.

ફાહિયાનનો યાત્રામાર્ગ

ફાહિયાન ઈ.સ. ૩૯૯માં પોતાના પવિત્ર ઉદેશોને પૂર્ણ કરવા માટે ચીનના ચાડગાન થી નિકળ્યો અને ચાડપિ, ગોબીના રણમાં થઈ કરશહર, ખોતાન, કાશ્ગર, કુફેન (કાબુલ), ગાંધાર, તક્ષશિલા થઈ પુરૂષપુર આવ્યો.

કાબુલમાં તેણે મહાયાન બૌદ્ધમતના અનુયાયીઓને અને તેના ભિક્ષુઓના વિહારોને જોયાં. અફઘાનિસ્તાનમાં તેણે બન્ને બૌદ્ધપંથના ૩,૦૦૦ બૌદ્ધ ભિક્ષુઓ જોયા. ગાંધારમાં હિનયાન મતાંવલંબી જોયા. તક્ષશિલામાં તેણે રાજામંત્રી અને અન્ય લોકોને બૌદ્ધસ્તુપોની પૂજા કરતાં જોયા અને એ પણ જોયું કે એ સ્તુપ ઉપર ફૂલ ચડાવવાવાળા અને દીવા કરવાવાળાની લાઈન કયારેય તૂટતી નહોતી. [૨] ત્યાંથી તે પુરુષપુર (પેશાવર) આવ્યો. ત્યાં ફાહિયાનને જાણવા મળ્યું કે બુદ્ધ અહિં આવ્યાં હતાં અને પોતાના શિષ્ય આનંદ સાથે કનિષ્કના વિષયમાં ભવિષ્યવાણી કરી હતી કે અહીં કનિષ્ક નામનો પ્રતાપી રાજા થશે અને ભવ્ય સ્તુપ બંધાવશે. ફાહિયાને ત્યાં કનિષ્કનો બનાવેલો વિશાળ સ્તુપ જોયો. જે ચારસો ફુટ ઉંચો હતો. જેની ફાહિયાને ખૂબ પ્રશંસા લખી છે. જે સ્તુપ ઉપર સોના ચાંદીના પતરાં મઢેલા હતાં. ત્યાં બુદ્ધનું જે ભિક્ષાપાત્ર હતુ જેની પૂજા થતી હતી.

પેશાવરથી તે નગરદેશ (નાગરા) આવ્યો. જે કાબુલની સીમા પર આવેલું છે. જ્યાં

બુદ્ધના કપાળનું હાડકું એક સુંદર વિહારમાં રાખવામાં આવ્યુ હતું. [૩] અહીંથી મથુરા, મધ્યદેશ, સાંકાશ્ય થઈ કાન્યકુબ્જ આવ્યો. કાન્યકુબ્જમાં તેણે ગંગાકિનારે હિનયાન મંતાવલંબીઓના બે મોટા મઠ જોયા. જેમાં હિનયાન પંથના ભિક્ષુઓ રહેતા હતાં. અહીં બુદ્ધ પોતાના શિષ્યોને સંસારની અસારતા વિશે ઉપદેશ આપ્યો હતો. કાન્યકુબ્જથી દક્ષિણમાં ગંગા પાર કરી આલે ગામ આવ્યો ત્યાં બુદ્ધના બેસવાની, સંક્રમણ કરવાની અને ઉપદેશ દેવાના સ્થાનો પર સ્તુપ બનેલા જોયાં હતાં. આ આલેની આજ કોઈ વિદ્વાનો ને કયાં આવ્યું તે ખબર નથી. આલેથી તે સાકેત આવ્યો. ત્યાં પણ સ્તુપો અને સંઘારામો હતાં. સાકેતથી દક્ષિણમાં આઠ યોજન ચાલીને શ્રાવસ્તી આવ્યા. શ્રાવસ્તી ત્યારે બસ્સો ઘરવાળું ઉજ્જડ પડયુ હતું. ત્યાં અનેક સ્તુપ અને વિહાર પણ હતાં. જ્યાં અનેક દાનગૃહો પણ હતાં. અને યાત્રિકો અને સાધુઓને મફત ભોજન અને વસ્ત્ર મળતાં હતાં.

પ્રસિદ્ધ જેતવન વિહારના ખંડેરો તેણે જોયા ત્યાં જાણવા મળ્યું કે સુદત વણિકે જેટલી સુવર્ણ મુદ્રાઓ આ ઉપવનમાં પાથરી શકાય એટલી કિમંતમાં તે ખરીદયું હતું. તેથી ફાહિયાને તેને સુવર્ણ ઉપવન કહયું, અહી જેતવનની આસપાસ ૬૮ વિહાર હતાં. આ શ્રાવસ્તી ના ખંડેરો આજે ગોડા જિલ્લામાં બલરામપુરની પાસે અને બઈરાઈચની સીમા પર છે. તેનું ઉત્ખન્ન અનેક વખત થયું છે. તેના વિશે વિનસેન્ટ સ્મિથને એવી શંકા રહી હતી કે આ શ્રાવસ્તી છે કે નહિં. તો પણ એ નિશ્ચિત છે કે શ્રાવસ્તી અહીં જ હતું. દર વર્ષે મ્યાનમાર, લંકા વગેરેના શ્રદ્ધાળુ ભાવિકો અહી દર્શન કરવા આવે છે.

શ્રાવસ્તી પાસે જ ફાહિયાને ૨૫ માઈલ દૂર તુવેદ નામનું ગામ જોયું જ્યાં કશ્યપ બુદ્ધના અસ્થિ પર સ્તુપ બાંધેલો હતો. ફાહિયાને આને કશ્યપ બુદ્ધનું જન્મ સ્થાન લખ્યું છે. આ સ્થાનને આજે ટંડવા કહે છે. શ્રાવસ્તીથી કપિલવસ્તુ, લુંબિનીવન, કુશીનગર થી વૈશાલી આવ્યા. વૈશાલીમાં તેણે આમ્રપાલીએ બંધાવેલા બૌદ્ધવિહારના અવશેષો જોયા. તે વૈશાલીમાં ઘણો સમય રોકાયો. કારણ તેને જે બૌદ્ધગ્રંથોનું અધ્યયન કરવું હતું તેમાંના મોટા ભાગના ગ્રંથો ત્યાંથી મળ્યા હતાં. વૈશાલીનગરના ખંડેર આજે બિહારમાં મુઝફરપુર જિલ્લામાં હાજીપુર વિભાગમાં વૈશર ગામની નજીક છે. જ્યાં આજે પણ અશોકનો એક સ્તંભ છે.

વૈશાલીથી તે પાટલીપુત્ર આવ્યો. ત્યાંથી નલગાંવ (નાલંદા) આવ્યો. જ્યાં ગૌતમ બુદ્ધના પ્રિય શિષ્ય સારીપુત્રનો જન્મ થયો હતો અને તેનું મૃત્યુ પણ ત્યાં જ થયું જેના ઉપર એક સ્તુપ બનાવેલો હતો. નાલંદા વિશે ફાહિયાને વિશેષ કોઈ વિગતો નોંધી નથી. નાલંદામાં ફાહિયાને માત્ર એક સ્તુપનોજ ઉલ્લેખ કર્યો છે. જ્યારે સુએનચાંગ લખે છે કે નાલંદામાં એક મોટું વિદ્યાલય છે. અહી તેણે શિલભદ્ર નામના આચાર્ય પાસેથી યોગશાસ્ત્રનું શિક્ષણ મેળવ્યું હતું.

નલગાવ કે નાલંદાથી તે રાજગૃહ આવ્યો. રાજગૃહને ફાહિયાને અજાતશત્રુ દ્વારા વસાવ્યાનું લખ્યુ છે. અન્ય એક મત છે કે બિંબીસારે આ નગર વસાવ્યું હતું. નગર બહાર અજાતશત્રુએ બુદ્ધની ધાતુ પર બંધાવેલો સ્તુપ હતો. જે અશોકે પડાવી બુદ્ધની ધાતુ કાઢી લીધી

હતી. અહીથી બન્ને ગૃધકુટ પર્વત પર આવ્યા જ્યાં બે ગુફાઓ હતી. જેમાં બેસીને બુદ્ધદેવ અને આનંદ ધ્યાન કરતા હતાં. ફાહિયાન ત્યાંથી ચાલી વેણુવનવિહાર, કરંડવન વિહાર આવ્યો. તેનાથી થોડે દૂર પિપ્પલ ગુફા હતી. ત્યાંથી પશ્ચિમમાં અઢી ત્રણ માઈલ દૂર શતપર્ણી ગુફાએ આવ્યો હતો. આ બધા સ્થાનો આજે રાજગૃહના આજુબાજુમાં પટણા જિલ્લામાં આવ્યાં છે. પ્રાચીન રાજગૃહના ચિન્હ પાંચ માઈલના ઘેરામાં આજે પણ જોવા મળે છે. [૪]

અહીથી તે બૌદ્ધગયા આવ્યો. પાટલીપુત્ર પાછા આવી વારાણસી, સારનાથ આવ્યો.

ફાહિયાને કૌશાંબીના ગોતિર વિહારનો ઉલ્લેખ કર્યો છે. કૌશાંબીનું ખંડેર આજે અલ્હાબાદની પાસે યમુના કિનારે છે. એ સ્થાનને અત્યારે કોશમ કહે છે. પરંતુ હકીકતે ફાહિયાન કૌશાંબી ગયો હોય તેમ લાગતું નથી કારણકે જો કૌશાંબી ગયો હોત તો તેણે રસ્તામાં આવતા પ્રયાગનો અવશ્ય ઉલ્લેખ કર્યો હોત. મારા મત પ્રમાણે કદાચ પ્રયાગ હિંદુધર્મનું મુખ્ય ધાર્મિક કેન્દ્ર હોવાથી ધાર્મિક ઈર્ષ્યાભાવે પણ તેની કલમ તેનું વર્ણન કરતાં અટકી ગઈ હોય.

ફાહિયાને દક્ષિણનું વર્ણન બીજા પાસેથી સાંભળીને લખ્યું હતું.

ફાહિયાન ૮૦ વર્ષની ઉંમરે વતનમાં પહોંચ્યો અને ત્યાં ૬ વર્ષ પોતાના જીવનના અંતિમ કાર્યોને પૂર્ણ કરતાં–કરતાં ૮૬ વર્ષની ઉંમરે કિંડચાઉ મુકામે મૃત્યુ પામ્યો. [૫]

અમુક ગ્રંથોમાં ૮૮ વર્ષની વયે મૃત્યુ પામ્યાનું નોંધ્યુ છે.

ફાહિયાનના સમયનો રાજવી

ફાહિયાન ચંદ્રગુપ્ત બીજાના રાજ્યકાળમાં ઈ.સ.૩૯૯ થી ૪૧૪ દરમ્યાન ચીન, ભારત, લંકા, જાવા વગેરે દેશોમાં ફર્યો. એ સ્થળમાર્ગેથી ભારતમાં આવ્યો હતો અને જળ માર્ગેથી પાછો સ્વદેશ ગયો હતો.

પરંતુ ફાહિયાન પ્રવાસમાં એટલો બધો તલ્લીન રહયો હતો કે તેણે જાણીજોઈને તો ભાગ્યે જ રાજકિય, સામાજિક કે આર્થિક બાબતો નોંધી છે. તેનું મુખ્ય ધ્યાન તો બૌદ્ધતિર્થોના દર્શન કરવા અને બૌદ્ધગ્રંથોને ભેગા કરવામાં જ રહયું હતું. તેથી તેણે પોતાના સાત વર્ષના પ્રવાસ દરમ્યાન તત્કાલિન શાસક ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યનું પોતાના પ્રવાસ વર્ણનમાં કયાંય નામ નોધ્યું નથી. [૬]

જો કે તેણે પોતાના સમકાલિન ચંદ્રગુપ્ત બીજાની ખૂબ પ્રશંસા કરી હતી તે અનુસાર તે બ્રાહ્મણ ધર્મ પાળતો હતો. રાજ્યના નાગરીક પણ તેની જેમ દયાળુ અને ધાર્મિક હતાં. પ્રજાને કોઈ પણ પ્રકારના કષ્ટો પડતા નહિ. લોકોને કયારેય ધનસંપતિ માટે લખાણપટ્ટી કરવી પડતી નહીં ફાહિયાનના આ વિવરણથી એ ખ્યાલ આવે છે. કે ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યનો કાળ શાંતિ અને ઐશ્વર્યનો કાળ હતો. ત્યારે સાહિત્યકલાનો પણ સારો એવો વિકાસ થયો હતો.

ફાહિયાનની કલમે રાજકિય સ્થિતિ

ફાહિયાન આવ્યો ત્યારે ચંદ્રગુપ્ત બીજાનું શાસન હતું. તેણે તેની પ્રશંસા કરી ને લખ્યું

કે તે નાગરીકો પ્રત્યે દયાળુ અને ધાર્મિક હતો. પ્રજાને કોઈ મુશ્કેલી કે અરાજકતાનો સામનો કરવો પડતો નહી. [૭] કરભારણ ખૂબ ઓછું હતુ. ભૂમિકર જ રાજ્યની આવકનું મુખ્ય સાધન હતું. ભૂમિકર રોકડ અને ઉપજના બન્ને સ્વરૂપે લેવાતો હતો. રાજા પોતે વહીવટી કર્મચારીઓની નિમણૂંક કરતો હોવાથી અને તેના આચરણના કાર્યો પર દેખરેખ રાખતો હોવાથી જ કદાચ ભ્રષ્ટાચાર ઓછો હતો.

આ સમયે મૌર્ય કાળના ક્રૂર દંડો પણ કાઢી નાખવામાં આવ્યા હતાં. સાધારણ લોકો ઈમાનદાર અને સત્યનિષ્ઠ હતાં. તેથી ફાહિયાન એકલો નિર્જન જંગલોમાં ફરતો રહયો પણ ત્યાં કયાંય લૂટાયો નહતો. તેથી આપણને એમ ચોકકસ લાગે કે ત્યારે દેશમાં શાંતિ અને કાયદાનું શાસન પ્રર્વતતું હશે. શાંતિ અને કાયદાનું શાસન હોવા છતાં જો કાંઈ ગુનો બને તો સાધારણ અપરાધ માટે ફકત આર્થિક દંડજ કરાતો, ભયંકર અપરાધ માટે કે રાજદ્રોહ માટે પ્રાણદંડની સભવંત પ્રથા હતી નહીં. આજે પણ માનવ અધિકાર પંચોના યુગમાં અને લોકશાહી રાજ્યોમાં પણ હજુ આપણે પ્રાણદંડની સજા કરીએ છીએ. તે પાંચમી સદીમાં નહોતી. જો કે આજના ન્યાયાલયો પ્રાણદંડની સજા કરે છે. પરંતુ હાઈકોર્ટ કે સુપ્રિમ કોર્ટમાં તેને આજીવન કેદના રૂપમાં મોટે ભાગે ફેરવી નંખાય છે. તાજેતરમાં જ રાજીવગાંધી હત્યા કેસમાં પકડાયેલ મહિલા આરોપી નલિની ની ફાંસીની સજા આજીવન કેદમાં ફેરવવામાં આવી છે. [૮]

પરંતુ રાજદ્રોહી અને ગંભીર અપરાધીઓનો ફકત જમણો હાથ કાપી નાખવામાં આવતો હતો. [૯]

મોટે ભાગે તો લોકોને ન્યાયાધીશોની સમક્ષ ઉપસ્થિત થવું પડતું જ નહિ અને અદાલત બાજીઓ થતી નહી. વિદેશીયાત્રીઓને માટે ઘણાં પ્રકારની છુટછાટો હતી. ત્યારે રજિસ્ટ્રેશન અને પાસપોર્ટ જેવા પરેશાન કરવાવાળા નિયમો અને કાયદાઓ ન હતાં. [૧૦] વિદેશીયાત્રી છુટછાટથી આવજા કરી શકતા હતાં. રાજ્ય તેને આદર સત્કાર આપતું હતું. એ યાત્રિકોને માટે રસ્તાઓ હતાં અને રસ્તાની આજુબાજુ ઘટાદાર વૃક્ષોની છાયામાં ધર્મશાળાઓમાં મફત ભોજન અને વિશ્રામની સુવિધાઓ પણ ઉપલબ્ધ હતી. પરંતુ ત્યાં રહેવાનો નિશ્ચિત સમય પ્રત્યેક સ્થાન પર જુદો હતો. [૧૧]

ફાહિયાને ઉલ્લેખેલ સામાજિક સ્થિતિ

પાંચમી સદીની શરૂઆતમાં ભારતમાં અસ્પૃશ્યતા પ્રર્વતતી હતી. ફાહિયાન લખે છે કે ચાંડાલોને નગર બહાર રહેવું પડતું હતું અને જ્યારે તેઓ શહેરમાં પ્રવેશે ત્યારે લાકડીનો અવાજ કરતા કે ગળામાં ઢોલ લટકાડીને વગાડતાં વગાડતાં આવતાં હતાં. જેથી બીજા લોકો તેના સ્પર્શથી અપવિત્ર ન બની જાય. તેથી તેની સૂચના આપવા માટે તેમણે આ નિયમ પાળવો પડતો હતો. [૧૨] ફકત ચાંડાલો જ શિકાર કરતા અને માંસ ખાતા હતાં. તે લખે છે કે લાંબા સમયથી બૌદ્ધધર્મના પ્રચાર અને પ્રસારને કારણે લોકો અહિંસક વૃતિના બનીને શિકાર કરતા નહિં અને પશુ વધ કરતા નહિં અને લસણ, ડુંગળી પણ ખાતા નહિં. કદાચ બૌદ્ધધર્મની મહત્તા વધારવા માટે આવી અતિશયોકિત ભરી વાત તેણે નોંધી હશે. લોકો સુવર કે મરઘા મરઘી પણ

પાળતા નહિં. બજારમાં કયાંય પણ મદિરાગૃહ કે ખાટકીની દુકાનો હતી નહિં.

ફાહિયાને વૈશ્યોની ખૂબજ પ્રશંસા કરી છે અને તેણે લખ્યું કે તેઓ ધાર્મિક પ્રકૃતિના છે. તેણે બૌદ્ધભિક્ષુઓ માટે અનેક મઠો, વિહારો બનાવ્યા છે અને તેના નિભાવ માટે ભૂમિદાનો પણ આપ્યાં છે. ફાહિયાને ભારતમાં અનેક બૌદ્ધવિહારોમાં તામ્રપત્રો પર કોતરેલા આવા દાનશાસન જોયેલા અને તેને દિવાલો ઉપર જડી રાખવામાં આવેલા હતાં. જે દાનશાસનને પેઢી દર પેઢી ચાલુ રાખવામાં આવતું. કોઈ સમ્રાટ તેને તોડવાની હિમંત કરતો નહિં.

ફાહિયાને ભારતના લોકોના અતિથિ સત્કાર અને દિલેરીની નોંધ કરી છે. તે જણાવે છે કે આ લોકો અતિથિને ખૂબ જ સારી રીતે સાચવે છે. તે અતિથિ સત્કારના પ્રસંગે એકબીજાની પ્રતિસ્પર્ધા કરે છે.

ધાર્મિક સ્થિતિ

ફાહિયાને ભારતના તે સમયના પ્રચલિત ધર્મોનો ખ્યાલ આપ્યો છે. તે લખે છે કે અહીં ધૂમધામથી મોટી રથયાત્રાઓ નીકળતી હતી. રથયાત્રાનો પ્રચાર આખા દેશમાં હતો. દર વર્ષે બીજા મહિનાની આઠમી તિથિએ રથયાત્રા નિકળતી હતી. તેમાં ચાર પૈડાંવાળા રથ હતાં. તેની સાથે રેશમી ઝંડાઓ અને છત્રોથી સજાવેલા રથો ઉપર ભગવાન બુદ્ધની મૂર્તિ રાખવામાં આવતી હતી. જે મૂર્તિઓ સોના, ચાંદી અને સ્ફટીકની હતી. વચ્ચે બુદ્ધદેવની મૂર્તિ રાખવામાં આવતી હતી. પાસે બૌદ્ધિસત્વને ઉભો રાખવામાં આવતો હતો. આવા વીસ રથો હતા. તે એકબીજાથી સુંદર હતાં. રથયાત્રાની આગળ ગાવા વગાડવાવાળા ચાલતા. રાજા રાણીઓ આ બુદ્ધની મૂર્તિને ધૂપ અને ફૂલથી આરતી ઉતારતા અને પછી પોતાની સંપતિ દાન કરતા હતાં. પછી બ્રાહ્મણો આવતા અને બુદ્ધદેવને નગરમાં પધારવાનું નિમંત્રણ આપતા હતાં. આમાં બે દિવસ વિતી જતા ત્યારે અખંડ દિવો બાળવામાં આવતો.

ગુપ્તકાળમાં બૌદ્ધધર્મ પોતાના જન્મસ્થાન ભારતની અપેક્ષાએ બીજાં દેશોમાં વધારે પ્રચલિત થયો હતો. મૌર્યકાળ કરતાં આ સમયે જેતે રાજાઓ તેમના પ્રચાર અને પ્રસાર માટે એટલા પ્રયત્નશીલ ન હતાં. તેનું કારણ એ પણ હતું કે બૌદ્ધધર્મ અને હિંદુધર્મ એકબીજામાં ભળી ગયા હતાં. બૌદ્ધધર્મની ઘણી બાબતો હિંદુઓએ અપનાવી લીધી હતી.

ફાહિયાન આવ્યો ત્યારે પંજાબ, મથુરા, બંગાળમાં બૌદ્ધ ધર્મની પ્રધાનતા હતી. કપીલવસ્તુ ઉજ્જડ ખંડેરના રૂપમાં હતું. કુશીનગર અને રાજગૃહ પણ વસ્તીવિહીન હતાં. શ્રાવસ્તીમાં માત્ર બસ્સો પરિવાર હતાં. બૌદ્ધગયાની આસપાસ જંગલ બની ગયું હતું.

આવી સ્થિતિ બૌદ્ધધર્મની થઈ ગઈ હોવા છતાં લોકો બૌદ્ધભિક્ષુઓને વસ્ત્રદાન અને ધનદાન કરતા હતાં અને બૌદ્ધવિહાર બનાવતાં હતાં. દરેક બૌદ્ધ વિહારમાં ભિક્ષુઓને અલગ–અલગ નિવાસ સ્થાન અપાતા. ગામડાઓમાં ભિક્ષુઓનો આવાસ, ભોજન વગેરેની ગ્રામવાસી દ્વારા પ્રબંધ કરવામાં આવતો હતો. રાજાઓ પણ બૌદ્ધવિહારોને દાન આપતાં. દા.ત. શ્રાવસ્તીમાં જેતવનવિહાર ને દાન દેવામાં ભારતીય નરેશ એકબીજાની પ્રતિસ્પર્ધા કરી

હતી. દીપદાન માટે પણ દાન દેવામાં આવતું હતું. ફાહિયાને નોંધ્યાનુસાર જેતવનવિહારમાં રાત્રીના સમયે એટલા બધા દિપ પ્રગટાવવામાં આવતા કે જ્યાં દિવસ જેવો પ્રકાશ જોવા મળતો હતો. [૧૩]

બૌદ્ધભિક્ષુઓને ગૃહસ્થો, શેઠ, બ્રાહ્મણો જરૂરી વસ્તુઓનું દાન આપતા હતાં. રાજાઓ ભિક્ષુઓને જમાડતી વખતે સન્માન આપવા પોતાનો મુગટ કે પાઘડી ઉતારી દેતા અને પોતાના હાથેથીજ ભોજન પીરસતા હતાં.

ફાહિયાનના વિવરણોમાંથી જાણવા મળે છે કે બૌદ્ધધર્મની સાથે સાથે બ્રાહ્મણ ધર્મ પણ સારી સ્થિતિ એ હતો. મધ્યદેશમાં બ્રાહ્મણ ધર્મ વિશેષ પ્રગતિશીલ હતો. ત્યાં તે સમયે ૯૬ ધાર્મિક સંપ્રદાય પ્રચલિત હતાં. ચંદ્રગુપ્ત બીજો પણ બ્રાહ્મણ ધર્મનો જ અનુયાયી હતો. તેમ છતાં અન્ય ધર્મોની સાથે તે ઉદારતા અને સહિષ્ણુતાપૂર્ણ વ્યવહાર રાખતો હતો.

આર્થિક સ્થિતિ

ફાહિયાનના પ્રવાસ વિવરણમાંથી ભારતની આર્થિક સ્થિતિનો પણ આછેરો ચિતાર મળે છે. લોકો સુખી અને સાધનસંપન્ન હતાં અને રાજાની જમીનો ખેડતા હતાં. બજારમાં કોડીઓનું પ્રચલન હતું. મોંઘી વસ્તુઓ માટે સોના ચાંદીની મુદ્રાઓનો ઉપયોગ થતો હતો. વેપાર પણ ઉન્નત કક્ષાએ પહોચ્યો હતો. સમૃદ્ધ બંદરો પણ હતાં. તેમાં એક વહાણમાં બસ્સો વ્યકિત એક સાથે બેસી શકે તેવા વહાણો તરતાં હતાં. તેણે પોતાની સફેદ રેશમ લઈ ભારત આવવાવાળા એક સૌદાગરનો પણ ઉલ્લેખ કર્યો છે. સ્પષ્ટ છે કે તે ચીની વેપારી હતો. કાલિદાસ અનુસાર ભારતવર્ષમાં ચીની રેશમી વસ્ત્રો લોકપ્રિય હતાં. ફાહિયાન તામ્રલિપ્તિ બંદરથી એક વેપારી વહાણમાં જ લંકા જાવાથી ચીન ગયો. તે પણ બતાવે છે કે તે સમૃદ્ધ માર્ગ દ્વારા પાંચમી સદીમાં ભારત અને ચીન વચ્ચે વિદેશ વ્યાપાર ચાલતો હતો.

ફાહિયાને દાન કરતાં વૈશ્યોની પ્રશંસા કરી છે અને લખ્યું છે કે તે વૈશ્યોના દાનપત્રો દિવાલોમાં જડેલા હતાં. આ વૈશ્યોના દાનપત્રો પરની વિગતો પરથી પણ જાણી શકાય છે કે ત્યારની આર્થિક સ્થિતિ ખૂબજ સારી હતી. તોજ આ લોકો એવું ઉદાર હાથે દાન કરી શકતા હોય.

દાનશાળા અને હોસ્પિટલ

ભારતમાં પાંચમી સદીમાં અનેક દાનશાળાઓ હતી. જેને પુષ્કળ પ્રમાણમાં દાન મળતું હતું. તેને મળેલા દાન પેઢી દર પેઢી ચાલુ રહેતાં હતાં. દાનશાળામાં દરિદ્ર, નિરાશ્રિત, નિઃસહાય, વિધવાઓ, લૂલા લંગડાઓ વગેરે–વગેરે, નિશુલ્ક ત્યાં રહી શકતા હતાં. પાંચમી સદીના ભારત અને આજના ભારતમાં આ બાબતે બહુ કાંઈ તફાવત પડતો નથી. આજે પણ આવી સંસ્થાઓ અને વૃદ્ધાશ્રમો છે. કદાચ એ સમયે ભારત સિવાયના અન્ય યુરોપિય દેશોમાં આવી નિશુલ્ક વ્યવસ્થા હશે નહી ?

ફાહિયાને આવી સાર્વજનિક હોસ્પિટલોની વિગતો પણ નોંધી છે કે આ દેશમાં ગરીબ અને નિરાધાર દર્દીઓ માટે કોઈ પણ દર્દ માટે હોસ્પિટલો છે. જેમાં તેમને પૂરતી સગવડતાઓ આપવામાં આવે છે. અહીં કુશળ ચિકિત્સકો તેમના રોગો તપાસી તેનો ઉપચાર કરતા હતાં. આ હોસ્પિટલોમાં પણ દર્દીઓને બધુ જ મફત મળતું અને તે સાજો થાય ત્યારે દર્દી પોતાને ઘેર જઈ શકતા.

ફાહિયાને વર્ણવેલ આ હોસ્પિટલ આધુનિક હોસ્પિટલો ને મળતી આવે છે. ડો. વિનસેન્ટ સ્મિથ કહે છે કે આવી વ્યવસ્થિત હોસ્પિટલ જગતમાં બીજે કયાંય એ વખતે હતી નહીં. એના કહેવા પ્રમાણે યુરોપની જુનામાં જુની હોસ્પિટલ ઘણું કરી ને પેરીસની Maison Dieu હોવાનો સંભવ છે. જે ઈસવીસનના સાતમાં સતકમાં બંધાયેલી હતી. [૧૪]

ફાહિયાનના યાત્રાવિવરણમાં ભારતના નગરો

ફાહિયાને પોતાના યાત્રાવિવરણમાં ભારતના પ્રખ્યાત નગરોનું વિવરણ આપ્યું છે. તેમાં ખાસ કરીને પાટલીપુત્ર, મથુરા, સારનાથ, કપિલવસ્તુ, કુશીનગર અને બૌદ્ધગયા વગેરેનું ઘણું વિસ્તૃત વર્ણન તેમજ તેની સાથે જોડાયેલ ભગવાન બુદ્ધની કથાઓ વર્ણવી છે. જેમાંથી ઘણી રસપ્રદ માહિતી મળે છે.

પાટલીપુત્ર

ફાહિયાને પાટલીપુત્ર વિશે નોંધ કરી છે કે તે મગધનું સૌથી મુખ્ય નગર હતું. તે પાટલીપુત્રમાં ત્રણ વર્ષ રહયો હતો. ફાહિયાને પાટલીપુત્ર વિશે જે કેટલીક હકીકતો નોંધી છે. તેમાંથી આંખે ઉડીને વળગે એવી એ છે કે અશોકનો રાજમહેલ પણ એ સમયે પાટલીપુત્રમાં ઉભો હતો. એની ભવ્યતા એવી અદ્‌ભૂત હતી અને તેનું શિલ્પકામ પણ એવું આશ્ચર્યજનક હતું કે લોકો માનતા કે આ મહેલને કોઈ અમાનુષી સત્વો એ ઉભો કર્યો હશે. [૧૫] એ મહેલનું અદ્‌ભૂત કામ સંસારના મનુષ્યની પહોંચ બહારનું હતું. આ મહેલને જોઈ ફાહિયાન ખૂબ પ્રભાવિત થયો હતો.

પાટલીપુત્રમાં અશોકે બંધાવેલા એક સ્તુપ પાસે એ કાળે બે મઠ હતાં. એમાં એકમાં મહાયાન અને બીજામાં હિનયાન પંથના સાતસો ભિક્ષુઓ રહેતા હતાં. તેમાં મહાયાન સંપ્રદાયના વિહારના સૌથી વધુ પ્રસિદ્ધ આચાર્ય રૈવત હતાં. તેઓની કીર્તિ એટલી બધી ફેલાયેલી હતી કે ચારે તરફથી લોકો અને વિદ્યાર્થીઓ તેમનું ભાષણ સાંભળવા દૂર–દૂરથી આવતાં હતાં.

પાટલીપુત્રમાંથી ફાહિયાનને જે બીજે કયાંયથી બૌદ્ધગ્રંથો મળ્યા નહોતા તે ત્યાંના મઠમાંથી મળ્યા હતાં. પાટલીપુત્રના બે સ્તંભો જેનું સુંદર વર્ણન ફાહિયાને કર્યુ છે. એના ખંડીત અવશેષો મળ્યાં હતાં. એ સ્તંભો મૌર્યકાળના અશોકના હતાં. [૧૬] ફાહિયાને અશોકના રાજમહેલ વિશે વધુમાં લખ્યું છે કે અમુક પથ્થરો પસંદ કરી ભીંત અને દ્વાર બનાવવામાં આવ્યાં છે. આ લોકના લોકો આવો મહેલ બનાવી જ ન શકે. એમ ફાહિયાનને લાગ્યું પાટલીપુત્રમાં આવેલો

મહાસ્તુપ જે અશોકે બનાવ્યો હતો. જે નગરથી દોઢ માઈલ દૂર હતો. એ સ્તુપની સામે બુદ્ધદેવનું પદચિન્હ હતું. સ્તુપની દક્ષિણે પથ્થરનો સ્તંભ હતો. તે ઘેરાવામાં ચૌદ પંદર હાથ અને ઉંચાઈમાં ત્રીસ હાથથી વધારે હતો. તેના પર એ વાકય કોતરાયેલું હતું કે અશોક રાજાએ જમ્બુદ્વિપ ચારેય તરફના ભિક્ષુઓને દાન કરી દીધો. પછી ધન દઈને લઈ લીધો. આમ ત્રણ વાર કર્યું. સ્તુપની ઉત્તરે અશોકે નેલેનગર વસાવ્યું હતું જે નેલેનગરમાં પણ એક પથ્થરનો સ્તંભ હતો જે ત્રીસ હાથથી ઉંચો અને તેના ઉપર સિંહ હતો. સ્તંભ ઉપર નગર વસાવ્યાનો હેતુ વર્ષ, તિથિ અને માસ કોતરેલા હતાં.

પાટલીપુત્રમાં દાનવીરોના દાનથી ચાલતું એક ઉત્તમ મફત દવાખાનું હતું. તેમાં મફત દવા અને ખોરાક આપવામાં આવતો હતો.

પાટલીપુત્રના ખંડેર વર્તમાન પટના ની પાસે છે. જેમાં રતનતાતા મહાશયની મહેનતથી ખોદકામ કરવાથી અવશેષો મળ્યા છે. અશોકના રાજભવનના થોડાક અંશો જ કાઢવામાં આવ્યા છે તે જોઈ સ્પુનર સાહેબનો મત હતો કે તેની બનાવટ ઈરાનના મહેલો જેવી હતી.

પાટલીપુત્રના લોકો સુખી, સંપન્ન અને ધર્મનિષ્ઠ હતાં.

મથુરા

ફાહિયાને મથુરા માટે મતાઉલા શબ્દ વાપર્યો હતો. [૧૭] મથુરામાં ફાહિયાને ઘણાં બધા વિહારો જોયા હતાં. તે વીસ વિહારોમાં ૩,૦૦૦ ભિક્ષુઓ રહેતા હતાં. [૧૮] ફાહિયાને જોયુ કે રાજા અને ધનવાનો હિંદુ હોવા છતાં ભિક્ષુઓને દાન અને વિહારોને જમીનો આપતા હતાં. ફાહિયાને મથુરાની દક્ષિણે આવેલા દેશને મધ્યપ્રદેશ (માળવા) કહયો હતો. ત્યાંની પ્રજાને શુદ્ધ આચરણવાળી અને ધર્મનિષ્ઠ લેખી હતી. પ્રજા પ્રબુદ્ધ અને સુખી હતી. પ્રજા રાજાઓની ભૂમિ ખેડતી હતી અને તેમાંથી અમુક અંશ રાજાને આપતા હતાં. આ દેશમાં પણ પ્રાણદંડ નહોતો. શારીરિક દંડ અપરાધીની અવસ્થા પ્રમાણે કરવામાં આવતો. વારંવાર ગુનો કરનારનો જમણો હાથ કાપી નાખવાની સજા થતી હતી. ફાહિયાન લખે છે કે આ પ્રદેશના લોકો પણ અહિંસક છે અને પરજ પાળે છે.

આ મધ્યદેશ બ્રાહ્મણ ધર્મનું દઢ કેન્દ્ર હતું.

આ મધ્યદેશની આસપાસના પ્રદેશોના ભદ્ર લોકો અને રાજાઓની એવી રીતી હતી કે તેઓ ધાર્મિક સ્થાન બનાવવા ભૂમિ, ઘર અને બગીચાઓ દાનમાં આપી દેતા હતાં અને ખેતી માટે બળદ અને અન્ય આદમીઓ પણ આપતા હતાં. પાકા પટ્ટા પણ લખી દેવામાં આવતા. તેનું તેના પછીના કોઈ રાજા ઉલ્લંઘન કરવાની હિમંત કરતા નહિ.

કપિલવસ્તુ

ફાહિયાને કપિલમુનીનું જન્મ સ્થાન હતું. ત્યાં એક સ્તુપ હતો તેના દર્શન કરી કપિલવસ્તુના ખંડેરો જોવા આવ્યો. તે સમયે તે બિલકુલ ઉજ્જડ થઈ ગયું હતું, ત્યાં થોડાક

શ્રમણો રહેતા હતાં. જયાં શ્રમણોએ ફાહિયાનને અનેક સ્થળો બતાવ્યા અને તેના વિશેની કથાઓ કહી કે મહામાયા ના ગર્ભમાં ભગવાન સફેદ હાથી પર આવ્યા અને અહીં અસિતે તેના લક્ષણ જોયા વગેરે–વગેરે વાતો સાંભળી. કપિલવસ્તુમાં શુદ્ધોધનના મહેલમાં કુમાર અને માતાની મૂર્તિ બનેલી હતી. જયાં કુમાર શ્વેત હાથી પર આરૂઢ થઈ માતાના ગર્ભમાં પ્રવેશ પામ્યો હતો. જયાં કુમારે નગરના પૂર્વદ્વારેથી રોગીને જોઈ રથ પાછો વાળ્યો હતો ત્યાં સ્તુપ બનેલો હતો. ભગવાન બુદ્ધે એક તીર છોડયું ત્યાં એક ખાડો થઈ ગયો હતો પાછળથી લોકોએ કુવો બનાવ્યો હતો. અને દર્શનાર્થી તેને ચરણામૃત સમજી પીતા હતાં.

કપિલવસ્તુથી લુંબિનીવન જયાં ભગવાન બુદ્ધનું જન્મસ્થાન હતું ત્યાં ગયો તે સ્થળ પણ ઉજ્જડ હતું. આ સ્થળ નેપાળના તરાઈમાં ભગવાનપૂરની ઊતરે છે. અહીં આજુબાજુ હિંસક પ્રાણીઓનો ખૂબજ ડર રહેતો હતો. ફાહિયાને અહી સફેદ હાથી જોયાની વાત પણ નોંધી છે. જે આશ્ચર્યજનક છે.

કુશીનગર

ફાહિયાન બુદ્ધના પરિનિર્વાણ સ્થળ કુશીનગરમાં પણ આવ્યો હતો. તે લખે છે કે તે નગર ઉજ્જડ હતું અને થોડા જ શ્રમણોના ઘર હતાં. તે આ શ્રમણોને ગૃહસ્થ ગણાવે છે. નેપાળ ના ગૃહસ્થો આજે પણ શ્રમણો છે. તેને બાડવ કહેવામાં આવે છે. આ સ્થળે જ બુદ્ધે યતિ સુભદ્રને ઉપદેશ આપ્યો હતો. અહી ફાહિયાને ઘણાં સ્તુપ અને સંઘારામ હોવાનું નોંધ્યુ છે. આ કુશીનગર ગોરખપૂરમાં કસયાની પાસે છે. જયાં આજે પણ એક સ્તુપ અને સંઘારામના ચિન્હ મળે છે. તેની પાસે જ બુદ્ધની એક લાંબી મૂર્તિ છે. જેનું ઉત્તરમાં માંથુ અને દક્ષિણમાં પગ છે.

ફાહિયાન કુશીનગરથી દક્ષિણ પશ્ચિમમાં એ સ્થળ જોવા ગયો. જયાંથી બુદ્ધે લિચ્છવી લોકોને કુશીનગરમાં પરિનિર્વાણ સમયે જતી વખતે ત્યાંથી પાછા વાળ્યા હતાં. જયાં એક સરોવર હતુ. જે લિચ્છવી લોકો બુદ્ધ સાથે ન આવી જાય માટે બુદ્ધે ઉભું કર્યુ હતું. જે તે લોકો પાર કરી શકયા નહિં. પછી બુદ્ધે પોતાનું ભિક્ષાપાત્ર ચિન્હરૂપે આપી તેમને ઘરે મોકલ્યા તે જગ્યાએ એક સ્તંભ હતો અને તેના ઉપર આવી કથા કોતરેલી હતી તેમ ફાહિયાને લખ્યું છે.

બોદ્ધગયા

ફાહિયાન બોદ્ધગયા પણ આવ્યો ત્યારે તે નગર ઉજ્જડ હતું. ત્યાંથી દક્ષિણમાં ૬ માઈલ દૂર એ સ્થાને ભગવાન બુદ્ધે ૬ વર્ષ સુધી ઘોર તપશ્ચર્યા કરી હતી. ત્યાંથી અડધો માઈલ દૂર એ ગામ હતું કે જ્યા સુજાતા નામની છોકરીએ ભગવાન બુદ્ધને ખીર આપી હતી તેનાથી ઉત્તરે એક માઈલ દૂર પથ્થરની એક પૂર્વાભિમુખ શિલા હતી. જેના પર બેસીને બુદ્ધે ખીર ખાધી હતી. ફાહિયાને આ વૃક્ષ અને શિલા બન્ને જોયા હતાં. શિલાની લંબાઈ–પહોળાઈ ૬ હાથ અને ઊંચાઈ ૨ હાથ હતી. અહીં પાછળથી લોકો એ સ્તુપ બનાવ્યો હતો અને મૂર્તિઓ સ્થાપિત કરી હતી તે ફાહિયાને જોઈ હતી.

સારનાથ

સારનાથ એટલે ત્યાંથી બુદ્ધે ધર્મજ્ઞાનનો પ્રચાર કરવાનો પ્રથમ ૩૫ વર્ષની ઉંમરે આરંભ કર્યો હતો. [૧૯] સારનાથ પણ ફાહિયાન આવ્યો હતો સારનાથને ફાહિયાને ઋષિપતન નામ આપ્યું હતું તેનુ મૃગદાવ નામ પડી જવા માટે નીચેની બૌદ્ધ દંતકથાઓનો ઉલ્લેખ કરવામાં આવે છે.

ભગવાન બુદ્ધ એક જન્મમાં હરણોના રાજા હતા. ત્યારે આ વનમાં વસતા હતાં. ત્યારે બનારસનો રાજા વનમાંથી ઘણાં હરણોનો શિકાર કરી જતો હતો. એથી હરણોના રાજા બૌદ્ધિસત્વે રાજાને પોતાના ટોળામાંથી જ દરરોજ એક હરણ આપવું પણ શિકાર ન કરવો એવી સમજૂતી કરી. ત્યાર પછી એક દિવસ આ ટોળામાંથી એક સગર્ભા હરણીનો વારો આવતા. તેમાં નિદોષ ગર્ભનો નાશ થવાના દુઃખને જોઈન શકવાથી બૌદ્ધિસત્વ પોતે તે હરણી ની જગ્યાએ ગયા અને બનારસનો રાજા બૌદ્ધિસત્વની કરૂણાના દર્શન આદ્રચિત્ત બનીને કરે છે. હવેથી હરણોની હિંસા બંધ કરે છે બીજી એક કથા મુજબ બનારસની નજીક એક સમયે હરણોના ટોળા રહેતાં હોવાથી તેનું નામ મૃગદાવ પડયું હોવાનો સંભવ છે. જ્યારે જનરલ કનિંગહામ સારનાથ સારંગનાથ (હરણોના રાજા બૌદ્ધિસત્વ) ઉપરથી પડયા હોવાનો તર્ક કરે છે.

સારનાથ વિશે ફાહિયાને કિંમતી માહિતી નોંધી છે. એ સમયે ત્યાં ચાર મોટા સ્તુપો હતાં અને સાધુઓથી વસેલા બે મઠ હતાં. જનરલ કનિંગહામે ઈ.સ.૧૮૩૫માં પોતાના ખર્ચે સારનાથમાં ખોદકામ કરાવ્યું હતું અને ત્યાંથી ઘણી બધી વિગતો પ્રકાશમાં આવી અને જે મૂર્તિઓ નિકળી હતી. તે આજે કલકતાના મ્યુઝિયમમાં છે.

આપણા રાષ્ટ્રની મુદ્રામાં જે અશોક સ્તંભનું સિંહ શિખરે છે તે સારનાથમાંથી જ ઈ.સ. ૧૯૦૫માં થયેલા ઉત્ખન્નોમાંથી મળયું હતું. ફાહિયાને આ સ્તંભને પાંચમાં સૈકામાં જોઈને લખ્યું હતું કે તે કાચની જેમ ચળકતો છે. આ સ્તંભની (કદાચ) સૌથી નોંધપાત્ર લાક્ષણિકતા શ્રી ભોગીલાલ સાંડેસરા જણાવે છે કે તેના પૉલિસને આજે પણ ઝાંખપ લાગી નથી. [૨૦]

વિનસેન્ટ સ્મિથ પણ નોંધે છે કે આ સુંદર કલાકૃતિ કરતા (સારનાથનો સિંહસ્તંભ) ચઢિયાતો અરે! એની તોલે આવે એવો પ્રાણીશિલ્પનો પ્રાચીન નમૂનો કોઈ પણ દેશમાંથી શોધી કાઢવો મુશ્કેલ બનશે.

ફાહિયાન વર્ણવેલ બૌદ્ધતિર્થસ્થળો

ફાહિયાનના યાત્રા વિવરણમાંથી જે તિર્થસ્થળો વિશે જાણવા મળે છે. તેમાંના ઘણા ખરાતો આજે રહયા નથી, ત્યારે તેના યાત્રાવૃતાંતને આધારે જ તેની ઝાંખી કરી શકાય છે.

બૌદ્ધિવૃક્ષ

ફાહિયાને ભારતમાં આવી બૌદ્ધિવૃક્ષના પણ દર્શન કર્યા હતાં અને તેના વિશે સારી એવી નોંધ કરી હતી. અશોકના અંતિમકાળે તેને બૌદ્ધિવૃક્ષ પ્રત્યે ખૂબજ આસિકતભાવ વધી ગયો હોવાથી રાણી તિરસરકખા એ બૌદ્ધિવૃક્ષમાં એક ઝેરીલો કાંટો ભરાવી દીધો હતો તેથી આ વૃક્ષ મુરઝાઈ ગયું હતું. [૨૧]

આ ઘટનાને ફાહિયાને ચમત્કારમાં ફેરવી નાંખીને લખી છે. એ લખે છે કે બૌધિવૃક્ષને નાશ કરવાની ઈચ્છાથી કાપ્યું હતું. તે રાણીનું નામ આપતો નથી. પરંતુ આ વૃક્ષનો નાશ થવાથી અશોક ખૂબ આકુળ–વ્યાકુળ થઈ ગયો હતો અને તેણે વૃક્ષના ફરી જીવન માટે પ્રાર્થના કરી ત્યારે દૈવયોગે તેનું મૂળ ફરી જીવિત થયું હતું. [૨૨]

નાગવિહાર

ફાહિયાને કાન્યકુબ્જની (કનોજ) પચાસ માઈલ ઉતર પશ્ચિમે નાગવિહાર જોયો હતો. [૨૩] અને તે નાગવિહારમાં તેણે ચોમાસું ગાળ્યું હતું. આ નાગવિહારના સંબંધમાં તે લખે છે કે આ સ્થાનની પાસે એક શ્વેતકર્ણ નાગ રહે છે. તે ભિક્ષુઓનો દાનપતિ છે. તે મોસમી વર્ષા આપે છે અને સર્વ રોગો અને આપત્તિઓને દૂર રાખે છે. ચોમાસું વિત્યા પછી નાગરાજ પોતાનું સ્વરૂપ બદલે છે અને નાના સાપના રૂપમાં ફેરવાય જાય છે. જેના કાનની પાસે સફેદ ટપકાંઓ હોય છે. ભિક્ષુસંઘો તેને જાણે છે. પૂજારીઓ તેને તાંબાના પાત્રમાં દૂધ ભરીને પાય છે. તરહુતમાં વેરાન કપીલવસ્તુમાં ફાહિયાને એક તળાવ બતાવ્યું છે. તેમાં પણ એક નાગ હતો. જે હંમેશા બુદ્ધના સ્તંભની રક્ષા કરતો હતો અને ત્યાં રાત્રે અને સવારે પૂજા કરે છે. આવી દંતકથાઓ પણ ફાહિયાને નોંધી છે.

કપોતવિહાર

ફાહિયાન યાત્રાવિવરણમાં કપોતવિહાર નામનો એક આશ્ચર્યજનક વિહાર નોંધે છે. જે દક્ષિણમાં હતો.જે વિહાર પ્રાચીન ભારતનાં સ્થાપત્યોમાંનો એક ઉત્કૃષ્ટ નમૂનો હતો. એક મોટા પહાડને કોતરી બનાવેલા વિહારમાં પાંચ માળ હતાં. સૌથી નીચેના માળનો આકાર હાથી જેઓ હતો. તેમાં ૫૦૦ કક્ષ હતાં. બીજા માળમાં ૪૦૦ કક્ષ હતાં. અને તેનો આકાર સિંહ જેવો હતો. ત્રીજા માળમાં ૨૦૦ કક્ષ હતાં. જેનો આકાર ઘોડા જેવો હતો. ચોથા માળનો આકાર બળદ જેવો હતો અને પાંચમાં માળમાં ૧૦૦ કક્ષ હતાં અને તેનો આકાર કબૂતર (કપોત) જેવો હતો. સૌથી ઉપર એક ઝરણું હતું. જેનું પાણી આ બધા માળના કક્ષોમાં આવતું. બધા માળમાં પ્રકાશ માટે ઝરૂખા બનાવવામાં આવ્યાં હતાં. ફાહિયાન આ વિહારમાં રહી સંસ્કૃત ભણ્યો હતો. [૨૪]

ફાહિયાને આ સિવાય પણ ઘણાં નાના મોટા બૌદ્ધવિહારો અને સંઘારામોનો ઉલ્લેખ કર્યો છે. તેણે શ્રાવસ્તીથી ૧૨ યોજન દૂર ત્યાં કકુરછંદ બુદ્ધનો જન્મ થયો હતો. ત્યાં પણ એક

સ્તંભ હતો.

નેપાળના તરાઈના જંગલમાં ભગવાનપૂરની પાસે બસ્તી જિલ્લામાં પિપરહવાની પાસે ઉત્ખનન કરતા ત્યાંથી એક બુદ્ધના ધાતુની ડબી મળી હતી જેના ઉપર લેખ હતો કે આ સ્તુપ શાકયોએ બુદ્ધની ધાતુ ઉપર બનાવ્યો છે. જે તેમને ભલરાજના કુશનગરનાં બુદ્ધની ચિતાના ભસ્મના અંશ તરીકે મળ્યો હતો. આ સ્તુપ કપિલવસ્તુ જનપદની વચ્ચે બનાવવામાં આવ્યો હતો. જો કે આ કથા અતિ પ્રસિદ્ધ છે. અને ફાહિયાને પણ નોંધી છે કે અશોકે બુદ્ધના આઠ સ્તુપો તોડાવીને પુરા ભારતમાં ૮૪,૦૦૦ સ્તુપ બનાવવાનું નકકી કર્યુ હતું અને સાત સ્તુપોને તોડી આઠમાં રામસ્તુપને તોડવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ ત્યારે એ સ્તુપની રક્ષા કરતાં નાગે પ્રગટ થઈ અશોકને તે ન તોડવા જણાવ્યું અને અશોકને પોતાના ઘરે લઈ ગયો અને પૂજાવિધિના સાધનો બતાવી કહયું "જો આનાથી સારી રીતે પૂજા કરી શકો તો સ્તુપ પાડી નાંખો" અશોક રાજા સમજી ગયો કે આવા સાધનો સંસારમાં મળશે નહી અને તે પાછો ગયો. એવી કલ્પિત દંતકથા ફાહિયાને નોંધી છે તેથી આ સ્તુપ તુટયો નહીં અને બીજા સાત સ્તુપોની ધાતુઓ લઈ ભારતભરમાં અનેક સ્તુપો બનાવરાવ્યાં. જે અશોક સ્તુપ ન તોડી શકયો તેનું નામ ફાહિયાને રામસ્તુપ લખ્યુ છે.

રામગ્રામ અને કપિલવસ્તુની પાસે એક અંગાર સ્તુપ ફાહિયાને જોયો હતો એ સ્તુપ બનવા પાછળની કથા તે જણાવે છે કે કુશનગરમાં બુદ્ધની ચિતામાંથી ધાતુઓના ભાગ પડી ગયા પછી મૌર્ય પહોચ્યા તેથી દ્રોણાચાર્યે તેમને ભસ્મના ભાગ પડી ગયા પછી પાત્રમાંથી ચિતાના અંગારા કાઢીને આપ્યા હતાં. તેને લાવીને મૌર્યએ સ્તુપ બનરાવ્યો. આ સ્તુપ પડી ગયેલો લાગતો નથી પણ શકય છે કે અશોકે તોડાવેલા સાત સ્તુપોમાનો આ પણ એક હતો. અહીં વાચકોને પ્રશ્ન થાય કે અશોકે તે તોડાવી નાખ્યો હતો તો ફાહિયાને પાંચમી સદીમાં એ સ્તુપ કેવી રીતે જોયો હોય પરંતુ કદાચ તેના તૂટેલા ફૂટેલા અવશેષો જોયા હશે કે આવી કથા કોઈ ભિક્ષુઓ કહી હોય અને તેણે નોંધી લીધી હોય.

આ ઉપરાંત ફાહિયાને ભગવાન બુદ્ધ પાસે દેવરાજ શકે ભૂમિ પર રેખા ખેંચી બેતાલીસ પ્રશ્ન કર્યા હતા તે રેખાઓ જોઈ હતી.

ફાહિયાને ઈ.સ. ૪૦૦ ના અરસામાં જે મઠોને સારી સ્થિતિમાં જોયા હતાં એ પછીના પચાસ વર્ષની અંદર હુણ સરદાર મિહિરગુલે ઘણાં ખરાનો નાશ કર્યો હતો. "રાજતરંગીણી" ના કર્તા કલ્હણના નોંધ્યા મુજબ મિહિરગુલે ૧૬૦૦ સ્તુપો અને મઠોનો નાશ કર્યો હતો.

ફાહિયાનની ભારતમાંથી વિદાય

ફાહિયાન ઈ.સ. ૪૧૪માં બંગાળના તામ્રલિપ્તિ નામના સમૃદ્ધ બંદરેથી તે એક વેપારી વહાણમાં બેસી ચીન જવા નિકળ્યો. આ તામ્રલિપ્તિ જનપદમાં ૨૪ સંઘારામ હતાં. શ્રમણો સંઘમાં રહેતા હતાં. બૌદ્ધધર્મનો ત્યાં સારો પ્રચાર હતો. ૧૪ દિવસે તે સિંહલ (શ્રીલંકા)

પહોચ્યો. તે તામ્રલિપ્તિથી સિહલદ્વિપ ૭૦૦ યોજન દૂર જણાવે છે. તે લંકાને એક મોટો દ્વિપ કહે છે. તેના પૂર્વપશ્ચિમ ૫૦ યોજન અને દક્ષિણ ઉત્તર ૩૦ યોજન, જમણી ડાબી બાજુ નાના મોટા દ્વિપ હતા. તે દ્વિપોમાં સાચા ચમકીલા હીરાઓ નિકળતા હતાં. ત્યાંના રાજાઓના રક્ષણ માટે પુરૂષો રાખેલા હતાં. દસ મોતી મળે તેમાંથી ત્રણ મોતી રાજ્યને આપવા પડતાં હતાં. તે આગળ જણાવે છે કે અહીં પહેલા મનુષ્ય વસતા ન હતાં પણ રાક્ષસ અને નાગ લોકો રહેતા હતાં. આખા જનપદમાં વેપારી વેપાર કરતા હતાં. ત્યાં કિંમતી વસ્તુઓ પર તેની કિંમતની ટિકડી લગાડવી પડતી હતી. અહી શિયાળા અને ઉનાળામાં બહુ અંતર નહોતુ વનસ્પતિ અને વૃક્ષો લીલા છમ રહેતાં હતાં. ખેતિ ખેડૂતોની ઈચ્છા મુજબ થતી હતી કારણકે ત્યાં કોઈ નિશ્ચિત ઋતુ ન હતી. નાગજાતિને સુધારવા બુદ્ધ લંકા ગયા હતાં. તેવા ઉલ્લેખ સિંહલ મહાવંશોમાં મળે છે. ફાહિયાને લંકામાં પણ બુદ્ધના પદચિન્હ ઉપર બનાવેલો એક મોટો સ્તુપ જોયો. સ્તુપની પાસે એક સંઘારામ પણ હતો. તેનું નામ અભયગિરી હતું. જેમાં ૫,૦૦૦ શ્રમણો રહેતા હતાં. ત્યાં એક બુદ્ધનો મંડપ પણ હતો. તેમાં સોના ચાંદીનું નકશીકામ અને મીણાકારી કામમાં રત્નો જડેલા હતાં.

ફાહિયાન લંકાથી નિકળી ૯૦ દિવસમાં જાવા પહોચ્યો. જાવાથી તે સુમાત્રા પહોચ્યો. ત્યાં તેણે બ્રાહ્મણ ધર્મને ખૂબજ સમૃદ્ધરૂપે જોયો હતો. [૨૫] ફાહિયાનને વતનમાં પહોંચતા–પહોંચતા ત્રણ દિવસ તોફાનનો સામનો કરવો પડયો. વહાણમાં કાણું પડતા પાણી ભરાવા લાગ્યું. ત્યારે બધા પોતાનો સામાન પાણીમાં ફેકવા માંડયા ત્યારે ફાહિયાને પણ જળપાત્ર, કુડકા અને અન્ય ચીજો સમુદ્રમાં ફેકી દીધી અને તેને બીક લાગી કે કયાંક આ વેપારીઓ આ ધર્મસુત્રો અને ચિત્રોને ફેકી ન દે. ત્યારે તેણે પોતાના હૃદયમાં અવલૌકિતેશ્વરનું ધ્યાન ધર્યુ અને મનમાં બોલ્યા કે "હું ધર્મના તત્વોને શોધવા યાત્રાએ નિકળ્યો હતો મને મારા તેજના પ્રતાપથી પાછો સ્થાન ઉપર પહોચાડી દે" ત્યારે તેનું વહાણ કિનારે આવ્યુ અને ફાહિયાન ચાંગકાગ (શાન્ટુંગ) પહોચ્યો.

ફાહિયાનના ચીનમાં પહોચ્યા પછી ચીની લોકોમાં અધ્યયન માટે ભારત આવવાની લાલસા પ્રબળ બની અને ત્યાં ઈ.સ. ૪૨૦માં ચીની ભિક્ષુઓની એક ટોળી વિદ્યા અને સંસ્કૃતિના અભ્યાસ માટે ભારત આવવા નિકળી હતી.

ફાહિયાન પછી તાવયુગ, તોયિંગ, સુગયુન, હયુ–એનસાંગ, હુઈની, સુપેનચિઉ, સુયેનતાઈ, ચાઉદી, સિપિન, ઈસિંગ, બુદ્ધધર્મ, ચંદ્રદેવ, ઉગપો જેવા અસંખ્ય ચીની બૌદ્ધયાત્રી ભારત આવ્યા હતા અને હજુ આવે છે.

ફાહિયાનની વિશ્વસનિયતા

ફાહિયાને સ્વદેશ જઈ પોતાનો યાત્રાવૃતાંત એક મિત્રને સંભળાવ્યો અને તેણે તેને લિખિત સ્વરૂપ આપ્યું. [૨૬] જો કે ફાહિયાનનું યાત્રાવિવરણ વાંચવાથી પણ એ ખ્યાલ આવી જ જાય કે તેણે આ યાત્રાવિવરણ લખ્યુ નથી. ચીનમાં પહોચી તેણે પોતાની યાત્રાનું બધુ વિવરણ પોતાના એક મિત્રને કહયું. જેણે પાછળથી બધી વાત પોતાની યાદશકિતથી લખી લીધી. આજ

કારણથી કેટલીક જગ્યાએ દિશાઓ અને અંતરમાં થોડોઘણો ફેરફાર રહે છે.

ડો.ત્રિપાઠી આર.એસ."હિસ્ટ્રી ઓફ એનશિયન્ટ ઈન્ડિયા" માં લખે છે કે ફાહિયાનનું એ ચિત્ર વાસ્તવિક કરતાં કાલ્પનિક વધારે લાગે છે.

મારા મત મુજબ ફાહિયાને પોતાની યાત્રાની કાચી નોંધો તૈયાર કરી જ હશે અને તે નોંધોને આધારે જ તેના મિત્રએ પાછળથી એ યાત્રાવૃતાંત લખ્યો હોવો જોઈએ તેવી શકયતા વધારે છે.

પાદનોંધ

(૧) વર્મા જગમોહન "યાત્રા વિવરણ" કાશી –પે–૩૬
(૨) લુણિયા બી.એન. "પ્રાચિન ભારતીય સંસ્કૃતિ" આગ્રા –પે–૫૮૩ (૨) વિદ્યાલંકાર સત્યકેતુ "પ્રાચિન ભારત" દિલ્હી –પે–૪૧૫ (૩) લુણિયા બી.એન.ગુપ્ત સામ્રાજ્ય કા રાજનૈતિક એવમ્ સાંસ્કૃતિક ઈતિહાસ ઈન્દોર –પે–૨૮૩
(૩) ઉદયનારાયણરાય "ગુપ્ત રાજવંશ તથા ઉસકા યુગ" અલ્હાબાદ –પે–૨૫૩
(૪) વર્મા જગમોહન "યાત્રા વિવરણ" કાશી –પે–૩૨–૩૩
(૫) જ્ઞાન ગંગોત્રી ગ્રંથશ્રેણી ૨૨ ભારતદર્શન–૧ વલ્ભવિદ્યાનગર –પે–૨૦૬
(૬) ઉદયનારાયણ –પે–૨૫૨ (૨) લુણિયા બી.એન. "પ્રાચીન ભારતીય સંસ્કૃતિ" આગ્રા –પે–૫૮૩ (૩) શર્મા એલ.પી. "પ્રાચીન ભારત" આગ્રા –પે–૨૧૮
(૭) જેમ્સ લેગે – ફાહિયાન –પે–૧૦૪
(૮) ફુલછાબ તા.૨૬/૪/૨૦૦૦
(૯) જેમ્સલેગે ફાહિયાન –પે–૪૨/૪૩ (૨) શર્મા એલ.પી. –પે–૨૧૮
(૧૦) મજુમદાર આર.સી. "પ્રાચીન ભારત" દિલ્હી –પે–૨૧૯
(૧૧) મહાજન વી.ડી. "પ્રાચીન ભારત કા ઈતિહાસ" દિલ્હી –પે–૪૯૭
(૧૨) જેમ્સ લેગે – ફાહિયાન –પે–૪૩
(૧૩) જેમ્સ લેગે – ફાહિયાન –પે–૫૭ (૨) ઉદયનારાયણરાય –પે–૨૫૮
(૧૪) સ્મિથ વિનસેન્ટ 'અલી હિસ્ટ્રી ઓફ ઈન્ડીયા" –પે–૨૬૯
(૧૫) મુકરજી રાધાકુમુદ "ચંદ્રગુપ્ત મૌર્ય ઔર ઉસકા કાલ" દિલ્હી –પે–૧૦૫ (૨) સાંડેસરા ભોગીલાલ "અન્વેષણા" અમદાવાદ –પે–૯૯ (૩) મહાજન વી.ડી.પ્રા.ભા.ઈ. દિલ્હી –પે–૪૯૮ (૪) મજુમદાર આર સી –પે–૨૦૮ (૫) શર્મા એલ.પી. –પે–૨૧૯
(૧૬) પરીખ પ્રવીણચંદ્ર "ભારતીય પ્રાચિન શિલ્પ કલા" અમદાવાદ –પે–૪૭
(૧૭) વર્મા જગમોહન "યાત્રા વિવરણ" કાશી –પે–૨૭
(૧૮) ઉદયનારાયણરાય –પે–૨૫૪
(૧૯) ભગવાન બુદ્ધના ચાર પ્રસંગોને અનુલક્ષીને બૌદ્ધધર્મના ચાર મહાતિર્થો મનાયા છે. (૧) બુદ્ધનું જન્મ સ્થાન કપિલવસ્તુ (૨) જયાં તેમને જ્ઞાન થયું તે બુદ્ધગયા (૩) ભગવાન બુદ્ધે જે સ્થળે ધર્મચક્રને પ્રથમ ચાલતું કર્યુ તે સારનાથ (૪) જયાં તેઓ અવસાન પામ્યા તે કુશીનગર
(૨૦) સાંડેસરા ભોગીલાલ –પે–૧૨૫
(૨૧) થાપર રોમિલા "અશોક ઔર મૌર્ય સામ્રાજ્ય કા પતન" દિલ્હી –પે–૪૬
(૨૨) ગાઈલ્ઝ એચ. એ. "ટ્રાવેલ્સ ઓફ ફાહિયાન" –પે–૫૮
(૨૩) બિલ.એસ. "બુદ્ધિસ્ટ રેકોર્ડ ઓફ ધ વેર્સ્ટન વર્લ્ડ" વોલ્યુમ ૧ –પે–૪૦
(૨૪) ખન્ના કે.સી. "ભારત મેં વિદેશીયાત્રી" દિલ્હી –પે–૨૬
(૨૫) દિનકર રામધારીસિંહ "સંસ્કૃતિ કે ચાર અધ્યાય" દિલ્હી –પે–૧૭૯ (૨) પણિકકર કે.એમ. "ભારતીય ઈતિહાસ કા સર્વેક્ષણ" –પે–૭૪
(૨૬) પંડિત ચંદ્રગુપ્ત વેદાલંકાર "બૃહત્તર ભારત" દિલ્હી –પે–૩૧૬

✳ ✳ ✳ ✳

હયુએનસાંગ ઈ.સ. ૬૨૯ થી ૬૪૫

ચીનીયાત્રી હયુએનસાંગના પ્રવાસ અહેવાલમાંથી હર્ષકાલીન ભારતનો ઈતિહાસ જાણવા મળે છે. હયુએનસાંગે ભારતની રાજકીય, સામાજિક, ધાર્મિક અને આર્થિક સ્થિતિના વિષયમાં ઘણુંબધુ લખ્યું છે. ભારતની સ્થિતિનું આટલું વિસ્તૃત વિવરણ અન્ય કોઈ ચીનીયાત્રીના વિવરણમાંથી મળતું નથી.

હયુએનસાંગને યાત્રીઓમાં રાજકુમાર અને નીતિનો પંડિત અને વર્તમાન શાકયમુનિ કહેવામાં આવે છે.

હયુએનસાંગે ઈ.સ.૬૨૯ થી ૬૪૫ સુધી પ્રવાસ કર્યો. આ પ્રવાસ પછી ચીનના સમ્રાટના આગ્રહથી પોતાનો યાત્રાવૃતાંત લખ્યો. એ પોતાના યાત્રાકાળમાં જે ૧૩૮ દેશોમાં ફર્યો હતો. તેનું વિસ્તૃત વિવરણ તેમાં આપ્યું છે. તેના એ પ્રવાસગ્રંથનું નામ સિ-યુ-કી (પશ્ચિમી દેશોનો ઈતિહાસ) હતું જે મૂળમાં ચીની ભાષામાં લખાયેલું હતું. જેનો અંગ્રેજી અનુવાદ સેમ્યુઅલ બીલે "બુદ્ધિસ્ટ રેકોર્ડ ઓફ ધ વેર્સ્ટન વર્લ્ડ" ભાગ-૧-૨ ઈ.સ.૧૮૮૪ લંડનમાં પ્રકાશિત કર્યો હતો. આ સિવાય થોમસે વોટર્સે તેનો સંક્ષિપ્ત અને સુધારેલો અનુવાદ "ઓન યુવાનચાંગ ટ્રાવેલ્સ ઈન ઈન્ડિયા" ભાગ-૧-૨ નામથી ઈ.સ. ૧૯૦૪માં લંડનમાંથી પ્રકાશિત કર્યો હતો. આ ઉપરાંત સુમન હેઈલીએ (Shaman Hwuili) "ધ લાઈફ ઓફ હયુએનસાંગ" જે હયુએનસાંગના મિત્રએ લખ્યું હતું. તેનો અંગ્રેજી અનુવાદ સેમ્યુઅલ બીલે ઈ.સ.૧૯૧૪માં લંડનથી પ્રકાશિત કર્યો હતો.

ચીનનું પાટનગર સિઆન-ફુ વિદ્યા અને કળાનું મહાન કેન્દ્ર હતું એવા સમયે એક અતિ સંસ્કારી દેશમાંથી આવનાર આ પ્રવાસીનું હિંદની તે સમયની પરિસ્થિતિ વિશેની નોંધો અને તેના વર્ણનો માટે કિંમતી છે. એમ શ્રી જવાહરલાલ નહેરૂ નોંધે છે.

ડૉ.સ્મિથે બુદ્ધિસ્ટ રેકોર્ડ ઓફ ધ વેર્સ્ટન વર્લ્ડ માટે લખ્યું છે કે આ ગ્રંથ સાચા સમાચારોનો અમૂલ્ય કોશ છે. જેનું અધ્યયન પ્રાચીન અવશેષોની ખોજ કરવાવાળા વિદ્યાર્થીઓ માટે આવશ્યક છે આ ગ્રંથે ભારતના લુપ્ત ઈતિહાસને (સાતમી સદીના) પ્રકાશમાં લાવવાનું કાર્ય કર્યુ છે. જે ભૂતલ વિશારદોની કોઈપણ શોધ કરતાં ઓછી નથી.

હયુએનસાંગે ભારતના પ્રવાસ દરમ્યાન ગુજરાતનો પ્રવાસપણ કર્યો હતો, અને ગુજરાતનાં ઘણાં શહેરો અને તિર્થસ્થાનો વિશેની વિગતો નોંધી હતી. જેમાંથી ગુજરાતના લોકો, આબોહવા, જમીન, ધાર્મિક પરિસ્થિતિ વગેરેનો ખ્યાલ મળે છે.

જન્મ અને પ્રારંભિક કારકિર્દી

હયુએનસાંગનો જન્મ હોનાન-ફુ નજીક એક નગરમાં ઈ.સ.૬૦૫માં થયો હતો.[૧] હયુએનસાંગના દાદા ચીનના જાણીતા વિદ્વાન અને પેકિંગ મહાવિદ્યાલયનાં આચાર્ય હતાં. તેના પિતા કાર્યકુશળ અને વિદ્વાન વ્યકિત હતાં. હયુએનસાંગ બાળપણથી જ ધર્મગ્રંથો એકાંતે બેસી વાંચતો હતો. કયારેક પોતાના ભિક્ષુક ભાઈસાથે મઠમાં પણ જતો હતો. તેનો મોટોભાઈ નાનપણથી જ ભિક્ષુ બની ગયો હતો. તેમાંથી પ્રેરણા મેળવીને હયુએનસાંગે પણ ભિક્ષુ બનવાનું જ પસંદ કર્યુ હતું. ઈ.સ.૬૨૦માં બૌદ્ધધર્મની તેણે દીક્ષા લીધી હતી. તેણે શરૂઆતમાં ચીનમાં પ્રવાસો કર્યા પછી તેણે એથી મોટો પ્રવાસ કરવાની ઈચ્છાથી તેણે ચીનના સમ્રાટ કયુસુઆની સહાય માંગી પણ તેણે કોઈ સહાય આપી નહિને પ્રવાસની મંજૂરી પણ ન આપી. પરંતુ જેણે જીવનનું કાંઈક લક્ષ્ય જ બાંધી લીધું હોય તે થોડા કોઈની સહાયતા વિના અટકી પડે. ત્યારે તેણે માત્ર ૨૪ વર્ષની ઉંમરે સમ્રાટની મદદ વિના ઈ.સ.૬૨૯માં ભારત આવવા માટે ચોરીછુપીથી નીકળી પડયો.

હયુએનસાંગને પોતાના પ્રવાસમાં વચ્ચે તિબેટના રાજાએ રોકી દીધો. કારણ કે ત્યાં કાયદો હતો કે કોઈપણ માણસને પ્રાંત બહાર જવા ન દેવો. ત્યારે તે રાત્રેરાત્રે ચોરીછુપીથી ભાગ્યો હતો અને છુપાતા છુપાતા ૧૦૦ માઈલ ચાલ્યો હતો. રસ્તામાં અનેક મુશ્કેલીઓ પડી, ઘોડો પણ મરી ગયો. ગોબીના રણમાં તીરથી માંડ બચ્યો. હામીનગરના શાસકે તેને ત્યાં ધર્મપ્રચાર માટે રોકી દીધો. ત્યારે તેણે અન્ન જળ વગર ભૂખ હડતાળ કરી. એથી અંતે પેલા શાસકે તેને જવા દીધો. પછી પણ રસ્તામાં અનેક મુશ્કેલીઓ પડી કાંસારમાં ડાકુઓએ લુંટી લીધો. ત્યાંથી સમરકંદ આવ્યો. ત્યાંના લોકોએ તેના ઉપર ગરમ લોખંડ ફેકયું. ત્યાંથી ઓકસસ નદી કિનારે થઈ બલ્ખ આવ્યો. ત્યાંથી નગરહાર આવ્યો. ત્યાંથી પેશાવર, તક્ષશિલાથી, કાશ્મીરમાં આવ્યો ઈ.સ.૬૩૧ થી ઈ.સ. ૬૩૩ સુધી કાશ્મીરના વિહારમાં અધ્યયન માટે રોકાયો.

હયુએનસાંગે આ પ્રવાસમાં જે કાંઈ જોયુ અને નોઘ્યુંએ સાતમીસદીના ભારતવર્ષના પ્રચલિત જીવન અને સંસ્કૃતિનો એક અંશમાત્ર હતો. આમ છતાં ઘણી ઉપયોગી માહિતી તેના પ્રવાસ વિવરણમાંથી મળી રહે છે.

યાત્રાનો ઉદેશ

હયુએનસાંગે ૨૦ વર્ષની ઉંમરે દીક્ષા લીધી. ત્યારે તેને અનુભૂતિ થઈ કે અહી બૌદ્ધધર્મના વિષયમાં લોકોને સાચું જ્ઞાન નથી. તેઓ બૌદ્ધધર્મની સાચી બાબતોથી અજ્ઞાન છે. તેથી તેણે વિચાર્યુ કે હું ભારત જાઉં અને સાચી બાબતોને જાણી લાવું તો આ તૃટી દૂર કરી શકાય. તેથી તે ૨૪ વર્ષની યુવાનવયે બૌદ્ધધર્મના મૂળગ્રંથો અને બૌદ્ધતિર્થ સ્થાનોના દર્શન કરવાનાં ઉદ્દેશથી ઈ.સ.૬૨૯માં ચીનમાંથી ભારત આવવા નીકળ્યો હતો.

હયુએનસાંગે પોતાના પ્રવાસ ગ્રંથના અંતમાં તેનો ઉદેશ્ય વર્ણવતા લખ્યું છે કે મે નિસર્ગના દશ્યોનાં વર્ણન વિસ્તારથી કર્યા છે. પ્રાદેશિક વિભાગો નિશ્ચિતરૂપમાં આપ્યાં છે. પ્રજાના રીતરીવાજો, ગુણો અને આબોહવાની વિશેષતાઓ પણ વર્ણવી છે. હું જયાંજયાં ગયો હતો, ત્યાં મેં નોંધો કરી હતી. જે કાંઈ જોયું અને સાંભળ્યું તેને મેં આમા વર્ણવ્યું છે.

યાત્રામાર્ગ

ઈ.સ.૬૨૯માં ચીની સમ્રાટની પરવાનગી વિના તે ભારતયાત્રા માટે નિકળી પડયો. તે ગોબીની મરુભૂમિમાં થઈ કાશ્ગર, સમરકંદ, બલ્ખ અને હિંદુકુશ પર્વત પાર કરીને પેશાવર આવ્યો.

હયુએનસાંગ પેશાવર (પુરૂષપુર) આવ્યો ત્યાં તેને આખું નગર વેરાન જેવું લાગ્યું. એક ખૂણામાં માત્ર હજારેક કુટુંબ વસતાં હતા. બૌદ્ધોના મઠોના અસંખ્ય ખંડેરો પડયાં હતાં. ઘણાંખરા સ્તુપોનો પણ નાશ થયો હતો. અહી બુદ્ધના એક ભિક્ષાપાત્ર ઉપર વિશાળ સ્તુપ બાંધવામાં આવ્યો હતો. તેને હુણો ઉઠાવી ગયા હતાં. આ સ્તુપ કનિષ્કે ૩૦ ફુટ ઊંચી બેઠક ઉપર પાંચમાળવાળો બનાવ્યો હતો. પાંચમા માળની ઉપર ૧૨૦ ફુટ જેટલું ઊંચુ કાષ્ટગૃહ હતું. હયુએનસાંગે માત્ર આ સ્તુપના ખંડેરો જોયા હતાં. ઈ.સ.૧૯૧૦ માં ત્યાં ઉત્ખનન થતાં કનિષ્ક રાજાની મૂર્તિવાળી એક મંજુષા મળી હતી, જેમાં બુદ્ધના અસ્થિ હતાં.

પેશાવરમાં શેરડીમાંથી ગોળ બનતો જોઈ હયુએનસાંગ ખુશ થયો. તેના યુગમાં ચીનાને ગોળ બનાવતું આવડતું ન હતું. તેઓ ભારત પાસેથી ગોળ બનાવતા શીખ્યાં હતાં.

પેશાવરથી તે કાશ્મીર આવ્યો, ત્યાંથી પ્રવરપુર (આધુનિક શ્રીનગર) આવ્યો. પોતે ત્યાં રોકાઈને બૌદ્ધધર્મગ્રંથોનું અધ્યયન કર્યુ. કાશ્મીર વિશે તેણે લખ્યું કે અહીંના ઘોડા, ઔષધીઓ, આરસ પ્રખ્યાત છે. ધનધાન્ય પુષ્કળ પાકે છે. લોકો સુઘડ અને દેખાવડાં છે પણ અસદાચારી અને ધૂર્ત છે. પરંતુ વિદ્યાના અનુરાગી છે. કાશ્મીરમાં પાખંડીઓ અને સદધર્મીઓ બન્ને છે.

હયુએનસાંગ શિયાલકોટ, જલંધર, કુલુ પર્વતમાં થઈ મથુરા આવ્યો. મથુરા ત્યારે બૌદ્ધધર્મીઓનું તિર્થસ્થાન હતું. હયુએનસાંગે લખ્યુ કે "મથુરામાં મેં જોયું કે લોકો સારીપુત્ર મૌદગલ્યાયન, ઉપાલી, આનંદ, રાહુલ, મંજુશ્રીના અવશેષો ઉપર સ્તુપો બાંધેલા હતાં. આ બધાની મૂર્તિઓ બનાવી તેને પૂજી રહયા હતાં.[૨] બુદ્ધે મૂર્તિઓ બનાવવાની ના પાડી હતી તેમ છતાં મૂર્તિપૂજા હિંદુધર્મને અનુસરીને શરૂ થઈ હતી. અશોકનો ગુરૂ ઉપગુપ્ત મથુરાવાસી હતો. મથુરાની પાસે તેણે એક સંઘારામ સ્થાપ્યો હતો. મથુરાથી તે થાણેશ્વર આવ્યો. જયાં જયગુપ્ત નામના પ્રસિદ્ધ બૌદ્ધવિદ્વાન પાસે રહી બૌદ્ધધર્મના ગ્રંથોનું અધ્યયન કર્યુ.

થાણેશ્વરથી તે ઋષિકેશ આવ્યાનું લાગે છે. તે લખે છે કે નદીનો પટ અડધાં માઈલ

જેટલો છે. જયાં તે દરિયાને મળે છે. ત્યાં બે માઈલ જેટલો થઈ જાય છે. આ નદીમાં નહાવાથી પાપ નાશ પામે છે, પાણી પીવાથી તમામ દુઃખો અને વિઘ્નો દૂર થઈ જાય છે અને માણસ મરણ પછી સ્વર્ગ ભોગવે છે. આથી અહીં લોકોની ખૂબ ભીડ રહે છે.

ગંગાકિનારે થી તે વિરાસન ગામે આવ્યો, ત્યાં તેણે ત્રણ નિસરણીઓ જોઈ. જયારે ભગવાન બુદ્ધ પોતાની માતાને મળવાં સ્વર્ગમાં ગયાં. પછી પાછા પૃથ્વી ઉપર ઉતર્યા, ત્યારે દેવોએ ત્રણ નિસરણીઓ બનાવી હતી. એક સોનાની, એક ચાંદીની અને એક સ્ફટીકની. તેમાં સોનાની સીડી ઉપરથી બુદ્ધ ઉતર્યા. ચાંદીની સીડી ઉપરથી બ્રહ્મા અને સ્ફટિકની સીડી ઉપરથી દેવોના રાજા શુક્રદેવ ઉતર્યા હતાં. જો કે હયુએનસાંગ આવ્યો ત્યારે ત્યાં આ સીડીઓ ન હતી. પરંતુ ઈંટ અને ચુનાની ત્રણ સીડીઓ રત્નજડિત પથ્થરો જડાયેલી પડી હતી. હયુએનસાંગ અહીંથી કનોજ આવ્યો. તે કનોજનું વર્ણન કરતા લખે છે કે કનોજના લોકો ધનવાન અને સુખી છે. હવાપાણી આરોગ્ય દાયક છે. લોકો સ્વભાવે ભલા, સરળ અને દેખાવે બુદ્ધિશાળી લાગે છે. વિદ્યાકળાના શોખીન છે તેમની ભાષા ખૂબ શુદ્ધ છે બૌદ્ધો અને પાખંડીઓ સરખી સંખ્યામાં છે ૧૦,૦૦૦ જેટલાં ભિક્ષુઓ અને ૧૦૦ સંઘારામો છે. તથા ૨૦૦ દેવમંદિરો તેણે નોધ્યા હતાં. કનોજથી અયોધ્યા, પ્રયાગ આવ્યો. પ્રયાગ માટે લખે છે કે અહી મૃત્યુ થાય તો સ્વર્ગે જવાય છે. ઘણાં લોકો અહી ઉપવાસ કરી દેહ ત્યાગે છે. પ્રાચીન કાળથી ધર્મભાવનાવાળા રાજાઓ પરોપકાર અને દાનના કાર્યો માટે અહીં આવે છે. પ્રયાગથી તે કૌશામ્બી આવ્યો કૌશામ્બીથી કપિલવસ્તુ આવ્યો. ત્યાં બધું ઉજ્જડ હતું ૧૦૦૦ જેટલાં સંઘારામના ખંડેરો હતાં. વસ્તી નહીં જેવી હતી. શુદ્ધોધન રાજાના ભવનના ખંડેર ઉપર એક વિહાર બાંધેલો હતો.

ત્યારબાદ ભગવાન બુદ્ધના જન્મ સ્થળ લુમ્બિનીવન આવ્યો. ત્યાં તેણે અશોકે ઉભો કરેલો સ્તંભ જોયો ત્યાંથી કુશીનગર આવ્યો. જ્યાં ભગવાન બુદ્ધ નિર્વાણ પામ્યાં હતાં જે સ્થાન પણ નિર્જન હતું. જયાં બુદ્ધે છેલ્લું ભોજન લીધું હતું. ત્યાં સ્તુપ હતો. બુધ્ધે ઉત્તર દિશાએ મસ્તક રાખી નિર્વાણ પામ્યા ત્યાં બુદ્ધની એક મૂર્તિ હતી. બુદ્ધના અગ્નિદાહ સ્થળે પણ એક સ્તુપ હતો. પછી આઠરાજાઓએ તે અવશેષોની વહેંચણી કરી હતી, અને આઠેય રાજાઓએ તેના અવશેષો પર સ્તુપો બાંધ્યા હતા. અશોક એ સ્તુપોમાંથી અવશેષો કાઢી સમગ્ર એશિયા ખંડમાં મોકલ્યાં હતા અને તેના ઉપર ૮૪,૦૦૦ સ્તુપો બનરાવ્યા હોવાનું કહેવાય છે. કુશીનગરથી તે વારાણસી આવ્યો, ત્યાં વસ્તી ગીચ અને ધનિક હતી. લોકો ભલા અને વિદ્યાપ્રેમી હતા. ૩૦૦૦ બૌદ્ધભિક્ષુઓ રહેતા હતાં. મોટોવર્ગ શિવની પૂજા કરતો હતો. માથું મૂંડાવતા હતાં, જટા બાંધતા હતા, ભભૂત ચોળતા હતાં. કાશીમાં તેણે મહેશ્વરની તાંબાની ખૂબ ઊંચી મૂર્તિ જોઈ. તે એવી ભવ્ય હતી કે જીવંત લાગતી હતી. કાશીથી સારનાથ આવ્યો, ત્યાં અશોકનો સ્તંભ જોયો. સારનાથને લોકો બૌદ્ધકાશી પણ કહેતા હતાં. બુદ્ધે બુદ્ધત્વ પામ્યા પછી ત્યાંથી ઉપદેશ આપવાની શરૂઆત કરી હતી. સારનાથથી વૈશાલી આવ્યો. ત્યારે વૈશાલી શહેરનું કોઈ નામોનિશાન ન

હતું. ત્યાં કેરીઓ થતી ત્યાં આમ્રપાલીએ બુદ્ધને એક આમ્રવનનું દાન કર્યુ હતું. તે જગ્યાએ એક સ્તુપ હતો. તે વનની બાજુમાં એક બીજો સ્તુપ હતો. જયાં બુદ્ધ પોતાના નિર્વાણની જાહેરાત કરી હતી.

વૈશાલીથી તે પાટલીપુત્ર આવ્યો ત્યારે પાટલીપુત્ર જ્ઞાન, શિક્ષા, ધર્મ અને સંસ્કૃતિનું કેન્દ્ર રહયું ન હતું. કારણ કે સમ્રાટોના દુર્બળ વારસોને કારણે પાટલીપુત્રનો વૈભવ નષ્ટ થઈ ગયો હતો. હયુએનસાંગે પ્રાચીન પાટલીપુત્ર નગરની જગ્યાએ સેંકડો ખંડેરોથી છવાયેલી જોઈ હતી. તે લખે છે કે આ શહેરનો મોટોભાગ વેરાન પડેલો છે. ગંગા કિનારે કિલ્લેબંધીવાળા એક નાના ગામમાં માત્ર ૧૦૦૦ માણસો રહે છે.

ત્યાંથી તે નેપાળ ગયો નેપાળ માટે તે લખે છે કે અહીં ખૂબ ઠંડી પડે છે. લાલ તાંબાના સિકકા ચાલે છે. લોકો મહેનતું અને ભયંકર છે. તેમનો દેખાવ કઠોર છે. નેપાળથી પાછો વૈશાલી આવ્યો. ત્યાંથી મગધ ગયો. મગધથી બુદ્ધગયા આવ્યો ત્યાં તેણે બૌદ્ધિવૃક્ષની આસપાસ ઈંટોનો ચણેલો ઊંચો ગઢ બતાવ્યો છે. તેનો મુખ્ય દરવાજો પૂર્વ તરફ છે અને વચ્ચે વજ્રાસન છે. આ જગ્યાએ બુદ્ધો બુદ્ધત્વને પામે છે. આ સ્થાન પૃથ્વીનું મુખ્ય કેન્દ્ર ગણાય છે. જયારે બુદ્ધ તપશ્ચર્યા માટે સ્થાન શોધતા હતાં અને જયાંજયાં જાય ત્યાં ધરતી ધ્રુજતી હતી. ત્યારે તેઓને આ સ્થાને સ્થિર ધરતી મળી આવી હતી. આ વજ્રાસનનાં બે છેડાં પર બૌદ્ધિસત્વ અને અવોલકિતેશ્વરની બે મૂર્તિઓ બેસાડેલી હતી. ત્યાં બૌદ્ધિવૃક્ષ પણ હતું તેના વિશે હયુએનસાંગ લખે છે કે બુદ્ધની હયાતિમાં આ વૃક્ષ સેંકડો ફુટ ઊંચુ હતું. ઘણીવખત તેને કાપી નાંખવામાં આવ્યુ હતું છતાં પણ આજે તે ૫૦ ફુટ ઊંચુ છે. આ વૃક્ષના પાંદડા શિયાળા કે ઉનાળામાં કરમાતા નહોતા માત્ર બુદ્ધના નિર્વાણ દિવસે પાંદડા કરમાઈને ખરી જતા હતા. અને બીજી જ પળે નવા આવી જતાં હતાં. બંગાળના બૌદ્ધદ્વેષી રાજા શશાંકે બૌદ્ધિવૃક્ષને કપાવી નાંખ્યુ હતું. પણ બૌદ્ધોએ બૌદ્ધિવૃક્ષને ફરી પાછું વાવ્યું હતું.

બોધગયાથી તે નાલંદા આવ્યો નાલંદાથી રાજગૃહ આવ્યો ત્યારે રાજગૃહનું નામ કુશાગારપુર હતું. ત્યાં સુગંધી ઘાસ (કુશ) થતું હતું. તેથી એ ગામનું નામ પડયું હશે. બિંબીસારના સમયમાં ત્યાં વસ્તી ઘણી ગીચ હતી.

એક દંતકથા છે કે બિંબીસાર પોતાની પ્રતિજ્ઞાના હિસાબે નગરમાં આવતો ન હતો. તેથી બહાર જ એક કિલ્લો બનાવવામાં આવ્યો અને તે ત્યાં એકલો જ રાજમહેલમાં રહેવા લાગ્યો. તેથી તે સ્થળનું નામ રાજગૃહ પડી ગયું. હયુએનસાંગ રાજગૃહ આવ્યો ત્યારે જયાં જૂનું રાજગૃહ હતું. તે જંગલ થઈ ગયું હતું. નવા રાજગૃહમાં મોટા મકાનો હતાં. ત્યાં ૧૦૦૦ બ્રાહ્મણો વસતાં હતાં. ત્યાંથી તે તામ્રલિપ્તિ (તામલૂક) આવ્યો. ત્યાંથી ઓરીસ્સામાં કલિંગ આવ્યો. કલિંગ વિશે તે લખે છે કે અહીં પહેલાં ખૂબ વસ્તી હતી. કોઈ સાધુના શ્રાપથી વસ્તીનો નાશ થઈ ગયો. પછી બહારથી લોકો આવી વસ્યાં છે. ત્યાંથી દક્ષિણ કૌશલ આવ્યો. ત્યાં

નાર્ગાજૂનના પગલાંથી પવિત્ર થયેલી ભૂમિના દર્શન કરવા ગયો. તે નાર્ગાજૂન વિશે લખે છે કે સેંકડો વર્ષો સુધી જીવી શકાય એવી દવા તેણે શોધી હતી અને કદી વૃદ્ધત્વ ન આવે તેવી દવા પણ તેણે શોધી હતી. પરંતુ પછી પોતે પરોપકારર્થે પોતાના જીવનનો ત્યાગ કર્યો હતો. ત્યાંથી કાગ્ચીવરમ્, મલયગિરી, કોંકણ, મહારાષ્ટ્ર, ભરૂચ, માળવા, વડાલી, ખેટ, વલભી, આનંદપુર, જૂનાગઢની યાત્રા કરી હતી.

સૌરાષ્ટ્રથી સિંધ, મુલતાન, પંજાબ, જાલંધર, ગઝની, કાશ્ગર, ખોતાન થતો ઈ.સ.૬૪૫માં ચીન પહોંચી ગયો.

હયુએનસાંગે વર્ણવેલા નગરો

આજે જો આ શહેરોનો પ્રાચીન ઈતિહાસ જાણવો હોય તો હયુએનસાંગની એ સાતમી સદીની નોંધ ખૂબજ ઉપયોગી પૂરવાર થાય છે. એ શહેરોનો અભ્યાસ કરતી વખતે હયુએનસાંગની આ પ્રવાસનોંધ ન જોઈએ તો મીઠાં વગરના શાક જેવું લાગે. ગુજરાતના પ્રદેશોને લગતી નોંધ સિ–યુ–કીના ૧૨ પ્રકરણો પૈકી ૧૧માં પ્રકરણમાં આવે છે. જેમાં ભરૂકચ્છ, માલવ, વડાલી, ખેટ, વલભી, આનંદપુર, સુરઠ વગેરેની નોંધો છે.

ભરૂકચ્છ (પો–લુ–ક–છે–પો)

વર્તમાન સમયમાં જે નગરને ભરૂચના નામે ઓળખવામાં આવે છે. ભરૂચ વિશેનો હયુએનસાંગે ન નોંધ્યો હોય તેવો ઈતિહાસ જાણવા જેવો છે. "ભરૂચ ઘણું જૂનું શહેર છે. પ્રાચીનકાળમાં તે ભૃગુપુર, ભૃગુકચ્છ, ભૃગુક્ષેત્રએ નામથી ઓળખાતું હતું તે પુરાણોમાં પણ તે તીર્થ તરીકે પ્રસિદ્ધ છે. બલિરાજાએ અહીં મહાનયજ્ઞ કર્યો હતો. આ યજ્ઞમાં તેણે પોતાનું સમગ્ર રાજય વામન–વિષ્ણુને આપી દીધું હતું. ઉત્તર હિંદનો આયાત નિકાસ વેપાર પણ આ બંદરેથી ચાલતો હતો. ભૃગુ કચ્છ શબ્દ "ભૃગુ"સાથેનો સંબંધ ધરાવે છે. સ્કંદપુરાણમાં રેવાખંડની કથા મુજબ ભૃગુ ઋષિએ નર્મદાના ઉત્તરકાંઠે આ નગરની સ્થાપના કરી હતી. આમ ભૃગુકચ્છ, ભૃગુપુર, ભૃગુતીર્થ, ભૃગુક્ષેત્ર એવા ભરૂચના પ્રાચીન નામો હતાં."

તે ભૃગુકચ્છ કે ભરૂકચ્છનું હયુએનસાંગે વર્ણન કર્યુ છે. તેણે ભરૂચ રાજયની નોંધ લેતા એ દેશને ખારાવાળો ઉજ્જડ કહયો છે. ત્યાંની જમીન ખારાશવાળી હોવાથી વનસ્પતિ બહુ ઓછી અને છુટીછવાઈ છે. લોકો સમુદ્રના પાણીને ઉકાળીને મીઠું બનાવતા હતાં. લોકોની રીતભાત ઉષ્માહીન અને ઉદાસીન છે. લોકોની મનોવૃત્તિ કુટિલ અને વક્ર છે.

હયુએનસાંગને ગુજરાતના શિક્ષણ વિશે એકંદરે ઘણી ઊંચી છાપ પડી હતી. પરંતુ તેણે ભરૂકચ્છને સુરાષ્ટ્રના લોકોની સુશિક્ષિતતાને સંસ્કારિતાની ઉણપ હોવાનું નોંધે છે. તેઓ વિદ્યાઅભ્યાસ કેળવતાં નથી. ભ્રમ તથા સદધર્મોને એક સરખાં માને છે. અહીં દશેક સંધારામો છે. તેમાં ૩૦૦ જેટલાં ભિક્ષુઓ રહે છે. લગભગ ૧૦ દેવમંદિરો પણ છે. જ્યાં વિવિધ સંપ્રદાયના

અનુયાયીઓ એકત્ર થાય છે.[૩] હયુએનસાંગ જણાવે છે કે ભરૂકચ્છમાં સ્થવિર નિકાયનો પ્રચાર વિશેષ હતો.[૪] તે ભિક્ષુઓ મહાયાનપંથના હતાં. હયુએનસાંગ ભારતના પ્રવાસ દરમ્યાન ભરૂકચ્છ આવ્યો ત્યારે ત્યાંના રાજાઓ ઘણુંખરું ચૌલુકયોને શરણે ગયા હતાં. તેણે લખ્યું કે ભરૂકચ્છની સમૃદ્ધિનો મુખ્ય આધાર દરિયા પર રહેલો છે.

ભરૂકચ્છ રાજયનો વિસ્તાર તેણે જણાવતાં લખ્યું કે રાજયનો ઘેરાવો ૨૪૦૦ થી ૨૫૦૦ લી છે. રાજધાનીનો ઘેરાવો ૨૦ લી છે. ૮ લી એ ચીની માપ છે. ૧ લી–૧/૫, ૧/૬ માઈલ અર્થાત ૧/૩ થી ૧/૪ કિ.મી. જેટલું અંતર થાય છે.

ભરૂચથી ઉત્તર પશ્ચિમે જતાં લગભગ ૨૦૦૦ લી એ માલવ આવે છે.

માલવ (મો–લે–પો)

હયુએનસાંગ માલવનું જે સ્થળ દર્શાવ્યું છે. તેના વિશે વિદ્વાનોમાં ઘણો મતભેદ છે. હયુએનસાંગે માલવના વર્ણનમાં તેના વડામથકનું નામ આપ્યું નથી.

હયુએનસાંગે માલવપ્રદેશના વરસાદની કાંઈ નોંધ લીધી નથી. માલવદેશની જમીન ઘઉંના શિયાળું પાક માટે ખાસ અનુકૂળ હોવાનો ઉલ્લેખ તેની નોંધમાં આવે છે.

હયુએનસાંગ ભરૂકચ્છથી માલવદેશ આવ્યો ત્યાં મહિનદીથી અગ્નિકોણમાં આવેલી વિશાળ નગરી, તેની રાજધાની હતી. એ પ્રદેશમાં વિદ્યાનું મૂલ્ય ઘણું અંકાતુ સદ્‌ગુણો વિશે પ્રજામાં આદર હતો અને માનવતાને માન અપાતું એ પ્રદેશમાં સેંકડો બૌદ્ધવિહારો હતાં અને ભિક્ષુઓમાં ભદ્રરૂચિ સૌથી મોટા હતાં.

માલવની નોંધમાં મહારાજા શિલાદિત્યનું ચરિત આલેખતા હયુએનસાંગ જણાવે છે કે એમણે એના જીવનભરમાં કોઈપ્રાણીને ઈજા કરી નહોતી એટલું જ નહી પણ પોતાના હાથી ઘોડાઓને પણ જીવજંતુઓની પણ હિંસા ન થાય એ હેતુથી ગાળેલું પાણી પાવાનો આગ્રહ રાખ્યો હતો.[૫]

આ શિલાદિત્યનું જ્ઞાન વિશાળ અને તેની વિદ્યા અગાધ હતી. સાહિત્યમાં તેનું ચાર્તુય અગાધ હતું. એમના રાજયકાળના પચાસવર્ષ દરમ્યાન રાનીપશુઓ મનુષ્યો સાથે હળી ભળી જતાં અને લોકો તેને મારતાં નહી. શિલાદિત્ય ચાર પ્રકારના ભૂતોનું (યોનિજ, અંડજ, સ્વેદજ, ઉદ્‌ભિજજ) પાલન અને રક્ષણ કરતો હતો. એ ત્રિરત્નને (બુદ્ધ, ધર્મ, સંઘ) ઘણું માન આપતો તેનું મુખ ગુસ્સાથી લાલચોળ કયારેઈ બન્યું ન હતું. તે દરવર્ષે મોક્ષ પરિષદ બોલાવતો જેમાં ચારેય ભિક્ષુઓને બોલાવી ચાર વસ્તુઓ આપતો અને ત્રણ ચિવર પણ આપતો સાથે અદ્‌ભૂત વૈવિધ્યની સાત કિંમતી વસ્તુઓ અને રત્નો પણ આપતો હતો.

હયુએનસાંગે માલવદેશમાં પાશુપતોનું પ્રાબલ્ય હોવાનું નોધ્યું છે અને સેંકડો શાકયવિહારો હોવાનું પણ નોધ્યું છે.[૬]

હયુએનસાંગે જે માલવપ્રદેશનું વર્ણન કર્યુ છે તે મો–લો–પો અર્વાચીન માળવા ખચીત નથી. મો–લો–પો રાજય ભૃગુકચ્છ, વલભી, આનંદપુર, અટાલી અને કિટ વચ્ચે આવેલું હતું. તેમાં થઈને મહિનદી વહેતી હતી. ઉજજયિની રાજધાની હતી. તે પ્રદેશોનો સમાવેશ તેમાં થતો ન હતો. માલવ તે અટાલી,કીટ,આનંદપુર અને સૌરાષ્ટ્રનું અધિપતી હતું. વલભી, ગુર્જર અને ઉજજયિનીને પોતપોતાના રાજા હતાં. પણ માલવના રાજકર્તાનો ઉલ્લેખ કયાંઈ નથી. તેનું કારણ કદાચ એ હોય શકે કે એ રાજકર્તા વલભીનો રાજા હતો. માલવને દક્ષિણ લો–લો એ નામ પણ અપાયું છે. એટલે દક્ષિણ લો–લો અથવા માલવ નો અર્થ દક્ષિણ લાટ જ હોય શક એવોમત શ્રી કનૈયાલાલ મુનશી ધરાવતા હતાં.

માલવનો ઘેરાવો ૬૦૦૦ લી જેટલો અર્થાત્ સુરાષ્ટ્રના ઘેરાવા કરતાં દોઢ ગણો હતો, અને તેના પાટનગરનો ઘેરાવો લગભગ ૩૦ લી હતો. અહીથી હયુએનસાંગ દક્ષિણ પશ્ચિમ જતાં સમુદ્રની ખાડી પાસેથી ૨૪૦૦ થી ૨૫૦૦ લી દૂર આવેલાં વડાલી ગયો.

વડાલી (અ–ટ–લી કે ઓ–ટ–લી)

હયુએનસાંગે અટલીનું વર્ણન નવાઈ પમાડે તેવું અને ન સમજાય તેવું કર્યુ છે કે અહીની જમીન ખારી અને રેતાળ હોવાથી ફળફુલ થતાં નથી અને વૃક્ષનું નામ હુત્સિઅન કહયું છે જે વૃક્ષના પાન ઝુએન? પીપરના પાન જેવા થાય છે. ત્યાં હિઉન–લુ નામનું સુગંધી વૃક્ષ થાય છે જેના પાન થંગ–લી? જેવા થાય છે. આવું આપણે આજે તે કયુ વૃક્ષ હતું તે ન સમજી શકીએ. અટાલી દેશના લોકોનો મુખ્ય ધંધો વેપારનો હતો. ત્યાં રત્નમાણેક પુષ્કળ પ્રમાણમાં જમા થતાં હોવાનો પણ ઉલ્લેખ કર્યો છે. આબોહવા ગરમ છે. લોકો આળસું છે. લોકો, વિદ્યા, ભાષા, રીતભાત અને આકૃતિ માલવદેશના લોકો જેવી જ છે. અહીં મંદિરો અસંખ્ય છે વડાલીનો ઘેરાવો લગભગ ૬૦૦૦ લી અને પાટનગરનો ઘેરાવો લગભગ ૨૦ લી છે. હયુએનસાંગને વડાલીના લોકોમાં બૌદ્ધધર્મ વિશે જાજી ઋચી દેખાઈ નહોતી અટલી કે ઓટલીને કનિંગહામે વિક્રમ સંવત ૧૦૯૯ના વસંતગઢ લેખમાં આવતું વદરી અને વદરીને હાલનું ઈડર કહયું છે. જયારે બોમ્બે ગેઝેટિયરમાં ભાગ–૫ માં એને ઈડરની ઉત્તરે આવેલું વડાલી માનવામાં આવ્યું છે. વડાલીના વિક્રમ સંવત ૧૨૭૫ના લેખમાં તેનું સંસ્કૃત નામ વાટપલ્લી આપ્યું છે.

ખેટ (કિટ)

ખેટને સિ–યુ–કીના ફ્રેન્ચમાં અનુવાદ કરનારા જુલિયને અને અંગ્રેજીમાં અનુવાદ કરનારા બીલ અને વોટર્સે ખેટને કચ્છ માન્યું હતું. જયારે કનિંગહમે કિટને ખેડા માન્યું હતું. ચક્રવર્તી ગુર્જરોના કર્તા શ્રી કનૈયાલાલ મુનશી પણ લખે છે કે "કિટ તે આજનું કચ્છ નહી કિટ તે ખેટકપુર (આજનું ખેડા) જ હોવું જોઈએ. ખેટકપુર તે ખેટકમંડલનું પાટનગર હતું. આ મંડલ ઈ.સ.૭૨૨ સુધી વલભીના રાજયમાં અંતર્ગત હતું.

ખેટનો ઘેરાવો લગભગ ૩૦૦૦ લી અને પાટનગરનો ઘેરાવો ૨૦ લી હતો. વસ્તી ગીચ હતી. લોકો પૈસાદાર હતાં, પણ રાજા ન હતાં. લોકોની રીતભાત અને આબોહવા માલવ જેવી જ હતી અને ત્યાં દશેક સંઘારામમાં લગભગ ૧૦૦૦ ભિક્ષુઓ વસતાં હતાં. ખેટકના ભિક્ષુઓ બન્ને યાનના અનુયાયીઓ હતાં, ત્યાં સોએક જેટલાં શાકય વિહારો હતાં. હયુએનસાંગે ખેટને માલવદેશનું જ એક મંડલ ગણ્યું હતું જો કે તે સંભવિત લાગતું નથી તેઓ મત હરિપ્રસાદશાસ્ત્રીએ વ્યકત કર્યો હતો.

વલભી (ફ–લ–પી)

વલભીનો ઘેરાવો હયુએનસાંગે લગભગ ૬૦૦૦ લી અને રાજધાનીનો ઘેરાવો લગભગ ૩૦ લી બતાવ્યો છે. વલભીના રાજાઓનો સૌથી પ્રાચીન નિર્દેશ હયુએનસાંગના અહેવાલમાં આવે છે. પ્રાચીન વલભીની વસ્તી ૨૦ થી ૨૫ હજાર માણસોની હશે એવું શ્રી રમણલાલ નાગરજી મહેતા માનતાં હતાં.[૭]

હયુએનસાંગ લખે છે કે વલભીમાં બૌદ્ધોના ૧૦૦ જેટલા વિહારો હતાં. જેમા એકંદરે ૬૦૦૦ જેટલા ભિક્ષુઓ વસતા હતાં. જો કે આ ૬૦૦ ભિક્ષુઓ સમગ્ર રાજયમાં હશે. એકલા વલભીમાં નહી એમ મને લાગે છે.

હયુએનસાંગે વલભીના એક વિહારનો ઉલ્લેખ કર્યો છે. જે અચલે (ઓ–ચે–લો–એ) બનરાવ્યો હતો. તેમાં નાલંદાના પ્રસિદ્ધ પંડિત વસુબંધુઓના શિષ્યો ગુણમતિ અને સ્થિરમતિ રહયા હતાં અને ત્યાં રહીને તેમના પ્રખ્યાત ગ્રંથો રચ્યા હતાં.[૮] તેઓ સમસ્ત દેશમાં નામાંકિત હતાં. આ વિહાર વલભીથી નજીક તળાજાનાં ડુંગરમાં હશે અને તે બંને વિદ્વાનો ઈ.સ.ની ચોથીસદીમાં થયા હશે. વલભીમાં સમ્મતિય નિકાયનો પ્રચાર વિશેષતઃ હતો.

વલભીના જમીન હવાપાણી અને લોકોની રીતભાત માલવદેશ જેવા જ હતાં. વસ્તી ગીચ હતી. ધર્મસ્થાન સમૃદ્ધ હતાં. ૧૦૦ કરતાં વધારે વેપારીઓ પાસે કરોડ કરતાં વધારે દ્રવ્ય હતું. નગરી ધાર્મિક અને વૈભવશાળી હતી. સેંકડો દેવાલયો અને બૌદ્ધવિહારો હતાં. અશોકે બંધાવેલા સ્તુપોથી તે સુશોભિત હતી અને તથાગતની મુલાકાતના સંભારણા ત્યાં સચવાય રહયા હતાં. અહીં અમલ ચલાવતો રાજા ક્ષત્રિય હતો. તેનું નામ ધ્રુવપટ્ટ (તુ–લુ–હો–પો–ટુ) હતું. તે માલવના અગાઉના રાજા શિલાદિત્યનો ભત્રીજો અને કાન્યકુબ્જના સમ્રાટ હર્ષવર્ધનનો જમાઈ હતો.[૯]

હયુએનસાંગે વલભીની મુલાકાત લઈ તેની સમૃદ્ધિથી આશ્ચર્યચકિત થયો હતો અને તેણે લખ્યું કે અહી દૂર દેશાવરની વિરલ અમૂલ્ય વસ્તુઓ પુષ્કળ પ્રમાણમાં આયાત થાય છે.

હયુએનસાંગ શિલાદિત્યના વિષયમાં લખે છે કે શિલાદિત્ય દરવર્ષે મોક્ષ મહાપરિષદ નામે એક સભાનું આયોજન કરતો તેમાં ચાર ક્ષેત્રમાંથી સાધુઓને આમંત્રિત કરતો અને

તેઓને ધર્મદાન તરીકે ચાર વસ્તુઓ આપતો. તે ત્રણ કપડાંઓની જોડીઓ આપતો અને સાત કિંમતી તત્વો અને ઝવેરાતો આપતો. આ શિલાદિત્ય પહેલો કે બીજો તેના વિશે સ્પષ્ટતા નથી. શિલાદિત્ય પહેલો ઈ.સ.૫૯૫ થી ૬૧૨ સુધી હતો તે હોવો જોઈએ.[૧૦]

ધ્રુવપટ્ટ પણ દરવર્ષે વિશાળ ધર્મસભા બોલાવતો અને સાતદિવસ સુધી કિંમતી રત્નો, ભોજન આપતો. સાધુઓને ત્રણ જોડી વસ્ત્રો અને ઔષધો આપતો અને કિંમતી સાતપ્રકારના રત્નોમાંથી બનેલી વસ્તુઓ આપતો. આ બધુ દાનમાં આપીને એ બધું પાછુ ડબલ કિંમત આપીને લઈ લેતો હતો.

આ ધ્રુવપટ્ટને હયુએનસાંગે ચપળ અને ઉતાવળિયા સ્વભાવનો કહયો અને એનું જ્ઞાન અને મૃત્સદીગીરી છીછરાં ગણાવ્યા હતાં.

આનંદપુર (ઓ–નં–તો–પુ–લો)

ગુજરાતના આનંદપુરના (વડનગર) નામો આ રીતે બદલાતા હાટકેશ્વર, ચમત્કારપુર, સ્કંદપુરનગર, આનર્તપુર, વૃદ્ધનગર અને છેવટે વડનગર થયું છે.

હયુએનસાંગ સિ–યુ–કી માં આનંદપુર વિશે લખે છે કે "આ દેશનો ઘેરાવો લગભગ ૨૦૦૦લી અને પાટનગરનો ઘેરાવો લગભગ ૨૦લી છે. એટલે કે આ પ્રદેશનો ઘેરાવો ૩૩૦ માઈલનો છે અને તેના મુખ્ય શહેર આનંદપુરનો ઘેરાવો લગભગ ૩ા માઈલનો છે. અહીં વસ્તી ગીચ છે અને લોકો સમૃધ્ધ છે અહીં કોઈ સ્થાનિક રાજકર્તા નથી. પણ આ પ્રદેશનો સમાવેશ માળવાના રાજયમાં થાય છે. માલની ઉત્પત્તિ, હવામાન, સાહિત્ય, કાયદાએ બધી બાબતમાં માળવા સાથે તેની સમાનતા છે. અહીં લગભગ ૧૦ સંઘારામ છે. તેમાં આશરે ૧૦૦૦ થી ઓછા બૌદ્ધાનુયાયીઓ વસે છે. તે હિનયાન સંપ્રદાયની સમ્મતિય નિકાય મુજબના સિદ્ધાંતોનો અભ્યાસ કરે છે. અહી બીજા પણ ઘણાં દેવમંદિરો છે અને જુદા જુદા ધર્મના અનુયાયીઓ ત્યાં દર્શને આવે છે."

હયુએનસાંગ વલ્લભીપુરથી ૧૪૦ માઈલ દૂર આવેલા આનંદપુર ગયેલો. આ આનંદપુર વડનગર નહિ પણ ચોટીલા પાસેનું આણંદપુર હોવાનું ડૉ.બર્જેસ (સ્ટીવન્સન તથા વિવિયન, સેન્ટ માર્ટીન) વગેરે માનતા હતાં. એમ સ્વ શંભુપ્રસાદ દેશાઈ લખે છે.[૧૧] પરંતુ હયુએનસાંગ ચોટીલાના આણંદપુર આવ્યો હશે. તેઓ મત માત્ર બર્જેશ એકલાં જ ધરાવતા હતાં. જયારે સ્ટીવન્સ, વીવિયન, દ સેન્ટ માર્ટીન, ડૉ.બુહલર અને ડૉ.ભાંડારકર તો આણંદપુરને હાલનું ઉત્તર ગુજરાતમાં આવેલા વડનગરને માનતા હતાં.[૧૨] આમ સૌરાષ્ટ્રના ઈતિહાસમાં પેજ નં.૧૬૦ ઉપર આ મંતવ્ય દોષ રહી જવા પામ્યો છે. તે સુધારી ઈતિહાસની સાચી સેવા કર્યોનો સંતોષ લઉ છું.

વલભીથી ચોટીલા પાસેનું આણંદપુર તો ૫૦ માઈલ જ દૂર છે. જયારે હયુએનસાંગે વલભીથી આનંદપુરના ૧૪૦ માઈલ બતાવ્યા છે. તેથી સ્પષ્ટ જ છે કે તે આનંદપુર ગુજરાતમાં

હશે.

આનંદપુર વિશે અન્યત્ર લખાયેલી વિગતો મુજબ તે બ્રાહ્મણતત્વનું વિખ્યાત કેન્દ્ર હતું. ચોટીલાના આણંદપુરમાં કે ગુજરાતના આણંદપુરમાં આવી પ્રતિષ્ઠા કયારેઈ પ્રાપ્ત થઈ ન હતી. અબુલફજલે પણ "આઈને અકબરી" માં લખ્યું છે કે વડનગર મોટું અને પ્રાચીન શહેર છે. અને મોટેભાગે બ્રાહ્મણોથી વસેલું છે આ બધી વિગતોથી પૂરવાર થાય છે કે હયુએનસાંગે બતાવેલ આનંદપુર વર્તમાન વડનગર હશે એમ મારું નમ્રપણે માનવું છે.

સુરઠ (સુ–લ–ચ)

હયુએનસાંગે ઈ.સ. ૬૪૦ની આસપાસ ગિરનારનો યાત્રાપ્રવાસ કર્યો હતો. તેણે આ રાજયનો ઘેરાવો ૪૦૦૦ લી અને પાટનગરનો ઘેરાવો ૩૦ લી બતાવ્યો હતો અને તેમાં વિપુલ પ્રમાણમાં જનસંખ્યા વસતી બતાવી છે પ્રજાને ધનિક કહી છે અને આ પ્રાંત વલભી રાજયને તાબે છે. શ્રી કનૈયાલાલ મુનશી પોતાના ગ્રંથ "ચક્રવર્તી ગુર્જરોમાં પે–૪૯ ઉપર હયુએનસાંગના પ્રવાસનું વર્ણન કરતાં લખે છે કે તે સૌરાષ્ટ્ર ગયો, ત્યાંના રહીશોને તેણે ધનિક અને સમૃદ્ધિવાન જોયા આ પ્રદેશ માલવને તાબે હતો. તેના પાટનગર પાસે ઉજજયંતગિરી હતો. તેમ લખ્યું છે. તેમાં હકીકત દોષ જણાય છે. શ્રી કનૈયાલાલ મુનશી જૂનાગઢ વલભી તાબાને બદલે માલવને તાબે બતાવી દીધું છે. હકીકતે તે જુનાગઢ વલભીના તાબે જ દેખાય છે.

સુરઠને વલભીથી પશ્ચિમે ૫૦૦ લી ના અંતરે બતાવ્યું છે. પણ તે નગરનું નામ બતાવતો નથી. પરંતુ જૂનાગઢનું સ્થાન વલભીથી પશ્ચિમે ૮૭ માઈલ છે. તે હયુએનસાંગે જણાવેલા અંતરનું સમર્થન કરે છે. તેથી તે ગિરીનગર કે જૂનાગઢ જ હોવું જોઈએ. સુરઠની જમીન ખારાશવાળી અને ફળફુલ થોડાં થાય છે એમ લખે છે. આબોહવા સમ છે. છતાં વાવાઝોડાં બંધ રહેતાં નથી. **લોકોની રીતભાત તમા વિનાની અને ઉદાસીન છે. તેઓ હળવી અને ક્ષુલ્લક પ્રકૃતિના છે. તેઓને વિદ્યાતરફની પ્રિતી નથી.**[૧૩] તેઓ સદધર્મ (બૌદ્ધ) તથા પાખંડ (હિંદુ જૈન) ને પણ અનુસરે છે અહીં લગભગ ૫૦ જેટલાં સંઘારામો છે. તેમાં લગભગ ૩૦૦૦ ભિક્ષુઓ રહે છે. તેઓ બહુધા મહાયાન સંપ્રદાયના સ્થવીર નિકાયને અનુસરે છે. આ સિવાય ૧૦૦ જેટલાં વિવિધ સંપ્રદાયના દેવમંદિરો છે. આ રાજય પશ્ચિમ સમૃદ્રના તટે છે. લોકોનો મુખ્ય વ્યવસાય વેપાર છે. નગરથી થોડેક દૂર ઉજજયંત (યુહ–જેન–તો) નામનો પર્વત છે. તે પર્વત ઉપર એક સંઘારામ આવેલો છે. તેના ઉપર એક મઠ છે. પરંતુ ગિરનારની ટૂંક ઉપર એવા કોઈ પ્રાચીન વિહારના અવશેષો ઉપલબ્ધ છે નહીં. આ મઠ કે વિહારએ ઉપરકોટની ગુફામાં હોવાનું વિદ્વાનો અનુમાન કરે છે. પર્વત ની આસપાસ ઝરણાંઓ વહે છે. તથા પર્વતની આજુબાજું ગાઢ જંગલ છવાયેલું છે. આ નગરમાં અદ્વિતિય શકિત ધરાવતા ઋષિઓ એકત્રિત થાય છે. મારા મત મુજબ કદાચ આ ઋષિઓ કે સાધુઓ વિશે હયુએનસાંગે જે સિ–યુ–કી માં

સાતમી સદીમાં નોંધ્યું છે. તે અનુસંધાને એમ કહી શકાય કે મહાશિવરાત્રીનો મેળો ૧૪૦૦ વર્ષથી પણ વધારે સમય પહેલાથી ભરાતો હશે. જેથી ઋષિઓ, સાધુઓ માટે ગિરનાર આકર્ષણનું કેન્દ્ર રહયો હશે.

ભિન્નમાલ (પી–લો–મો–લો)

હયુએનસાંગ ભિન્નમાલને (પી–લો–મો–લો) ગુર્જરની રાજધાની કહે છે. ઈ.સ. ૬૪૧માં હયુએનસાંગ ગુર્જરદેશની આ રાજધાની જોવા આવ્યો હતો.

શ્રીમાળપુરાણમાં લખ્યું છે કે ભિન્નમાલનગર સતયુગમાં શ્રીમાળ, ત્રેતાયુગમાં રત્નમાળ અને દ્વાપરયુગમાં પુષ્પમાળ ઓળખાતું અને કળીયુગમાં ભિન્નમાલને નામે ઓળ ખાશે શ્રીમાળપુરાણમાં બીજી એક એવી કથા પણ છે કે લક્ષ્મીને આ સ્થળે પોતાના સાચા સ્વરૂપનો સાક્ષાત્કાર થયો એટલે દેવોએ તેને ફૂલની માળાથી છાઈ દીધું. તે પરથી તેનું નામ શ્રીમાલ પડયું.

લાવણ્ય સમય કૃત "વિમલપ્રબંધ"માં ભિન્નમાળને સતયુગમાં પુષ્પમાળ અને ત્રેતામાં રત્નમાળ અને દ્વાપરમાં શ્રીમાળ અને કળીયુગમાં ભિન્નમાલ એ ઓળખાયું એમ લખ્યું છે.

શ્રીમાળનગરની આસપાસ સુવર્ણાદી રત્નોની ખાણો હતી. તેથી તે કદાચ તેને ત્રેતાયુગમાં રત્નમાળ કહેવામાં આવતું હશે. એમ મારું માનવું છે.

ભિન્નમાળના આદિમવાસીઓ અથવા સત્તાધીશો ભીલો હતાં. તેથી કદાચ તે પ્રદેશનું નામ ભિન્નમાલ પડયું હશે એમ કહેવાનું પણ હું રોકી શકતો નથી.

જયોતિષી બ્રહ્મગુપ્તે 'બ્રહ્મસ્ફુટ સિદ્ધાંત" ગ્રંથ ઈ.સ.૬૨૮માં અહીં પૂરો કર્યો હતો. તે પોતાને ભિલ્લમલ્લામાચાર્ય કહે છે. હયુએનસાંગ ભિન્નમાલ આવ્યો ત્યારે વ્યાઘ્રમુખ ચાંપવંશીય રાજા કે તેના પુત્ર ગાદીએ હશે. જોકે શ્રી દુર્ગાશંકરશાસ્ત્રી તે મત સ્વીકારતા નહોતા. કારણકે ભિન્નમાલમાં તો ગુર્જરોનું જ રાજય હોવાનું તેઓ માને છે. અને ભિન્નમાલ જે લગભગ ૬ થી ૯મી સદી સુધી ગુર્જરોનું પાટનગર હતું.

નર્મદા અને મહી અને કોઈકવાર તાપી અને ખેડા સુધીના વિસ્તાર મર્યાદિત થતાં ગુર્જર રાજવંશીઓના તામ્રપત્રો મળ્યા છે. તેમાં દદ પહેલો, ઈ.સ.૫૮૭ જયભટ ઈ.સ. ૬૦૫ દદબીજો ઈ.સ.૬૩૩ જયભટ ઈ.સ.૬૫૫ દદત્રીજો ઈ.સ.૬૮૦એ રાજાઓના નામ મળે છે. આ તામ્રપત્રોથી શ્રી દુર્ગાશંકર શાસ્ત્રીનો ઉપરોકત મત સાચો પડેલો જણાય છે.

હયુએનસાંગે ભિન્નમાલ વિશે લખ્યું કે ભિન્નમાલ વલભીથી ઉત્તર તરફ લગભગ ૧૮૦૦ લી ના અંતરે કૌશેલોની (ગુર્જર) રાજધાની હતી. તે પ્રદેશનો ઘેરાવો ૫૦૦૦ લી હતો. તેની રાજધાનીનો ઘેરાવો ૩૦ લી હતો. ત્યાંનો રાજા જુવાન ક્ષત્રિય હતો તેની ઉંમર ૨૦ વર્ષની હતી તે જ્ઞાન માટે સુવિખ્યાત અને હિંમતબાજ હતો. તેને બુદ્ધશાસન પર ઊંડી આસ્થા

હતી અને પ્રસિદ્ધ સાર્મથ્યવાળા માણસોને ઘણું માન આપતો હતો. [૧૪]

હયુએનસાંગના કહેવા પ્રમાણે ભિન્નમાલ મુખ્યત્વે વિદ્યાનું ધામ હતું. ભિન્નમાલની નીપજ અને લોકોની રહેણીકરણી સૌરાષ્ટ્ર જેવી જ હતી. લોકો આબાદ હતાં. પાટનગરમાં બ્રાહ્મણધર્મનું જોર વિશેષ હતું. અને બૌદ્ધવિહાર એક જ હતો. તેમાં માત્ર હિનયાનના ૧૦૦ ભિક્ષુઓ રહેતાં હતાં. બાકી વિધર્મીઓની સંખ્યા ઘણી હતી અને બ્રાહ્મણોના દેવમંદિરો પણ ઘણાં હતાં. જેમાં ભિન્ન–ભિન્ન સંપ્રદાયના અનુયાયીઓ વાસ કરતાં હતાં.

ઉજ્જૈન

હયુએનસાંગ ઉજ્જૈનનો ઘેરાવો ૬૦૦૦લી જેટલો જણાવે છે. તે ગુર્જરની દક્ષિણપૂર્વમાં આવેલું બતાવે છે. હયુએનસાંગની નોંધ પ્રમાણે ઉજ્જૈનનો રાજા બ્રાહ્મણ હતો. તેમજ પરમાર અને ચાહમાનના આદિપુરૂષો પણ બ્રાહ્મણ હતાં. [૧૫] ઉજ્જૈન આખા પશ્ચિમ ભારતનાં બૌદ્ધિક કેન્દ્ર તરીકે ચાલું જ રહયું હતું અને નગરી સરસ્વતીનું ધામ હતું. ઉજ્જૈનમાં બન્ને યાનના ભિક્ષુઓ વસતાં હતાં.

હયુએનસાંગ, હર્ષવર્ધન અને પુલકેશી બીજો

હયુએનસાંગનો મુખ્ય આશ્રયદાતા હર્ષવર્ધન હતો. તેણે હર્ષવર્ધનની ખૂબ પ્રશંસા કરી છે. હર્ષવર્ધન વિશે જે કાંઈ જાણવા મળે છે તેમાંનું ઘણુંખરું હયુએનસાંગના યાત્રા વિવરણમાંથી જાણવા મળે છે. હર્ષવર્ધન અને હયુએનસાંગની મુલાકાત પશ્ચિમ બંગાળમાં થઈ ત્યારે તે હયુએનસાંગના સત્સંગથી એટલો બધો પ્રભાવિત બન્યો કે તેનું સન્માન કરવા માટે કનોજમાં એક સભા બોલાવી. તેમાં ૨૦ કરદરાજા અને ૪૦૦૦ બૌદ્ધભિક્ષુઓ અને લગભગ ૩૦૦૦ જૈન અને કટ્ટર બ્રાહ્મણો પણ સામેલ થયાં હતાં.[૧૬]

હયુએનસાંગે નોધ્યા મુજબ હર્ષ ધર્મ અને વિદ્યાનો અનુરાગી હતો. તેના પિતા આદિત્ય ભકત હતાં. તેના ગુરૂ શાકત (બૌદ્ધ) હતાં. પોતે પરમ માહેશ્વર કહેવાતો. તેમ છતાં તેણે હયુએનસાંગ સત્સંગથી પ્રભાવિત થઈ બૌદ્ધ ધર્મનો સ્વીકાર કર્યો હતો. હર્ષ અનેક મહત્વના વ્યવસાયોમાં ગુંથાયેલો છતાં પોતે પરમ વિદ્વાન નાટયકાર અને કવિ લેખકોનો આશ્રયદાતા હતો. તે નીતિનિયમોને આચરણમાં ઉતારનારો એકપત્નિવાળો હતો. તેણે મધમાંસનો ત્યાગ કર્યો હતો.

હર્ષવર્ધન ખૂબ પરિશ્રમી હતો. તે સમયે સમયે પોતાના રાજયમાં ફરીફરીને પોતાના શાસનની દેખરેખ રાખતો હતો. પોતાના સમયનો ૨/૩ ભાગ ધાર્મિકકાર્યો પાછળ ગાળતો હતો. તેના શાસનકાળમાં બળવાઓ ઓછા થતાં અપરાધો પણ ઓછા થતાં અને થાય તો તેને શારીરિક દંડ દેવામાં આવતો. હર્ષવર્ધન સહિષ્ણું રાજવી હતો. પોતે બૌદ્ધધર્મ પાળતો હોવા

છતાં પ્રયાગ સંમેલનમાં બુદ્ધનીપૂજા સાથે શિવ અને વિષ્ણુની પૂજા કરી હતી અને પાંચસો બ્રાહ્મણોને મહાભોજન આપ્યું હતું.

હર્ષે પ્રયાગ સમેંલનમાં (ઈ.સ.૬૪૩) પાછલા છેલ્લા પાંચવર્ષનો ખજાનો દાનમાં આપી દીધો હતો. ત્યાં સુધીકે તેણે પોતાના વસ્ત્રો અને આભૂષણો દાનમાં આપી દીધા અને પછી પોતાની બહેન રાજયશ્રી પાસેથી સાધારણ જૂનાં વસ્ત્રો લઈ ધારણ કર્યા હતાં. ડૉ.રાધાકુમુદ મુકરજી અનુસાર દાનશીલતાનું આ અદ્વિતિય ઉદાહરણ માનવામાં આવે છે.

હર્ષવર્ધનની પુત્રીના લગ્ન વલભી રાજા ધ્રુવસેનબીજા સાથે થયાં હતાં. તે પણ હયુએનસાંગના અહેવાલમાંથી ખ્યાલમાં આવે છે.

હયુએનસાંગે હર્ષની રાજધાની કનોજનું પણ વર્ણન કર્યુ છે. કનોજ ૮ કિ.મી. લાંબુ અને ૨ કિ.મી. પહોળાઈમાં વસેલું હતું. ત્યાંના ભવનો સ્વચ્છ અને સુંદર હતાં. નગરમાં સૌથી વધુ વિહારો હતાં. લગભગ ૨૦૦ હિંદુ મંદિરો હતાં. અને વિહારોમાં દશહજાર ભિક્ષુઓ વસતા હતાં કનોજમાં હિદુંઓ અને બૌદ્ધ બનેં ધર્મના અનુયાયીઓ રહેતા હતાં. નગરમાં સુંદર બગીચો અને સ્વચ્છ તળાવ હતું આ સમયે પાટલીપુત્ર ઉજજડ થઈ ગયું હતું. કનોજનું સ્થાન મુખ્ય હતું.

હયુએનસાંગ ચૌલુકય રાજાની સભામાં ગયો હતો અને તે દેશનું વર્ણન કર્યુ છે. હયુએનસાંગ લખે છે કે હર્ષ દ્વારા જે પ્રદેશો ઉપર આક્રમણ કરાયેલું હતું તેમાંથી માત્ર મો–હા–લા–ચ (મહારાષ્ટ્ર) એકલાં એજ તેના ખંડિયા બનવાનો વિરોધ કર્યો હતો.[૧૭] પુલકેશીબીજો (ઈ.સ. ૬૧૦ થી ૬૪૨) જે દક્ષિણ ભારતનો સમ્રાટ બનવાના પ્રયત્ન કરી રહયો હતો. ત્યારે હર્ષવર્ધન અને પુલકેશીબીજા વચ્ચે ઈ.સ.૬૩૦ થી ૬૩૪ વચ્ચેના સમયમાં યુદ્ધ થયું હતું. ત્યારે જ હયુએનસાંગ ભારતમાં પ્રવાસ કરી રહયો હતો અને હર્ષવર્ધનનો આશ્રિત હોવા છતાં તે હર્ષવર્ધનના કટ્ટર પ્રતિસ્પર્ધી પુલકેશીબીજા વિશે લખે છે કે તે ક્ષત્રિય છે. તેનું નામ પુ–લો–કે–શ છે. તેના વિચાર અને કાર્ય ઉદાર છે. તેના ઉપકારના કામોના લાભો દૂરદૂર સુધી પહોંચે છે.

પુલકેશીની શકિત અને ગુણો તથા ત્યાંની પ્રજાની વીરતાની પણ પ્રશંસા કરે છે. પુલકેશીની જનતા પણ ઈમાનદાર અને સરળ છે. ત્યાંના લોકો લાંબા રૂષ્ટપુષ્ટ અને સ્વભાવે બદલો લેનારા લખ્યાં છે. તેઓ પોતાના શુભેચ્છકોના આભારી અને દુશ્મનોના ઘોર શત્રુ છે. પુલકેશીની જનતા બીજાના કષ્ટોમાં મદદ કરનારી છે. તેને મદદ કરતાં કરતાં એ પોતાની જાતને ભૂલી જતા હતાં એમ હયુએનસાંગે લખ્યું છે. [૧૮]

હયુએનસાંગે મહારાષ્ટ્રના લોકોમાં ઈમાનદારી અને અધ્યવ્યવસાયના જે ગુણો જોયા હતાં જે હજુ સુધી જાળવી રાખ્યાં છે. તેમ કે.એમ. પણિકકર નોંધે છે. [૧૯] હર્ષવર્ધન અને પુલકેશી એકબીજાના કટ્ટર શત્રુ હતાં અને એકબીજાને કાંટાની જેમ ખટકતાં હતાં. અને હયુએનસાંગને હર્ષવર્ધને ખૂબ માન આપ્યું હતું. તથા મોટો બનાવ્યો હતો. તે બૌદ્ધધર્મનો પ્રચારક

પણ બન્યો હતો. તેમ છતાં હર્ષના કટ્ટરશત્રુ વિશે હયુએનસાંગે પોતાના પ્રવાસગ્રંથમાંથી તેની પ્રશંસાની વિગતોને બાકાત રાખી નથી. એટલે તેનાં પરથી એમ લાગે કે હયુએનસાંગે કાંઈ પક્ષપાતી વર્તન બતાવ્યું લાગતું નથી અને બીજાની સારી નરસી પ્રશંસાઓ લખી છે. આ સિવાય હયુએનસાંગે પોતાના યાત્રાવૃતાંતમાં સાતવહન રાજાના મિત્ર અને બૌદ્ધિસત્વ નાર્ગાજુન (ઢાંકના નાર્ગાજુન જેઠવા) જે આર્યુવેદ અને રસાયણશાસ્ત્રમાં નિષ્ણાંત હતાં. તેનું બહુમાન પૂર્વક સ્મરણ કર્યુ છે. [૨૦] હયુએનસાંગ તેના જ્ઞાનથી પ્રભાવિત થયો હશે.

હયુએનસાંગ અને નાલંદા વિદ્યાપીઠ

હયુએનસાંગે જ્ઞાનવિદ્યાઓની અનેક શાખાઓની ઉપાસના માટે મશહૂર એવી નાલંદા વિદ્યાપીઠમાં ૫ વર્ષ સુધી રહીને અભ્યાસ કર્યો હતો. નાલંદા વિશ્વવિદ્યાલય મગધના રાજા શક્રાદિત્યે બનરાવ્યું હતું અને બુદ્ધના નિર્વાણ પછી, પહેલાના આ દેશના રાજા શક્રાદિત્યે એક સાધનાના માધ્યમનો આદર કરીને એણે ત્રણ કિંમતી વસ્તુને આદરપાત્ર ગણીને માન સહિતમઠ બાંધ્યો. રાજાના પુત્રના અનુગામી બુદ્ધગુપ્તે પોતાના પિતાનું એ કામ ચાલુ રાખ્યું. અને આ મઠની દક્ષિણમાં બીજો એક મઠ બાંધ્યો એની પૂર્વમાં આ રાજા તથાગતગુપ્તે ત્રીજો મઠ બાંધ્યો અને આનાથી ઉત્તરપૂર્વમાં બલાદિત્યે ચોથો બાંધ્યો. આ મઠની પશ્ચિમમાં બલાદિત્યના પુત્ર વજ્રે બીજો મઠ બાંધ્યો...અને આની ઉત્તરમાં મધ્ય ભારતના એક રાજાએ મોટા મઠનું સર્જન કર્યું. તેના પાછળનાં રાજાઓએ પણ તેને સહાયતા આપી હતી. હયુએનસાંગે નાલંદાનું વર્ણન કર્યુ છે કે આખી વિદ્યાપીઠને ફરતો ઈંટોનો કિલ્લો હતો. એક દરવાજાથી આપણે મોટા વિદ્યાલયમાં પહોચતા જયાંથી અલગ અલગ પ્રશાલાના માર્ગ જતાં હતાં. જે વચ્ચોવચ બનેલાં હતાં. ઉચ્ચશ્રેણીઓના વિદ્યાર્થીઓ માટે મોટો ઓરડો અને નીચી શ્રેણીના માટે નાનો ઓરડો અપાતો. બહારના ભાગમાં પુરોહિતના નિવાસસ્થાનો હતાં. વિદ્યાપીઠમાં દરેક વિષયનો પ્રકાંડ વિદ્વાન અધ્યાપક વિદ્યાર્થીઓના મગજમાં જબરદસ્તીથી શીખવાડવાં કરતાં માનસિક વિકાસ તરફ વધારે ધ્યાન આપતો. તેઓ સુસ્ત વિદ્યાર્થીઓને સરસ રીતે ભણાવતાં અને મંદબુદ્ધિને તિક્ષ્ણ બનાવી દેતા. આ વિદ્યાપીઠમાં દૂરદૂર દેશાવરનાં ખૂણેખૂણામાંથી વિદ્યાર્થીઓ આવતાં હતાં ૧૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને સાધુઓ ત્યાં રહેતા હતાં. હયુએનસાંગે અહીં જ વિદ્યાપીઠમાં આગળ જઈ ન્યાયના આચાર્યની ઉપાધિ મેળવી એ વિદ્યાપીઠનો ઉપાચાર્ય બન્યો હતો.[૨૧]

નાલંદા વિદ્યાપીઠમાં દાખલ થવાની પરીક્ષામાં દશમાંથી સાત આઠ વિદ્યાર્થીઓ નિષ્ફળ જતાં હતાં. દ્વારમાં પ્રવેશતાં જ દ્વારપાળ કેટલાંક પ્રશ્નો પૂછતો તે ન આવડતાં કેટલાંક તો ત્યાંથી જ પાછા વળી જતાં હતાં. વિદ્યાપીઠના નિયમો ખૂબ કડક હતાં.

હયુએનસાંગે જણાવ્યાં પ્રમાણે સાધુઓ માટે પણ નાલંદાના નિયમો કડક હતાં. સાધુઓના વ્યવહાર શુદ્ધ અને શંકારહિત હતાં. તે વધુમાં જણાવે છે કે ૭૦૦ વર્ષના સમયગાળ

ામાં તે નિયમોનો વિરોધ કરતો એકપણ કિસ્સો કે ઘટના બની નથી.

આ વિદ્યાપીઠના નિભાવ માટે ૨૦૦ ગામડાંઓ આપવામાં આવ્યાં હતાં. વિદ્યાર્થીઓને મફત શિક્ષણ આપવામાં આવતું હતું. આ વિદ્યાપીઠની પ્રતિષ્ઠા ૭૦૦ વર્ષથી એવીને એવી રહી હતી. નાલંદા વિદ્યાપીઠમાં જુદા જુદા નગરોના વિદ્વાન લોકો ત્યાં જઈ પોતાના સંશય દૂર કરી વાદવિવાદ વાદ વિશારદ તરીકે ખ્યાતિ પામતાં અને વિદ્યાપીઠને નામે સર્વત્ર માન મેળવતાં.

હયુએનસાંગે આ વિદ્યાપીઠમાંથી સુત્રો અને શાસ્ત્રોના લગભગ ૪૦૦ પ્રકરણોની (ગ્રંથો) નકલ કરી હતી. આ સુત્રો અને શાસ્ત્રોમાં વિદ્યામંત્ર, સિદ્ધિશાસ્ત્ર, મુલાભિધર્મશાસ્ત્ર, સાધર્મ સંપરિગ્રહશાસ્ત્ર, પ્રશિકાસા સત્યશાસ્ત્ર, મહાયાન પરિગ્રહ વગેરેનો સમાવેશ થતો હતો.

કનોજનું ધાર્મિક સંમેલન

ઈ.સ. ૬૪૩ માં હર્ષવર્ધને પોતાની રાજધાની કનોજમાં એક ધાર્મિક સંમેલન બોલાવ્યું હતું. હયુએનસાંગે મહાયાનશાખા ઉપર એક ગ્રંથ લખ્યો હતો. તે હર્ષવર્ધન અને રાજયશ્રીને સંભળાવ્યો ત્યારે તે બન્ને ભાઈબહેન મહાયાન શાખા પ્રત્યે શ્રદ્ધાળુ બન્યા અને હયુએનસાંગની વિદ્વતા જોઈને કનોજમાં બોલવેલા ધાર્મિક સંમેલનમાં હયુએનસાંગને તેનો અધ્યક્ષ બનાવ્યો.

આ સમેંલનનો હેતુ મહાયાન સંપ્રદાયનો વિકાસ અને પ્રચાર કરવાનો હતો. આ સમેંલનમાં સર્વધર્મના વિદ્વાનોને બોલાવવામાં આવ્યા હતાં. તેમાં અઢાર સામંતરાજાઓ ૩૦૦૦ બૌદ્ધશ્રમણો ૩૦૦૦ બ્રાહ્મણો, નાલંદાના ૧૦૦૦ શ્રમણો અને અનેક નિગ્રંથ વિદ્વાનો પણ આવ્યા હતાં.

આ સંમેલનમાં દરરોજ શાસ્ત્ર ચર્ચાઓ હયુએનસાંગની અધ્યક્ષતામાં થતી દરરોજ મહાયાન મતને લગતો એક વિષય જાહેર થતો ત્યારે હયુએનસાંગે જાહેરાત કરી હતી કે મારા મતનું ખંડન કરી આપનારને હું મારું મસ્તક આપી દઈશ. શ્રી અચ્યુતાનંદ ઘિડીયાલ લખે છે કે "હર્ષે ત્યારે જાહેરાત કરીકે સત્યને સદા અસત્ય દ્વારા ઢાંકવાનો પ્રયત્ન થતો હોય છે. જો કોઈ અહીં સત્યને ઢાંકશે કે મહાત્માને હાની પહોંચાડશે કે ષડયંત્રો રચશે તો તત્કાળ તેની ગરદન કાપી નંખાશે અને જે વિરૂધ્ધ કાંઈ બોલશે તેની જીભ કાપી ફેંકી દેવાશે. જે લોકો મહાત્માના ઉપદેશમાં શ્રદ્ધા બતાવી વિશ્વાસ વ્યકત કરે છે. તેને રાજયની આ જાહેરાતથી ડરવું ન જોઈએ."

કનોજના ધાર્મિક સંમેલનમાં બૌદ્ધધર્મના બ્રાહ્મણો પ્રતિદ્વન્દીઓને સ્વતંત્રરૂપમાં સામેલ થવા અને વાદવિવાદમાં સક્રિય ભાગ લેવા ઉપર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો હતો. આ પ્રતિબંધથી બ્રાહ્મણોએ ઉશ્કેરાઈને પંડાલ અને અસ્થાયી વિહારમાં આગ લગાડી દીધી અને હર્ષ ઉપર છરીથી હુમલો પણ કર્યો હતો.

આ ધાર્મિક મહોત્સવ કુલ ૨૩ દિવસ ચાલ્યો હતો. આ સમેંલનના અંતે હર્ષે મહાયાન ધર્મનો સર્વશ્રેષ્ઠ જાહેર કર્યો અને હયુએનસાંગનું દબદબાપૂર્વક સન્માન કરી નગરમાં ફેરવ્યો હતો. તેથી તેની ભારત બહારના દેશોમાં પણ ખ્યાતિ વધી હતી. આ સમેંલનમાં હયુએનસાંગને

૧૦,૦૦૦ સોનાની મુદ્રાઓ ૩૦૦૦ ચાંદીની મુદ્રાઓ અને સેંકડો બહુમૂલ્ય વસ્ત્રોની ભેટ હર્ષવર્ધને આપી હતી. આ સિવાય અન્ય રાજાઓએ પણ ભેટ આપી હતી.

કનોજના ધાર્મિક સમેંલનના પ્રસંગે ત્યાં એક વિશાળ અસ્થાયી વિહાર અને બુદ્ધની એક સોનાની મૂર્તિ લગભગ ૩૦ મીટર ઊંચા સ્તંભ ઉપર મૂકવામાં આવી હતી.

રાજકીય સ્થિતિ

હયુએનસાંગ ભારતમાં આવ્યો ત્યારે અહીં બે સમ્રાટો હતાં. એક ઉત્તરનો હર્ષવર્ધન અને બીજો પુલકેશીબીજો. હયુએનસાંગ આવ્યો ત્યારે હિંદમાં ૮૦ રાજયો હતાં. આ પ્રદેશો કે રાજયોના નામ "બુદ્ધિસ્ટ રેકોર્ડસ ઓફ ધી વેર્સ્ટન વર્લ્ડ" બીલકૃતમાં પે–૫૬–૬૮માં આપેલા છે. હર્ષવર્ધને પોતાના દિવસને ત્રણભાગમાં વહેંચ્યો હતો. જેથી કામ સમયસર થઈ શકે. પહેલાં ભાગમાં તે પ્રશાસનકાર્ય અને બીજા બે ભાગમાં ધાર્મિકકાર્યમાં રત રહેતો હતો. લોકકલ્યાણના કાર્યોમાં તે પોતાની ઉંઘ અને ભૂખ પણ ભૂલી જતો હતો.

હયુએનસાંગે હર્ષનું શાસનપ્રબંધ સુવ્યવસ્થિત અને સુગઠિત ઉલ્લેખ્યું છે. પ્રજા સુખી અને સમૃદ્ધ હતી.

રાજતંત્ર ઉદાર સિદ્ધાંતો પર રચાયેલું હોવાથી વહીવટીતંત્ર સાદું હતું. વહીવટનું ખર્ચ ઓછું હતું. લોકો પાસે વેઠ કરાવવામાં આવતી નહીં. કરનો બોજો પણ બહુ ઓછો હતો. વેપારીઓ ધંધા રોજગાર માટે એક સ્થળેથી બીજા સ્થળે વિનારોકટોકથી જઈ શકતાં હતાં.

સ્મૃતિઓએ દર્શાવ્યા હોય એથી વિશેષકર ભાગ્યે જ રાજા લેતો હતો. આ વિધાનની પુષ્ટી મળે છે કે ક્ષત્રપ રૂદ્રદામને પણ ગિરનારમાં સુદર્શન તળાવ કરાવ્યાં પછી પ્રજા પાસેથી કોઈ ખાસ કર લીધો ન હતો. કે વેઠ કરાવી ન હતી.

રાજયસંબંધી બધા જ કાર્યોનું રજીસ્ટરમાં રેકર્ડ રાખવામાં આવતું હતું. હર્ષવર્ધને રેકોર્ડ તથા પુરાલેખોને એક અલગ જ વિભાગ ખોલી દીધો હતો. રાજય તરફથી જનકલ્યાણકારી કાર્યો તરફ વિશેષ ધ્યાન આપવામાં આવતું હતું.

હર્ષના શાસનકાળમાં રસ્તાઓ સુરક્ષિત ન હતાં. રસ્તામાં ચોરલુંટારાઓ પ્રવાસીઓને લુંટી લેતા હતાં સ્વયં હયુએનસાંગને બે વાર લુંટી લીધો હતો.

સામાજિક સ્થિતિ

હયુએનસાંગના સિ–યુ–કી નામના યાત્રા વિવરણગ્રંથમાંથી તત્કાલીન ભારતીય સામાજિક પરિસ્થિતિનો ચિતાર મળી રહે છે.

હયુએનસાંગના અનુસાર જાતિવ્યવસ્થા કડક બની ગઈ હતી. હયુએનસાંગ લખે છે કે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર નામના ચાર વર્ણો હતાં. તે લખે છે કે ઘણાં એવા વર્ગો છે કે

જેઓ પોતાને આ ચાર વર્ણમાંથી કોઈપણ વર્ણમાં પોતાને માનતા નથી.[૨૨] અનુલોમ અને પ્રતિલોમ વિવાહથી ઉત્પન્ન થયેલ સંતાનોની ગણના તેણે પાંચમાં વર્ગમાં કરી હતી. હયુએનસાંગે બ્રાહ્મણ, ક્ષત્રિયને પવિત્ર ગણ્યાં હતાં. અને લખ્યું કે તેઓ થોડોક પણ દેખાવ કરતા નથી તેનુ જીવન સરળ અને સાદું અને મિતવ્યયી છે.

હયુએનસાંગના અહેવાલથી ખ્યાલ આવે છે કે તે સમયે બાળલગ્નોનું પ્રચલન હતું. દા.ત. રાજયશ્રીના લગ્ન ખૂબ જ નાની વયે થયા હતાં. સતીપ્રથાનું પણ પ્રચલન હતું. હર્ષની માતા સતી થઈ હતી રાજયશ્રી પણ પોતાના પતિ પાછળ સતી થવાની હતી. પણ હર્ષે તેને બચાવી લીધી હતી.

સ્ત્રીઓમાં પડદાંપ્રથા ન હતી. હર્ષની માતા અને બહેન રાજદરબારીઓને મળતાં હતાં. તેવું હયુએનસાંગે નોધ્યું છે.[૨૩] રાજયશ્રી હયુએનસાંગને મળી હતી. જયારે હુણ મિહીરકૂળ હારીને પકડાય ગયો ત્યારે બાણાદિત્યની રાજમાતા તેને મળવા આવી હતી. આંતરજાતિય વિવાહનું પ્રચલન ન હતું. બહુપત્નીત્વ પ્રથા હતી. વિધવા વિવાહ થતાં નહીં. કોઈ સ્ત્રીબીજા લગ્ન કરતી નહી.

તેના અનુસાર સામાન્ય પ્રજા મોજીલી હોવા છતાં પ્રમાણિક અને આબરૂદાર હતી. નાણાના વ્યવહારમાં સરળ હતાં. છેતરપીડી કે દગો કરતા નહીં. લોકો શિષ્ટાચારની બાબતમાં કાળજીવાળા હતાં. માતાપિતા વડીલો શિક્ષકો અને બ્રાહ્મણોને આદર આપતા હતાં. ચોકક્સ વ્યકિતને કેવો આદર આપવાનો છે. તેને અનુલક્ષીને નવ પ્રકારના જુદા જુદા નમસ્કારો હતાં.[૨૪]

મૃતદેહોનો નિકાલ મુખ્યત્વે ત્રણ રીતે કરવામાં આવતો હતો. એક અગ્નિદાહ બીજું જળસમાધિ ત્રીજું જંગલમાં પ્રાણીપશુ માટે મૂકી દેવો જયાં મૃત્યુનો પ્રસંગ બનતો તે કુટુંબના લોકોને અશુદ્ધ ગણવામાં આવતા. અને જયાં સુધી વિધિ પતી ન જાય ત્યાં સુધી તેમની સાથે કોઈ ભોજન લેતું નહીં.[૨૫]

હયુએનસાંગ જણાવે છે કે કોઈ બિમાર પડતાં તેનો ખોરાક સાતદિવસ કાપી નાખવામાં આવતો હતો. આ સમયગાળા દરમ્યાન દર્દી મોટે ભાગે સાજો થઈ જતો અને ફરી પાછી તંદુરસ્તી ન આવે તો દવા લેતો. આ દવાઓ વિવિધ પ્રકારની હતી. દરેક દવાના વિશિષ્ટ નામો હતાં. હયુએનસાંગ લખે છે કે લોકો પોતાની જાતે શુદ્ધ રહેતા, કોઈ બળજબરીથી નહી.

લોકોનું જીવન સાદું અને સાત્વિક હતું. દરેક ભોજન પહેલાં તેઓ સ્નાન કરતાં. જે કાંઈ વધતું તે બીજીવાર પીરસવામાં આવતું નહી જે વાસણો માટીના કે લાકડાંના હતાં. તે એક વખત ઉપયોગ કરી ફેકી દેવામાં આવતા હતાં. જે વાસણો સોનું, ચાંદી, તાંબુ કે લોખંડના હતાં તેને સાફ કરી ફરી ઉપયોગમાં લેવામાં આવતા હતાં. જમ્યા પછી તેઓ દાંતણ ચાવતા માંસ મદિરા, લસણ, ડુંગળી જેવી વસ્તુઓને તેમણે ત્યાગી હતી. જે લોકો માંસ ખાતા તેના ઉપર પણ બળદ, કૂતરો, ગધેડો, વાંદરાનું માંસ ખાવા પર પ્રતિબંધ હતો. આ પશુઓનું માંસ ખાઈ તેને જાતિ બહાર મૂકી દેવામાં આવતો. ઘઉં, ખાંડ, ઘી, દૂધના પદાર્થો, શાકભાજી અને ફળો તેમનો

મુખ્ય આહાર હતો. ખાસ અવસરો એ અમુક લોકો માછલી, હરણ, બકરીનું માંસ ખાતા હતા.

હયુએનસાંગે મકાનો કપડાંઓ, અલંકારો વગેરેની પણ વિગતો નોંધી છે. તે લખે છે કે મકાનોને બાલ્કનીઓ હતી. ઉચ્ચવર્ગ સારા કપડાં પહેરતો તેઓના કપડાં વિવિધ સામગ્રીમાંથી બનતાં હતાં. હયુએનસાંગે રૂ, રેશમ અને ઉનના કપડાંના વર્ણન કર્યા છે. કપડાંને તે ચાર જૂથમાં વહેંચે છે. એ દર્શાવે છે કે કપડાંઓની સામગ્રીના નામ આ પ્રમાણેના હતાં કીઓશેએ (કોશેય) ટી–હ (મસલીન) કેલીકો(પુ)

જૂના સમયથી પુરૂષેના કપડાં ધોતી દુપટ્ટાઓ અને પાઘડીઓ હતી. હયુએનસાંગ જણાવે છે કે તેઓનાં અંદર બહારના કપડાં સીવેલાં ન હતાં. અને તેઓનાં કપડાં ફેશનવાળા પણ ન હતાં. [૨૬] સ્ત્રીઓ સાડી પહેરતી રાજા અને રાણીઓના કપડાં અને ઘરેણાં ખૂબ અસધારણ હતાં. માથા ઉપર કિંમતી રત્નોવાળો મુગટ પહેરતાં અને શરીરને વીટીઓ, બ્રેસલેટ, નેકલેસ વગેરેથી શણગારતા. [૨૭] મોરપંખ, લાલી, કાજળ વગેરેનો પણ ઉપયોગ થતો હતો. શરીરને સુગંધી પદાર્થો સુખડ ચંદન વગેરેથી સુગંધીત બનાવતા હતાં, પગરખાંનો પ્રયોગ બહું ઓછો થતો હતો. મોટાભાગના ઉઘાડાપગે જે ફરતા હતાં.

ભારતમાં શિક્ષણ વ્યવસ્થા મોટેભાગે ધાર્મિક સંસ્થાઓ સાથે સંકળાયેલી હતી. શિક્ષણનો બાલ્યકાળથી આરંભ થતો અને ધીમેધીમે તે વિદ્યાપીઠની કોટિ સુધી પહોંચતું હતું. વિદ્યાપીઠમાં વ્યાકરણ, વૈદક, ન્યાય, શિલ્પ તેમજ કલાકારીગીરી અને તત્વજ્ઞાન વગેરે વિષયોને શીખવવામાં આવતા હતાં. હયુએનસાંગ ભારતની શિક્ષણવ્યવસ્થા અને વિદ્યાપ્રેમ જોઈ છક થઈ ગયો હતો. પ્રાથમિક શિક્ષણ બહોળા પ્રમાણમાં ફેલાયેલું હતું. કારણકે બધા ભિક્ષુઓ અને સાધુઓ શિક્ષકનું કામ કરતા હતાં. લોકો વિહારોમાં જઈ શિક્ષણ મેળવતાં. સાત વર્ષથી ૩૦ વર્ષ સુધીની ઉંમર શિક્ષણ મેળવવાની ગણાતી, ઉજ્જૈન, નાલંદા, કાશી, વલભી વગેરે શિક્ષણના મુખ્ય કેન્દ્રો હતાં અને સંસ્કૃત ભાષાનું પ્રાધાન્ય હતું. સ્ત્રીઓ પણ શિક્ષણ મેળવતી હતી.

આર્થિક સ્થિતિ

હયુએનસાંગને ભારતદેશ સમૃદ્ધ અને ધનધાન્યથી ભરપૂર લાગ્યો હતો. રાજય તરફથી જનતાને વેપાર વાણિજયના વિકાસ સંબંધી સુવિધાઓ મળતી હતી. લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી હતો. મોટેભાગે શુદ્રો ખેતી કરતાં હતાં. વેપાર વાણિજય વૈશ્યના હાથમાં હતો ઔધોગિક પ્રવૃત્તિઓમાં બ્રાહ્મણો કોઈભાગ લેતા નહી રાજયની કુલઆવકના ચાર ભાગ થતાં હતાં. એક ભાગ સરકાર તથા રાષ્ટ્રીય કાર્ય માટે બીજો ભાગ સાર્વજનિક કાર્યો માટે ત્રીજો ભાગ શિક્ષણ માટે અને ચોથો ભાગ જુદા જુદા સંપ્રદાયો માટે વપરાતો હતો. દરેક લોકો પોતાની અંગત મૂડી રાખી શકતાં. બધાને જીવનનિર્વાહ માટે જમીન ખેડવા અપાતી જેઓ રાજયની જમીન ખેડતા તેમને ઉપજનો છઠોભાગ રાજયને આપવો પડતો હતો. હયુએનસાંગની પ્રવાસનોંધ પરથી એમ લાગે છે કે ગુજરાતની વસ્તી સમૃદ્ધ અને ખાસ કરીને પૈસાદાર વેપારીવાળી હશે.

હયુએનસાંગ ભારતમાં ગગનચુંબી ઈમારતો, મોટારાજમાર્ગો જોઈ આશ્ચર્યચકિત બની ગયો હતો. હયુએનસાંગ લખે છે કે ભારતમાં સારા રેશમી, સુતરાવ અને ગરમ કપડાં બને છે. વસ્ત્ર વ્યવસાય ઉન્નત દશામાં હતો. સોનું અને ધાતુઓની વસ્તુઓનો વેપાર થતો હતો. તેણે હાથી દાંત, રત્નોની કારીગરીની ખૂબ જ પ્રશંસા કરી હતી. તેણે લખ્યું કે ભારતમાં ઘરેણાં બનાવવા માટે મોતી માણેક અને હીરાનો ઉપયોગ થાય છે. બહુમૂલ્ય ધાતુઓની અનેક બૌદ્ધપ્રતિમાઓ પણ બનાવવામાં આવતી હતી. ઘણી મૂર્તિઓ હયુએનસાંગ ચીન લઈ ગયો હતો.

વિદેશવ્યાપારના વિષયમાં તે લખે છે. ભારતના પૂર્વ અને પશ્ચિમના કિનારા પર અનેક બંદરો છે.જયાથી દૂરદૂરના દેશો સાથે વ્યાપાર થાય છે. વેપાર વિનિમય માટે સોના ચાંદીના સિકકા પ્રચલિત હતાં. એ સિવાય કોડીઓ અને મોતીઓનો પણ મુદ્રાના રૂપમાં ઉપયોગ થતો હતો. ભારતમાંથી વિદેશમાં કપડાં, ચંદનનું લાકડું જડીબુટ્ટી, ગરમમસાલાં, મોતી અને હાથીદાંતની વસ્તુઓની નિકાસ કરવામાં આવતી હતી. અને વિદેશમાંથી સોનું, ચાંદી, હિંગ, ધૂપ અને ઘોડાઓની આયાત કરવામાં આવતી હતી. [૨૮]

ધાર્મિક સ્થિતિ

હયુએનસાંગના પ્રવાસવર્ણનમાંથી ભારતની ધાર્મિક પરિસ્થિતિનો ઘણો ઊંડાણપૂર્વકનો ખ્યાલ મળે છે. સમ્રાટ હર્ષવર્ધન બૌદ્ધધર્મનો અનુયાયી હતો. તેણે બૌદ્ધધર્મની કીર્તિ માટે ઘણાં પ્રયાસો કર્યા હતાં. કાશી અને પ્રયાગ બ્રાહ્મણધર્મના પ્રખ્યાત કેન્દ્રો હતાં. સાતમીસદીમાં બ્રાહ્મણધર્મ વ્યાપક અને ઉન્નત સ્થિતિમાં હતો. બ્રાહ્મણોનું સમાજમાં માન હતું. એટલે જ વિદેશી ચીની યાત્રીઓ ભારતને બ્રાહ્મણોનો દેશ કહેતા હતાં, મોટાભાગના લોકો શૈવ અને વૈષ્ણવ ધર્મના અનુયાયીઓ હતાં. બૌદ્ધધર્મની સ્થિતિએ હિંદુધર્મની પ્રધાનતા હતી. હયુએનસાંગે કનોજમાં વિષ્ણુ અને શિવ તથા સૂર્યનું મંદિર અને બનારસમાં શિવમંદિરનો ઉલ્લેખ કર્યો છે. તેણે રત્નજડિત અલંકારો ધારણ કરેલ સોનાની મૂર્તિવાળું સૂર્યનું ભવ્ય મંદિર મુલતાનમાં છે. તેનું વર્ણન કર્યુ છે.[૨૯] તે કાશીના શિવમંદિર માટે લખે છે કે તે મંદિરમાં દરરોજ ૧૦,૦૦૦ શિવભકતો દર્શન કરવા આવતો હતાં. અને એ મંદિરમાં ૧૭ હાથ ઊંચી પુરૂષાકાર શિવમૂર્તિ હતી.[૩૦] આ સિવાય કપિલવસ્તુમાં એક ઈશ્વરનું મંદિર અને બૌદ્ધગયામાં પૃથ્વીદેવીનું મંદિર તેણે જોયું હતું પ્રવાસીઓની સગવડતાં માટે મંદિર નજીક ધર્મશાળાઓ અને વિશ્રામગૃહો હતાં. જેમાં નિવાસ, ભોજન અને ચિકિત્સાની સગવડતાઓ હતી. હયુએનસાંગે ગંગા કિનારે દુર્ગાપૂજા કરતાં લોકોને દેવીને નરબલિ ચડાવતાં જોયાં હતાં. તે લોકો બધાંથી સુંદર વ્યકિતનો બલિ ચડાવવા ઈચ્છતા હતાં તેથી હયુએનસાંગને પસંદ કર્યો. તે ડર્યો નહી અને તેણે ડાકુઓની પાસે બુદ્ધને પ્રાર્થના કરવાની રજા માંગી ત્યારે ડાકુઓને ખબર પડી કે આ ધાર્મિકવ્યકિત છે. તેથી તેને છોડી દીધો.

હયુએનસાંગે હિંદુધર્મના અનેક સંપ્રદાયોના લક્ષણો, નિર્ગ્રંથો, ભૂતો, કાપાલિકો, પાશુપતો વગેરેનું પણ વર્ણન કર્યુ છે. એનાથી ખ્યાલ આવે છે કે હિંદુધર્મમાં પણ અનેક મતમતાંતરો પ્રવર્તતા હતાં.

હયુએનસાંગે લખ્યું છે કે ભારતમાં બ્રાહ્મણ, બૌદ્ધ અને જૈન ત્રણેય ધર્મો લોકપ્રિય હતાં. આમ છતાં ધર્મોમાં ઉદારતાનો વ્યવહાર હતો. અને અનેક વ્યકિત સ્વેચ્છાથી ધર્મપરિવર્તન કરી શકતા હતાં.

સેના

હયુએનસાંગના યાત્રા વિવરણમાંથી ભારતીય સૈન્ય વ્યવસ્થા તેમજ તેને લગતી પરંપરાઓ વિશે સાતમી સદીની ઘણી ઉપયોગી માહિતી મળી રહે છે.

સાતમી સદીના મુખ્ય બે સમ્રાટ હર્ષવર્ધન અને પુલકેશી બીજાની સેના અને સૈન્યના ચારિત્ર્ય વિશે પણ ઘણી વિગતો જાણવા મળે છે.

હયુએનની સેનામાં ૬૦,૦૦૦ હાથી ૧૦,૦૦૦ ઘોડા ૫૦,૦૦૦ પેદલ સૈનિક હતાં.[૩૧]

હયુએનસાંગે હર્ષવર્ધનના સેના ચાર પ્રકાર બતાવ્યાં છે. હાથી, ઘોડા, રથ, અને પદાતી શ્રી બી.એન. લુણિયા પોતાના પ્રાચીન ભારતીય સંસ્કૃતિ નામના ગ્રંથમાં લખે છે કે હર્ષવર્ધનની સેનામાં રથ હતા નહીં.

દરેક સૈનિકો પાસે તમામ હથિયારો, તિક્ષ્ણ, ધારદાર હતાં. તેમાના કેટલાંક આ મુજબના ગણાવી શકાય, ભાલા, બરછી, ઢાલ, તીર, તલવારો, ગોફણો, યુદ્ધકુહાડીઓ, પરશુઓ વગેરે.[૩૨]

લશ્કર મોટે ભાગે ક્ષત્રિયોનું બનેલું હશે. એવું હયુએનસાંગના વર્ણનના આધારે લાગે છે લશ્કરી નોકરોને તથા વહીવટી ખાતાના અધિકારીઓને પગારને બદલે અમુક જમીનો આપવામાં આવતી તેમ હયુએનસાંગ નોંધે છે. તે સૈનિક પડાવ વિશે જણાવે છે કે જયાં પડાવ નંખાતો ત્યાં શિબિરો ગોઠવવામાં આવતી આ શિબિરો ઝાડની ડાળીઓ પાંદડાઓ વગેરેથી બનાવવામાં આવતી મુકામ ઉપડતાં તેને બાળી નંખાતા.

પુલકેશીની સેના અને સૈન્યના નિયમો તથા ચારિત્ર્ય વિશે હયુએનસાંગ લખે છે કે તેઓ શરણે આવેલાને મારતા નથી. જો સેનાપતિ હારી જાય તો તેને કોઈ દંડ કરતા નથી. પરંતુ તેને સ્ત્રીનો પોશાક ભેટ આપે છે. તેથી હાથે જ શરમાઈને આપઘાત કરી લે છે. યુદ્ધમાં જતી વખતે સૈનિકો દારૂ પીવે છે અને હાથીઓને પણ નશો કરાવે છે. પોતાની આગળ ઢોલ વગાડતાં જાય છે. રસ્તામાં કોઈ યૌદ્ધો કોઈ વ્યકિતને મારી નાંખે તો તેને કોઈ સજા કરવામાં આવતી નથી.[૩૩]

હયુએનસાંગ જણાવે છે કે દુશ્મનો દૂર હોય તેઓને ઘોડાની મદદથી નજીક લાવવામાં આવતા અને યુદ્ધમાં ઘોડાઓ આગળ રહેતા હતાં.

શહેરો અને ગામડાંઓના રક્ષણ માટે પણ સાતમી સદીના શાસકોએ યોગ્ય પ્રબંધ કર્યો હતો. તેનો પુરાવો હયુએનસાંગના યાત્રા વિવરણમાંથી મળે છે કે શહેરો અને ગામડાંઓ ચારે તરફ દિવાલોથી બંધ થયેલા હતાં. દિવાલો ઊંચી અને પહોળી હતી. તેમા વચ્ચે લાકડાંના કે વાંસના ટાવર રહેતા હતાં.

ન્યાય

સાતમી સદીની ભારતીય ન્યાય વ્યવસ્થા વિશે પણ હયુએનસાંગ પાસેથી આપણને માહિતી મળે છે. ન્યાય મોટેભાગે સ્મૃતિઓને અનુસરીને આપવામાં આવતો હતો. ગુનેગારોને નાકકાન, હાથ, પગ, વગેરે અંગોના છેદની તથા દંડની બન્ને પ્રકારની સજાઓ કરવામાં આવતી હતી. સત્ય જાણવા માટે અપરાધીઓને પીડા દેવામાં આવતી હતી. બળવાખોરોને મૃત્યુદંડ કે દેશનિકાલ કરવામાં આવતો હતો. ફરિયાદમાં લખેલી અને મૌખિક સાક્ષીઓની પરીક્ષા કરાતી હતી. આશ્ચર્ય છે કે બધી વાતોમાં ઉન્નતિ હોવા છતાં દિવ્યસાક્ષીની ક્રુરપ્રથા વિદ્યમાન હતી. પરંતુ બહુ ઉપયોગમાં લેવામાં આવતી ન હતી.

ગુનેગારોને સજામાં જેલમાં પુરવામાં આવતા. જેલમાં જનારની સ્થિતિ ઘણી ખરાબ હતી. હયુએનસાંગ લખે છે કે તેઓને માણસમાં જ નહોતા ગણવામાં આવતા હતા.

હયુએનસાંગ લખે છે કે વલભીમાં ગુના તો ભાગ્યે જ થતાં જો કે એક ગામથી બીજા ગામ વચ્ચેના મોટા રસ્તાઓ તથા જળમાર્ગ સલામત ન હતાં વચ્ચે લુંટાવાનો ભય ખરો.

સાતમી સદીની બૌદ્ધધર્મની સ્થિતિ

ચોથી સદીમાં ફાહિયાન ભારતમાં આવ્યો ત્યારે ભારતમાં બૌદ્ધધર્મ ઉન્નત કક્ષાએ હતો. જયારે સાતમી સદીમાં હયુએનસાંગ આવ્યો. ત્યારે બૌદ્ધધર્મની અવનતિના લક્ષણો દેખાવા માંડયા હતાં. તે ૧૮ શાખાઓમાં વિભકત થઈ ગયો હતો. હયુએનસાંગના યાત્રા વિવરણમાંથી જ ખ્યાલ આવે છે કે ખોરાસાન, ઈરાક, મોસલ અને સીરિયાની સરહદ સુધીના પ્રદેશોમાં બૌદ્ધધર્મના ફેલાવો વ્યાપક હતો. ત્યારે બૌદ્ધધર્મના જન્મસ્થાન ભારતમાં બ્રાહ્મણધર્મ બૌદ્ધધર્મનું સ્થાન છીનવવાની કોશિષ કરી રહયો હતો. ભારતના જુદા જુદા સ્થળે બૌદ્ધધર્મની સ્થિતિ આ પ્રકારની હતી.

હયુએનસાંગ રાજપૂતાનામાં આવ્યો તે સમયે ત્યાં બૌદ્ધધર્મની અવનતિ થઈ રહી હતી. હયુએનસાંગ રાજપૂતાનામાં એક પો–લી–યે–ટો–લો નામના નગરનો ઉલ્લેખ કરે છે. જેને ગૌરીશંકર હીરાચંદ ઓઝા વૈરાટ (જયપુરરાજય) હોવાનું માનતા હતાં. તેને માટે

હયુએનસાંગ લખે છે કે અહીંના લોકો બૌદ્ધધર્મનું સન્માન કરતાં નથી.[૩૪] અહી ૮ સંઘારામ છે. તે ઘણાં ઉજજડ પડયા છે. તેમાં થોડાક હિનયાનસંપ્રદાયના સાધુઓ રહે છે. આ વિગત રાજસ્થાનમાં બૌદ્ધધર્મની અવનતિ થઈ રહી હોવાનું બતાવે છે.

હયુએનસાંગ મૃગદાવ (સારનાથ) ગયો. ત્યારે ત્યાં સમ્મતિ બૌદ્ધોનું પ્રાધાન્ય હતું અને ત્યાં ૧૫૦૦ ભિક્ષુઓ જ રહેતા હતાં. ઈ.સ. ૬૪૨માં તેણે દક્ષિણ ભારતની મુલાકાત લીધી ત્યારે બૌદ્ધધર્મનું સ્થાન ત્યાં દિંગબર જૈનધર્મે લેવાનું આરંભ્યું હતું.[૩૫]

હયુએનસાંગે અનેક ક્ષત્રિય રાજાઓને બૌદ્ધધર્માવલંબી કહયા હતાં. [૩૬] રાજાઓએ પણ તે ધર્મ સ્વીકાર્યો હતો. તેમ છતાં બૌદ્ધધર્મ સાતમી સદીમાં ઘણા બધા કારણોસર અવનતિ તરફ ધકેલતો જતો હતો. હર્ષવર્ધનના સમયમાં જ બૌદ્ધધર્મ અને બ્રાહ્મણધર્મ વચ્ચે સંઘર્ષો થવાં માંડયા હતાં. તેનું એક ઉદાહરણ મળે છે કે ગંગાકિનારે એક સ્તુપ બળી ગયો હતો. ત્યારે કોઈ ધર્માંધે (બ્રાહ્મણ) હર્ષવર્ધન ઉપર છરીથી હુમલો કર્યો હતો. પરંતુ તે બચી ગયો હતો. પછી તે ગુનેગારે સ્વીકાર કર્યો કે બ્રાહ્મણોએ જ મને આ કામ માટે રોકયો હતો.[૩૭]

હયુએનસાંગની ભારતમાંથી વિદાય

ઈ.સ.૬૪૪માં હયુએનસાંગે હર્ષવર્ધન પાસેથી બુદ્ધના દેશનું દર્શન કરી. તેની નોંધો કરી પુસ્તકો, મૂર્તિઓ મેળવી વિદાય લીધી. હયુએનસાંગ સ્થળમાર્ગેથી આવ્યો હતો. અને સ્થળ માર્ગેથી જ પાછો પોતાના વતન ચીન ગયો.

અફઘાનિસ્તાન, કાશગર, ખોતાન થઈ ઈ.સ. ૬૪૫માં ચીન પહોચ્યો ત્યારે તંગ સમ્રાટે સી–આન–ફુમાં તેનું ઉમળકાભેર સ્વાગત કર્યુ હતું. [૩૮] ચીનના સમ્રાટના આગ્રહથી પોતે પોતાનો યાત્રાવૃતાંત સિ–યુ–કીના (પશ્ચિમી દેશોનો ઈતિહાસ) નામથી પ્રસિદ્ધ કર્યો.

તે ભારતથી ચીન પાછો જવા નીકળ્યો ત્યારે તેની સાથે તેણે બુદ્ધના શારીરિક અવશેષોના ૧૫૦ જેટલાં રજકણો તથા સોનારૂપા અને સુખડની બુદ્ધની મૂર્તિઓ અને અસંખ્યગ્રંથો જેમાં ૨૨૪ સુત્રો ૨૯૨ શાસ્ત્રો સ્થવીરશાખાના ૧૫ પુસ્તકો વગેરે મળીને કુલ ૬૫૭ હસ્તલિખિત ગ્રંથો ૨૦ ઘોડા ઉપર લાદીને લઈ ગયો હતો.[૩૯] વતનમાં જઈને ત્યાં પોતાનું શેષજીવન આ યાત્રાવૃતાંત લખવામાં અને આ પુસ્તકોના અનુવાદ અને પ્રચારમાં વિતાવ્યું. ઈ.સ.૬૬૪માં આ સાતમી સદીનો સૌથી અધિક આદર અને વિખ્યાતી પામેલા બૌદ્ધોમાંના એક કે જેણે સાતમી સદીના ભારતને વિસ્મૃતિની ખાઈમાં જતું બચાવ્યું હતું તેવા હયુએનસાંગે દેહ છોડયો.

હયુએનસાંગના પ્રવાસની ફલશ્રુતિ

હયુએનસાંગના પ્રવાસથી ભારત અને ચીન એમ બન્ને રાષ્ટ્રો વચ્ચે એક નવા સાંસ્કૃતિક સંબંધની શરૂઆત થઈ હતી અને ચીનાઓ અને ભારતીયો એકબીજાની સંસ્કૃતિથી પરિચીત થયાં હતાં. કનોજના હર્ષવર્ધન અને તંગવંશી સમ્રાટે પરસ્પર એકબીજાના દરબારમાં એલચીઓ

પણ મોકલ્યા હતાં. હયુએનસાંગ ચીનમાં પહોંચ્યા પછી ભારતના વિદ્વાનો સાથે પત્રવ્યવહાર કરતો હતો અને નાલંદા વિદ્યાપીઠ સાથે સંબંધ જાળવી રાખ્યો હતો. અનેક વખત હયુએનસાંગે સંસ્કૃત ગ્રંથોની હસ્તપ્રતો મંગાવવા સંસ્કૃતમાં પત્રો લખ્યાં હતાં. એવા સંસ્કૃતમાં લખેલા બે પત્રો ચીનમાં સાચવી રાખવામાં આવ્યા છે. એમાનો એકપત્ર બૌદ્ધપંડિત સ્થવીર પ્રજ્ઞાદેવે ઈ.સ.૬૫૪ની સાલમાં હયુએનસાંગ ઉપર લખ્યો હતો.

શ્રી આર.કે. મુકરજી લખે છે કે "હયુએનસાંગ દ્વારા ભારતનું વિવરણ તેની ઊંડી જાણકારી મોટા વિસ્તારના પ્રમાણની દષ્ટિએ ગેઝેટિયર લાગે છે."

ઈતિહાસનો અભ્યાસ માનવને માટે ખૂબજ જરૂરી અને માર્ગદર્શકરૂપ બની જતો હોય છે અને ઈતિહાસના વર્ણનો હજારો વર્ષ પછી પણ ઉપયોગી અને દિશાસૂચક બનતાં હોય છે. તેનો એક પુરાવો હયુએનસાંગના પ્રવાસવર્ણનમાંથી યાત્રામાર્ગનો ઉપયોગ આપણે છેક બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન કર્યો હતો. એટલે કે સાતમી સદીમાં આવેલ હયુએનસાંગે બતાવેલ રસ્તો આપણને છેક ૨૦ મી સદીમાં ઉપયોગી બન્યો કારણકે બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન જયારે દરિયાઈ માર્ગ બિનસલામત હતો. એવે સમયે ચીન ખાતેના ભારતના એજન્ટ જનરલ કે.પી.એસ મેનનને ચુંગકીગ (ચીન) પહોચવા માટે ૧૩૦૦ વર્ષ પહેલાં હયુએનસાંગે વર્ણવેલો ખુશ્કી માર્ગ લીધો હતો. એ પણ એક ઐતિહાસિક વૈચિત્ર્ય છે.

પાદનોંધ

(૧) પંડિત ચંદ્રગુપ્ત વેદાલંકાર "બૃહતરભારત" દિલ્હી પે–૩૧૭ (૨)સોની રમણલાલ પી.હયુએનસાંગમાં તેની જન્મસાલ ઈ.સ.૬૦૧ આપે છે. વી.ડી.મહાજન અને શ્રીકૃષ્ણ વેંકટેશ પૂણતામ્બેર ઈ.સ.૬૦૦ ની સાલ આપે છે. પરંતુ સાચી સાલ ઈ.સ.૬૦૫ જણાય છે.

(૨) પંડિત ચંદ્રગુપ્ત વેદાલંકાર "બૃહતર ભારત" પે–૨૫

(૩) ગુ.રા.સાં.ઈ. ગ્રંથ–૩ અમદાવાદ પે–૩૭૪ (૨) વાળંદ નરોત્તમ "સંસ્કૃતિ અને ગુજરાત" ભરૂચ –પે–૬૭

(૪) સેમ્યુઅલ બીલ, "બુદ્ધિસ્ટ રેર્કોડ ઓફ ધી વેસ્ટર્ન વર્લ્ડ" લંડન ભાગ–૨ –પે–૨૫૭/૭૦ (૨) શાસ્ત્રી હરિપ્રસાદ મૈત્રકાલીન ગુજરાત ભાગ–૨ અમદાવાદ પે–૩૮૯

(૫) બીલ રેકોર્ડસ ભાગ–૨ પે–૨૬૧

(૬) શાસ્ત્રી હરિપ્રસાદ મૈત્રકકાલીન ગુજરાત ભાગ–૨–પે–૩૫૫/૩૭૦

(૭) મહેતા ર.ના.વલભી ઓફ મૈત્રકાઝ વો. XIII –પે–૨૪૦

(૮) બીલ રેકોર્ડસ ભાગ–૨ પે–૨૫૮ (૨) ગુ.રા.સાંઈ ગ્રંથ–૩–પૈ–૯ (૩) મુનશી કનૈયાલાલ 'ચક્રવતી ગુર્જરો" અમદાવાદ –પે–૪૯

(૯) થોમસ વોટર્સ–"ઓન યુવાન સ્વાંગ ટ્રાવેલ્સ ઈન ઈન્ડિયા" લંડન ભાગ–૨ –પે–૨૪૬

(૨) બીલ રેકોર્ડસ ભાગ–૨–પે–૨૬૭ (૩) શાસ્ત્રી હરિપ્રસાદ" મૈત્રકકાલીન ગુજરાત" ભાગ–૧ –પે–૪૨
(૧૦) બાવીસી મુગટલાલ "ગુજરાત ઈતિહાસ સંદર્ભસૂચિ ખંડ–૭ અમદાવાદ–પે–૭
(૧૧) દેશાઈ શંભુપ્રસાદ "સૌરાષ્ટ્રનો ઈતિહાસ" રાજકોટ–પે–૧૬૦
(૧૨) દ્વિવેદી નર્મદાશંકર વલ્લભજી" ગુજરાતના ઐતિહાસિક સાધનો"–પે–૧૫૦
(૧૩) ગુ.રા.સાં.ઈ. ભાગ–૩–પે–૩૮૦ (૨) દેશાઈ શંભુપ્રસાદ જૂનાગઢ અને ગિરનારમાં પે. ૬૮ ઉપર જૂનાગઢની આ વિગતોને આલેખતા નથી બાકીનું બધુ જ વર્ણન કરે છે.
(૧૪) બીલ રેકોર્ડસ ભાગ–૨ પે–૨૭૦ (૨) મુનશી ક.મા.ચક્રવર્તી ગુર્જરો–પે–૫૨ (૩) પરીખ ર.છો."ગુજરાતની રાજધાનીઓ" અમદાવાદ –પે–૧૦૩
(૧૫) મુનશી ક.મા. પે–૬૧ (૨) બીલ રેકોર્ડસ ભાગ–૨ પે–૨૬૮
(૧૬) મજુમદાર આર.સી. "પ્રાચીન ભારત" દિલ્હી –પે–૨૩૭
(૧૭) વોટર્સ ભાગ–૨ પે–૨૩૯ (૨)બીલ રેકોર્ડસ ભાગ–૨ –૨૫૯
(૧૮) મજુમદાર આર.સી. "પ્રાચીન ભારત"' પે–૨૫૯/૬૦ (૨) ગોખલે બી.જી. "પ્રાચીન ભારત ઈતિહાસ ઔર સંસ્કૃતિ" દિલ્હી –પે–૮૩ (૩) દેશાઈ ગોંવિદ સખારામ "મરાઠો કા નવીન ઈતિહાસ–પે–૨૬/૨૭
(૧૯) પણિકકર કે.એમ "ભારતીય ઈતિહાસ કા સર્વેક્ષણ" કલકતા –પે–૧૬૯
(૨૦) શાસ્ત્રી દુર્ગાશંકર "ઐતિહાસિક સંશોધન" અમદાવાદ–પે–૪૯૯
(૨૧) દિનકર રામધારીસિંહ "સંસ્કૃતિ કે ચાર અધ્યાય" દિલ્હી –પે–૧૮૪ (૨) નહેરૂ જવાહરલાલ મારું હિંદનું દર્શન અમદાવાદ–પે–૨૫૫
(૨૨) ઓઝા ગૌરીશંકર "મધ્યકાલીન ભારતીય સંસ્કૃતિ" અમદાવાદ–પે–૪૪
(૨૩) વૉટર્સ ભાગ–૨ –પે–૨૫૪
(૨૪) વૉટર્સ ભાગ–૧ –પે–૧૭૩ (૨) બીલ રેકોર્ડસ ભાગ–૧–પે–૮૫
(૨૫) વૉટર્સ ભાગ–૧ –પે–૧૭૪ (૨) બીલ રેકોર્ડસ ભાગ–૧–પે–૮૫
(૨૬) વૉટર્સ ભાગ–૧ –પે–૧૪૮ (૨) બીલ રેકોર્ડસ ભાગ–૧–પે–૭૫
(૨૭) વૉટર્સ ભાગ–૧ –પે–૧૫૧ (૨) બીલ રેકોર્ડસ ભાગ–૧–પે–૭૬
(૨૮) શર્મા.એલ.પી. "પ્રાચીન ભારત" આગ્રા –પે–૨૫૬
(૨૯) વૉટર્સ ભાગ–૨ –પે–૨૫૪
(૩૦) શાસ્ત્રી દુર્ગાશંકર "ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઈતિહાસ" અમદાવાદ પે–૩૬ (૨) વૉટર્સ ભાગ–૨ –પે–૨૫૪
(૩૧) શર્મા.એલ.પી. "પ્રાચીન ભારત" –પે–૨૫૬ (૨) મનરાલ ડી.પી.પ્રાચીન ભારત કા રાજનૈતિક તથા સાંસ્કૃતિક ઈતિહાસ દિલ્હી

–પે–૪૯૦ (૩) લુણિયા બી.એન. "પ્રાચીન ભારતીય સંસ્કૃતિ" આગ્રા પે–૫૮૯
(૩૨) બીલ રેકોર્ડસ ભાગ–૧ –પે–૮૩
(૩૩) ગોખલે બી.જી. "પ્રાચીનભારત ઈતિહાસ ઔર સંસ્કૃતિ" દિલ્હી–પે–૮૩ (૨) મજુમદાર આર.સી. "પ્રાચીન ભારત"–પે–૨૬૦ (૩) મહેતા નવનીતરાય "દક્ષિણનો પૂર્વ સમયનો ઈતિહાસ" અમદાવાદ –પે–૮૯
(૩૪) ઓઝા ગૌરીશંકર –"રાજપૂતાને કા ઈતિહાસ" ભાગ–૧ અજમેર–પે–૧૧
(૩૫) જ્ઞાન ગંગોત્રી ગ્રંથશ્રેણી "ભારતદર્શન"–૨ ગ્રંથ–૨૧ વલભીવિદ્યાનગર –પે–૮
(૩૬) શ્રીનાથસિંહ 'ગુજરાત કે ચૌલુકયો કા રાજનૈતિક ઈતિહાસ" દિલ્હી –પે–૧૨
(૩૭) મજુમદાર આર.સી. –પે–૨૩૮
(૩૮) નહેરૂ જવાહરલાલ જગતના ઈતિહાસનું રેખાદર્શન અમદાવાદ –પે–૧૦૩
(૩૯) મુનશી ક.મા. ચક્રવર્તી ગુર્જરો–પે–૪૭ (૨) સોની રમણલાલ "હયુએનસાંગ" પે–૧૪૭ (૩) જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી–ગ્રંથ–૨૨–પે–૨૦૯ (૪) લુણિયા બી.એન.પ્રાચીન ભારતીય સંસ્કૃતિ–પે–૫૮૮ (૫) મજજુમદાર આર.જી. "ગુપ્તકાલીન ભારત" અમદાવાદ પે–૨૬૦ માત્ર ક.મા.મુનશીએ જ તે ગ્રંથોની સંખ્યા ૬૫૩ની બતાવી છે.

✳ ✳ ✳ ✳

ઈત્સિંગ ઈ.સ.૬૭૩ થી ૬૮૮

હયુએનસાંગ પછી ભારતમાં જે પ્રસિદ્ધ બૌદ્ધ ચીનીયાત્રી આવ્યાં હતાં. તેમાં ઈત્સિંગ ઘણો મહત્વનો હતો. હર્ષના શાસનકાળ પછી ઈત્સિંગ ભારત આવ્યો હતો. ઈ.સ.૬૭૩ થી ૬૮૮ સુધી તે ભારતમાં રહયો હતો. તેનો ભારતમાં આવવાનો હેતુ બૌદ્ધ તિર્થસ્થાનોના દર્શન કરવાં અને બૌદ્ધધર્મનું જ્ઞાનપ્રાપ્ત કરવાનો હતો. હયુએનસાંગ અને ઈત્સિંગની ભારતયાત્રામાં વચ્ચે માત્ર ૩૦ વર્ષ જેટલો જ ગાળો હતો.આ કારણથી તે ભારતની સ્થિતિનું વર્ણન સમાનરૂપે જ કરે છે. તેમ છતાં સાતમી સદીના ઉતરાર્ધની સામાજિક, ધાર્મિક પરિસ્થિતિની ઊંડી જાણકારી તેના અહેવાલમાંથી મળે છે.

હયુએનસાંગના અહેવાલ જેટલી ઈત્સિંગના અહેવાલમાંથી ભારતની રાજકીય પરિસ્થિતિ વિશેની વિગતો મળતી નથી. ઈત્સિંગના યાત્રાવૃતાંતમાંથી બુદ્ધના જીવન અને તેના નામ સંબંધી સ્થાનો તથા તેના પ્રચારની, પૂજા વિધિના વિષયમાં ઘણી જાણકારી મળે છે.

ઈ.સ.૬૭૧ માં ઈત્સિંગ ચીનના કેન્ટન થી પ્રશિયાના એક જહાજમાં બેસીને ભારત આવવા નીકળ્યો [૧] વચ્ચે દરિયામાં તોફાનોનો સામનો કર્યો, અંતે તેનું વહાણ સુમાત્રા આવી પહોચ્યું.

ઈત્સિંગ લખે છે કે દક્ષિણી સમુદ્રમાં શ્રીવિજય (સુમાત્રા) ધર્મ અને સંસ્કૃતિનું પ્રધાન કેન્દ્ર હતું. ત્યાંનો રાજા એક તરફ તો ભારતની સાથે અને બીજી બાજુ ચીનની સાથે વેપારને ખૂબ પ્રોત્સાહન આપતો હતો. તે સુમાત્રામાં ૬ કે ૮ માસ રહયો અને ત્યાં સંસ્કૃત અને પાલીભાષા પ્રચલિત હતી.[૨] ઇત્સિંગે પ્રવાસ દરમ્યાન સંસ્કૃત ભાષા શીખી તે સંસ્કૃતનો સારો વિદ્વાન બની ગયો હતો અને તેણે સંસ્કૃતની પ્રશંસા કરી લખ્યું કે "ઉત્તર તેમજ દક્ષિણના દૂરદૂરના દેશોમાં સંસ્કૃત પ્રત્યે આદર વ્યકત કરવામાં આવે છે." જે એશિયામાં સંસ્કૃત ભાષાનો ફેલાવાનો પુરાવો છે.

ચીનમાંથી જે ચીની બૌદ્ધ યાત્રાળુઓ ભારત આવતાં હતાં. તેમાનાં ઘણાખરાં સુમાત્રામાં રોકાઈ સંસ્કૃતનું શિક્ષણ મેળવી પછી જ ભારત આવતા હતાં. એ ઉપરથી પણ ખ્યાલ આવે છે કે સાતમી સદીમાં સુમાત્રા ભારતીય વિદ્યાઓ માટે નાલંદા વિદ્યાપીઠ અને વિક્રમશિલા વિદ્યાપીઠ જેટલું જ પ્રસિદ્ધ હશે. સુમાત્રાથી ત્યાંના જ વહાણમાં બેસી તે નિકોબાર ટાપુ ઉપર આવ્યો. તે ટાપુનું વર્ણન કરતાં લખે છે કે આ પ્રદેશના લોકો નગ્ન અવસ્થામાં રહે છે. તેઓ ત્યાંના કિનારે આવતા મુસાફર અને સાગર ખેડૂઓ પાસેથી નાળિયેર અને કેળાના બદલામાં અન્ય ચીજવસ્તુઓ મેળવતાં હતાં. જો તેમ કરવાની મુસાફર ના પાડે તો તેને ઝેરી બાણોનો

સામનો કરવો પડતો હતો. હુગલીના મુખ ઉપર આવેલા તામ્રલિપ્તિ નામના હિંદના બંદરે પહોચતા તેને લગભગ ૨ વર્ષ લાગ્યા હતાં.

ફાહિયાન અને હયુએનસાંગ સ્થળમાર્ગે હિંદુસ્તાન આવ્યા હતાં. જયારે ઈત્સિંગે ભારત આવવા માટે જળમાર્ગ પસંદ કર્યો. તેનું કારણ એવું દેખાય છે. તે સમયે મધ્યએશિયાની રાજકીય પરિસ્થિતિ ઘણું કરીને અશાંત હતી અને ઘણી રાજકીય ઉથલપાથલો તો થઈ ગઈ હતી. ઈત્સિંગના સમયે હિંદ જતાં બૌદ્ધયાત્રાળુઓના સ્વાગત કરનારા બૌદ્ધમઠો પણ સારી દશામાં નહોતા રહયા. આ સમયે ઈસ્લામ જોરશોરથી એશિયામાં ફેલાઈ રહયો હતો અને ઈસ્લામ ધર્મની ઉંમર ૧૦૦ વર્ષને પહોંચવા આવી હતી. આ બાબત પણ ઈત્સિંગને જળમાર્ગ પસંદ કરવાની ફરજ પાડી હોય તેમ લાગે છે.

રસ્તામાં ઈત્સિંગને આદીવાસીઓએ તેને સુંદર હોવાથી પકડીને વિંધ્યવાસીની દેવીને ભોગ ચડાવવા લઈ ગયા હતાં. પરંતુ તે ત્યાંથી ભાગી છૂટયો હતો. અહીં એ પણ યાદ રાખવું ઘટે કે હયુએનસાંગને પણ ભોગ ચડાવવા માટે પકડી લેવામાં આવ્યો હતો. અંતે હયુએનસાંગની ધાર્મિકવૃત્તિ જોઈ તેને છોડી દેવામાં આવ્યો હતો. એટલે કે ભારતમાં સાતમી સદીમાં માનવબલિ આપવાની પ્રથા પ્રચલિત હશે.

તામ્રલિપ્તિથી નાલંદા વિદ્યાપીઠમાં આવ્યો ત્યાં તેણે ઘણાં સમય સુધી અભ્યાસ કર્યો. તે નાલંદા સિવાય કાશ્મીર પણ ગયો હતો. ઈત્સિંગ કાશ્મીરના જયાદિત્યને વૃતસુત્ર નામનાં વ્યાકરણનાં ગ્રંથના લેખક તરીકે ઓળખાવે છે. જેને જયાદિત્ય અને વામનનું સહિયારું લખેલું પુસ્તક કાશિકા સાથે ઓળખાવાય છે. ઈત્સિંગના મત પ્રમાણે જયાદિત્ય ઈ.સ.૬૦૦ માં મૃત્યું પામ્યો.[૩]

ઈત્સિંગ નાલંદા વિદ્યાપીઠમાં આવ્યો ત્યારે ત્યાં ૩૦૦૦ થી પણ વધારે વિદ્યાર્થીઓ રહેતા હતાં. તેમ જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી–૨૨ ભારતદર્શન ૧ માં પે–૧૭૯ માં લખ્યું છે. જો કે હયુએનસાંગ નાલંદા વિદ્યાપીઠમાં આવ્યો ત્યારે ત્યાં ૧૦,૦૦૦ જેટલાં વિદ્યાર્થીઓ હતાં એમ નોંધે છે.[૪] તો પછી ઈત્સિંગ આવ્યો તે વખતે ૩૦ વર્ષના સમયગાળામાં આટલા બધા વિદ્યાર્થીઓ કેમ ઓછા થઈ ગયા હોય. કે પછી બે યાત્રાળુંઓમાંથી કયા યાત્રાળુંએ ખોટા આંકડાઓ આપ્યા હશે. તે પ્રશ્ન વિચાર માંગી લે છે. આમ ઈતિહાસના અભ્યાસમાં તુલનાત્મક અધ્યયન કરવાથી સાચી વિગતોનો ખ્યાલ આવે છે. તેથી જયાં જયાં શકય હોય ત્યાં તુલનાત્મક પદ્ધતિનો આશ્રય લેવો જોઈએ.

ભારતમાં ઈત્સિંગે બૌદ્ધધર્મગ્રંથોનું અધ્યયન કર્યુ અને હસ્તલિખિત ગ્રંથોનો સંગ્રહ કર્યો. તે ઈ.સ.૬૭૧ થી ૬૯૫ સુધી પ્રવાસ કરતો રહયો અને ૧૫૦ દેશોની યાત્રા કરતાં કરતાં અંતે ઈ.સ.૬૯૫ માં ચીન પહોંચ્યો હતો.

ઈત્સિંગે ભારતથી પાછા જતી વખતે ૪૦૦ સંસ્કૃત ગ્રંથો અને બુદ્ધના વજ્રાસનનો ખરો

નકશો લઈ ગયો હતો અને ચીન પહોંચી આ ગ્રંથો પૈકીના ૫૬ ગ્રંથોનો તેણે અનુવાદ કર્યો હતો.[૫] આ સિવાય તેણે ભારત આવનારા તથા અન્ય ઉપનિવેશોની યાત્રા કરનારા ચીની પ્રવાસીઓનાં જીવનવૃતાંત પણ લખ્યાં હતાં. સાતમી સદીના ઉતરાર્ધમાં એવા યાત્રીઓની સંખ્યા ૬૦ જેટલી હતી. આ બાબત એમ દર્શાવે છે કે ત્યારે ભારતમાં ઉદ્ભવેલા બૌદ્ધધર્મ વિશે એશિયાખંડના એક મોટા દેશ ચીનને ભારત વિશે અને બૌદ્ધધર્મ વિશે જાણવાની ઉત્કંઠા ધર્મના પ્રચાર અને જ્ઞાન માટે બતાવી હતી.

ચીનમાં ઈત્સિંગે વિનયગ્રંથોના અધ્યયન માટે એક પાઠશાળા સ્થાપી હતી અને સંસ્કૃત શીખવા માંગતા ચીની શ્રમણો માટે નાનો સંસ્કૃત ચીની શબ્દકોશ રચ્યો હતો.

યાત્રા ઉદ્દેશ

ઈત્સિંગનો ભારત આવવાનો ઉદ્દેશ ભારતના બૌદ્ધધર્મનું ઉચ્ચજ્ઞાન મેળવવું અને બૌદ્ધધર્મના શ્રેષ્ઠ પ્રમાણિક ગ્રંથોને ભેગા કરી ચીનમાં લઈ જવાનો હતો. પોતાના આ ઉદેશ્યમાં તે સફળ પણ થયો હતો. ફાહિયાનની જેમજ ઈત્સિંગને ભારતની રાજકીય પરિસ્થિતિની કે ભૂગોળની અપેક્ષા એ બૌદ્ધધર્મમાં વધુ દિલચશ્પી હતી. તેથી તેના યાત્રાવૃતાંતમાંથી દેશની બીજી વિગતો પર પ્રત્યક્ષરૂપથી પ્રકાશ ફેંકવાવાળી સામગ્રી બહુ ઓછી મળે છે. પરંતુ લોકજીવનના લગભગ દરેક પાસાની પરોક્ષ વિગતો મળે છે.

આર્યદેશ

ઇત્સિંગે લખ્યું છે કે ભારતવર્ષને આર્યદેશ કહેતાં હતાં. આર્યનો અર્થ શ્રેષ્ઠ અને દેશનો અર્થ ક્ષેત્ર થાય છે. કારણકે શ્રેષ્ઠ ચરિત્રની વ્યકિતઓ ત્યાં વારંવાર જન્મ લે છે. ભારતને મધ્યદેશ પણ કહેવામાં આવે છે. કારણ કે તે સેંકડો દેશોની મધ્યમાં હતો. તેનું સર્વસ્વીકૃત નામ આર્યદેશ અથવા શ્રેષ્ઠભૂમિ છે.[૬]

ઈત્સિંગ સામાન્ય રીતે હિંદનો ઉલ્લેખ સી–ફેગ એટલે કે પશ્ચિમદેશ તરીકે પણ (આર્યદેશ) કરતો હતો. તે લખે છે કે મધ્યએશિયાના લોકો ભારતને હિંદુ (સિ–ન–તુ)કહે છે. હિંદ માટે હિંદની ઘણી વસ્તુઓ માટે ઈત્સિંગને બહુ આદર હતો અને તેણે હિંદને ઉમદાભૂમિ કહી છે.

પરદેશી લોકો હિંદુના ઉચ્ચારને સિંધુ ઉચ્ચારતાં હતાં. તો યૂનાનવાળા લોકો સ, અ, ન, દ, ન બોલી શકતાં હિંદને ઈન્ડો કહેતા હતાં. એ રીતે આર્યાવ્રતમાંથી હિંદ, હિંદુસ્તાન, ઈન્ડો અને ઈંડિયા થઈ ગયું.

ઈત્સિંગે ઉલ્લેખેલ ભારતનું સામાજિક જીવન

ઈત્સિંગે ભારતની જુદી જુદી જાતિઓ અને વર્ણો તથા તેના વ્યવસાયોની વિશદ્ સમીક્ષા કરી નથી. પરંતુ ખોરાક વસ્ત્રો રીતરિવાજો વગેરેનો ઉલ્લેખ કર્યો છે.

ઈત્સિંગ ખોરાક વિશે લખે છે કે ઉત્તર હિંદનો સામાન્ય ખોરાક ઘઉંનો તથા દક્ષિણ તથા પૂર્વ હિંદનો ચોખાનો હતો. જે આજે પણ એનો એ રહયો છે. કયારેક કયારેક માંસાહાર કરતાં પરંતુ માંસાહારનું પ્રમાણ બહુ ઓછુ હતું. તેઓ લસણ ડુંગળી પણ ખાતા ન હતાં. તેલ, દૂધ, મલાઈ સર્વત્ર જોવામાં આવતાં હતાં. મીઠાઈ, ફળ, ફળાદિનું વિપુલ પ્રમાણ હતું. ઈત્સિંગ લખે છે કે ચોખા, ઈખ, તરબૂચ વગેરેની દેશમાં અફરાત છે અને ફળોની સંખ્યા તો વિપુલ છે. આમ ઈત્સિંગે ફળોની વિસ્તૃત ખેતીનો ઉલ્લેખ કર્યો છે.

ઈત્સિંગે ભારતીયોને આચારશુદ્ધતાને હમેંશા મહત્વ આપતાં રહેતા આવ્યા હોવાનું નોધ્યું છે. તે લખે છે કે ભારતીય સ્વયં પવિત્ર રહે છે તે કોઈ દબાણથી નહી ભોજનની પહેલાં તેઓ સ્નાન કરે છે. જમ્યાં પછીનું એઠું ભોજન કોઈને અપાતું નથી. ભોજનનું એઠું પાત્ર પણ બીજાને અપાતું નથી. માટી અને લાકડાંના વાસણો એકથી વધુવાર વાપરવામાં આવતા નથી. પરંતુ સોનાચાંદી અને તાંબાના વાસણો સાફ કરીને બીજીવાર ઉપયોગમાં લેવામાં આવે છે. આ પ્રથા ધનિકો અને નિર્ધનોમાં પ્રચલિત હતી. લોકો ચમચાંથી ખાવાનું જાણતા ન હતા. તેઓ આંગળાઓની મદદથી ખોરાક ખાતાં હતાં. જમ્યાં પછી દરેક ભારતીયોને મોઢું સાફ કરવું જ પડતું.

ઈત્સિંગ લખે છે કે જયારે એકવાર ઉત્તર મંગોલિયાના લોકો એ એક દૂતમંડળ ભારત મોકલ્યું હતું. તો તેના સદશ્યોનો તિરસ્કાર અને અપમાન કરવામાં આવ્યું કારણ કે તે પોતાના શરીર અને મોઢા સાફ કરતાં નહી ઈત્સિંગે ગાળેલા પાણીમાંથી નીકળતાં જીવજંતુને પાછા પાણીમાં નાંખવાનો રિવાજ પણ વર્ણવ્યો છે. આ બધી બાબતો વાંચી આપણને ખ્યાલ આવે છે કે આ યાત્રીએ ધર્મને કેન્દ્રમાં રાખીને આવી અતિશયોકિત ભરી વાતો પણ ઘણી જગ્યાએ નોંધી છે.

વિહારની સંચાલન વ્યવસ્થા અને ભોજનશાળા વગેરે વિશે પણ ઈત્સિંગે ઘણી વિસ્તૃત નોંધો કરી છે. તે લખે છે કે વિહારમાં અલગઅલગ ભોજનશાળાઓ હતી અને તે ગાયના છાણથી લીપેલીઓ હતી અને તેમાં તાજા પાંદડાઓ પાથરવામાં આવતા હતાં. ભોજન વખતે સાધુઓ એકબીજાથી એક ઘનફૂટ દૂર હોય તે રીતે રાખવામાં આવેલી સાતફૂટ ઊંચી ખુરશીઓ ઉપર બેસતા જયારે તેના હાથ નીચેના શિષ્યો લાકડાંના ટુકડા ઉપર બેસી પોતાનું ભોજન લેતા હતાં.[૭] મધ્યાહન સમયે તેઓ પૂર્ણ ભોજન લેતા જેમાં રોટલીઓ ચોખા માખણ દહીં, દૂધ, ફળ , અને કેટલીક વખત માંસ પીરસવામાં આવતું હતું સેમ્યુઅલ બીલે પણ નોંધ્યું છે કે ભિક્ષુઓને પણ કોઈ પણ પ્રકારના અપરાધ ભાવ અનુભવ્યા વિના ત્રણ પ્રકારનું માંસ ખાવાની પરવાનગી

અપાઈ હતી.[૮] બૌદ્ધધર્મની અહિંસા વૃત્તિ જોતા ઈત્સિંગના આ કથન ઉપર શંકા પડયા વિના રહેતી નથી.

ઈત્સિંગે એ પણ જણાવ્યું છે કે ભારતીયોનું ભોજન સાદું હતું. તે સાત્વિક જીવન વ્યતીત કરતાં હતાં.

ભારતમાં ધનધાન્ય પૂરતાં પ્રમાણમાં પેદા થતાં હોવાનું ઈત્સિંગ નોંધે છે. તેમાં ઘઉ અને ચોખા પુષ્કળ પ્રમાણમાં પાકતા. તેનો ઉપયોગ પણ પુષ્કળ પ્રમાણમાં થતો હતો.

આ ચીનીયાત્રીના પ્રવાસ વર્ણનમાંથી ભારતના લોકો અને બૌદ્ધસાધુઓ કેવા કપડાં, પહેરતા અને તે કપડાં પહેરવાની રીતભાત કેવી હતી. તેનું વિશદ વર્ણન કર્યુ છે. ભિક્ષુઓના વસ્ત્રો માટે તે લખે છે કે ભિક્ષુઓ ચીવર નામના વસ્ત્રો ધારણ કરતાં સામાન્યત એમને ત્રણ ચીવર પહેરવાની છુટ હતી. (૧) અંદરનું વસ્ત્ર (અંતરવાસ) (૨) ઉત્તરિય વસ્ત્ર (ઉતરાસંગ) (૩) સંઘાટી (આખા શરીરને હુંફ આપનારું વસ્ત્ર)

ઈત્સિંગે જે ૧૩ જરૂરિયાતોની ભિક્ષુઓ માટેની યાદી આપી છે. તેમાં સંકક્ષિકા, નિવાસન ઉપરાંત પ્રતિનિવાસનો સમાવેશ કરે છે. રેશમ તૈયાર કરાવમાં જીવહિંસા થતી હોવાથી ભિક્ષુઓને રેશમીવસ્ત્ર પહેરાઈ નહીં એ માન્યતાને અયથાર્થ ઠરાવી છે. એટલે કે એમને દાનમાં મળેલાં રેશમી વસ્ત્રો પહેરવાની છુટ હતી.

તે એમ પણ લખે છે કે આખા ભારતમાં લોકો બે કપડાં પહેરે છે. તેને નહીં કાપવાના કે નહીં સીવવાના તેને ફકત કમરની ચારે તરફ બાંધી લેવામાં આવતા હતાં. જેથી શરીરનો નીચલો ભાગ ઢંકાઈ જાય. ઉત્તર પશ્ચિમના લોકો કપડાંનો ઉપયોગ નથી કરતાં તે ઊન અને ચામડાંના વસ્ત્રો પહેરે છે. તે કમીજ અને પાયજામાં પહેરે છે. ઈત્સિંગે બીજા અન્ય પ્રકારના વસ્ત્રોનો પણ ઉલ્લેખ કર્યો છે. જે ડાબા ખંભાની ઉપર પહેરવામાં આવતા હતાં. ઘાઘરો શરીરના નીચલા ભાગમાં ચારે તરફ બાંધવામાં આવે છે.

ઈત્સિંગ એમ પણ લખે છે કે ભારતના લોકો બે કપડાં પહેરે છે અને તે લિનનના આઠ ફુટ જેટલાં લાંબા હોય છે.

કોશેયા નામના કાપડના ઉલ્લેખ કાલિદાસે પણ કર્યો છે. બીજા પ્રકારના કાપડનો ઉલ્લેખ કે જે બાણ દ્વારા થયો છે. તે છાલનું પીળુ સિલ્ક (Bark Yellow Silk) તેનો ઉલ્લેખ ઈત્સિંગે પણ કરેલો છે.[૯]

તેણે ભારતની ધોતી વિશે પણ લખ્યું છે કે ભારતના લોકો મહદ્અંશે અધિકારી અને ઉચ્ચવર્ગના લોકો પણ પોશાક તરીકે સફેદ મુલાયમ કાપડની જોડી પહેરતાં જયારે ગરીબ અને મધ્યમ વર્ગના લોકો ફકત લીનનનો એક ટુકડો પહેરતાં ધોતી આઠ ફુટ લાંબી રહેતી તેને કોઈ કમરપટો બાંધવામાં આવતો ન હતો. સામાન્ય રીતે લોકો ખુલ્લાં પગે જ જતાં પરંતુ કોઈક પ્રકારના પગરખાંઓ અસ્તિત્વમાં હશે તેવું મનાય છે. (ભારતીયોની વેશભૂષાનો અભ્યાસ

કરવા માટે સાંચી અને ભારહૂતના સ્તુપમાંથી જે તે કાળની વિગતો મળે છે. તેને આપણે કુદરતનો ગ્રંથ કહીશું.)

ઈત્સિંગે અસ્પૃશ્યતાનો પણ ઉલ્લેખ કર્યો છે. શુદ્રો ગામની બહાર વસતાં અને ગામમાં આવે ત્યારે ચાલતી વખતે લાકડી વગાડતાં જતાં કે કંઈક અવાજ કરતા જતાં જો તેને કોઈ ભૂલથી પણ અડી જાય તો તેને સ્નાન કરવું પડતું અને કપડાં બદલવા પડતા હતાં.

હયુએનસાંગ અને ઈત્સિંગને ભારત આવવા વચ્ચેના સમયમાં માત્ર ૩૦ વર્ષનો જ ગાળો છે. તેથી હયુએનસાંગે જે વિસ્તૃત સામાજિક, આર્થિક, પરિસ્થિતિ ઉલ્લેખી હતી. તેમાં બહુ કાંઈ વિશેષ ફેરફાર થયો હોવો જોઈએ નહીં તેથી ઘણી વિગતો હયુએનસાંગને મળતી જ આવે છે.

ધાર્મિક જીવન

ઈત્સિંગે બૌદ્ધધર્મની ક્રિયાઓ, વિધિઓની ઝીણીઝીણી વિગતો ખૂબ રસપૂર્વક નોંધી છે. ઈત્સિંગે ભિક્ષુઓની દૈનિક જરૂરિયાતોની પણ નોંધ કરી છે. તેના ઉપરથી ભિક્ષુઓના આંતરિક જીવનની આપણે ઘણી માહિતી મેળવી શકીએ છીએ.

ઈત્સિંગે બૌદ્ધમૂર્તિને કેવી રીતે સ્નાન કરાવવું અને પૂજા કરવી તેની વિસ્તૃત નોંધ આપેલી છે. તેણે બૌદ્ધમઠોના વિષયમાં લખ્યું છે કે મઠોનું કાર્ય એક પરિષદ ચલાવે છે અને જે ભિક્ષુ તેના બનાવેલા નિયમોનું ઉલ્લંઘન કરે છે. તેને બૌદ્ધસંઘથી બહાર કાઢી નાંખવામાં આવે છે. બૌદ્ધસંઘોની પાસે પણ ખેતીલાયક જમીનો હોય અને તેઓ ખેતી કરાવે છે.

ઈત્સિંગે બૌદ્ધધાર્મિક ઉત્સવોનું પણ વર્ણન કર્યુ છે કે પ્રવરણ દિવસ હોય ત્યારે તેમાં સાધુઓ માળવાળી ગાડીઓ પાલખી, ખુરશીઓમાં મૂર્તિઓ બેસાડતા નગારાઓ અને આકાશમાં પ્રતિધ્વની કરતાં બીજા વાજિંત્રો લાવતા અને ફરકાવેલાં બેનરો અને છત્રો કે જે સૂર્યને ઢાંકી દે તેવા મોટા હતાં.

ભારતમાં જે અઢારનિકાય હતાં તેનો ઉલ્લેખ ઈત્સિંગે એની પ્રવાસનોંધમાં કર્યો છે. એ સ્પષ્ટ જણાવે છે કે કોઈ નિકાય એકયાનના બિલકુલ નહિને બીજા યાનના પૂરેપૂરા છે એવું નથી. એ એમાંના સાત નિકાયોને મહાસંઘિક નિકાયના, ત્રણ નિકાયોને સ્થવીર નિકાયના, ચાર નિકાયોને મૂલ સર્વાસ્તિવાદ નિકાયના અને ચાર નિકાયોને સમ્મિતિ નિકાયના પેટા વિભાગ હોવાનું જણાવે છે. ઈત્સિંગ સમગ્ર લાટદેશના નિકાયોનો સામાન્ય ઉલ્લેખ કરે છે. જયારે હયુએનસાંગ એના દરેક પ્રદેશના નિકાયની અલગ અલગ ચર્ચા કરે છે. તે લખે છે કે મહાસંઘિક નિકાય, સ્થવીરનિકાયને મૂલ સર્વાસ્તિવાદ નિકાયના ત્રિપિટકનો વિસ્તાર ૩૦૦૦ શ્લોકોનો હતો. જયારે સમ્મિતિ નિકાયના ત્રિપિટકોનો વિસ્તાર ૨,૦૦,૦૦૦ જેમાં વિનયપિટક નો વિસ્તાર ૩૦,૦૦૦ શ્લોકો જેટલું પ્રમાણ હતું. ઈત્સિંગે બન્ને યાનોની સમજણ આપતા પણ લખ્યું કે જે બૌદ્ધિસત્વોની ઉપાસના કરે ને મહાયાન સૂત્રોનો પાઠ કરે તે મહાયાની કહેવાય. જે

એવું ન કરે તે હિનયાની કહેવાય.[૧૦]

ઈત્સિંગે વલભી વિદ્યાપીઠને નાલંદા વિદ્યાપીઠની સમાન ગણાવી છે. તે બૌદ્ધધર્મનું એક કેન્દ્ર હતું. પણ વિદ્યાઓ તો બૌદ્ધ, જૈન અને બ્રાહ્મણ ત્રણેય શીખવવામાં આવતી હતી.[૧૧]

શિક્ષણ અને સાહિત્ય

પ્રાચીનકાળમાં મોટેભાગે શિક્ષણ વ્યવસ્થા ધર્મ અને સાધુસંતો સાથે જોડાયેલી હતી. બ્રાહ્મણોના સંપ્રદાયમાં વેદવેદાંગનું મુખ્યસ્થાન મનાતું. દેશની શિક્ષણ વ્યવસ્થા મોટેભાગે વિહારો કે બ્રાહ્મણોના ગુરૂકૂળો સાથે સંકળાયેલી હતી. તેથી ઈત્સિંગના અહેવાલમાંથી જે તે સમયની શૈક્ષણિક પરિસ્થિતિનો ખ્યાલ મળે છે.

ઈત્સિંગે શિક્ષણમાં પાંચવિદ્યાઓનો ઉલ્લેખ કર્યો છે. તથા સાહિત્ય શિક્ષણનો પણ ઉલ્લેખ કર્યો છે. તે વિદ્યાભ્યાસનો પ્રારંભ ૬ વર્ષથી થતો હોવાનું જણાવે છે. બાણભટ્ટ પણ ઈત્સિંગનાઆ કથનને ટેકો આપે છે. લિપિવિદ્યા માટે વર્ણમાલાનું ખાસપુસ્તક શીખવાતું ઈત્સિંગ ૬ વર્ષની ઉંમરમાં જ સિદ્ધ (સિદ્ધરસ્તુ) વિદ્યાર્થીઓને ગોખવા આપી દેવામાં આવતું હતું તેમ જણાવે છે. હયુએનસાંગ એને બાર પ્રકરણોનું પુસ્તક કહે છે. પરંતુ તેણે તેનું નામ જણાવ્યું નથી. ઈત્સિંગે તેનું નામ સિદ્ધ જણાવ્યું છે. સિદ્ધમ એ મૂળતો વર્ણમાલાને આરંભે આવતો મંગલ શબ્દ છે. પરંતુ સમયના વહેણ સાથે એ શબ્દ શરૂઆતમાં સ્વરમાલાના અર્થમાં અને અંતે સમસ્ત વર્ણમાળાના અર્થમાં વપરાતો થયો. આથી સિદ્ધ એટલે વર્ણમાલાનું પુસ્તક એવો અર્થ રૂઢ થયો. ઈત્સિંગ જણાવે છે. એના પ્રારંભે આવતા વાકયપરથી તેને સિદ્ધરસ્તુ પણ કહેતા.આ પરથી જણાય છે કે ભારતીય પ્રાથમિક શિક્ષણનો પ્રારંભ સિદ્ધરસ્તુ નામનાં પુસ્તકથી થતો હતો. એ મંગલ વાકય પરથી અકારાદિ મૂળાક્ષર આપવામાં આવતાં આ અક્ષરોની સંખ્યા ૪૯ની ઈત્સિંગ જણાવે છે. જયારે હયુએનસાંગ તેની સંખ્યા ૪૭ ની જણાવે છે. ઈત્સિંગ સ્વરોમાં ૧૪ વર્ણ ગણાવે છે. તેમાં अ,आ,इ,ई,उ,ऊ,ऋ,ॠ,ऌ,ल,ए,ऐ,ओ,औ નો સમ્ાવેશ થતો હતો. કેટલીકવાર એમાં અ અને અઃ નો પણ સમાવેશ કરવામાં આવતો હતો. વ્યંજનોમાં ૩૩વર્ણ ગણવામાં આવતા હતાં. જે ક થી હ સુધીના હતાં. અને એમાં કેટલીકવાર ક અને ક્ષ નો ઉમેરો કરી તે સંખ્યા ૩૫ની ગણવામાં આવતી હતી. ઈત્સિંગ આ સિવાય લખે છે કે મૂળાક્ષરો પછી વ્યંજનાક્ષરોના ષોડક્ષાશરી પદનું પણ શિક્ષણ આપવામાં આવતું વ્યવહારમાં એને બદલે હાલની બારાખડી જેમાં દ્વાદશાક્ષરી પદ પણ પ્રચલિત હતાં. ષોડાક્ષશરિ પદોના અક્ષરોની કુલ સંખ્યા ૫૬૦ હોવાનું તે જણાવે છે તે આગળ જણાવે છે કે આ પછી क्य,रुय થી માંડીને क्क,क्ख સુધીના જોડાક્ષરો શીખવવામાં આવતાં ઈત્સિંગ આ પુસ્તકના ૧૮ પ્રકરણ અને લિપિના સાદા અને સંયુકત અક્ષરોની કુલ સંખ્યા ૧૦,૦૦૦ ઉપરની અર્થાત્ ૩૦૦ શ્લોક પ્રમાણ ઉપરાંતની હતી તેમ કહે છે. ઈત્સિંગ આ વર્ણમાલાનું નામ વર્ણસમામ્નાય કહે છે અને

તેનું જ્ઞાન મહેશ્વર પાસેથી પ્રાપ્ત થયું મનાતું હતું. આ લિપિ વિદ્યા શીખતા ૬ માસનો વખત લાગતો હતો.

આમ પ્રાચીન ભારતીય પ્રાથમિક શિક્ષણ ૬ વર્ષથી શરૂ કરીને લગભગ ૮ માં વર્ષે પુરૂ થતું હતું.

ઈત્સિંગ ૮ માં વર્ષે પ્રાથમિક શિક્ષણ પુરૂ કર્યા પછી વિદ્યાર્થીને સૂત્રપાઠનું શિક્ષણ આપતા હોવાનું જણાવે છે. સૂત્રપાઠ જે વ્યાકરણના પાણિનીતંત્રના પાયારૂપ છે. જેમાં ૮ અધ્યાય છે અને તેના ૧૦૦૦ શ્લોકો છે. ઈત્સિંગનાં કહેવા મુજબ તે બધા જ શ્લોકો એટલે કે આખું સૂત્ર વિદ્યાર્થીઓ ૮ માસમાં કંઠસ્થ કરી લેતા હતાં.[૧૨] આ સૂત્રપાઠનું શિક્ષણ પુરૂ થયા પછી ૧૦ વર્ષથી શરૂ કરીને ત્રણ વર્ષમાં તે ત્રણેય "ખિલ" અષ્ટધાતું (સંજ્ઞાક્રિયા) મણ્ડ (મણ્ડ?) અને ઉણાદિ સંજ્ઞાઓની ધાતુ વગેરે શીખી જતાં હતાં.

આ 'ખીલ'ના અધ્યયન પછી ૧૫ વર્ષની ઉંમરે વિદ્યાર્થીને રીતિસૂત્રોનો કે જે પાણિનીના કાર્ય ઉપરની શ્રેષ્ઠ મીમાંસાઓમાંની એક છે. તેનો અભ્યાસ કરાવવામાં આવતો. તેમાં સૂત્રોનો મૂળપાઠ આપેલો છે અને તે બધા મળીને ૧૮,૦૦૦ શ્લોકોનો સુક્ષ્મ બહુવિધ અર્થ દર્શાવે છે. તે બ્રહ્માંડના નિયમોને વ્યકત કરે છે. દેવો અને માનવીઓના ધારાધોરણો દર્શાવે છે. ૧૫ વર્ષના છોકરાઓ આ મીમાંસાનો અભ્યાસ શરૂ કરી તેનો પાંચવર્ષમાં અભ્યાસપૂર્ણ કરે છે.[૧૩]

આ વિષયો ઉપરાંત ઈત્સિંગની નોંધમુજબ ઉચ્ચ અભ્યાસુ વિવિધ કાર્યો ઉપરની મીમાંસાઓનો અભ્યાસ કરતાં હતાં. તેમાંની એક જે આપણે જાણીએ છીએ તે વ્રતિસૂત્ર હતું. તેના ૨૪૦૦૦ શ્લોકો હતાં. આ ઉપરાંત વિદ્યાર્થીઓને ભતૃહરિ શાસ્ત્રોનો અભ્યાસ કરવાનો રહેતો હતો. આ કાર્યમાં ૨૫૦૦૦ શ્લોકો હતાં. તેમાં માનવજીવનના સિદ્ધાંતો ઉપરાંત વ્યાકરણ વિજ્ઞાનનો સમાવેશ થાય છે. આ પુસ્તકોના અભ્યાસ પછી ભતૃહરિના ત્રીજા કાર્ય પેઈના (Pei-na) વેદા લેવામાં આવતું હતું. આ ભતૃહરિ વિશે ઈત્સિંગ એમ પણ લખે છે કે ભતૃહરિ આખા જગતમાં બહુ પ્રસિદ્ધ હતાં. ભતૃહરિ ધર્મપાલના સમકાલીન હતા. તે વધુમાં નોંધે છે કે તે બૌદ્ધ હતાં અને ભિક્ષુ બનવા ઈચ્છતા હતાં. પરંતુ સંસારની મોહમાયાને વશ થઈ પાછા સાધારણ મનુષ્યોની જેમ જીવન વ્યતિત કરવા લાગ્યા. એવું સાતવાર થયું. પરંતુ શતકોના રચયિતા કવિ ભૃતહરિ બૌદ્ધ ન હતાં. પરંતુ પાકા શિવભકત હતાં. કદાચ ઈત્સિંગે ઉલ્લેખ કરેલ ભતૃહરિ કોઈ બીજાં હશે. જે વ્યાકરણાચાર્ય હતા. જેણે વાકયદીપ નામનું એક પુસ્તક લખ્યું હતું.

ઈત્સિંગે અંતિમ મુખ્યવિદ્યા તરીકે અભિધર્મનું નામ જણાવ્યું છે. તેણે ગ્રહણશકિત કેળવવા માટેના ઉત્તમ અભ્યાસગ્રંથ તરીકે જાતકમાલાનો ઉલ્લેખ કર્યો છે. ઈત્સિંગ વધુમાં જણાવે છે કે હર્ષે પોતે એકત્ર કરેલી જાતકમાલામાં આવતા બૌદ્ધિસત્વ જિમૂતવાહનના પરમાર્થ ચરિતના વસ્તુનું નાટક રચી એનો જાહેર પ્રયોગ ભજવ્યો હતો.

વિદ્યાપીઠ ખાતે વિશિષ્ટ સ્મૃતિ તાલીમનું નિરીક્ષણ કરવાની તક ઈત્સિંગને મળી

હતી. તેના જણાવ્યા મુજબ ૧૦ દિવસથી ૧ મહિનાની પ્રેક્ટીસ પછી વિદ્યાર્થી પોતાના વિચારો ફૂવારાની માફક આરોહ થતાં અનુભવે છે. કોઈ એક વખત સાંભળેલું હોય તેની સ્મૃતિ કરી શકે છે. તે વધુમાં જણાવે છે કે આ કોઈ દંતકથા નથી પણ હું પોતે આવા માણસોને મળેલ છું.[૧૪]

છ વર્ષથી માંડીને પંદરવર્ષ સુધીની ઉંમરમાં વિદ્યાર્થીઓને જે શિક્ષણ મેળવી લેવાનું હતું તે જોતા ઈત્સિંગનું આ કથન સત્યની નજીક લાગે છે કે જેથી વિદ્યાર્થીઓનું જ્ઞાન એટલું વિસ્તૃત ચોકકસ બની જ જતું હોય.

ઉચ્ચ શિક્ષણ મેળવ્યા પછી ઈત્સિંગ લખે છે કે તે વિદ્યાર્થીઓ ગમે તે ધંધો કરી શકતા તો કેટલાંક રાજસભામાં જઈ પોતાની મેધાવીતાને પ્રદર્શીત કરી રાજતંત્રના અધિકાર પ્રાપ્ત કરતાં અને વાદવિવાદ સભાઓમાં પણ ઉચ્ચ શ્રેણી પામતાં હતાં.

ઈત્સિંગના વિવરણમાંથી ભારતનાં વિદ્યાર્થીઓની દૈનિકક્રિયા, આશ્રમનિવાસ, ગુરૂશિષ્ય વચ્ચેના સંબંધોની પણ વિગતો મળે છે.

વિહારોમાં વિદ્યાર્થીનું જીવન સાદું અને પદ્ધતિસરનું હતું. તેઓ સૂર્યોદય સમયે ઉઠતાં અને સ્નાનાદિ પૂર્ણ કરીને તેઓ મંદિરે જતાં અને પૂજા કરતાં હતાં. ત્યારબાદ તેઓ ચોખાના પાણીનો નાસ્તો કરતાં. [૧૫] તેના પછી તેઓ અભ્યાસકાર્ય માટેની તૈયારી કરતાં. તે પછી તેઓની શાળાઓ શરૂ થતી હતી.

વિદ્યાર્થી પ્રતિદિન નવુંજ્ઞાન પ્રાપ્ત કરતા અને મહિનાઓના મહિનાઓ જૂના વિષયોમાં અભ્યાસ કરતાં એક પણ મિનિટ ગુમાવ્યા વગર ઈત્સિંગ કહે છે કે શિક્ષકો સાથે જે હૃદયપૂર્વકની ચર્ચાઓ થતી તેમાંથી તેને અત્યંત લાભ થતો હતો.[૧૬]

ભારતમાં આચાર્યો અને વિદ્યાર્થીઓ વચ્ચેના મધુર સંબંધનું વિવરણ ઈત્સિંગ કરતાં લખે છે કે વિદ્યાર્થીઓ આચાર્યની પાસે જઈ સેવા કરતા આચાર્ય તેને વિવિધ વિષયો ભણાવતા ત્યારે તેના પ્રત્યેક વિષય પર પૂરતું ધ્યાન આપતા એ સિવાય આચાર્ય શિષ્યના આચરણ ઉપર દષ્ટિ રાખતો હતો. જયારે તે શિષ્યની ભૂલને પકડતો ત્યારે તેને સુધારવા માટે અને પ્રાયશ્ચિત કરવા માટે તૈયાર કરતો હતો. તે આગળ જણાવે છે કે તેઓ ગુરૂઓ દ્વારા શિક્ષિત થતાં અને બીજાને શિક્ષા આપતા હતાં. તેઓ બેથી ત્રણ વર્ષ મધ્યભારતમાં નાલંદા વિહારમાં અથવા ઉત્તરભારતમાં વલભીદેશમાં પસાર કરતા હતાં. તે આ બન્ને વિદ્યાપીઠો ને ચીનમાં આપેલ છીહ–ચુ, લેગમેન અને ચ્યુ–લી વિદ્યાપીઠો સાથે સરખાવે છે. આ વિદ્યાપીઠોના પ્રસિદ્ધ–સિદ્ધ માણસો જૂથમાં એકત્રિત થતાં હતાં તથા સંભવિત અને અસંભવિત સિદ્ધાંતોની ચર્ચા કરતા હતાં. શાણા માણસો દ્વારા તેઓના અભિપ્રાયોની શ્રેષ્ઠતાની ખાત્રી અપાયાબાદ તેઓ પોતાના ડહાપણ માટે દૂરદૂર સુધી પ્રસિદ્ધ બનતાં હતાં.

ઈત્સિંગે તત્કાલીન ચિકિત્સાપદ્ધતિ અને વૈદ્યોનું પણ વર્ણન કર્યુ છે. તેણે ઔષધીશાસ્ત્રના આઠભાગવાળા એક મોટાગ્રંથનો ઉલ્લેખ કર્યો છે તે આયુર્વેદના આઠ વિભાગોને

મળતાં આવે છે. આ આઠ વિભાગના અગાઉ આઠ અલગ અલગ ભાગ હતાં. જેને પછી એક વ્યકિતએ એક ગ્રંથમાં સંકલિત કર્યા હતાં અને આખા ભારતના વૈદોતે ગ્રંથને અનુસરીને ચિકિત્સા કરતાં હતાં. તકાકુસુ એ આ ઉલ્લેખ સુશ્રુતને લગતો હશે એવી ધારણા બાંધી હતી. પરંતુ સુશ્રુતતે મૈત્રકકાળ પહેલાં થયો હતો. ચરક પણ પ્રાગમૈત્રકકાલીન છે. તેથી તે ઉલ્લેખ ચરક અને સુશ્રુત પછી થયેલો વાગ્ભટ્ટ હોવો જોઈએ. તેવી ધારણા શ્રી હરિપ્રસાદ શાસ્ત્રી બાંધે છે.

જો કે ઈત્સિંગે ગણાવેલા અંગોનો ક્રમ લગભગ સુશ્રુતે જણાવેલા ક્રમને મળતો આવે છે. એ હકીકત છે. એ આઠ અંગ આ પ્રમાણે છે.

(૧) શાલ્યમાં શરીરની અંદરના તેમજ ઉપરના શલ્ય દૂર કરવાનો.
(૨) શાલાકયમાં કાન, આંખ, મોં, નાક, ઈત્યાદિ ઉપલા અંગોના વ્યાધિઓને શલાકા(શસ્ત્ર) વડે દૂર કરવાનો.
(૩) કાય ચિકિત્સામાં શકલકાયાના જવરાદિ રોગોનું ઉપશમન કરવાનું.
(૪) ભૂતવિદ્યામાં અસુરાદિ યોનિઓ તેમજ ગ્રહોના ઉપદ્રવને શાંત પાડવાનું.
(૫) કૌમારભૃત્યમાં કુમારભરણને (બાળઉછેર) લગતા દોષોને, વ્યાધિઓનું નિવારણ કરવાનું.
(૬) અગદતંત્રમાં સર્પાદિના વિષનો પ્રતિકાર કરનારા ઔષધિઓના ઉપચારનો
(૭) રસાયણતંત્રમાં વય રક્ષનારાંને આયુષ વધારનારાં રસાયણોના ઉપચારનો
(૮) વાજીકરણમાં વિષયભોગ અર્થે દેહની શકિત વધારનારા ઔષધોના ઉપચારનો વિષય તેમાં નિરૂપાયો છે.

ઈત્સિંગ એ પણ લખે છે કે વૈદ રોગીનો અવાજ અને મુખનું નિરીક્ષણ કરી ઉપચાર કરતો હતો. લોકો વૈદોનું સન્માન કરતાં હતાં. પશ્ચિમ ભારતમાં લાટોના દેશમાં જે લોકો બિમાર પડતાં ત્યારે અડધાં માસ સુધી કયારેક કયારેક તો આખો માસ ખાતા નહી જયાં સુધી બિમાર રહે ત્યાં સુધી જમતાં નહી. મધ્યભારતમાં ઉપવાસની સૌથી લાંબી મુદત એક સપ્તાહની હતી. પરંતુ દક્ષિણી સમુદ્રના દ્વિપોમાં આ અવધી બે કે ત્રણ દિવસની હતી. ભારતીયો સ્વાસ્થ્ય રક્ષા માટે સવાર અને સાંજ ચાલવાનું આવશ્યક માનતા હતાં તે પણ ઈત્સિંગની નોંધમાંથી જાણવા મળે છે.

ઈત્સિંગ પોતાની પ્રવાસનોંધમાં સાહિત્ય અને કલાના વિદ્વાન અશ્વઘોષની નોંધ કરે છે. તે લખે છે કે અશ્વઘોષે થોડાંક કાવ્યાતિક ગીતોની અને સૂત્રાલંકાર શાસ્ત્રની રચના કરી હતી. તથા બુદ્ધચરિત કાવ્યનો રચયિતા પણ અશ્વઘોષ છે. એમ જણાવે છે. એ કૃતિ એવડી મોટી હતી કે તેને દશપુસ્તકોમાં વિભાજીત કરવી પડી તથા તેને પૂર્ણ કરવા માટે ૬ માસનો સમય લાગ્યો હતો.

ટૂંકમાં છેલ્લે એમ કહી શકાય કે ઈત્સિંગના અહેવાલમાંથી પણ ઘણી ખુટતી ધાર્મિક, સામાજિક વિગતો મળી રહે છે.

પાદનોંધ

(૧) પૂણતામ્બેકર "એશિયા કી વિકાસોન્મુખ એકતા" લખનૌ –પે–૧૩૮
(૨) દિનકર રામધારીસિંહ "સંસ્કૃતિ કે ચાર અધ્યાય" દિલ્હી–પે–૧૮૦ (૨)મહેતા વિરાટ "ભૌગોલિક સંશોધન અને શોધખોળ" અમદાવાદ–પે–૫૦/૫૧
(૩) માંકડ ડોલરરાય "પૌરાણિક કાળગણનાનુસાર વંશાનુક્રમ" ગાંધીનગર–પે–૧૨૭/૨૮
(૪) ઓઝા ગૌરીશંકર "મધ્યકાલીન ભારતીય સંસ્કૃતિ" અમદાવાદ–પે–૧૩૨/૩૩
(૫) જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી–૨૨ ભારતદર્શન–૧ વલભવિદ્યાનગર–પે–૨૧૦ (૨) પૂણતામ્બેકર –પે–૧૩૮
(૬) લુણિયા બી.એન. "પ્રાચીન ભારતીય સંસ્કૃતિ" આગ્રા–પે–૫૯૪
(૨) મજમુદાર આર.જી.'ગુપ્તકાલીન ભારત" અમદાવાદ–પે–૧૨૧
(૩) નહેરૂ "મારું હિંદનું દર્શન" અમદાવાદ –પે–૨૫૯
(૪) મહાજન વી.ડી. "પ્રાચીન ભારત કા ઈતિહાસ" દિલ્હી–પે–૬૦૯
(૭) ઈત્સિંગ એ રેકોર્ડ ઓફ બુદ્ધિસ્ટ રિલિજિયન ટ્રાન્સલેટ બાય – તકાકુસુ લંડન –પે–૧૯૭
(૮) તકાકુસુ પે–૪૦/૪૪ (૨) ક્રિષ્નાકુમારી વીરજી એન્શીયન્ટ હિસ્ટ્રી ઓફ સૌરાષ્ટ્ર મુંબઈ યુનિવર્સિટીનો પીએચ.ડી.નો પ્રકાશિત શોધ નિબંધ–પે–૨૦૩
(૯) તકાકુસુ–પે–૫૫
(૧૦) તકાકુસુ–પે–૧૪/૧૫
(૧૧) શાસ્ત્રી દુર્ગાશંકર "ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઈતિહાસ" અમદાવાદ–પે–૩૩
(૧૨) ઉપાધ્યાય ભગવતશરણ "ગુપ્તકાલ કા સાંસ્કૃતિક ઈતિહાસ" લખનૌ–પે–૨૮૩ (૨) શાસ્ત્રી હરિપ્રસાદ મે.ગુ.પે.૪૩૩
(૧૩) તકાકુસુ પે–૧૭૫
(૧૪) તકાકુસુ પે–૧૮૩
(૧૫) તકાકુસુ પે–૧૧૭
(૧૬) તકાકુસુ પે–૧૮૪

✻ ✻ ✻ ✻

અલબેરૂની ઈ.સ.૧૦૧૯ થી ૧૦૩૨

અગિયારમી સદીમાં અલબેરૂની મહમદ ગઝની સાથે ભારત આવ્યો હતો. જેણે ભારતની સામાજિક સ્થિતિ લોક રીતરિવાજો, જયોતિષ, ખગોળશાસ્ત્ર, ધાર્મિક સ્થિતિ અને રાજકીય વિગતો નોંધી છે. જેને મુસ્લિમ પ્રવાસી કહેવા કરતા એક સારો અને સાચો ઈતિહાસકાર કહેવો વધુ યોગ્ય લેખાશે. તે પાછો એવા સમયે ભારતમાં આવ્યો હતો, કે ત્યારે ભારતમાં મુસ્લિમો વધુ પગદંડો જમાવવાની તૈયારી કરી રહયા હતાં. તે સમયની ભારતની દરેક પ્રકારની સ્થિતિનું વર્ણન તેના ગ્રંથોમાંથી મળે છે.

જન્મ અને પ્રારંભિક કારકિર્દી

અલબેરૂનીનું આખું નામ અબુ–રેહા મુહમ્મદ ઈબ્ન અલબેરૂની હતું. તેના નામ, જન્મસ્થાન અને જાતિ વિશે ઘણા બધા મત પ્રવર્તે છે. શાહ રજૂરી પોતાના પુસ્તક "તારીખ–એ હુકમી"માં અલબેરૂનીને સિંધના બિરૂન ગામમાં જન્મેલો બતાવે છે. એમ. રેનોલ્ડ માનતો કે અલબેરૂની સિંધી હતો. પરંતુ તે માન્યતા પાછળથી ખોટી ઠરી હતી. કારણકે સિંધમાં કયાંઈ બિરૂન ગામ ન હતું પણ વર્તમાન હેદ્રાબાદ પાસે નિરૂન કે નિરૂનકોટ હતું. બિરૂન શબ્દ ફારસીમાંથી નીકળેલો મનાય છે. જેનો અર્થ થાય છે બહારનો. ઘણા લેખકો કહે છે કે તે ખ્વારીઝમના બિરૂન ગામમાં જન્મયો હતો. કવાર્ટરલી રિવ્યુના એક લેખથી પણ સિદ્ધ થાય છે કે તે બિરૂની ખ્વારીઝમનો વતની હતો. જેના માતા પિતા ઈરાનીમૂળના હતાં. તેને તે હિસાબે પણ પરદેશી માનવામાં આવ્યો. તે કારણથી જ ફારસી ઉપનામ બિરૂની (બહારનો) મળ્યું હતું.

અલબેરૂનીનો જન્મ ઈ.સ.૯૭૩ માં અલખ્વારીઝમમાં (આધુનિક ખીવા) થયો હતો.[૧] જયારે ઈલિયટ અને ડાઉસન લખે છે કે અલબેરૂનીનો જન્મ લગભગ હિજરી ૩૬૦ અથવા ઈ.સ.૯૭૦/૭૧ માં થયો હતો. તે જયોતિષકાર, ભૂમિતજ્ઞ, ઈતિહાસકાર, ભાષાવિદ્ હતો. તે ખ્વારીઝમી, ઈરાની, તુર્કી, ઈબ્રાની, સીરિયાઈ અને સંસ્કૃતનો પણ જ્ઞાતા હતો. સત્ય અને વિદ્યાને લીધે તેને મુહાકિમ એટલે કે ચોકકસનું બિરૂદ લોકોએ આપ્યું હતું. તેની વિદ્વતાને જોઈને મામૂની કૂળના શાસકે તેને રાજમંત્રીના પદ ઉપર નિયુકત કર્યો હતો. તેનો સમકાલીન મહમદગઝની ગઝની ઉપર શાસન કરતો હતો. ખીવાનો શાસક મહમદગઝનીનો સગો હતો છતાં મહમદ ગઝનીએ ઈ.સ.૧૦૧૭ માં ખીવા ઉપર અધિકાર કરી લીધો. અલબેરૂની જે ખીવા સમ્રાટનો રાજમંત્રી હતો. તેણે આ લડાઈ પહેલા ઘણીવાર મહમદગઝનીના આક્રમણથી ખીવાનું રક્ષણ કર્યુ હતું. આ કારણથી મહમદગઝની અને તેનો મંત્રી અહમદ ઈબન હસન

મૈમન્દી તેને પોતાનો દુશ્મન ગણતાં હતાં. ઈ.સ.૧૦૧૭ની લડાઈમાંથી મહમદગઝનીને અલબેરૂની યુદ્ધકેદી તરીકે પ્રાપ્ત થયો હતો. મહમદગઝનીએ અલબેરૂનીને મારી નાંખવાની આજ્ઞા પણ આપી દીધેલી. એ સમયે વઝીરે આ વિદ્વાન ચિંતક પુરૂષને પ્રાણદંડ ન આપવા આજીજી કરતાં તેને જીવતદાન મળ્યું હતું. અન્ય મતમુજબ અલબેરૂની ખ્વારીઝમનાં હાકેમ વકીલ તરીકે ગઝની આવેલો અને મહમદગઝનીએ તેની વિદ્વતા જોઈ તેને પોતાની પાસે રાખી લીધો હતો.

અલબેરૂનીના જીવન સંબંધિત કેટલાંક અરબી પ્રાચીન ગ્રંથોમાંથી અને તેના જીવનચરિત્રના લેખક સમ્શુદીન મુહમ્મદ શાહરજૂરીએ ઘણી પ્રારંભિક વિગતો આપી છે. તેના પ્રારંભિક જીવન અને બાળપણ વિશે વધુ જાણકારી મળતી નથી. તેના ધાર્મિક વિશ્વાસના વિષયમાં પણ વધુ વિગતો મળતી નથી.

અલબેરૂનીના લખેલા પુસ્તકોની સંખ્યા વિશે પણ સાચી વિગતો મળતી નથી. યાકૂતના કથનાનુસાર તેણે અલબેરૂનીના લખેલા પુસ્તકોની એક સૂચિ મર્વમાં જોઈ હતી. જે સૂચિ ૬૦ પેઈઝની હતી. અલબેરૂનીએ તેના મૃત્યુ પહેલા ૧૩ વર્ષે એક મિત્રને પત્રમાં પોતાના પુસ્તકોની સંખ્યા ૧૧૪ની બતાવી છે. પરંતુ એવું કહેવામાં આવે છે કે તેણે ઘણાં ગ્રંથો લખ્યા હતાં. યૂનાની ભાષાના ઘણાં પુસ્તકોના અનુવાદો પણ કર્યા હતાં. તેણે ટોલેમીના અલ–માજૈસ્ટનું સંક્ષિપ્તીકરણ કર્યુ હતું. એક લેખકના કહેવા મુજબ તેણે લખેલા પુસ્તકોનું વજન એટલું બધું હતું કે તે એક ઉંટ ઉપર પણ લાદી ન શકાય. કદાચ એટલે જ ઈશ્વરભક્ત મુસલમાન એવું માનવા લાગ્યા હતાં કે અલબેરૂનીને ઈશ્વરીય પ્રેરણા પ્રાપ્ત થતી હતી. તેના લખેલા ગ્રંથોમાં પ્રશંસાપાત્ર અને પ્રાપ્ત ગ્રંથો આ મુજબના છે.

(૧) જયોતિષ સારણી
(૨) રત્નમીમાંસા
(૩) ઔષધી શાસ્ત્ર
(૪) જયોતિષની ભૂમિકા
(૫) તિથિક્રમ પર ગ્રંથ
(૬) પ્રસિદ્ધ કાનૂનુલ મસૂદી
(૭) તારીખે – ઉલ – હિંદ

અલબેરૂની સંભવતઃ આ સમયે મધ્ય એશિયામાં સૌથી વધુ પ્રતિભાશાળી અને વિદ્વાન હતો. તે મહમદ ગઝનીના આદેશથી ભારતમાં ૧૦ વર્ષ રહયો હતો, એમ રોમિલા થાપર લખે છે.[2] ઈલિયટ અને ડાઉસન અલબેરૂનીને ભારતમાં રહયાના ૪૦ વર્ષ બતાવે છે. જયારે શ્રીકૃષ્ણ પૂણતામ્બેર લખે છે કે અલબેરૂની ઈ.સ.૧૦૧૯ માં ભારતમાં આવ્યો હતો, અને ઈ.સ.૧૦૩૨ માં ભારત છોડી જતો રહયો હતો.[3] અહીં ઈલિયટ અને ડાઉસનનો મત મને બરાબર લાગતો

નથી.

અલબેરૂનીએ પોતાની ભારતયાત્રા દરમ્યાન હિંદુ સંસ્કૃતિ અને જ્ઞાનના સંપૂર્ણક્ષેત્રનું અવલોકન કર્યુ હતું. તે જણાવે છે કે આ સમયે પોતાના વિચારો સમજવા, વિચારવા અને ગ્રહણ કરવાની ક્ષમતા તેમાં ન હતી. તેણે અરબીગ્રંથોનો સંસ્કૃતમાં અને સંસ્કૃત ગ્રંથોનો અરબીમાં અનુવાદો કર્યા હતાં. ગણિત, જયોતિષ, ધર્મ, ઈતિહાસ અને સંસ્કૃતિ જેવા અનેક વિષયો ઉપર અનેક આલોચનાત્મક ગ્રંથો લખ્યાં હતાં. સાધારણ રીતે તે એશિયાની વિકસીત એકતાનો આદર્શકૂળ અને અનુકરણિય વિદ્વાન હતો. આ વિદેશી પ્રવાસી તેની બહુમુખી પ્રતિભાને લીધે એરિસ્ટોટલની યાદ આપે છે. તેનો ભારત પ્રત્યેનો દષ્ટિકોણ મહમદ ગઝની કરતાં તદન જુદો હતો. મહમદ ગઝનીની માન્યતા પ્રમાણે હિંદુઓ કાફીરો હતાં. હમેંશને માટે નરકના અધિકારી હતાં. હિંદુઓના બધા મંદિરોનો સદંતર નાશ અને તેમની અઢળક ધનસંપતિ લૂંટવી તે તેની ભારતયાત્રાનું ધ્યેય હતું. જયારે તેની સાથે આવેલા અલબેરૂનીનું ધ્યેય જ્ઞાનવિજ્ઞાનનું રસપાન કરવાનું હતું. તેને હિંદુ તરફ કોઈ ભેદ નહોતો. તે ભારતના લોકોની સિદ્ધિઓ, જ્ઞાનનો પ્રશંસક હતો. તેણે અન્ય મુસ્લિમ લેખકોની જેમ હિંદુઓ માટે ખરાબ શબ્દો લખ્યાં નથી. તેનું મૃત્યુ ઈ.સ.૧૦૪૮માં થયું.

તારીખે – ઉલ – હિંદ (કિતાબ-ઉલ-હિંદ)

અલબેરૂનીના સૌથી પ્રખ્યાત આ પુસ્તકમાં અગિયારમી સદીના આરંભના ભારતીય સાહિત્ય, સમાજ, વિજ્ઞાન અને દર્શન વગેરેનું વર્ણન છે જે ભારતીય ઈતિહાસ માટે ખૂબ મહત્વનું છે. આ પુસ્તકની કે તેના અમુક અંશોની હસ્તલિખિત પ્રત ઈમ્પીરિયલ લાઈબ્રેરી પેરીસમાં છે. એમ.હૈનલે લખ્યુ છે કે તેની એક હસ્તપ્રત પેરીસની લાઈબ્રેરી ઓફ ધી આર્સેનલમાં પણ છે. એમ.રેનોલ્ડના લખ્યા મુજબ આ પુસ્તક ઈ.સ.૧૦૩૧ માં ભારતમાં લખાયું હતું.[4] જેમાં લેખકનું નામ કયાંય લખ્યું નથી. પરંતુ એટલું જ લખ્યુ છે કે તે મહમદ ગઝની સાથે ભારત આવ્યો અને અમુક સમય સુધી અને વિશેષમાં પંજાબમાં રહયો હતો.

આ પુસ્તકમાં કુલ ૮૦ અધ્યાયો છે. જે દરેક અધ્યાયના એક એક ઉપશીર્ષકો પણ આપવામાં આવ્યા છે. પ્રથમ અધ્યાયમાં સાધારણ પરિચય આપવામાં આવ્યો છે. બીજાથી બારમાં અધ્યાય સુધી ભારતના ધાર્મિક અને દાર્શનિક વિષયોનું વર્ણન કરવામાં આવ્યું છે. તેરમાંથી સત્તરમાં અધ્યાયમાં સાહિત્ય, માપવિદ્યા, રીતરિવાજો તેમજ પ્રચલિત અંધ વિશ્વાસોનું વર્ણન છે. અઢારથી એકત્રીસ અધ્યાય સુધીમાં ગ્રહો, નદીઓ ખગોળ જુદાજુદા સ્થળો વચ્ચેનું અંતર, પૌરાણિક વાતો, દ્વિપો વગેરેનું વર્ણન છે. બત્રીસથી બાસઠ સુધીના અધ્યાયમાં માસ, કલ્પ, મન્વંતર, વાસુદેવ અને ભારતયુદ્ધ મહાભારતની અક્ષોહિણી સેના, નક્ષત્રોની ગણના, સૂર્યગ્રહણ, ચંદ્રગ્રહણ આમ આ અધ્યાયોમાં જયોતિષ અને ધાર્મિક પરંપરાઓનું વર્ણન છે.

ત્રેસઠથી છોતેર સુધીના અધ્યાયોમાં ધાર્મિક પ્રથાઓ, યજ્ઞ, તીર્થસ્થાનો, દાનપુણ્ય, લગ્ન, કાયદાઓ વ્રતઉપવાસ તહેવારો અને આનંદપ્રમોદના દિવસો વગેરેની વિગતો છે. સત્યોતેરથી એંસીમાં અધ્યાય સુધીમાં પુણ્યદિવસો, કરણ, યોગ, હિંદુ ફલિત જયોતિશાસ્ત્રની વિગતોનું વર્ણન છે.

આ પુસ્તક મૂળ અરબી ભાષામાં હતું. પરંતુ પુસ્તકની અગત્યતા જોઈ ઘણી બધી ભાષાઓમાં અનુવાદો થયા. સૌપ્રથમ ૧૮ વર્ષ સુધી કિતાબ–ઉલ–હિંદનું અધ્યયન વિયેના વિશ્વવિદ્યાલયના આચાર્ય એડવર્ડ સી.સખાઉએ કરી. તેનો અંગ્રેજી અનુવાદ ઈ.સ.૧૮૮૮માં બે ભાગમાં લંડનથી પ્રકાશિત કર્યો. ત્યારપછી ઈ.સ.૧૯૧૦ માં આ બે ભાગનું સંક્ષિપ્તીકરણ એક ભાગ પ્રકાશિત થયો. ત્યાર પછી બન્ને ભાગો પાકિસ્તાનમાં ઈ.સ.૧૯૬૨માં અને ભારતમાં એક ભાગ ઈ.સ.૧૯૬૪ માં છપાયો. જયારે હિંદી અનુવાદ શાંતારામે ૧૯૨૬/૨૮ માં અલ્હાબાદથી પ્રસિદ્ધ કર્યો. આ પુસ્તકનો અનુવાદ અંગ્રેજી, હિંદી, ઉર્દુ બાંગ્લા અને જર્મન વગેરેમાં થયો હતો. છેલ્લે ઈ.સ.૧૯૯૨માં શ્રી સખાઉના સંક્ષિપ્તીકરણવાળા ગ્રંથનો હિંદી અનુવાદ કયામઉદદ્દીન અહમદ દ્વારા સંપાદિત થઈ બહાર પડયો. હાલમાં એટલે કે ઈ.સ.૨૦૦૦ માં નેશનલ બુક ટ્રસ્ટ દિલ્હી દ્વારા ગુજરાતીમાં તેનો અનુવાદ બહારપડવાનો છે.

અલબેરૂનીની કલમે ભારતની સામાજિક સ્થિતિ

આ પ્રવાસીએ ભારતના લોકો અને શાસ્ત્રોનું સગવડતાંઓનું તલસ્પર્શી નિરીક્ષણ કર્યુ હતું. તેમાંથી જ ભારતની સામાજિક પરિસ્થિતિનો ખ્યાલ મળે છે. જો કે અમુક બાબતો તેણે જોઈને લખી છે. જયારે અમુક શાસ્ત્રોનું અધ્યયન કરીને પણ લખી છે.

જાતિવ્યવસ્થા

અલબેરૂની લખે છે કે હિંદુ પોતાની જાતિઓને વર્ણ કહે છે. જેનો અર્થ છે. રંગ અને વંશ વૃક્ષના દષ્ટિકોણથી તે તેને જાતક અર્થાત જન્મિત કહે છે. આરંભથી જે તે જાતિઓ ચાર હતી.[૫] અર્થાત બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય, શુદ્ર. ક્ષત્રિય ત્રણ દોરાની જનોઈ ૧૨ વર્ષ પૂરા કરતા ધારણ કરતો વૈશ્યો બે દોરાની જનોઈ પહેરતા અને ક્ષુદ્ ક્ષોમથી બનેલી જનોઈ પહેરતા હતા. જન્મથી જ જાતિ નકકી થઈ જતી હતી અને જાતિ વ્યવસ્થા ખૂબ જ કઠોર હતી. અલબેરૂની લખે છે કે પ્રાચીનકાળમાં અત્યંત કર્તવ્ય પરાયણ રાજા જનતાને અનેક શ્રેણિઓ અને કર્મોમાં વિભકત કરવામાં ફાળો આપે છે. સાથે જ તેમને એકબીજાને મળવા અને ક્રમ તોડવાથી રોકવાનો પ્રયત્ન કરે છે.

તેણે એમ પણ લખ્યું છે કે ચારે વર્ણવાળા એકઠાં રહે છે.[૬] અને એકબીજાના હાથનું ખાય છે. સંભવ છે કે આ કથન ઉત્તર ભારતના માટે હશે. બાકી દક્ષિણ ભારતના શાકાહારી

લોકોએ તો માંસાહારી લોકો સાથે પણ ખાવાનું છોડી દીધું હતું.[૭]

હિંદુશાસ્ત્રો મુજબ બ્રાહ્મણોને બ્રહ્માના મુખમાંથી પેદા થયેલા ગણવામાં આવતા હતાં. માથું શરીરના સૌથી ઉંચાભાગમાં હોવાથી બ્રાહ્મણોને બધી જાતિઓમાં શ્રેષ્ઠ માનવામાં આવતી હતી. બીજો વર્ગ ક્ષત્રિયોનો હતો. જેની ઉત્પતિ બ્રહમાના ખંભા અને હાથમાંથી થઈ હતી. એનો સ્તર બ્રાહ્મણોથી બહુ નીચો માનવામાં આવતો ન હતો. ત્રીજો વર્ગ વૈશ્યોનો જે બ્રહ્માના જાંઘમાંથી ઉત્પન્ન થયો હતો. ચોથો વર્ગ શુદ્રોનો જે બ્રહ્માના અગુંઠામાંથી પેદા થયો હતો. છેલ્લા બે વર્ગોની વચ્ચે બહુ વધારે અંતર નથી જો કે આ વર્ગોમાં પરસ્પર ભેદ છે. તેમ છતાં તે નગરો અને ગામમાં સાથે રહે છે અને એક જ પ્રકારના મકાન અને સ્થાનોમાં એકબીજાથી હળતાભળતા રહે છે. શુદ્રો પછીના લોકોને અત્યંજ કહે છે. જે જુદા જુદા પ્રકારના હલકા કાર્યો કરે છે. તેની ગણના કોઈ પણ જાતિમાં નથી થતી. જો કે તેને કોઈ વિશેષ શિલ્પ કે વ્યવસાયના સદશ્ય માનવામાં આવે છે. તેની આઠ શ્રેણીઓ છે. તેમાં ધોબી, મોચી, વણકર, આ ત્રણ સિવાય કોઈપણની સાથે કોઈપણ પ્રકારનો સંબંધ (બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય) રાખવા ઈચ્છતા નહોતા. ધોબી, મોચી, જાદુગર, ઢાલ બનાવવાવાળા નાવિક, માછીમારો, શિકારીઓ અને વણકર આ આઠેય શ્રેણીઓના લોકો ગામકે નગરની બહાર રહેતા હતાં.

ચંડાલની ગણના કોઈ જાતિ કે વ્યવસાય શ્રેણીમાં થતી ન હતી. તે ગંદા કામો કરતા અને ગામની સફાઈ કરતા હતાં. તેને અવૈધ સંતાન માનવામાં આવતા હતાં. આમ લોકોની માન્યતા છે કે તે શુદ્ર પિતા અને બ્રાહ્મણ માતાના જારજ સંતાન છે. તેથી જ તે નીચકોટીના અછૂત છે. તેઓ સમાજમાં બહિષ્કૃત વ્યકિતની જેમ જ રહેતા હતાં.

જાતિઓમાં બ્રાહ્મણો પોતાના કામ મુજબ ઓળખાય છે. દા.ત. અગ્નિની પૂજા કરતી વખતે ઈષ્ટિન કહેવાય. યજ્ઞમાં આહૂતિ દેતી વખતે દિક્ષિત કહેવાય. જે રીતે બ્રાહ્મણોને સંજ્ઞાઓ મળતી તે રીતે અન્ય જાતિઓના પણ આવા નામ રાખવામાં આવતા હતાં. મોક્ષ બાબતે મતભેદ હતો, કે બ્રાહ્મણો અને ક્ષત્રિયો જ મોક્ષ મેળવી શકતા. ફકત બ્રાહ્મણો અને ક્ષત્રિયોને વેદાધ્યયનનો અધિકાર હતો. એટલે મોક્ષ પણ તેના માટે સુરક્ષિત હતો. પરંતુ ક્ષત્રિયો વેદનું શિક્ષણ લઈ તેને કંઠસ્થ કરી શકતા. આમ છતાં તેની શિક્ષા આપી શકતા નહી. વૈશ્ય અને શુદ્ર વેદના પવિત્ર જ્ઞાનથી વંચિત હતાં. જો તે સાબિત થઈ જાય કે આ બે વર્ગમાંથી કોઈએ વેદનો પાઠ કરી લીધો છે તો તેની જીભ કાપી નાંખવામાં આવતી હતી.[૮] સામાજિક અનુક્રમની શ્રૃખંલામાં ક્ષત્રિયોનું બીજુ સ્થાન હતું. તેને દેશપર શાસન કરવાનો અને સીમાઓનું રક્ષણ કરવાનો ભાર સોંપવામાં આવ્યો હતો. વૈશ્યોનો મુખ્ય વ્યવસાય ખેતી, વેપાર અને પશુપાલનનો હતો.

અલબેરૂનીના વિવરણથી એ પણ નિષ્કર્ષ નીકળે છે કે તે સમયે પતિત મનુષ્યને જાતમાં ફરી મેળવવાનો રિવાજ હિંદુઓમાં ન હતો. શાહીવંશનો વીરરાજા જયપાલ જયારે મહમદગઝનીના હાથે કેદ થયો ત્યારે કેદમાંથી નીકળ્યા પછી તેને સમાજમાં પાછા આવવાનું

ઉચિત ન લાગ્યું. ત્યારે તે પ્રાયશ્ચિતરૂપે આગમાં બળી મર્યો હતો. આમ હિંદુસમાજમાં પ્રાયશ્ચિત પ્રથાનું પ્રચલન ન હોવાથી હિંદુઓને કેટલીય નુકશાની થઈ હતી અને કેટલાય લોકો મુસલમાનમાંથી પાછા હિંદુ બની શકતા નહી.

અગિયારમી સદીમાં હિંદુઓની જાતિવ્યવસ્થા પ્રત્યે કેવો અભિગમ હતો. તેના વિશે અલબેરૂની લખે છે કે મે કેટલીઈવાર સાંભળ્યું છે કે હિંદુદાસ ભાગીને પાછો પોતાના ધર્મમાં આવવાનો પ્રયત્ન કરે ત્યારે હિંદુઓ તેને પ્રાયશ્ચિતરૂપે ઉપવાસ કરવાનો આદેશ આપે છે. પછી એને ગાયનું છાણ અને મુતર દૂધમાં અમુક દિવસો સુધી દબાવી રાખે છે. પછી એને મળ ખવરાવે છે પછી અલબેરૂની એ જ બ્રાહ્મણોને પૂછયું કે શું આ વાત સાચી છે. ત્યારે બ્રાહ્મણો એ તેનો ઈન્કાર કરતાં કહયું કે ના એવા કોઈ વટલાયેલા વ્યકિત માટે કોઈપણ પ્રાયશ્ચિત સંભવ નથી.[૯]

લગ્ન

ભારતની લગ્નપ્રથા વિશે અલબેરૂની લખે છે કે અહીં બાળપણમાં જ લગ્ન થઈ જાય છે અને તે વ્યવસ્થા તેમના માબાપ કરે છે. લગ્ન વખતે બ્રાહ્મણો અનુષ્ઠાન કરાવતા હતાં. વરવધુ માટે ઉપહારની કોઈ રકમ નિશ્ચિત નથી હોતી વર જ ફકત ઉપહાર માટે ઉચિત સમજવામાં આવે છે. ઉપહારની ચીજવસ્તુઓ સ્ત્રીધન ગણાતી તેના ઉપર સ્ત્રીનો અધિકાર રહેતો. પતિપત્ની એકબીજાથી પોતાના મૃત્યુથી જ છુટા થઈ શકતા. કારણ કે ત્યારે વિવાહ વિચ્છેદની કોઈ પરંપરા હતી નહી. પુરૂષો એકથી માંડી ચારસ્ત્રીઓ સાથે લગ્ન કરી શકતા. તેને ચારથી વધુ પત્ની રાખવાની અનુમતિ નહોતી. પરંતુ જો તેમાંથી કોઈ એક પત્ની મરી જાય તો તે સંખ્યા પૂરી કરવાનો તેને અધિકાર હતો.

વિધવા બીજા લગ્ન કરી શકતી નહી તેના માટે બે વિકલ્પો રહેતાં કાં તો આજીવન વિધવા રહેવું અથવા બળી મરવું. વિધવા સાથે જીવનભર ખૂબજ ખરાબ વ્યવહારમાં કરવામાં આવતો. રાજાની રાણીઓ વૃદ્ધ ન હોય તો બળી મરતી હતી.[૧૦]

હિંદુઓમાં નજીકના સગાઓની કન્યાઓ સાથે લગ્ન કરવાનો પ્રતિબંધ હતો.[૧૧] સ્મૃતિમાં છૂટ આપ્યા છતાં આંતરજ્ઞાતિય લગ્ન લોકો કરતાં નહી. આમ સગોત્ર વિવાહ પર પ્રતિબંધ હતો. પરંતુ જયારે બે વ્યકિત પોતાની ઈચ્છાથી પરણવા ઈચ્છતી હોય અને તેની વચ્ચે પાંચ પેઢીનું અંતર હોય ત્યારે તેને લગ્ન કરવાની છૂટ હતી. આમ છતાં આવા લગ્નોને સન્માનની દષ્ટિએ જોવામાં આવતા ન હતાં.

અલબેરૂની લખે છે કે બ્રાહ્મણ ચાર પત્નિ, ક્ષત્રિય ત્રણ પત્નિ, વૈશ્ય બે પત્નિ અને શુદ્ર એક પત્નિ જ રાખી શકતો હતો. કોઈપણ વ્યકિત પોતાની જાતિથી નિમ્નસ્તરની સ્ત્રી સાથે લગ્ન કરી શકતો. પરંતુ તેનાથી ઉચ્ચજાતિની સ્ત્રી સાથે લગ્ન કરવાનો પ્રતિબંધ હતો.[૧૨] એટલે

કે અનુલોમ લગ્ન થતાં પરંતુ પ્રતિલોમ લગ્ન ઉપર પ્રતિબંધ હતો. અનુલોમ લગ્નના સંતાનોને તેની માતાની જાતિના ગણવામાં આવતા હતાં. દા.ત. કોઈ બ્રાહ્મણ શુદ્ર સ્ત્રીસાથે લગ્ન કરે તો તેના સંતાનો પણ શુદ્ર ગણવામાં આવતા હતાં.

સ્ત્રીને રજસ્ત્રાવ દરમ્યાન અપવિત્ર માનવામાં આવતી હતી. ચાર દિવસો વિત્યા પછી સ્નાન કર્યા બાદ તે ફરી પાછી પવિત્ર થઈ જતી હતી. આવું માનવાનું કારણ એ છે કે તે રકતને રજસ્ત્રાવનું રકત નથી મનાતું. પરંતુ તેને તત્વ માનવામાં આવે છે. જેમાંથી ભૃણ પેદા થાય છે.

અલબેરૂનીએ ગર્ભપ્રસવના રિવાજો વિશે પણ નોંધ કરી છે, તેને સિમંતોનયન સંસ્કાર કહેતા હતા. જે ગર્ભના ચોથા માસે કરતાં હતાં. જયારે પત્નિ બાળકને જન્મ આપી દે છે. ત્યારે ત્રીજો સંસ્કાર જાતકર્મણ થાય છે. ત્યારબાદ નામકરણ સંસ્કાર કરવામાં આવે છે. જયારે સ્ત્રી ગર્ભાવસ્થામાં હોય છે. ત્યારે વાસણોને અડતી નથી અને તેના ઘરે કોઈ ભોજન લેતા નથી. બ્રાહ્મણો તેવા ઘરે ચુલો પેટાવતા નથી. આ સૂતકના દિવસો બ્રાહ્મણને આઠ ક્ષત્રિયને બાર, વૈશ્યને પંદર અને શુદ્રને માટે ત્રીસ દિવસ હતા. બાળકનું પ્રથમ મુંડન સંસ્કાર ત્રણ વર્ષે અને કાન વિંધવાનો સંસ્કાર સાતમે આઠમે વર્ષે થતો હતો.

તેણે વૈશ્યાવ્યવસાય ઉપર પણ લખ્યું છે. ભારતના લોકો વૈશ્યાવૃતિને કાનૂન સંગત સમજે છે. તેનું કારણ એ છે કે જયારે કાબૂલ ઉપર મુસલમાનોએ વિજય મેળવ્યો અને કાબૂલના ઈસ્પાહાબાદે ઈસ્લામ ધર્મ સ્વીકાર કર્યો. ત્યારે એ શરત રાખી કે ન તો તેને ગૌમાંસ ખાવાની ફરજ પાડવામાં આવે કે નહી સમલૈગિંક મૈથુન માટે આ બાબતથી સિદ્ધ થાય છે કે બન્ને બાબતો પ્રત્યે એક સરખી ઘૃણા હતી. ટૂંકમાં આ બાબતે અવિવાહિતો અને સૈનિકોની કામવાસનાથી પ્રજાનો રક્ષણ કરવાનો હેતુ હતો.

પોશાક

અલબેરૂની ભારતીયોના પોશાક વિશે લખે છે કે તે પાયજામાની જગ્યાએ ધોતી પહેરે છે. જે ઓછા કપડાં પહેરવાનું ઈચ્છે છે તેઓ બે આંગળના પટાથી કમર બાંધે છે. જે વધુ વસ્ત્રો પસંદ કરે છે. તે ધોતી પહેરે છે. જે એટલું બધું લાંબુ કપડું હોય છે કે જેમાંથી કેટલીય ચાદર બની જાય. તે ધોતી કયાંઈથી ખુલ્લી હોતી નથી. તે એટલી લાંબી હોય છે કે તે પગને પણ ઢાંકી દે છે. જેને તે નાડીથી બાંધે છે. (આ કદાચ ચોરણી હશે) શરીરના ઉપરના ભાગે તેઓ એક કપડાંથી પોતાનું માથું છાતીનો ઉપરનો ભાગ અને ગળું ઢાંકતા હતાં. બીજુ એક વસ્ત્ર પાયજામા જેવું હોય છે. જેની પાછળની તરફ બટન રહેતા.

સ્ત્રીઓ કુર્તકા નામનો પોશાક પહેરતી. તે લોકો પોતાના પગરખાં જયાં સુધી સખત હોય ત્યાં સુધી નહોતા પહેરતા. તે પગરખાં વાછડાના ચામડાંના બનેલા હતાં ! પુરૂષો સ્ત્રીઓની

પહેરવાની વસ્તુઓ પણ પહેરતા તે અંગરાગનો પણ પ્રયોગ કરતાં તેઓ કાનમાં કુંડળ, હાથમાં કડા અને અનામિકા, પગમાં સુવર્ણ મુદ્રિકાઓ પહેરતા હતાં. તે એક મેખલાં પહેરતા હતા. જેને તેઓ જનોઈ કહેતા હતા. તે ડાબા ખંભાથી કમરની જમણી બાજુ તરફ જતી હતી.

ખોરાક

અલબેરૂની ભારતીયોના ખોરાક અને તેની પ્રથા વિશે લખે છે કે હિંદુઓ છાણથી લિપેલા રસોડામાં એક પછી એક એકલાં બેસીને જમે છે. એઠો ખોરાક ખાતા નથી. જો તેના વાસણો માટીના હોય તો તેને ફેંકી દે છે. તે ભારતીય લોકો ની પાચનશકિત વિશે લખે છે કે તેઓની પાચનશકિત એટલી દુર્બળ છે કે ભોજન પછી પણ અંતે સોપારી ચાવીને તેને સુપાચ્ય બનાવે છે. ગરમપાન શરીરના તાપને તેજ કરે છે. પાનના પતાનો ચૂનો પ્રત્યેક પલળેલી વસ્તુને સૂકવી નાંખે છે. સોપારી દાંત, જડબા અને પેટ ઉપર સંકોચનશીલ ક્રિયાનું કામ કરે છે. પાન, ચૂનો અને સોપારી એક સાથે ખાવાથી તેમના દાંત લાલ છે.

લોકો ખોરાકમાં માંસ પણ લેતા હતાં. બ્રાહ્મણો માંસ ખાતા નહિં. ઘેટા, બકરાં, હરણ, સસલું, ગેંડો, ભેંસ માછલી અને જમીન ઉપરના પક્ષી કબૂતર, તુઈ, તેતર, મોર વગેરેનું માંસ ખાતા હતાં. જયારે ગાય, ઘોડા, ખચ્ચર, ગધેડા, ઉંટ, હાથી, પાળેલા મરઘા મરઘી, કાગડા, પોપટ, બુલબુલ અને બધા પ્રકારના ઈંડા અને દારૂને માટે શુદ્રોને અનુમતિ હતી. તે લખે છે કે કેટલાંક હિંદુઓ કહે છે કે ભરતરાજાના પહેલાના યુગમાં ગૌમાંસ ખાવાની અનુમતિ હતી. તે યુગમાં એવા કેટલાય યજ્ઞો થતાં જે ગૌવધ વિના અધુરા રહેતા હતાં.[૧૩] આ બાબત પણ નવાઈ પમાડે તેવી છે. પછી મનુષ્યની દુર્બળતાને કારણે તેના પર પ્રતિબંધ મૂકી દીધો. અલબેરૂની અમુક હિંદુઓએ કહયું કે ગૌમાંસ ખાવાથી બિમાર પડી જવાય છે. અલબેરૂની તેનું કારણ આપે છે કે આ દેશની આબોહવા ગરમ છે. પરંતુ તેના શરીર અને આંતરિક અંગ ઠંડા છે. પરિણામે તેના શરીરની નૈષર્ગિક ઉષ્મા ઘટી જાય છે. અને પાચનશકિત એટલી નબળી પડી જાય છે કે તેને પૂર્ણ કરવા માટે જમ્યા પછી પણ સોપારી ખાવી પડે છે. આજ કારણથી ભારતના લોકોએ ગૌમાંસ ઉપર પ્રતિબંધ મૂકી દીધો. કારણ કે ખાસ કરીને ગરિષ્ઠ અને ઠંડુ હોય છે. અલબેરૂની ગૌમાંસ પ્રતિબંધનું બીજુ કારણ આર્થિક ગણાવે છે. કારણકે ગાય ભારવહન કરે છે, દૂધ આપે છે. તેનું છાણ પણ કામમાં આવે છે.

વહેમ અને અંધશ્રદ્ધા

અલબેરૂની જાદુટોણાં, કિમિયા વગેરે વિશે પણ લખે છે કે અમુક લોકો જાદુટોણામાં માને છે. કિમિયા સિવાય હિંદુઓ પાસે રસાયણશાસ્ત્ર નામનું એક વિજ્ઞાન છે. જેની ઉત્પતિ રસ અથવા સોનાથી થઈ છે. તેના દ્વારા અસાધ્ય રોગ દુર્બળતા વૃદ્ધાવસ્થા દૂર કરી શકાય છે.

સફેદવાળ કાળા બની શકે છે. હિંદુ રાજાઓમાં સોનું બનાવવાની જે લાલચ હતી. તેની કોઈ સીમા હતી નહી. જો તેને કોઈ કિમિયો બતાવે અને સલાહ આપે કે આટલા બાળકોનો વધ કરો તો તે રાક્ષસ એ પ્રકારનો અપરાધ કરવાથી સંકોચ પામતો નહી, અને તે તેને આગમાં ફેંકી દેતો હતો. જો બહુમૂલ્ય રસાયણશાસ્ત્રની સંસારની એવી દૂરની સીમાઓ પર ફેંકી દેવામાં આવે કે જયાં સુધી કોઈ પહોંચી ન શકે તો બહુ મોટું પુણ્ય હશે. તે આગળ લખે છે કે ભારતના લોકોને સંમોહન અને મંત્રોમાં દઢ વિશ્વાસ હતો. સાપનું વિષ ઉતારવાના મંત્રોનો પણ ઉલ્લેખ કરે છે. જે ગરૂડપુરાણમાં છે.

મનોરંજન અને આનંદપ્રમોદ

અગિયારમી સદીમાં ભારતીયોના મનોરંજન અને આનંદપ્રમોદના તેમજ ત્યોહારોના વિશે પણ અલબેરૂની આપણને જણાવે છે કે ભારતના લોકો શતરંજ, શિકાર જેવી રમતો દ્વારા પોતાનું મનોરંજન મેળવે છે. તેણે શતરંજની રમતનું વિસ્તૃત વિવરણ કર્યુ છે. જાણે કે અલબેરૂની આપણને શતરંજની રમત શીખવી રહયો હોય, તે રીતનું વર્ણન કર્યુ છે. તે શિકારનું વર્ણન કરતાં લખે છે કે મે એક દિવસ સ્વયં જોયું કે હરણનો શિકાર કરતાં લોકો તેને હાથથી પકડી લેતા હતાં. એક હિંદુએ મને (અલબેરૂની) એમ કહયું કે હરણ પકડયા વિના પોતાની પાછળ ચાલી રસોઈમાં આવી જતું. પરંતુ મે તપાસ કરી તો ખબર પડી કે તે ફકત કોઈ રાગ સાંભળીને તેમાં મોહિત થઈને આવી જતું હશે અને તેને પોતાના વશમાં કરી લેતા હશે.

તહેવારને પણ તે આનંદપ્રમોદ માટેના ગણાવે છે. હિંદુઓના મોટાભાગના તહેવારો સ્ત્રીઓ અને બાળકો મનાવે છે. તેમાં ચૈત્ર મહિનાની બીજ કાશ્મીરીઓનું એક પર્વ છે. જેને અગ્દસ કહે છે. તે તેના રાજા મુતૈય દ્વારા તુર્કો ઉપર વિજયપ્રાપ્ત કર્યાની યાદમાં ઉજવાય છે. હિંદુઓમાં ચૈત્ર એકાદશી, ચૈત્ર પૂર્ણિમા, વૈશાખત્રીજ, જેને સ્ત્રીઓ ઉજવે છે. જેને ગૌરીત્રીજ કહેવામાં આવે છે, તે દિવસે સ્ત્રીઓ સુંદર વસ્ત્રો પહેરી ગૌરીની પૂજા કરે છે અને નિરાહાર રહે છે, તથા ઝૂલા ઝૂલે છે. આ સિવાય જેઠ મહિનાની પ્રથમ તિથિ અને જેઠ મહિનાની પૂર્ણિમા, શ્રાવણ પંચદશી, ભાદરવા મહિનાની ત્રીજ, છઠ, અમાસ વગેરે પણ ઉજવે છે. દિવાળી, પડવાને દિવસે લોકો સુંદર વસ્ત્રો પહેરે છે. એકબીજાને પાન સોપારી આપે છે. દેવ દર્શને જાય છે. ઘરને શણગારે છે. રાત્રે દિવાઓ પ્રગટાવે છે. આ પર્વનું કારણ એ છે કે વાસુદેવની પત્ની લક્ષ્મી વિરોચનના પુત્ર બલિને જે સાતમા લોકમાં કેદ છે તેને વર્ષમાં એકવાર આ દિવસે બંધનમૂકત કરે છે અને તેને સંસારમાં વિહરવાની આજ્ઞા દે છે. એ કારણે આ પર્વને બલિરાજય પણ કહે છે. આ ઉપરાંત હોળી, શિવરાત્રી વગેરે તહેવારોનું પણ અલબેરૂનીએ વર્ણન કર્યુ છે. તે મુલતાનના હિંદુઓના એક તહેવાર વિશે લખતા જણાવે છે કે તે તહેવારને સમ્બપુરયાત્રા કહેવાય છે. જેને તેઓ સૂર્યના સન્માનમાં ઉજવે છે અને તેની પૂજા કરે છે.

ભારતીયોની વિચિત્રવાતો

તેણે ભારતીયોના અમુક વિચિત્ર વાતો અને રિવાજો પણ નોંધ્યા છે કે ભારતીયો શરીરના બધા સ્થાનના બાલ નથી મૂંડાવતા મૂળરૂપથી તે ગરમીથી બચવા કપડાં વગર ફરતા હતાં અને માથાના વાળ ન કપાવવાનું કારણ એ હતું કે તે લૂ થી બચવું. તે ગુપ્તાંગોના બાલ ન મૂંડાવવાનું કારણ માને છે કે તેને કાપવાથી કામોતેજના ઉતેજીત થાય છે. તે નખ વધારે છે અને પોતાની આળસના ગુણગાન ગાય છે. તે હાથ મોથું ધોતી વખતે પહેલા પગ ધોવે છે પછી મોઢ ું તે પોતાની પત્નિઓ સાથે સહવાસ કરતા પહેલા પણ સ્નાન કરે છે. તહેવારના દિવસે તે શરીર પર સુંગધાદિ પદાર્થોને બદલે ગોબર લગાડે છે. તેઓ ઘોડા ઉપર વગર જીને બેસે છે અને જમણી બાજુથી બેસે છે. જયારે તે કોઈ યાત્રા પર જાય ત્યારે ઘોડા ઉપર કોઈને પાછળ બેસાડી લઈ જતા હતા. બધા પ્રકારના કાર્યો અને આપત્તિકાળમાં સ્ત્રીઓની સલાહ લે છે. પ્રથમ બાળ કનું કારણ મોટેભાગે કામુકતા હોય છે. જયારે બીજુ સંતાન પ્રૌઢ ચિંતન અને શાંત પ્રગમનનું પરિણામ હોય છે. [૧૪] કોઈના ઘરમાં પૂછયા વિના પ્રવેશ કરે છે. અને જતી વખતે રજા માંગે છે. થુંકતા અને નાક છીંકતા બીજા કોઈનો ખ્યાલ રાખતા નથી. બીજાની સામે જ જુ મારે છે પણ સંકોચ પામતા નથી. તે અધોવાયુ કાઢવાને શુભ અને છીંકને અશુભ માને છે. તે વણકરને ગંદા અને હજામ અને મોચીને સ્વચ્છ માને છે.

મૃતક સંસ્કાર

આ યાત્રીએ મૃતદેહના સંસ્કાર અને આત્મહત્યાના વિષયમાં લખ્યું છે. હિંદુઓ મૃતદેહને સ્નાન કરાવી લેપ કરી કફનમાં લપેટી ચંદનના લાકડાં કે અન્ય લાકડાંથી તેને બાળ તા. તેના વધેલા હાડકાંને ગંગામાં પધરાવતા તે માટે તેઓ એવું માનતા કે જેથી મૃતક નર્કમાંથી નીકળી સ્વર્ગમાં જશે જે સ્થળે અગ્નિ સંસ્કાર કરવામાં આવતો ત્યાં સ્મારક પણ બનાવવામાં આવતા હતાં. ત્રણ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને બાળતા નહીં, પણ દફનાવતા હતાં. અગ્નિ સંસ્કાર પછી સ્નાન કરી બે દિવસ નાહી કપડાં ધોતા હતાં. કારણ કે મડદાંને સ્પર્શવાથી તેઓ અપવિત્ર બની જતા હતાં. જે લોકોમાં મૃતદેહોને બાળવાની શકિત ન હતી તે તેને મેદાનમાં મૂકી આવતા કે પાણીમાં વહેતા મૂકી દેતા હતાં. બ્રાહ્મણો અને ક્ષત્રિયોનો અગ્નિદાહ એક વિશેષ નિયમની સાથે નિષિધ કરવામાં આવ્યો હતો. એટલે આ બન્ને વર્ણના લોકો આત્મવધ કરવાનું જ ઈચ્છતા હતાં. તે કોઈ ગ્રહણના સમયે કે કોઈ અન્ય તરીકાથી એવું કરતા હતા કે કોઈ પારીશ્રમિકને પૈસા આપી કહે છે કે તે તેને ગંગામાં ડૂબાડી દે અને ત્યાં સુધી પાણીમાં ડૂબાડી રાખે કે જયાં સુધી શ્વાસ છોડી ન દે. અલબેરૂનીએ યમુના અને ગંગાના સંગમ પ્રયાગમાં એક વડનું વર્ણન કર્યુ છે અને લખે છે કે બ્રાહ્મણો અને ક્ષત્રિયો તે વડ ઉપર ચડીને ગંગામાં કૂદીને આત્મહત્યા કરે છે.

મૃતવ્યકિતના મૃત્યુ પછી પહેલા વર્ષમાં તેના વારસોનું એ કર્તવ્ય હતુ કે તે સોળ ભોજન આપવું અને તેના દરેક અતિથિને પંદરમાં અને સોળમાં દિવસે ભોજન સિવાય ભિક્ષા પણ આપવી. આ સિવાય આખા વર્ષમાં એકવાર ભોજન આપવું. છઠા મહિને પણ ભોજન આપવું વળી વર્ષમાં એકવાર પોતાના દિવંગત અને પિતૃ માટે ભોજન આપવું જો મૃતકનો કોઈ વારસપુત્ર હોય તો તેણે એક વર્ષ સુધી શોક દર્શાવતા કપડાં ધારણ કરવા પડતા હતાં. સોળ ભોજનમાં ભિક્ષા દાન સિવાય પોતાના મકાનના પ્રવેશદ્વાર ઉપર દરરોજ બનાવેલી ખાદ્યવસ્તુઓથી ભરેલી થાળી અને પાણીનો લોટો મૃત્યુ પછી દશ દિવસ સુધી રાખવા જોઈએ.

અલબેરૂનીની કલમે ભારતની ધાર્મિક સ્થિતિ

આ યાત્રીના અહેવાલમાંથી ભારતના ધર્મ અને ધાર્મિક સ્થળો, ખ્યાલો વગેરેની રસપ્રદ અને ઉંડાણવાળી વિગતો મળે છે. જે ભારતના ધાર્મિક ઈતિહાસને માટે બહુમૂલ્ય રૂપ છે. અલબેરૂનીએ હિંદુઓને સારા તત્વચિંતક, જયોતિષ અને ખગોળશાસ્ત્રના જાણકાર, મહાન ગણિતજ્ઞ કહયા હતાં. તે શ્રીમદભગવતગીતાથી ખૂબ પ્રભાવિત થયો હતો. તેણે વારાણસીને હિંદુઓનું મકકા કહયું હતું. [૧૫] વળી અલબેરૂનીએ હિંદુધર્મના સિંદ્ધાંતોની તરફેણ કે વિરોધ કર્યા વગર તટસ્થતાપૂર્ણ સમજૂતી આપી છે. તે આપણા માટે ખૂબ જ અગત્યની વાત છે. અલબેરૂની પુરાણોનો અભ્યાસ કરનાર પ્રથમ મુસ્લિમ હતો. સાંખ્ય અને પંતજલિના લખાણોને અનુવાદિત કરનાર પણ તે પ્રથમ મુસ્લિમ હતો.[૧૬] તે જણાવે છે કે તે સમયે બ્રાહ્મણધર્મ પ્રચલિત ન હતો તથા શૈવમત તથા બૌદ્ધમતનું પ્રચલન પણ ન હતું. અહીંના લોકો વિષ્ણું અથવા નારાયણની ઉપાસના કરતા હતાં હિંદુ ઈશ્વરને સૃષ્ટીના રચયિતા માનતા હતાં. તેઓ આત્મા અને પુર્નજન્મમાં વિશ્વાસ ધરાવતા હતાં અને માનતા હતાં કે સ્વર્ગ, નર્કની પ્રાપ્તિ તેમના સારાનરસા કાર્યો ઉપર નિર્ભર છે.

મૂર્તિઓ

અગિયારમી સદીની કેટલીક મૂર્તિઓ તથા મૂર્તિપૂજાના વિષયમાં અલબેરૂની લખે છે પ્રતિમાના પૂજનનું મૂળકારણ મૃતકોના સ્મરણોત્સવ મનાવવા અને જીવિતોને શાંત કરવાની આકાંક્ષામાં હતું. પરંતુ તે વધતાવધતા હવે એક જટિલ અને હાનિકારક રોગ બની ગયું છે. તે લખે છે કે મૂર્તિઓ કાષ્ટની પણ બનાવવામાં આવતી.

મુલતાનની આદિત્યની પ્રતિમાનું અલબેરૂની વર્ણન કરતાં લખે છે કે તે સૂર્યને સર્મપિત છે. જેથી તેનું નામ આદિત્ય રાખવામાં આવ્યું છે. તે લાકડાંની બનેલી છે. [૧૭] જયારે હયુએનસાંગે તેને સોનાની છે એમ લખ્યું હતું. તે મૂર્તિ લાલ ચામડાંથી મઢેલી છે. તેની બન્ને આંખોમાં લાલ માણેક લગાડેલા છે. કહેવાય છે કે તેનું નિર્માણ અંતિમ કૃત યુગમાં થયું હતું. જયારે મહુમ્મદ ઈબ્ન અલકાસિમ ઈબ્ન અલમુન્બીએ મુલતાન વિજય કર્યો ત્યારે લોકોએ પૂછયું કે આ પ્રદેશની

સમૃદ્ધિનું કારણ શું છે. ત્યારે લોકોએ કહયું કે આ મૂર્તિને કારણે આ પ્રદેશ સમૃદ્ધ છે. એટલે તેને તેણે સારું ગણી તે મૂર્તિને રહેવા દીધી તોડી નહી. પરંતુ તે મૂર્તિના ગળામાં ગૌમાંસનો એક ટુકડો પહેરાવી દીધો અને તે જગ્યાએ એક મસ્જિદ બનાવી દીધી. પરંતુ જયારે કરામતીઓએ મુલતાન મેળવ્યું તેણે (જલમ ઈબ્ન સૈબાને) મૂર્તિઓના ટુકડા કરી પૂજારીઓને મારી નાંખ્યા. ભારતના તમામ સૂર્યમંદિરોના પૂજારીઓ ઈરાનના મગબ્રાહ્મણો હતાં.

અલબેરૂની થાણેશ્વરની ચક્રસ્વામિની મૂર્તિ માટે લખે છે કે જેનો અર્થ છે ચક્ર નામના અસ્ત્રનો સ્વામી. તે મૂર્તિ કાંસાની બનેલી હતી અને તે મનુષ્ય કદની હતી. કહેવાય છે કે આ મૂર્તિ (મહા) ભારતના કાળમાં એ નામથી સંબદ્ધ યુદ્ધોના સ્મારકના રૂપમાં બનાવવામાં આવી હતી.

કાશ્મીરમાં બોલરની પહાડીઓમાં એક શારદાની મૂર્તિ હતી. જેના દર્શન માટે તિર્થયાત્રીઓ અવારનવાર ખૂબ શ્રદ્ધાથી આવતા હતાં. અલબેરૂનીએ વરાહમિહિરની સંહિતામાંથી એક આખા અધ્યાયનો અભ્યાસ કરી કયા કયા દેવોની કેવી અને કેટલી ઉંચાઈવાળી મૂર્તિ બનાવવી તેનું પણ વર્ણન કર્યુ છે. તેમાં નીચેના દેવો છે. રામ, વિષ્ણુ, બળદેવ, બ્રહ્મા, મહાદેવપુત્ર સ્કંદ, ઈન્દ્ર, શંકર, બુદ્ધ, કુબેર, સૂર્ય, સપ્તમાતાઓ.

તિર્થ સ્થાનો

હિંદુઓના તિર્થસ્થાનો તેની અગત્યતા તેના સ્થળો વિશે અલબેરૂની નોંધ કરતા લખે છે કે હિંદુઓ માટે તિર્થ યાત્રા અનિવાર્ય નથી, પણ વૈકલ્પિક છે અને તે પુણ્યકર્મ છે. હિંદુઓના તિર્થસ્થાનો જોઈ તે એટલો બધો પ્રભાવિત થયો અને લખ્યું કે આ લોકો સરોવરો અને ઘાટોનું નિર્માણ એવા મોટા પથ્થરોથી કરે છે કે આપણે તો (મુસ્લિમો) તેને જોતા જ રહી જઈએ અને તેનું વર્ણન પણ ન કરી શકીએ. તેણે મુલતાનના એક તળાવ વિશે લખ્યું છે કે જેમાં તેને (હિંદુને) રોકવામાં ન આવે તો તેઓ સ્નાન કરી પૂજા કરે છે. તેણે વારાણસી, થાણેશ્વર, મુલતાન, કાશ્મીર, મહુરા (મથુરા) સોમનાથ વગેરે તિર્થસ્થળોનું વર્ણન કર્યુ છે તે એમ પણ લખે છે કે હિંદુ મંદિરોની પાસે મોટા તળાવોનું નિર્માણ કરાવવામાં આવતું. તેથી તેઓ સ્નાન કર્યા પછી જ મંદિરમાં પ્રવેશ કરે છે.

યજ્ઞો

અલબેરૂનીએ હિંદુના યજ્ઞો વિશે લખ્યુ છે કે વેદમાં યજ્ઞોની ચર્ચા કરવામાં આવી છે. તથા તેમાં પ્રત્યેક યજ્ઞનું વર્ણન છે. તેમાં અલબેરૂનીએ અશ્વમેધયજ્ઞનું વર્ણન કર્યુ છે. આ ઉપરાંત સામાન્ય યજ્ઞોનું પણ વર્ણન કર્યુ છે. તે લખે છે કે અગ્નિ ઉપર જે કાંઈ ચડાવવામાં આવે તે દેવતા પાસે પહોંચી જાય છે. કારણકે આગ દેવતાના મુખમાંથી જ નીકળે છે. તેથી બ્રાહ્મણો ઘી, ખાદ્યાન્ન

ઘઉ વગેરે અગ્નિમાં હોમે છે.

વ્રત ઉપાસના

વ્રત ઉપાસનામાં કૃચ્છ, પરાક, ચાંદ્રાયણ માસોપવાસ વગેરે વ્રતોનું અલબેરૂનીએ વર્ણન કર્યુ છે. તે લખે છે કે ચૈત્ર માસમાં લોકો કુલીન સંતાન અને ધનસંપતિ માટે વ્રત કરે છે. વૈશાખનું વ્રત કરનાર પોતાના કૂળ ઉપર શાસન કરે છે. જેઠ માસમાં વ્રત રાખે તો સ્ત્રીઓ તેના પર મોહિત થાય છે. અષાઢ મહિનાના વ્રતથી ધનસંપતિ મળે છે. શ્રાવણ મહિનાના વ્રતથી બુદ્ધિ, ભાદરવા મહિનાના વ્રતથી ધન, શૌર્ય, સંપતિ અને પશુધન મળે છે. આસો મહિનાના વ્રતથી તે હમેંશા શત્રુઓ ઉપર વિજય મેળવે છે. કારતકના વ્રતથી તેની બધા પ્રકારની ઈચ્છા પૂરી થાય છે. માગસર મહિનામાં વ્રત કરવાથી તે અત્યંત સુંદર સમૃદ્ધ દેશમાં જન્મે છે. પોષ મહિનાના વ્રતથી કીર્તિ મળે છે. ફાગણ મહિનામાં વ્રત રાખવામાં આવે તો તે બધાનો પ્રેમપાત્ર બની જાય છે.

અલબેરૂનીએ ચૈત્ર મહિનાનો છઠનો દિવસ સૂર્યના માટે પુણ્ય વ્રત દિવસ કહયો છે. શ્રાવણ મહિનાની પૂર્ણિમા સોમનાથ માટે, શ્રાવણ મહિનાની આઠમ ભગવતી માટે, ભાદરવા મહિનાની પાંચમ છઠ સૂર્ય માટે, કારતક મહિનાની અગિયારસ પણ મહત્વની છે. પોષ મહિનાની છઠ સૂર્યના સન્માન માટે, મહામહિનાનો ત્રીજો દિવસ પુરૂષો માટે નહી પણ સ્ત્રીઓ માટે વ્રત રાખવાનો છે. તેને ગોરતૃતિયા કહેવાય છે. તે આખો દિવસ અને રાતનો હોય છે. બીજે દિવસે તે સ્ત્રી પોતાના પતિઓના સગાઓને ભેટસોગાદ આપે છે.

અધિક માસ

હિંદુઓના મહિનાની ગણતરી ચંદ્રાનુસાર થાય છે અને વર્ષની ગણતરી સૂર્યાનુસાર થાય છે. તેણે અધિકમાસની ગણતરી તેમજ તે કઈ રીતે ગણવામાં આવે છે. તેનું વર્ણન કર્યુ છે. તે લખે છે કે તે માસને હિંદુઓ અશુભ માને છે. તે મહિનામાં કોઈ તહેવાર ઉજવતા નથી. માત્ર ધાર્મિક કાર્યો કરે છે.

હિંદુધર્મના નવનિયમ

અલબેરૂનીએ હિંદુધર્મના ધાર્મિક નવનિયમો બતાવ્યા છે. (૧) માનવે કોઈની હત્યા ન કરવી. (૨) જૂઠું ન બોલવું (૩) વૈશ્યાગમન ન કરવું (૪) ધન સંચય ન કરવું (૫) ચોરી ન કરવી (૬) નિરંતર પવિત્ર અને શુદ્ધ હૃદય રાખવું. (૭) તેણે પારસ્પરિક નિયમાનુકુળ વ્રત રાખવું અને જેને કોઈ અડચણ વિના પૂર્ણ કરવું જોઈએ અને સાધારણ વસ્ત્રો ધારણ કરવા જોઈએ. (૮) તેણે ઈશ્વરની આરાધનામાં સ્થિર ચિત્ત રહેવું અને વ્રત રાખતા સમયે મનમાં

ઈશ્વરના પ્રત્યે સ્તુતિ અને કૃતજ્ઞતાનો ભાવ રાખવો. (૯) તેણે મનમાં સદા ૐ શબ્દ અનુચરિતરૂપમાં રાખવો જે સૃષ્ટીનો શબ્દ છે.

અલબેરૂનીની કલમે રાજકીય સ્થિતિ

અલબેરૂનીએ અગિયારમી સદીમાં ગુજરાતની રાજધાનીને અણહિલવાડ બતાવી છે અને તેનું ભૌગોલિક સ્થાન પણ બરાબર નોંધ્યું છે. આ પ્રદેશને તેણે પોતાના પુસ્તકમાં ગુજરાત (GUJRAT)એવું નામ આપ્યું છે.[૧૮] તે ઉત્તરભારતની રાજનૈતિક સ્થિતિનું વર્ણન કરતાં લખે છે કે ભારતવર્ષ નાનાનાના રાજયોમાં વહેંચાયેલું હતું. તેમાં એકતાનો અભાવ હતો. મહમદગઝની એ પંજાબ ઉપર અધિકાર કરી લીધો હતો અને તેણે ભારતની આબાદીનો સમૂળો નાશ કરી તેના લીધે હિંદુઓ તમામ દિશાઓમાં વેરાયેલા રજકણ સમાન અને કથાશેષ જેવા બની ગયા હતાં. જે કોઈ અન્ય સ્વતંત્ર જેવા રાજયો હતા. તેમના મનમાં બેશક મુસ્લિમો વિશે અતિશય રોષ ભરાય ગયો હતો.

જે મુસ્લિમો સામે વીરતાથી લડી રહયા હતાં. તેવા મોટા રાજયોનો અંત આવી ગયો હતો. અલબેરૂનીએ તો એવા હિંદુશાહીવંશ માટે લખ્યું કે તમામ જાહોજલાલી દરમ્યાન જેને સાચું અને શુભમાન્યું તે કરી છુટવામાં આપણે કયારેઈ શિથિલતા દાખવી નથી. અલબેરૂનીએ તેના વખાણ કરતાં લખ્યું કે રાજાઓ ઉમદા ભાવનાભર્યા અને ઉમદાકૂળ તથા સંસ્કારી ઉછેરના હતા.

તે ભારતના શાસકોના વિચાર સંકિર્ણ હતાં એમ લખે છે. તેથી વિદેશી આક્રાંતાઓને કાઢવા કોઈએ સંયુકત રીતે પોતાની સુરક્ષાનો પ્રયાસ કર્યો ન હતો. આનંદપાલ એકલો જ યુદ્ધમાં લડયો અને હાર્યો. આ સમયે કાશ્મીર સ્વતંત્ર રાજય હતું સિંધ આરબો પાસે હતું. પહેલા કાબૂલ ઉપર તુર્કી જાતિઓના રાજાઓનું રાજય હતું. એવું કહેવાય છે કે તે તિબેટથી આવ્યા હતાં. તેમાંનો સર્વપ્રથમ બરહતીગીન હતો. જે કાબૂલ આવીને એક ગુફામાં રહેતો હતો. આ ગુફા ત્યારે બફરના નામે ઓળખાતી હતી.

ગુજરાતનું રાજય સોલંકી રાજપૂતોના હાથમાં હતું જો કે આપણને અલબેરૂનીના ગ્રંથમાં રાજપૂત શબ્દનો કોઈ ઉલ્લેખ મળતો નથી. [૧૯] પરંતુ તેણે ક્ષત્રિય શબ્દ પ્રયોજયો છે. જે ક્ષત્રિય શબ્દ ધીરેધીરે રોમાંચકારી, સૈનિકવૃતિ અને વીરતાથી પરિપૂર્ણ થઈ પુરૂષાર્થી લડાકુ જાતિના રૂપમાં ઉભરી આવ્યો. એ પ્રકારે તે રાજપૂત કે રાજપુત્ર કહેવાવા લાગ્યા.

માળવા પર પરમારવંશનો ભોજદેવ શાસન ચલાવતો હતો. અલબેરૂનીએ રાજાભોજ અને માળવાની રાજધાનીના વિષયમાં ઘણું લખ્યું છે. કનોજ એક ખૂબ જ મહત્વપૂર્ણ રાજય હતું પરંતુ મહમદ ગઝનીએ તેનો ધ્વશંત કરી નાંખ્યો અલબેરૂનીએ કનોજની આસપાસના દેશને મધ્યદેશ કીધો હતો. તેમાં ગ્વાલિયર અને કાલીંજરના દુર્ગોનું પણ વર્ણન કરેલ છે.

અલબેરૂની દક્ષિણ હિંદના ચૌલ રાજયની વિશાળ નહેરોની વિગતો આલેખે છે. પરંતુ તે દક્ષિણ હિંદમાં ગયો હતો કે કેમ તે શંકાસ્પદ બાબત છે. [૨૦] જે નહેરો ચૌલ રાજવી રાજેન્દ્રએ ચૌલાપુરમ આગળ બંધાવી હતી. જેને ૧૬ માઈલ સુધી ઈંટ અને ચૂનાથી બાંધવામાં આવી હતી. નહેરો બંધાયા પછી ૧૦૦ વર્ષ બાદ અલબેરૂની ત્યાં ગયો હતો અને ખૂબ જ આશ્ચર્ય પામ્યો હતો. તેણે અનુભવ્યું કે મારા દેશના લોકો તો આનું વર્ણન પણ ન કરી શકે પછી બાંધવાની તો વાત જ શું કરવી.[૨૧]

આ યાત્રીએ ભારતના એક ક્ષત્રિય રાજાની ખુમારીની કે વીરતાની કિંમત શું હોય છે. તેની વાત ખૂબ જ સરસ રીતે લખી છે કે એક વખત મહમદગઝનીએ આનંદપાલને હરાવ્યો હતો. પરંતુ જયારે આનંદપાલે સાંભળ્યું કે અત્યારે મહમદગઝની ઉપર અલપખાએ હુમલો કર્યો છે. ત્યારે એક દુશ્મન માટે પણ જેના હાથે હાર્યો હતો. તેના માટે આનંદપાલ ચીઠ્ઠી મોકલે છે કે અત્યારે તારા ઉપર જે ચડાઈ થઈ છે. તેની સાથે લડવા કાં હું સ્વયં આવું કે મારા પુત્રને મોકલું. [૨૨] આ બાબતમાં મને એટલું જ ખટકે છે. તે મને હરાવ્યો છે. તેથી તને કોઈ બીજો જીતી ન લે. એટલા ખાતર જ આ સહાયતાનો સંદેશો મોકલું છું. રાજપૂતોમાં આવી વીરતાની પ્રશંસા કે વીરતાનું સન્માન કરવાની આદત હતી. તેનો આ આદર્શ દાખલો છે. આ જ મહમદગઝનીએ આનંદપાલના એક દીકરાને પકડીને મુસલમાન બનાવી દીધો હતો. છતાં આ રીતે સહાય કરવાનું લખે તે વાત તો ૧૧ મી કે ૧૫મી સદીનો રાજપૂત જ સમજી શકે કે વીરતા, શૂરવીરતાનું સન્માન શું હોય શકે.

આ ઘટનામાં માત્ર આનંદપાલને એટલો જ મદ હતો કે મને હરાવેલો રાજા હારવો ન જોઈએ. કારણ કે હું પણ પોતે કેવો શકિતશાળી છતાં હાર્યો તો તે (મહમદગઝની) કેવો શકિતશાળી હતો. તેથી જો તે હારશે તો તેમાં મારી પણ કિંમત ઘટશે. એમ વિચારી આ સહાયતા માટે સંદેશો મોકલે છે. ભારતના આવા રાજપૂત રાજાઓની ઈતિહાસકારોએ ખૂબ જ ટીકા કરી છે. પરંતુ તે રાજપૂતી શૂરવીરતા, ટેક, વટને સમજયા વિના અને જે તે કાળનું માનસ સમજયા વિના જ ઈતિહાસકારો રાજપૂત રાજાઓની એક જ લસરકે ટીકાઓ લખવા માંડે છે. પરંતુ મારી કલમ આ રાજપૂતીને બિરદાવ્યાં વગર રહી શકતી નથી.

દંડ અને ન્યાયવિધાન

અલબેરૂનીએ અગિયારમી સદીના ભારતની ન્યાય અને દંડવિધાનની પ્રથાની પણ નોંધ લેતા લખ્યું છે કે ફરિયાદીએ કેસ દાખલ કરતી વખતે જ કોઈ લિખિત પ્રમાણ ન હોય તો ઓછામાં ઓછા ચાર સાક્ષીઓ આપવા પડતા. [૨૩] જોકે ચારથી વધુ સાક્ષીઓ હોય તો પણ ચાલે ન્યાયધીશ જયારે સાક્ષીઓની સાક્ષીને યથાર્થ અને પૂર્ણસિદ્ધ નિશ્ચિત માને ત્યારેજ કેસ સ્વીકારતો હતો.

પરંતુ જયારે વાદી દાવો સિદ્ધ કરી શકે ત્યારે તેણે પ્રતિવાદીએ સોગંદ લેવા પડતા હતાં. ત્યારે તે વાદીને આમ બોલીને સોગંદ લેતો કે તું જ સોગંદ લે કે તારો દાવો સાચો છે અને હું તને તે વસ્તુઓ આપી દઈશ કે જેના માટે તે દાવો કર્યો છે.

આ સોંગદ પણ દાવાની વસ્તુના મૂલ્ય અનુસારના લેવામાં આવતા હતાં. તેના પ્રકાર હતાં. આ સોગંદ પાંચ વિદ્વાન બ્રાહ્મણો પાસે લેવાતા હતાં. જો હું ખોટું બોલીશ તો દાવાથી આઠગણી સંપત્તિનો દંડ હું ભરીશ સોંગદ સિવાય અગ્નિ પરીક્ષાઓ પણ થતી. જેમાં હાથ ઉપર ગરમ લોખંડ રાખી લેવું. ઝેરનો પ્યાલો પી જવો. નદીમાં ધકકો મારી દેવો. જો તે દોષી ન હોય તો જીવતો રહેશે તેમ માનવામાં આવતું.[૨૪]

ન્યાય અને દંડવિધાનના જાતિગત જુદાજુદા ભેદો હતાં. જેમકે જો કોઈ બ્રાહ્મણ ખૂન કરે તો મરનાર અન્ય કોઈ જાતિનો હોય તો ખૂની બ્રાહ્મણને ઉપવાસ, પ્રાર્થના અને ભિક્ષાદાન કરીને પ્રાયશ્ચિત જ કરવાનું રહેતું એટલે કે બ્રાહ્મણોને પ્રાણદંડ અપાતો નહીં. ક્ષત્રિય પણ આ દંડથી બાકાત હતો. પરંતુ તેની મિલકત જપ્ત કરી લેવામાં આવતી અને દેશનિકાલ કરવામાં આવતો.

ચોરોને ચોરીની વસ્તુના મૂલ્યનારૂપમાં દંડ કરાતો હતો. બ્રાહ્મણ ચોરી કરે તો તેને આંધળો બનાવી તેનો ડાબો હાથ અને જમણો પગ કાપી નાંખવામાં આવતા જયારે ક્ષત્રિય ચોરી કરે તો તેને આંધળો કરતા નહીં [૨૫] માત્ર અંગ છેદનની સજા થતી જયારે વૈશ્ય, શુદ્રને ચોરીની સજા પ્રાણદંડની કરાતી હતી. આથી આપણને ખ્યાલ આવે છે કે છેક અગિયારમી સદી સુધી ક્રુરદંડ આપવાની પ્રથા પ્રચલિત હતી.

પર–પુરૂષગામિની સ્ત્રીને પતિના ઘરમાંથી બહાર કાઢી દેશ નિકાલ કરી દેવામાં આવતી હતી.

કરવેરા

અગિયારમી સદીમાં હિંદુસ્તાનમાં કરવેરા અને નાણા સંબંધી પણ ચોકકસ નિયમો પ્રવર્તતા હતા. વ્યકિતએ દરરોજ જેટલું દાન આપવું હોય તેટલું આપી શકતો. પોતાની આવકનો છઠો ભાગ રાજયને આપવો પડતો હતો. બ્રાહ્મણો આ કરવેરામાંથી મૂકત હતા. ઘણા લોકો તો આવકનો નવમો ભાગ દાનમાટે નકકી કરતાં. તેના ત્રણ ભાગ કરતાં એક ભાગ મનને ચિંતા મૂકત કરવા બીજો ભાગ વેપારમાં રોકતા અને ત્રીજો ભાગ દાન માટે રાખતા હતા. ઘણા આવકને ચારવિભાગમાં પણ વહેંચતા હતાં.

વ્યાજ લેવા પર સંપૂર્ણ પ્રતિબંધ હતો. ફકત શુદ્રને વ્યાજ લેવાની છૂટ હતી. પરંતુ તેમાં પણ નિશ્ચિત ટકાવારી બાંધવામાં આવી હતી.

વારસાના નિયમો :–

વારસામાં પુત્રી સિવાય અન્ય કોઈ સ્ત્રીઓનો અધિકાર ન હતો. વિધવા સ્ત્રી સતી

ન થાય અને જીવતી રહે તો તેના ભરણપોષણનો અધિકાર તેના પતિના વારસદારો પાસે રહેતો. મૃત વ્યકિતનું દેવું વારસદારોએ ચુકવવું પડતું હતું. ત્યારે ધ્યાને લેવાતું નહીં કે મરનાર કાંઈ સંપત્તિ છોડી ગયો છે કે નહી જો અવસાન પામેલ વ્યકિતને કોઈ વારસદાર ન હોય તો તેની સંપત્તિ રાજય લઈ લેતું હતું. જોકે બ્રાહ્મણો આ કાયદાથી પર હતાં. નપુંસકને (પાવૈયા) પણ પુરૂષ માનવામાં આવતો હતો.

અલબેરૂનીની કલમે શૈક્ષણિક વિગતો

અલબેરૂની લખે છે કે ભારતીય વિદ્યાલયોમાં બાળકો કાળીપાટીનો ઉપયોગ કરે છે. જેના ઉપર ડાબેથી જમણીબાજુ સફેદ ખડીથી લખે છે. [૨૬] ઘણા લેખકો કોલસા જેવા કાળા કાગળનો ઉપયોગ કરે છે. જયારે તેની ઉપર લખવાની કલમસફેદ હોય છે. જેથી અંધારી રાતને દિવસમાં બદલી દીધી હોય એવું લાગે છે. હિંદુઓની વર્ણમાલા કે લિપિની પણ વિગતો લખી છે. પહેલા જે લિપિ હતી કે કાળાંતરે ભૂલાઈ ગઈ કે નાશ પામી ત્યારે લોકો અભણ રહેવા લાગ્યા ત્યારે પરાશરના પુત્ર વ્યાસે ઈશ્વરની પ્રેરણાથી ૫૦ વર્ણોની લિપિ શોધી કાઢી તે લખે છે કે હિંદુઓ યૂનાનીઓની જેમ ડાબીબાજુથી જમણી બાજુ લખે છે. તે રેખા દોરી લખતા નથી.

સર્વપ્રસિદ્ધ વર્ણમાલા સિદ્ધમાત્રિક કહેવાય છે. જેના ઉદ્ભવના સંબંધમાં અમુકનો વિચાર છે કે તે કાશ્મીરથી નીકળી છે. કારણ કે કાશ્મીરના લોકો તેનો પ્રયોગ કરે છે. માળવાની વર્ણમાળા નાગર કહેવાય છે. જે પહેલી લિપિથી ફકત અક્ષરોની બનાવટમાં જુદી છે. તેના પછી જે લિપિ આવે છે તે અર્ધનાગરી કહેવાય છે. તેનું આ નામ એટલા માટે પડયું કે તે પૂર્વવર્તી બે લિપિઓનું મિશ્રણ છે. તેનો ઉપયોગ ભાટીયા અને સિંધના અમુક ક્ષેત્રમાં થાય છે. તે સિવાય માલવારી, સૈંધવ, કરનારા, આંધ્રી, દિરવાડી (દ્રવિડી) લાડી, ગૌરી(ગૌડી) ભૈક્ષુકી જે અંતિમ લિપી હતી. જેનો બુદ્ધે પ્રયોગ કર્યો હતો.

અલબેરૂની લખે છે કે હિંદુઓ પોતાના ગ્રંથનો પ્રારંભ ૐ શબ્દથી કરે છે. તે પુસ્તકનું શીર્ષક તેના આરંભમાં નહીં પરંતુ અંતમાં આપે છે. તેઓ પોતાની ભાષાઓની સંજ્ઞાઓને સ્ત્રીલીંગ આપી તે રીતે મોટી બનાવે છે. જે રીતે આરબો તેને અલ્પાર્થી બનાવી મોટી કરતાં હતાં. આ ઉપરાંત અલબેરૂનીએ અંકોના ૧૮ ધાતોના નામ પણ બતાવ્યા છે. (૧) એકમ (૨) દશમ (૩) શતમ્ (૪) સહસ્ત્રમ્ (૫) અયૂત (૬) બક્ષ (૭) પ્રયૂત (૮) કોરી (૯) ન્યર્બુદ (૧૦) પદમ (૧૧) ખર્વ (૧૨) નિખર્વ (૧૩) મહાપદમ (૧૪) શંકુ (૧૫) સમુદ્ર (૧૬) મધ્ય (૧૭) અન્ત્ય (૧૮) પરાર્ધ

થોડાક વિદ્વાનોનો મત છે કે પરાર્ધ પછી એક ઓગણીસમો ધાત પણ હોય છે. જેને ભૂરી કહે છે. અને તે ગણનાની સીમા છે. હિંદુ અંક ગણિતમાં આંકડાઓનો પ્રયોગ મુસલમાનની

જેમ જ કરે છે.

અગિયારમી સદીના નગરો અને નદીઓ

અલબેરૂનીએ પોતાના પુસ્તકમાં ભારતના ઘણાં નગરો અને નદીઓનું વર્ણન આપ્યું છે. તથા બે નગરો વચ્ચેના અંતર પણ બતાવે છે. પરંતુ તેણે ભારતના ભૌગોલિક વર્ણનમાં થોડીક ભૂલો કરી છે. તેણે લખ્યું છે કે થાણેશ્વર દોઆબમાં આવેલું છે. તે લખે છે કે ભારતની મધ્યમાં કનોજની આસપાસનો પ્રદેશ મધ્યદેશ કહેવાતો હતો. કારણ કે તે સમૃદ્ધ અને પર્વતોની વચ્ચે આવેલો હતો. સિંધ દેશ કનોજથી પશ્ચિમમાં હતો.

કનોજ ગંગાના પશ્ચિમ કિનારે આવેલું છે. તે બહુ મોટું નગર હતું પરંતુ હવે નષ્ટભ્રષ્ટ થઈ ઉજજડ થઈ ગયું છે. કનોજની ખ્યાતિ પાંડવોને કારણે થઈ હતી. એ રીતે મહુરા (મથુરા) ને ખ્યાતિ વાસુદેવને કારણે મળી હતી. જે જૌન (યમુના) નદીના પૂર્વમાં આવેલું હતું. મથુરા અને કનોજ વચ્ચેનું અંતર ૨૮ ફરસખનું હતું.[૨૭]

જજમમાઉ કનોજથી ૧૨ ફરસખ દૂર છે. આભાપૂરી ૮ ફરસખ પ્રયાગ વૃક્ષ ૧૨ ફરસખ દૂર છે. કુરાહા ૮ ફરસખ બહરમશીલ ૮ ફરસખ પ્રયાગ વૃક્ષ ૧૨ ફરસખ દૂર છે. અલ્હાબાદમાં જમુના નદીનું જળ ગંગામાં જઈ મળે છે. જયાં હિંદુઓ પોતપોતાને જુદા જુદા પ્રકારની યાતનાઓ દે છે. જેનો ધાર્મિક સંપ્રદાયના પુસ્તકોમાં ઉલ્લેખ મળે છે. પ્રયાગવૃક્ષથી તે સ્થાન જયાં ગંગા સમૃદ્ધમાં મળી જાય છે તે ૧૨ ફરસખ દૂર છે. તે કાશ્મીર વિશે લખતા જણાવે છે કે કાશ્મીર એક એવા પહાડી વિસ્તારમાં આવેલું છે કે જે ઊંચાઊંચા દુર્ગમ પહાડોથી ઘેરાયેલું છે. દક્ષિણ અને પૂર્વભાગ પર હિંદુઓનું રાજય છે. પશ્ચિમ અને બોલરશાહ તથા સુગનનશાહ અને થોડા દૂરના ભાગ બદક્ષાંની સીમાઓ સુધી જુદા જુદા રાજાઓને આધીન છે. આ પ્રદેશનો ઉત્તરપૂર્વનો થોડાક ભાગ ખોતાનના તુર્કો અને તિબેટને આધીન છે. ભોટેશ્વરના શિખરથી તિબેટ થઈ કાશ્મીર સુધીનું અંતર લગભગ ૩૦૦ ફરસખનું છે. કાશ્મીર નગર ૪ ફરસખ ક્ષેત્રમાં વસેલું છે. જે જેલમ નદીના બન્ને કિનારા પર આવેલું છે. આ પ્રદેશ ઠંડો અને અગમ્ય છે. ત્યાં બરફ કયારેઈ ઓગળતો નથી કે હટતો નથી તેની પાછળ મહાચીન છે.

આ ઉપરાંત અલબેરૂનીએ કાંચ્ચી, મલય, અયોધ્યા, વારાણસી, પાટલીપુત્ર, મુંગેર, જનપ, દુમુંગપુર, ભોટેશ્વર, બજાના, મથુરા, ધાર, મંદાગિરી, સોમનાથ, અણહિલવાડા વગેરે વગેરે સ્થળોના જુદા જુદા અંતરો બતાવ્યા છે.

અલબેરૂનીએ પુરાણોમાં આવતા દ્વિપોનું પણ વર્ણન કર્યુ છે. જેમાં જંબુદ્વિપ, શાકદ્વિપ, કુશદ્વિપ, પ્રોંતદ્વિપ, સાલમલદ્વિપ, ગોમેદદ્વિપ, પુષ્કરદ્વિપ, વગેરે. આ સિવાય તેણે ભારતની અનેક નદીઓનું વર્ણન કર્યુ છે. જેમાં સરસ્વતી, ગોમતી, વેણુમતી, જેલમ, જમુના, ગંગા, સરયૂ, દેવિકા, પરનસા વગેરે વગેરે નદીઓના વર્ણનો કર્યા છે.

અગિયારમી સદીના બ્રાહ્મણો

અલબેરૂની અગિયારમી સદીના ભારતના બ્રાહ્મણોની પૂરી જીવનચર્યા આલેખે છે. તેના આ વિવરણમાંથી તત્કાલિન ભારતીય બ્રાહ્મણોના રીતરિવાજો, વિધિવિધાન વગેરેનો ઘણો ઊંડાણભર્યો ખ્યાલ મળે છે.

બ્રાહ્મણોનું જીવન ૮ માં વર્ષ પછી ચાર ભાગમાં વિભકત કરવામાં આવે છે. પહેલોભાગ આઠમાં વર્ષે શરૂ થાય છે. ત્યારે તેને દિક્ષા આપી જનોઈ પહેરાવવામાં આવે છે. જે જનોઈમાં એક સરખાં નવ દોરા હોય છે. તેને દાભડાની એક વીટી જમણાહાથની અનામિકામાં પહેરાવવામાં આવે છે. અનામિકામાં મુદ્રિકા પહેરવાનો હેતુ એ છે કે તે બધાને માટે શુભ લક્ષણ અને વરદાન સિદ્ધ બને, અને તે હાથથી દાન પ્રાપ્ત કરે. જનોઈને બ્રાહ્મણો કોઈપણ પરિસ્થિતિમાં કાઢી શકતા નહીં. જો તે જમતી વખતે કે શૌચાદિ ક્રિયા વખતે કાઢી નાખે તો પાપનો ભાગીદાર બનતો હતો. જેનું પ્રાયશ્ચિત કરવું પડતું હતું. બ્રાહ્મણોના જીવનની પહેલી અવસ્થા પચ્ચીસ વર્ષ સુધી અને વિષ્ણુપુરાણાનુસાર અડતાલીસ વર્ષ સુધી ચાલતી હતી. આ અવસ્થામાં તે શિક્ષણ મેળવતો અને ગુરૂની સેવા કરતો હતો. તે ગુરૂને માટે ભિક્ષા લેવા જ બહાર નીકળતો. તે માત્ર પાંચ જ ઘરમાં ભિક્ષા માંગતો હતો. તે ભિક્ષાને ગુરૂસામે રાખી દેતો ગુરૂને જે જોઈએ તે લઈ લીધા પછી તે લાકડાં લેવા જતો જેમાં બે પ્રકારના વૃક્ષો પલાશ (ખાખરો) અને દર્ભ હતાં.

બ્રાહ્મણના જીવનની બીજી અવસ્થા પચ્ચીસમાં વર્ષે અને વિષ્ણુપુરાણાનુસાર સીત્તેરવર્ષથી શરૂ થતી હતી. આ ઉંમરે ગુરૂ તેને લગ્નની અનુમતિ આપતો. પરંતુ તે પત્નિની સાથે એકમાસમાં એક જ વાર રહી શકતો. તેને બારવર્ષથી વધારે ઉંમરની સ્ત્રી સાથે વિવાહ કરવાની અનુમતિ મળતી ન હતી. તેની આજીવિકા દાનદક્ષિણાથી ચાલતી હતી. આ ઉપરાંત આજીવિકા માટે બ્રાહ્મણો કપડાં પાનસોપારીનો વેપાર કરી શકતાં. પરંતુ તે વેપાર પોતે ન કરતાં પરંતુ વૈશ્ય પાસે કરાવતાં, કારણકે વેપાર તેના માટે વર્જિત હતો. તેમા અસત્ય અને દગો આવતો હોવાથી પોતે ન કરતાં. અને વેપાર પણ તેને કોઈ આજીવિકાનું સાધન ન વધે ત્યારે જ કરવામાં આવતો. બ્રાહ્મણો કરમૂકત હતાં. તેઓ પશુપાલન કે વ્યાજનો ધંધો કરી શકતા નહીં.

બ્રાહ્મણના જીવનની ત્રીજી અવસ્થા પચાસ વર્ષથી લઈ પંચોતેર વર્ષ સુધી અને વિષ્ણુપુરાણાનુસાર નેવુંમાં વર્ષ સુધી ચાલતી. આ સમયગાળામાં તે વ્રત રાખતો અને ગૃહસ્થીનો ત્યાગ કરતો. આ અવસ્થા દરમ્યાન તે ફળફૂલ ખાઈ તાપસજીવન ગુજારતો હતો.

બ્રાહ્મણોના જીવનની ચોથી અવસ્થા જીવનના અંત સુધી ચાલુ રહેતી ત્યારે તે હાથમાં લાકડી રાખી ભગવાં વસ્ત્રો ધારણ કરતો હતો. તથા હમેંશા ઈશ્વરનું ધ્યાન ધરી કામ, ક્રોધ, મોહથી મુકત બની જીવતો હતો. તે પદયાત્રા કરતો પરંતુ પદયાત્રામાં કોઈ ગામમાં એક દિવસથી વધારે અને કોઈ નગરમાં પાંચદિવસથી વધારે રહેતો નહી. પ્રવાસમાં જે દિવસે જે કાંઈ મળે તેમાંથી બીજા દિવસ માટે કાંઈ બચાવતો નહી.

અલબેરૂની આ ચાર અવસ્થા ઉપરાંત બ્રાહ્મણોના અન્ય કર્તવ્યો પણ વર્ણવે છે કે બ્રાહ્મણો ઘરે અગ્નિ પ્રગટાવતા જેમાં નૈવેદ્ય અર્પણ કરતાં. તેની પૂજા કરતાં અને તે અગ્નિમાં તેના મરણ પછી તેનો અગ્નિસંસ્કાર કરી શકાય. આને 'હોમ'' કહેવામાં આવતો હતો. બ્રાહ્મણોને ત્રણવાર સ્નાન કરવાનું આવશ્યક ગણવામાં આવ્યું છે. તેણે સૂર્યોદય સમયે, મધ્યાહને અને સૂર્યાસ્ત સમયે સ્નાન કરવાનું રહેતું. સૂર્યાસ્ત સમયનું સ્નાન બ્રાહ્મણોને ફકત સૂર્ય અને ચંદ્રગ્રહણના સમયે જ અનિવાર્ય હતું. બ્રાહ્મણો જીવંત પર્યન્ત દિવસમાં બેવાર જ ભોજન કરતો. બ્રાહ્મણની પાસે પાણી માટે પાત્ર અવશ્ય હોવું જોઈએ. એ પાત્રને બીજો કોઈ વાપરે તો તેને ફેંડી નાંખવામાં આવતું. આ વાત તેના ભોજનના વાસણોને લાગુ પડતી હતી. બ્રાહ્મણો માટે ધર્મશાસ્ત્રોમાં પાંચવસ્તુઓ પર પ્રતિબંધ હતો. લસણ, ડુંગળી, વિશેષ પ્રકારના કંદમૂળ.

અલબેરૂની અને સોમનાથ

અલબેરૂનીએ સોમનાથની મૂર્તિનું, મંદિરનું અને તેની જાહોજલાલીનું વર્ણન કર્યુ છે. પરંતુ તે સોમનાથની લડાઈ વિશે કશું આલેખતો નથી. એટલે કે મંદિર તોડયાની વાત લખતો નથી. પરંતુ લિંગ ખંડનની વાત લખે છે. તેણે સોમનો અર્થ ચંદ્રમાં અને નાથનો અર્થ સ્વામી બતાવ્યો છે. એમ આખા શબ્દનો અર્થ સોમનાથ એટલે કે ચંદ્રમાનો સ્વામી એવો થાય છે. તે સોમનાથની ઉત્પતિ માટે કથા આપે છે કે ચંદ્રમાને પ્રજાપતિએ શ્રાપ દીધો. તેના પરિણામે તેના મોઢા ઉપર કોઢ નીકળ્યો કાળાંતરે ચંદ્રમાના પશ્ચાતાપથી તેણે પ્રજાપતિ પાસે અનુનય વિનયથી માફી માંગી કલંક મિટાવવા કહયું. ત્યારે પ્રજાપતિએ કહયું કે જો ચંદ્ર પોતાની પ્રજા માટે મહાદેવના લિંગની સ્થાપના કરે તો તે શ્રાપ દૂર થાય. ચંદ્રએ આથી તે લિંગ સ્થાપિત કર્યુ જે સોમનાથના નામથી વિખ્યાત બન્યું.

અલબેરૂની લખે છે કે ભરતી અને ઓટને કારણે જ સોમનાથનું નામ ચંદ્રમાનો સ્વામી પડયું છે. કારણ કે સોમનાથનું લિંગ મૂળ સ્વરૂપથી સમુદ્રના તટ પર પશ્ચિમમાં સુરસુતિ (સરસ્વતી) નદીના મૂળથી ત્રણ માઈલથી ઓછા અંતરે સવર્ણદુર્ગ બરોઈની પૂર્વમાં સ્થાપિત કરવામાં આવ્યું હતું. જે વાસુદેવના નિવાસસ્થળના રૂપમાં પ્રગટ થયું હતું જે એ સ્થાનથી બહુ દૂર ન હતું. કે જયાં તેના પરિવારની હત્યા કરવામાં આવી હતી. જયાં તે બધાનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો.

અલબેરૂનીએ સોમનાથના મંદિરના લિંગને ગોળ આકૃતિનું એક ઠોસ લિંગ કહયું છે. જે લિંગ ઉપર સોનું જડેલું હતું. તેની ઉપર રત્નો પણ જડેલા હતાં. પૂર્ણિમા અને અમાસના દિવસે લિંગને વિશેષ સ્નાન કરાવવામાં આવતું હતું. [૨૮] અલબેરૂનીએ મૂર્તિ પર કિંમતી વસ્ત્રો અને અલંકારો હતાં. તેમ લખ્યું છે. જો કે લિંગ ઉપર સતત પાણી વહેતું તેથી વસ્ત્રોની વાત

અલબેરૂનીની કલમે સાચી લાગતી નથી. સોમનાથ પ્રત્યે હિંદુઓનો વિશ્વાસ હતો કે આ લિંગ વિવિધ પ્રકારની વ્યાધિઓને શાંત કરતું અને દરેક પ્રકારના અસાધ્ય રોગોનો ઉપચાર કરતું હતું. અલબેરૂની સોમનાથ ખૂબ પ્રસિદ્ધ થયાનું કારણ એ બતાવે છે કે તે મલ્લાહોનું (મેર)બંદર હતું અને તે લોકોની રોકાવાની જગ્યા હતી. જે જંજદેશમાં સુફાલા અને ચીનની વચ્ચેથી અહીં આવતા જતા હતાં. [૨૯] અલબેરૂનીએ સોમનાથનું ખૂબ પ્રસિદ્ધ થયાનું અને આક્રાન્તાઓને આકર્ષવાનું કારણ આર્થિક ગણ્યું હતું.

આ વિશ્વવિખ્યાત સોમનાથની મૂર્તિને મહમદગઝનીએ હિજરી ૪૧૬ માં (ઈ.સ.૧૦૨૪/૨૫) નષ્ટ કરી દીધી. અલબેરૂનીએ મહમદગઝનીએ સોમનાથનું મંદિર તોડયું તેને સોવર્ષ પહેલાનું ગણે છે. (એટલે આ મહમદગઝની એ તોડેલું મંદિર સાતમા અને નવમાં શતક વચ્ચે સોમનાથનું મૂળમંદિર બંધાયું હશે કારણકે હયુએનસાંગે બિલકુલ નોંધ લીધી નથી.) મહમદગઝની એ હુકમ કર્યો કે આ મૂર્તિનો ઉપરનો ભાગ તોડી નાંખો અને બાકીનો ભાગ મારા નિવાસસ્થાન ગઝની લઈ જાવ અને જેમાં સોનું આભૂષણો અને વસ્ત્રોને પણ લઈ જવા. આનો થોડોક ભાગ કાંસ્ય મૂર્તિ ચક્રસ્વામીન સમેત જે થાણેશ્વરથી લાવવામાં આવી હતી. [૩૦] તેની સાથે નગરની રંગભૂમિમાં ફેંકી દેવી. સોમનાથની એક મૂર્તિનો એક ભાગ ગઝનીના મસ્જિદના દરવાજા સામે પડયો છે. જેના પર લોકો પોતાના પગ લૂંછવાનું કામ કરે છે.[૩૧]

આ મૂર્તિ માટે દરરોજ ગંગાજીથી ગંગાજળ અને કાશ્મીરથી દરરોજ ફૂલો આવતા હતાં.

અલબેરૂની પુરાણો અને સ્મૃતિઓ

અલબેરૂનીએ ભારતના ધર્મગ્રંથોનું વર્ણન કર્યુ છે. તેમાં પુરાણા અને સ્મૃતિઓની યાદી પણ આપી છે. તે પુરાણોની યાદી આપતા લખે છે કે આ પુરાણો અઢાર છે. મેં ફકત મત્સ્યપુરાણ, આદિત્ય પુરાણ અને વાયુપુરાણના થોડાક અંશો જોયા હતાં. તે પુરાણોની યાદી આ પ્રમાણે આપે છે.

(૧) આદિપુરાણ
(૨) મત્સ્યપુરાણ
(૩) કુર્મપુરાણ
(૪) વરાહપુરાણ
(૫) નરસિંહપુરાણ
(૬) વામનપુરાણ
(૭) વાયુપુરાણ
(૮) નંદપુરાણ

(૯) આદિત્યપુરાણ
(૧૦) સ્કંદપુરાણ
(૧૧) સોમપુરાણ
(૧૨) સામ્બપુરાણ
(૧૩) બ્રહ્માંડપુરાણ
(૧૪) માર્કન્ડેયપુરાણ
(૧૫) તર્ક્ષ્યપુરાણ
(૧૬) વિષ્ણુપુરાણ
(૧૭) બ્રહ્માપુરાણ
(૧૮) ભવિષ્યપુરાણ

આમાના ઘણાંખરા પુરાણોના નામ પશુઓ મનુષ્યો અને દેવતાઓના નામ ઉપર રાખેલા છે. અલબેરૂનીએ આ પુરાણોની જે યાદી આપી છે તેમાં સોમપુરાણનો ઉલ્લેખ કર્યો છે. તેનો આજે પતો લાગતો નથી. અલબેરૂનીએ સ્મૃતિગ્રંથોની પણ યાદી છે. જેમાં

(૧) આપસ્તંભ	(૮) યમ	(૧૫) શંખ
(૨) પરાશર	(૯) વિષ્ણુ	(૧૬) ગૌતમ
(૩) સત્તપ	(૧૦) મનુ	(૧૭) વૃહસ્પતિ
(૪) સામવર્ત	(૧૧) યજ્ઞવલ્કય	(૧૮) કાત્યાયન
(૫) દક્ષ	(૧૨) અત્રિ	(૧૯) વ્યાસ
(૬) વશિષ્ઠ	(૧૩) હારીત	(૨૦) ઉશ્નસ
(૭) આંગિરસ	(૧૪) લિખિત	

તે લખે છે કે આ સિવાય પણ હિંદુઓને જુદાજુદા વિષયો પરનાં ગ્રંથો છે. તેણે ચારેય વેદનો પણ ઉલ્લેખ કર્યો છે. મહાભારતનો ઉલ્લેખ કરતાં લખે છે કે તે પરાશરના પુત્ર વ્યાસે કૌરવો પાંડવોના યુદ્ધ બાબતે ગ્રંથ લખ્યો હતો. જેના અઢારભાગ છે. તેમાં એક લાખ શ્લોકો છે. આમ અલબેરૂનીએ મહાભારતનું તલસ્પર્શી વિવરણ આપ્યું છે.

મહાભારતનું યુદ્ધ અને સેના

અલબેરૂની વિશ્વવિખ્યાત મહાભારત યુદ્ધ વિશે પણ લખ્યું છે તથા વાસુદેવના જન્મની કથા લખી છે.

મહાભારતની તેણે અઢાર અક્ષોહિણી સેનાની સમજૂતી આપી છે કે એક અક્ષોહિણીમાં ૧૦ અંતકિનિયા હોય છે. એક અંતકિનિમાં ૩ ચમુ હોય છે. એક ચમુમાં ૩ પૃતના હોય છે. એક પૃતનામાં ૩ વાહિનિયા હોય છે. એક વાહિનીમાં ૩ ગણ હોય છે. એક ગણ માં ૩ ગુલ્મ હોય છે. એક ગુલ્મમાં ૩ સેનામુખ હોય છે. એક સેનામુખમાં ૩ પંકિત હોય છે. એક પંકિતમાં એક

રથ હોય છે. એક અક્ષોહિણીમાં ૨૧,૮૭૦ રથ ૨૧,૮૭૦ હાથી, ૬૫,૬૧૦ સવાર અને ૧૦૯,૩૫૦ પેદલ સૈનિકો હોય છે. દરેક રથમાં ચાર ઘોડા અને તેનો સારથી હોય છે. જેના બે સાથીઓ પાસે ભાલા હોય છે. એક રક્ષક હોય છે. જે પાછળથી સારથીની રક્ષા કરે છે.

અલબેરૂનીએ એક અક્ષોહિણી સેનામાં પશુઓ અને માનવો મળીને કુલ સંખ્યા ૬૩૪,૨૪૩ હોય છે. અઢાર અક્ષોહિણી સેનાનો કુલ આંકડો ૧૧,૪૧૬,૩૭૪ નો બતાવ્યો છે. જેમાં ૩૯૩,૬૬૦ હાથી અને ૨,૭૫૫,૬૨૦ ઘોડા તથા ૮,૨૬૭,૦૯૪ માનવો હોય છે.

વલભીનો વિનાશ

મૈત્રકવંશની સ્થાપના સેનાપતિ ભર્ટાર્કે ઈ.સ.૪૭૦ માં કરી હતી. વલભીમાં કુલ ૧૯ રાજાઓએ રાજ્ય કર્યુ. ઈ.સ. ૭૮૮માં મલેચ્છપતિ સેનાએ એટલે કે અલમનસુરાના અધિપતિએ કે હાકેમે વલભી ઉપર રાત્રે દરિયાઈ હુમલો કરી રંકની ઈચ્છા મુજબ નાશ કર્યો હતો. [૩૨] તેમ અલબેરૂનીએ નોઘ્યું છે. જે પછી વલભીનગરીના એ ખંડેરો એમને એમ પડયા રહયા હતાં. સોલંકીકાળ દરમ્યાન ત્યાં જૂના ખંડેરો નજરે પડતા રહયા હતાં. તેવું અલબેરૂની ઈ.સ.૧૦૩૦ ના સમયગાળા દરમ્યાન નોઘ્યું હતું.[૩૩]

સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ

અલબેરૂનીએ ખગોળશાસ્ત્રનો પણ ઉંડાણભર્યો અભ્યાસ કર્યો હતો. તેથી સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ વિશેની વિગતો અગિયારમી સદીમાં નોંધી છે. તેણે સૂર્યગ્રહણ તથા ચંદ્રગ્રહણ માટે વરાહમિહિર સંહિતામાંથી અવતરણ આપી લખ્યું છે કે ચંદ્રગ્રહણ ત્યારે થાય છે. જયારે ચંદ્રમાં પૃથ્વીની છાયામાં પ્રવેશ કરે છે અને સૂર્યગ્રહણ ત્યારે થાય છે કે જયારે ચંદ્રમાં સૂર્યને ઢાંકી દે છે.

અલબેરૂની ગ્રહણના વિષયમાં બ્રહ્મગુપ્તના વિચારો પણ આપ્યા છે. તેણે વરાહમિહિર અને બ્રહ્મગુપ્ત બન્ને ગ્રહણ બાબતે પોતે વૈજ્ઞાનિક મત જાણતા હોવા છતાં બ્રાહ્મણોનો પક્ષ લેતા જણાવ્યા છે. જેથી લોકોમાં તે માન્યતા પ્રચલિત રહી કે રાહુ દ્વારા જ ગ્રહણ થાય છે.

નક્ષત્રો અને વાર

અલબેરૂની લખે છે કે હિંદુઓ રાશીઓની જેમ જ નક્ષત્રોનો ઉપયોગ કરે છે. કાંતિવૃત રાશીદ્વારા જેમ બાર સરખાં વિભાગ પાડવામાં આવે છે. તે રીતે નક્ષત્રોના સત્યાવિસ સરખાં વિભાગ પાડવામાં આવે છે. દરેક નક્ષત્ર કાંતિવૃતનું ૩૧/૩ ભાગ અથવા ૮૦૦ કળાઓમાં વ્યાપ્ત છે. ગ્રહો તેમાં પ્રવેશ કરે છે અને પાછા બહાર આવે છે. તથા પોતાના ઉત્તર દક્ષિણી અક્ષાંસોના માર્ગમાં એકથી બીજી જગ્યાએ ફરતા રહે છે. ફળ જયોતિષો દરેક નક્ષત્ર ઉપરથી વિશેષ કુદરતી ઘટનાઓનું તારણ તારવે છે. અલબેરૂનીએ આરબોના નક્ષત્રોનું પણ વિવરણ

આપ્યું છે.

ભારતના સપ્તાહોના દિવસો પણ ગ્રહોના સર્વ વિખ્યાત નામો પરથી રાખવામાં આવ્યા છે. જેની સાથે વાર શબ્દ જોડી દેવામાં આવ્યો છે. જેમ કે ફારસીમાં શંબા શબ્દ સપ્તાહના દિવસ પાછળ આવે છે. (દુશંબા, સેશંબા વગેરે) હિંદુઓ આદિત્યવારથી શરૂ કરીને સોમવાર ગણે છે. હિંદુઓમાં એક રિવાજ છે કે તે ગ્રહોની ગણના સપ્તાહના દિવસો ક્રમથી કરે છે. પોતાના ખગોળશાસ્ત્ર સંબંધી પુસ્તકો તથા અન્ય પુસ્તકોમાં પણ આ ક્રમને પ્રયોગ માટે બદલી દે છે અને ભલે તે બીજો કોઈ ક્રમ સાચો હોય તે તેને સ્વીકાર્ય નથી.

સંવતોનું વિવરણ

અલબેરૂનીએ ભારતના લોકોની માપપદ્ધતિ, વર્ષકાળ પદ્ધતિ, સંવતોનું પ્રચલન વગેરે વિશે પણ લખ્યું છે. હિંદુઓની કાળગણના વિશે તે જણાવે છે કે ઈતિહાસ અથવા ખગોળ શાસ્ત્રમાં ઉલ્લેખિત અમુક ઘટનાઓનો સમય દર્શાવવા માટે સંવતોનો ઉપયોગ કરવામાં આવે છે. હિંદુઓ મોટામાં મોટી સંખ્યાઓ ગણવામાં પણ ગભરાટ અનુભવતા નથી. પરંતુ તેમાંથી આનંદ મેળવે છે. તેમના સંવતોને નીચે મુજબના ગણાવી શકાય.

(૧) બ્રહ્માના અસ્તિત્વનો આરંભ
(૨) બ્રહ્માના વર્તમાન અર્હનિંશના દિવસના પ્રારંભથી અર્થાત કલ્પનો પ્રારંભ
(૩) સાતમા મન્વંતરના આરંભ જેમાં આપણે આ સમયે છીએ.
(૪) અઠયાવીસ ચર્તુર્યનો પ્રારંભ જેમાં આપણે આ સમયે છીએ.
(૫) વર્તમાન ચર્તુર્યુગના ચોથાયુગનો પ્રારંભ જેને કલિકાળ કહેવામાં આવે છે.
(૬) પાંડવકાળ અર્થાત્ મહાભારત યુદ્ધનો સમય અને તેની અવધિ.

અલબેરૂનીના જણાવ્યા પ્રમાણે વિક્રમી સંવતનો ઉપયોગ ભારતના દક્ષિણી અને પશ્ચિમી પ્રદેશના લોકો કરે છે. તે આગળ જણાવે છે કે શકસંવત વિક્રમ સંવતથી ૧૩૫ વર્ષ પાછળથી ગણવામાં આવે છે. અહીં જે શકનો ઉલ્લેખ થયો છે. તેણે સિંધુ નદી અને મહાસાગરની વચ્ચેના પ્રદેશપર શાસન કર્યુ હતું. હિંદુઓને તેના કારણે ઘણા કષ્ટો વેઠવા પડયા હતાં. અંતમાં વિક્રમાદિત્ય દ્વારા તેનો વધ કરવામાં આવ્યો. ત્યારથી આ શકસંવત પ્રસિદ્ધ થયો. કારણ કે લોકોએ તેના નાશથી આનંદ ઉજવ્યો. જોકે વિક્રમાદિત્યના સંવત અને શકવધની વચ્ચે એક મોટા દિર્ઘકાળનું અંતર છે. મારો વિચાર છે કે વિક્રમાદિત્ય જેના નામ પરથી વિક્રમસંવતનું નામ પડયું છે. તે આ નથી જેણે શકને માર્યો હતો. પરંતુ તેના સમનામી હોવો જોઈએ.

અલબેરૂની વલભી સંવત વિશે લખે છે કે વલભી સંવત વલભના નામથી ચાલી છે. જે વલભીનામના નગરનો રાજા હતો. વલભી અણહિલવાડાના દક્ષિણમાં લગભગ ૩૦ યોજન દૂર છે. આ સંવત શક સંવતના વર્ષ કરતા ૨૪૧ વર્ષ પાછળ છે.[૩૪]

ગુપ્તસંવત વિશે તે લખે છે કે જયાં સુધી ગુપ્તકાળનો સંબંધ છે. તેમાં લોકોનું કહેવું છે કે ગુપ્ત દુષ્ટ અને શકિતશાળી લોકો હતાં અને જયારે તે નષ્ટ થઈ ગયા તો તે તિથિને એક સંવતનો નિર્દેક્ષણ માનવામાં આવ્યો. એવું લાગે છે કે ગુપ્તોમાં અંતિમ વલભ જ રહયો હશે. કારણકે ગુપ્તોના સંવતના નિર્દેક્ષણ વલભ સંવતની જેમ જ પડે છે. અર્થાત શક સંવતથી ૨૪૧ વર્ષ પછી શરૂ થાય છે.[૩૫]

ખગોળ વિજ્ઞાનીઓનો સંવત શક સંવતથી ૫૮૭ વર્ષ પછી શરૂ થાય છે. આજ સંવત પર બ્રહ્મગુપ્તનો ખાંડ ખાદ્યક સિદ્ધાંત આધારિત છે. જે મુસલમાનોમાં અલઅરકંદ નામથી પ્રસિદ્ધ છે.

અલબેરૂની જણાવે છે કે ભારતની સાધારણ જનતા એક શતાબ્દિના વર્ષોના આધાર ઉપર કાલનિર્ધારણ કરે છે. જેને તેઓ સંવતસર કહે છે. જયારે શતાબ્દિ પૂરી થઈ જાય છે. ત્યારે તેને છોડી દેવામાં આવે છે અને નવી શતાબ્દિથી કાળનિર્ધારણ શરૂ કરી દે છે. આ કાળને લોક કાળ અર્થાત સમસ્ત રાષ્ટ્રનો કાળ કહેવામાં આવે છે. પરંતુ આ કાળના વિષયમાં લોકો એવી જુદી જુદી વાતો કરે છે. મારા સમજવામાં (અલબેરૂનીના) આવતું નથી કે સત્ય સુધી કેમ પહોચવું એવી જ રીતે વર્ષના પ્રારંભના વિષયમાં પણ તેમની વચ્ચે ઘણા મતભેદ છે.

આમ અલબેરૂની પ્રચલિત તથા અપ્રચલિત એવા ઘણાં સંવતોનો ઉલ્લેખ કરે છે.

અગિયારમી સદીનું ભારત

અલબેરૂનીએ જયારે ભારતની યાત્રા શરૂ કરી ત્યારે જ્ઞાનની અવનતિ થઈ ચૂકી હતી. જો તે એના કરતા પાંચસો વર્ષ પહેલા આવ્યો હોત તો તે વધુ પ્રતિભાશાળી પુરૂષોને મળી શકયો હોત અને તે આથી વધુ જ્ઞાન મેળવી શકયો હોત.

અગિયારમી સદીના ભારત વિશે આ યાત્રી લખે છે કે હિંદુ લોકો સમજે છે કે તેના દેશ જેવો બીજો કોઈ દેશ નથી. તેના રાજા જેવા કોઈ બીજા રાજા નથી. તેના ધર્મ જેવો બીજો ધર્મ નથી અને તેના શાસ્ત્રો જેવા બીજાના શાસ્ત્રો નથી. અલબેરૂની વધુમાં લખે છે કે જો તમે ખુરાસન અને ઈરાનના શાસ્ત્રો અને વિદ્વાનોના સંબંધમાં તેની સાથે વાતચિત કરો તો તે તમને મૂર્ખ જ નહી પણ મિથ્યાવાદી પણ સમજે છે. જો તે પ્રવાસ કરે અને બીજાને મળે તો તેની એ પ્રકૃતિ ન રહે કારણ કે તેના પૂર્વજ એવા સંકુચિત વિચારોના હતા નહી.[૩૬] હિંદુઓ જન્મજાત અહિંસક હતાં, અનેક ધર્મોનું સ્વાગત કરતાં કરતાં તે ધાર્મિક બાબતોમાં ઘણાં બધા સહિષ્ણું થઈ ગયા હતાં. મહમદ ગઝની પહેલા જે મુસલમાનો ભારતમાં આવ્યા હતા. તેને અહીંના રાજાઓએ સારો આશ્રય આપ્યો હતો.

અગિયારમી સદીના હિંદુઓ વિદેશી પ્રત્યે ઘૃણા કરતાં તે માટે અલબેરૂની લખે છે કે તેઓ વિદેશીઓને મલેચ્છ કહેતો અને તેમની સાથે ખાવાપીવા બેસવા લગ્ન સંબંધ બાંધવા અને

અન્ય બીજાકોઈ પ્રકારના સંબંધ સ્થાપિત કરવા ઈચ્છતા ન હતાં. તેઓ એમ માનતા કે તેનાથી આપણે ભ્રષ્ટ થઈ જઈશું. મહમદગઝનીએ ભારતની ચડાઈ વખતે આ દેશના વૈભવને સર્વથા નષ્ટ કરી દીધો. ભારતવાસીઓ વિદેશીઓના કહેવા પર વિશ્વાસ રાખતાં નહી અને સમુદ્રયાત્રાના સમર્થક હતા નહી. આ સમયે હિંદુસ્તાનનો વિદેશો સાથેનો સંપર્ક સ્થગિત થઈ ગયો હતો.

અગિયારમી સદીના હિંદુ મુસ્લિમ એકતાના અવરોધો

અગિયારમી સદીમાં અલબેરૂનીએ પોતાના પુસ્તકમાં ભારતના વિષયમાં વિવરણ આપતા લખે છે કે હિંદુઓને મુસલમાનોથી અલગ કરતાં ઘણા અવરોધો છે. જેના કારણે કોઈ મુસલમાન દ્વારા કોઈ પણ ભારતીય વિષયનું અધ્યયન મુશ્કેલ બની જાય છે. સાથે સાથે તેના આ વિવરણથી હિંદુ મુસ્લિમ એકતા વચ્ચે અગિયારમી સદીના અવરોધોનું પણ વિવરણ મળે છે.

અલબેરૂની સૌથી પહેલા અવરોધ તરીકે ભાષાનું અંતર અને હિંદુઓની વિશિષ્ટ પ્રકૃતિને ગણાવે છે. તે જણાવે છે કે ભાષાઓનું અંતર જો કે બીજી જાતિઓમાં પણ જોવા મળે છે. પરંતુ સંસ્કૃત ભાષાનું ક્ષેત્ર શબ્દો અને રૂપરચના બન્ને દષ્ટિએ બહુ વ્યાપક છે. જે થોડીથોડી અરબી જેવી છે. જેમાં એક જ વસ્તુને જુદા જુદા નામોથી બોલાવવામાં આવે છે. તેના કારણે બહારનો કોઈ પણ વ્યકિત શબ્દના વિવિધ અર્થો વચ્ચે ભેદ પાડી શકતો નથી. અન્ય લોકોની જેમ હિંદુઓ પોતાની ભાષાની આ વ્યાપકતા ઉપર ગર્વ કરે છે. પરંતુ વાસ્તવમાં તે એક દોષ છે.

બીજો અવરોધ અલબેરૂની હિંદુઓના ધાર્મિકપૂર્વગ્રહ ગણાવે છે. તે લખે છે કે હિંદુઓનો ધર્મ પણ આપણાથી સર્વથા ભિન્ન છે. કારણ કે જે વાતો પર તેમનો વિશ્વાસ છે. તેની ઉપર આપણે વિશ્વાસ કરતાં નથી તેનાથી ઉલટું જે આપણી શ્રદ્ધા છે, તે તેમની નથી. બધું મળીને જયાં સુધી ધર્મવિજ્ઞાન સંબંધી વિષયોનો પ્રશ્ન છે. તેમાં તેમના વચ્ચે કદાચ જ કોઈ વિવાદ થતો હશે. જો તેઓ કયારેઈ ઝઘડે છે તો પણ તે લડાઈ વાદવિવાદ સુધીની જ હોય છે પરંતુ તેઓ ધાર્મિક વિવાદમાં પોતાના આત્મા શરીર કે પોતાની સંપતિ દાવ ઉપર લગાડતા નથી. તેનાથી વિપરિત તેમની સમસ્ત ધર્માધતાનું લક્ષ્ય એ લોકો હોય છે કે જે તેમાં નથી અર્થાત બધા જ વિદેશી. તેઓ તેમને મલેચ્છ અર્થાત અપવિત્ર કહે છે. તેમની સાથે કોઈપણ જાતનો સંબંધ રાખવાનો નિષેધ કરે છે. તે ભલે આંતરવિવાહ હોય કે અન્યપ્રકારના સંબંધ હોય કે તેમના સાથે ઉઠવું–બેસવું ખાવુંપીવું હોય. કારણ કે તેમનો વિચાર કરવાથી તેઓ અપવિત્ર થઈ જશે. તેમને કોઈપણ વ્યકિત જે પોતાનો ધર્માવલંબી ન હોય તેને ઘરમાં લાવવાની અનુમતિ નથી. પછી ભલે ને તે પોતે આવવા માંગતો હોય કે તેમના ધર્મ તરફ તેમનો જુકાવ હોય આ પણ એક એવું કારણ છે કે જેથી તેમની સાથે કોઈપણ પ્રકારનો સંબંધ સ્થાપિત કરવો સવર્થા અસંભવ છે એ જ આપણી અને તેમની વચ્ચે બધાથી મોટી ખાઈ છે.

હિંદુઓના આચારવિચાર,રીતરિવાજ વગેરે પણ આવા અવરોધો છે. આચારવ્યવહાર અને રીતરિવાજમાં તેમના અને આપણા વચ્ચે એટલો બધો ભેદ છે કે તે આપણી વેશભૂષા

આચાર વિચાર અને રિવાજોથી પોતાના બાળકોને ડરાવે છે. ત્યાં સુધી કે આપણને રાક્ષસના સંતાન કહે છે. તેઓ આપણા કાર્યકલાપને ધર્મવિરોધી તેમજ અનુચિત માને છે પરંતુ એ પણ સ્વીકારવું ન્યાયોચિત છે કે વિજાતીયોની પ્રત્યે આ પ્રકારનો નિંદાભાવ આપણા અને હિંદુઓમાં જ નહી પરંતુ બધી જાતિઓમાં એકબીજા પ્રત્યે આ ભાવના જોવા મળે છે.

હિંદુઓની વિજાતીયો પ્રત્યેની ઘૃણા વધી જવાનું એક કારણ એ છે કે જયારે મુસલમાનો એ તેમના દેશ ઉપર આક્રમણો શરૂ કર્યા. મુહમ્મદ ઈબ્ન અલકાસિમે સિજીસ્તાનની તરફથી સિંધમાં પ્રવેશ કર્યો અને બહમનવા અને મુલસ્થાન નામના નગરો જીતી લીધા હતાં. તેણે પહેલા નગરને 'અલમનસુરા' અને બીજા 'અલ–મામુરા' નામ આપ્યા હતાં. તે ભારતના મુખ્ય નગર જેવા કનોજ સુધી પહોંચી ગયો અને ત્યાંથી ગાંધાર દેશ સુધી વધતો ગયો. પાછા ફરતી વખતે કાશ્મીરની સીમાઓ પર આક્રમણ કર્યુ અને ઘણાને સ્વેચ્છાથી મુસલમાન બનાવ્યા અને બીજાનો પ્રાચીન વિશ્વાસ યથાવત રહેવા દીધો. આ બધી ઘટનાઓએ તેમના મનમાં મુસલમાનો તરફ ઘણી વ્યાપક ઘૃણાના બીજ વાવી દીધા. આ ઘૃણામાં સબકતગીન અને તેના પુત્ર મહમદગઝનીના અભિયાનોએ વધારો કર્યો. મહમદે દેશની સમૃદ્ધિને નષ્ટભ્રષ્ટ કરી દીધી અને ત્યાં એવા કારનામાઓ કર્યા કે જેનાથી હિંદુઓ ધૂળના રજકણોની જેમ ચારે દિશાઓમાં વિખેરાઈ ગયા. તેના આ વિખરાયેલા અવશેષ આજ સુધી મુસલમાનને પ્રત્યે ઘોર ઘૃણાનો ભાવ રાખે છે.

આ પણ એક કારણ છે કે હિંદુશાસ્ત્ર દેશના એ ભાગમાં દૂર ચાલ્યા ગયા કે જયાં હજુ આપણે વિજય પ્રાપ્ત કર્યો નથી. તેઓ કાશ્મીર, બનારસ અને બીજા સ્થળોએ જઈ શરણું લીધું. જયાં સુધી આપણા હાથ પહોંચ્યા નથી અને એ સ્થળોએ બધા જ પરદેશીઓ તરફ વિરોધ તથા ઘૃણાની ભાવના દિનપ્રતિદિન વધતી જાય છે. તેમાં રાજનૈતિક તથા ધાર્મિકસ્ત્રોત નિરંતર બળ આપે છે.

અલબેરૂની હિંદુ સંસ્કૃતિનું સન્માન કેમ કરતો હતો?

આ મુસ્લિમયાત્રીએ હિંદુગ્રંથોનો અભ્યાસ કર્યો તેના અનુવાદો કર્યા તેનાથી પ્રભાવિત થયો એ સિવાય ભારતીય સંસ્કૃતિ પ્રત્યે તેણે જે દિલચસ્પી બતાવી છે. તે જોતા આપણને પ્રશ્ન થાય કે અલબેરૂની આવો કેમ ઘડાયો હશે. તેના વિશે શ્રી રાહુલ સાંકૃત્યાયન એવો મત ધરાવતા હતા કે તે કંગ અને અફ્રીગ સંસ્કૃતિનો ઉત્તરાધિકારી હતો. આરબો પછી ગઝનીઓનાં હાથમાં પરાધિન થયા બાદ તેને ખ્વારેઝમના પ્રાચીન વૈભવનું સ્મરણ હતું. અગિયારમી શતાબ્દિના આરંભમાં ભારતના નગરો અને વૈભવપૂર્ણ દેવાલયોના ધ્વંસ્ત થતાં જોઈ તેને પ્રાગ–ઈસ્લામિક ખ્વારેઝમ યાદ આવતું હતું. [૩૭] જેથી કદાચ તેને અગિયારમી સદીના ભારતને તેના વતન જેમ જ નષ્ટ થતું હોય તે બધાનું વિવરણ લખવાની પ્રેરણા થઈ હશે. જેથી તે ભારતીયો અને હિંદુસંસ્કૃતિ તરફ આકર્ષાયો હશે.

અલબેરૂનીએ અન્ય મુસ્લિમ ઈતિહાસકારો કરતાં ઈતિહાસલેખન બાબતે એક અનેરી છાપ ભારતવાસી ઉપર છોડી છે. તે ઘણાં બધાં વિષયોનો નિષ્ણાંત હતો. સૌપ્રથમ એણે એ વિદ્યાઓ જાણવા પાછળ ખૂબ મહેનત લીધી હતી. તેના જીવનચરિત્રમાં લખ્યું છે કે તે એવો અધ્યયનશીલ હતો કે તે કયારેઈ પોતાના હાથમાંથી કલમ છોડતો નહી કે પુસ્તકમાંથી આંખ ઉઠાવતો નહીં. વર્ષમાં ફકત બે દિવસ અધ્યયન કરતો નહી (૧) નવરૌજના દિવસે (૨) મિહિરજાનના દિવસે.

અલબેરૂની પછી ૫૦ વર્ષે ભારતમાં આવેલા અબુલફઝલ બેહકીએ લખ્યું છે કે અલબેરૂનીની કોઈની સાથે તુલના ન થઈ શકે. લેખન કલા, પાંડિત્ય અને ભૂમિતજ્ઞાન અને દર્શનમાં તે પોતાના સમકાલીન બધા વિદ્વાનોથી આગળ હતો. તે સત્યની બરાબર તપાસ કરતો હતો. જયારે રશીદુદીને પણ લખ્યુ છે કે અલબેરૂની દર્શન, ગણિત અને ભૂમિતિમાં પોતાના સમકાલીન વિદ્વાનોથી આગળ હતો.

અલબેરૂનીનીએ વિશેષતા હતી કે જો કોઈ વિષયની જાણકારી અધુરી મળી હોય તો તેણે ત્યાં ગોળગોળ વાતો લખી નથી કે કલ્પનાઓને ભેળવી નથી. પરંતુ તે વિગતોનો તેણે ઈમાનદારીપૂર્વક ઉલ્લેખ કરી દીધો છે કે આ વિગતો મને આ રીતે જ મળી છે.

તેની લખાણની પદ્ધતિ આધુનિક અને વૈજ્ઞાનિક હતી. પ્રત્યેક વિષયમાં તુલનાત્મક અધ્યયનનો તે પક્ષકાર હતો. જેણે પોતાના પુસ્તકને સમાપ્ત કરતી વખતે ઈશ્વરમાં વિશ્વાસ પ્રગટ કરતાં લખ્યું કે જો આમા કોઈ વાત સત્ય વર્ણિત ન હોય તો ઈશ્વર તેના માટે ક્ષમા કરે. તેણે ભારતના લોકો અને હિંદુઓ માટે પણ તટસ્થતા પૂર્ણ લખ્યું છે. ખોટા આરોપો કે અપશબ્દો લખ્યા નથી. તેમ છતાં માણસમાત્ર ભૂલને પાત્ર એ ન્યાયે તેણે અમુક જગ્યાએ ભૌગોલિક વર્ણનોમાં ભૂલ કરી છે. દા.ત. થાણેશ્વરને તેણે દોઆબમાં બતાવ્યું છે. તેના માટે શ્રી ગૌરીશંકર ઓઝા લખે છે કે ''અલબેરૂનીએ જે કાંઈ લખ્યું તે સમાજની તત્કાલીન સ્થિતિ જોઈને પણ તેણે જે કાંઈ પુસ્તકમાંથી વાંચ્યુ તે પણ લખ્યું છે.' તેનો આ દાખલો છે. અલબેરૂની જણાવે છે કે શુદ્રો માટે ખેતી કરવા પર મનાઈ હતી. કારણ કે તેનું આ કાર્ય થાય છે. જે ચોરીના અપરાધથી ઓછું નથી. પરંતુ અલબેરૂનીના પૂર્વવર્તી ઈબ્ન ખરદાજબાના કહેવા પ્રમાણે શુદ્રનું મુખ્યકર્મ ખેતી કરવાનું હતું. તેનાથી પણ પૂર્વવર્તી લેખક અલઈદ્રીસીએ પણ લખ્યુ છે કે શુદ્રનું મુખ્ય કાર્ય ખેતી કરવાનું હતું. આથી સ્પષ્ટ કહી શકાય કે અલબેરૂનીએ શુદ્રોના કાર્યક્રમનું વિશ્લેષણ કરવામાં પ્રાચીન ધર્મશાસ્ત્રનું જ અનુસરણ કર્યુ છે. તેથી ગૌરીશંકર ઓઝા તેનું પુસ્તક તત્કાલીન સ્થિતિનું સાચું વિવરણ આપતું નથી એમ લખે છે. જો કે ગૌરીશંકર ઓઝાની વાત થોડી વધુ અતિશયોકિત પૂર્ણ લાગે છે. કારણ કે અલબેરૂનીના પુસ્તકમાંથી તત્કાલીન સ્થિતિનો ઘણો જ ખ્યાલ આવે છે. બાકી એટલી ભૂલો અને મંતવ્યભેદ તો ઈતિહાસના ગ્રંથોમાં રહેવાના જ એમ હું નમ્રપણે માનું છું.

પાદનોંધ

(૧) કયામઉદ્દદીન અહમદ ''ભારત અલ–બિરૂની, દિલ્હી ભૂમિકા પે–૧૨ (૨) ઈશ્વરીપ્રસાદ 'ભારતીય મધ્યયુગ કા ઈતિહાસ' અલ્હાબાદ પે–૧૦૧ (૩) નાગોરી એસ.એલ. 'મધ્યકાલીન ભારત કે પ્રમુખ ઈતિહાસકાર'' પે–૧ (૪) મજુમદાર આર.જી. 'ગુપ્તકાલીન ભારત' અમદાવાદ પે–૯

(૨) થાપર રોમિલા ''ભારત કા ઈતિહાસ'' દિલ્હી –પે–૧૯૪

(૩) પૂણતામ્બેકર શ્રીકૃષ્ણ વેંકટેશ 'એશિયા કી વિકાસોન્મુખ એકતા' લખનૌ –પે–૧૦૩

(૪) ઈલિયટ, ડાઉસન ''ભારત કા ઈતિહાસ'' ભાગ–૨ આગ્રા–પે–૪

(૫) સખાઉ એડવર્ડ સી. ''અલબેરૂની ઈન્ડિયા'' ભાગ–૧ લંડન –પે–૧૦૦/૧૦૧

(૬) શાસ્ત્રી દુર્ગાશંકર ''ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઈતિહાસ'' અમદાવાદ –પે–૧૨૧ (૨) સખાઉ ભાગ–૧–પે–૧૦૧

(૭) ઓઝા ગૌરીશંકર ''મધ્યકાલિન ભારતીય સંસ્કૃતિ'' અમદાવાદ –પે–૧૪૭

(૮) સખાઉ ભાગ–૧ પે–૧૨૫ (૨) મિશ્ર જયશંકર ''પ્રાચીન ભારત કા સામાજિક ઈતિહાસ'' – પટણા–પે–૬૬

(૯) કયામઉદ્દદીન અહમદ '' ભારત અલબેરૂની''–પે–૨૩૬ (૨) દિનકર રામધારીસિંહ ''સંસ્કૃતિકે ચાર અધ્યાય'' દિલ્હી –પે–૩૦૯ (૩) શાસ્ત્રી દુર્ગાશંકર ''આપણી સંસ્કૃતિના કેટલાક વહેણો'' –મુંબઈ–પે–૧૭૭ (૪) સખાઉ ભાગ–૨ –પે–૧૬૧/૧૬૨

(૧૦) શાસ્ત્રી દુર્ગાશંકર ગુ.મ.રા.ઈ. પે–૨૫૧ (૨) ઓઝા મધ્યકાલીન ભારતીય સંસ્કૃતિ –પે–૧૪૬ (૩) સખાઉ ભાગ–૧–પે–૧૫૫

(૧૧) આચાર્ય નવીનચંદ્ર ''ગુજરાતનો સોલંકીકાલીન ઈતિહાસ'' અમદાવાદ–પે–૨૬૩

(૧૨) કયામઉદ્દદીન અહમદ – પે–૨૩૦

(૧૩) એજન –પે–૨૨૭

(૧૪) એજન –પે–૮૧

(૧૫) મજમુદાર આર.જી. ''ગુપ્તકાલીન ભારત'' અમદાવાદ –પે–૧૩

(૧૬) જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી ભારત દર્શન–૨ ગ્રંથ–૨૧ વલભીવિદ્યાનગર–પે–૩૧

(૧૭) પરીખ પ્રવિણચંદ્ર ''ભારતીય પ્રાચીન શિલ્પકલા'' અમદાવાદ –પે–૪ (૨) શાસ્ત્રી દુર્ગાશંકર–''ઐતિહાસિક સંશોધન'' અમદાવાદ–પે–૨૪૬

(૧૮) આચાર્ય નવીનચંદ્ર ''ગુજરાતનો સોલંકીકાલીન ઈતિહાસ'' પે–૨૪ (૨) સખાઉ ભાગ–૨–પે–૨૦૨ (૩) શાસ્ત્રી હરિપ્રસાદ ''ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ'' અમદાવાદ –પે–૧૭૨

(૧૯) મોહમ્મદ હબીબ ''દિલ્હી સલ્તનત'' દિલ્હી–પે–૧૧૭

(૨૦) નહેરૂ જવાહરલાલ ''મારું હિંદનું દર્શન'' અમદાવાદ–પે–૩૧૩–૩૧૪

(૨૧) નહેરૂ જવાહરલાલ "જગત ના ઈતિહાસનું રેખાદર્શન" અમદાવાદ–પે–૧૦૫
(૨૨) સરન પી."મધ્યયુગીન ભારત" દિલ્હી–પે–૪૦
(૨૩) ઓઝા મ.ભા.સ.પે.૧૪૬
(૨૪) કયામઉદ્દીન –પે–૨૩૪
(૨૫) સખાઉ ભાગ–૨ –પે–૧૫૮/૧૬૩ (૨) ઓઝા મ.ભા.સ.–પે–૧૪૬
(૨૬) મિશ્ર જયશંકરપ્રા.ભા.કા.સા.ઈ.–પે–૨૪૧
(૨૭) ફરસખ એ એક અંતર માપવાનું માપ છે. જે ચારમાઈલ જેટલું થાય છે.
(૨૮) ઈલિયટ ડાઉસન ભાગ–૨ પે–૩૪૪
(૨૯) શાસ્ત્રી દુર્ગાશંકર ગુ.મ.રા.ઈ.–પે–૪૭૦
(૩૦) ઓઝા ગૌરીશંકર રાજપૂતાને કા ઈતિહાસ ભાગ–૧ અજમેર–પે–૩૦૧
(૩૧) કયામઉદ્દીન –પે–૨૦૫ (૨) રાજપૂતાને કા ઈતિહાસ –પે–૩૦૨ (૩) જોટે રત્નમણિરાવ "સોમનાથ" અમદાવાદ –પે–૯૪
(૩૨) શાસ્ત્રી હરિપ્રસાદ "ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ" અમદાવાદ –પે–૯૮ (૨) સંપાદક ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ભાગ–૩ અમદાવાદ –પે–૧૭૩ (૩) સખાઉ ભાગ–૧–પે–૧૯૨
(૩૩) શાસ્ત્રી હરિપ્રસાદ મૈત્રકાલીન ગુજરાત ભાગ–૧ અમદાવાદ–પે–૧૬૫ (૨) ગુ.રા.સાં.ઈ.ભાગ–૩–પે–૧૮
(૩૪) શાસ્ત્રી હરિપ્રસાદ "મૈત્રકાલીન ગુજરાત" ભાગ–૨ –પે–૫૭૪
(૩૫) શાસ્ત્રી હરિપ્રસાદ "ભારતીય અભિલેખ વિદ્યા" અમદાવાદ –પે–૧૭૯ (૨) મજુમદાર ગુપ્તકાલીન ભારત –પે–૪૩૪
(૩૬) પણિકકર કે.એમ. "ભારતીય ઈતિહાસ કા સર્વેક્ષણ" દિલ્હી–પે–૧૦૭ (૨) દિનકર રામધારીસિંહ "સંસ્કૃતિ કે ચાર અધ્યાય"–પે–૨૬૧
(૩૭) સાંકૃત્યાયન રાહુલ મધ્યએશિયા કા ઈતિહાસ ભાગ–૧ પટણા–પે–૧૬૩

શબ્દસૂચિ